રજનિકાન્ત.

ડા. ગી. સર્જન.

શ્રી

રજનિકાન્ત.

(એક રસપૂર્ણ કલ્પિત કાદંબરી.)

રચી પ્રગટ કર્ત્તા.

છોટાલાલ ગીરધરલાલ સર્જન.

નડીઆદ.

" જે વાંચ્યે રસ ઉમટે, અચ્યુત ઓળખ થાય;"
" જ્ઞાન નિતિ જેથી મળે, તે કવિતા કહેવાય."

" અમિ ઝરણાં ખટરસ તણાં, પદે પદે રેલાય;"
" નવિન જીવન જેથી મળે, તે નોવેલ ગણાય."

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦ સંવત. ૧૯૫૯.

કીંમત. ૧-૮-૦.

આ ગ્રંથ અમદાવાદ—પાંચકુવા નવા દરવાજે આવેલા
પોતાના શ્રી રામકૃષ્ણ પ્રીન્ટીંગ પ્રેસમાં શા.
મગનલાલ હરીવલ્લભદાસે છાપ્યો.

નડીઆદ યશોગાન.

નામીચું નડીઆદ, અમારૂં નામીચું નડીઆદ,
ન્હાનું પણ આબાદ, અમારૂં નામીચું નડીઆદ;
ભરતખંડનો ભવ્ય બગીચો, નંદન વન ગુજરાત,
તેમાંનું ગુણ પરિમળતામાં, પુષ્પ એ પારીજાત.—અમારૂં
ભરભરીઆ પણ ભોળા દીલના, પ્રેમી ભગની ભાત,
પરમારથના સુત્રે સાંધ્યાં, જેનાં ગર્વા ગાત્ર. અમારૂં
દાતારોની દિવ્ય ભૂમીને, ધર્મી જનનાં ધામ,
કવિ કોવિદનો કીર્તી કીલ્લો, વીર નરનો વિશ્રામ. અમારૂં
હું મારૂં ગૃહ જ્ઞાતિ કુટુમ્બી, ગ્રામ્ય સ્વદેશ પ્રદેશ,
અભેદમય ઊંડો અંતરનો, અવિરત પ્રેમાવેશ. અમારૂં
પશુ પ્રાણુની પોષણુ શાળા, અનાથ આશ્રમસ્થાન,
ફંડ નીરાશ્રીત ગુપ્તપણે દે, અન્ન વસ્ત્રાદી દાન. અમારૂં
સદ્વર્તનશાળી નિષ્કામી, નિર્મળ જન મહાજન,
રાજ્ય ભક્ત નૈયત રૈયતની, મુળ વધતી દનદન. અમારૂં
પ્રેમ ભક્તિના મહદ્ભાવથી, ઉછળી રે'તાં ઉર,
પરોપકારે પંડતણી દે, પરવા ફેંકી દુર. અમારૂં
સરખા દીન રૂતુ ચોમાસુ, સરખાં વર્ષ વિતાય,
સરખા શિતોષ્ણુ કટી બંધેથી, વાયુ સરખો વાય. અમારૂં
અનુકુળતા ઇશ્વરની નીત્યે, પ્રતિકુળતા કવચિત,
ટકી રહે આફત સામે કંઈ, આશ્રયિને આશ્રિત. અમારૂં
રત્ન ખાણુ લેખક સાક્ષરની, રસિક પુરૂષ રેઠાણુ,
ઇન્દ્ર ભવન કે સ્વર્ગ સદન સમ, શું શું કરૂં વખાણુ ? અમારૂં

(મુ. હ. કાસરવાળા.)

અનુક્રમણિકા.

. H. The maharaolji Shree
DEEPSINHJEE of Malpur.



श्रीमन्त महाराडलजी श्री दीपसिंहजी साहेब.
स्वस्थान मालपुर.

RAMA KRISHNA PRESS. AHMEDABAD.

अर्पण पत्रिका.

અખંડ પ્રૌઢ પ્રતાપી, વિદ્યા વિશારદ, નામદાર મહારાઠિલજી, શ્રીદીપસીંહજીસાહેબની સેવામાં.

સ્વસ્થાન માલપુર.

મહુદાશુચિ ધિર વિરત્તે, દીન જન તણા પાલક પિતા:
હારદ તપાસી હર તણાં, પર અર્થ નિજ ધન અર્પતા.
રાજા પ્રજાના ધર્મનું, સીંહાવલોકન વાંચતા;
ઊત્તમ પ્રકારે રાજ્ય નૌકા, હર્ષભર હંકારતા.
લઘુવય તણા લેખક કવિનાં, જીવન ઉચ્ચ બનાવતા;
શ્રી, ગી, અને ધી, સંતતિનો, ગર્વ લેશ ન ધારતા.

" નિર્જળ વને રસમત્ત સુદ્રુમ, વૃક્ષ રોપ્યાં વા'લથી;"
" પંથી હૃદય મંદિર સૌરભ, સીંચીને પરમાર્થી."
" પ્રેર્યો સરસ્વતી સેવનાના, પુનિત પંથે જેમણે;"
" અર્પું કૃતિ ઉપકાર સ્મર્ણે, માલપુર નરેશને."

સારા ગ્રંથો અને પ્રાસાદિક લેખકો સૌના આદરની વસ્તુ છે, પરંતુ ઉછરતા લેખક ગ્રંથકારોને ભવિષ્યની સારી આશાઓ માટે ઉન્નત બનાવવાના પ્રયત્નો યોજનાર, આત્મા તો કોઇ વિરલજ ! આ ન્યાયે મારી પ્રથમ કૃતિને આપ નામદારે અધિક ઉત્તેજન દઇ આપશ્રીની રસજ્ઞત-ઉદારતાનો પરિચયઆપ્યોછે. તે મહદ્ ઉપકારના યત્કિંચીત્ બદલામાં આ કૃતિ નીઃસ્વાર્થભાવે આપની સેવામાં અર્પણ કરી કૃતાર્થથાઉછું.

આપ નામદારનો આભારી,
છોટાલાલ સજ્જન.

ઉપોદ્ઘાત.

ભૂતકાળ, મનુષ્યોને મહાત્મા તેમજ દુરાત્માના આદર્શરૂપ થઇ કેવી રીતે વર્તવું ત્હેનું સુચન કરે છે. ભવિષ્યકાળ અનેક પ્રકારની આશાને જન્મ આપી ત્હેનું પોષણ કરે છે. પરંતુ તે બંનેની વચ્ચે રહેલો વર્તમાનકાળ કાર્યપ્રવૃત્તિ માટે યોગ્ય છે. ભૂતની સ્મૃતિ માત્ર રહે છે ભવિષ્યની આશાજ રખાય છે પરંતુ તે સર્વનો સંપાદક—સંહારક વર્તમાન કાળજ છે, માટે દરેક મનુષ્યનો ધર્મ છે કે તેણે પોતાનો વર્તમાન સુધારવો.

દરેક પ્રજામાં તથા દરેક સ્થળે, જનમંડળના મોટા ત્રણ વિભાગ જોવામાં આવે છે. ઉચ્ચ, મધ્ય અને કનિષ્ઠ, આ મંડળની વર્તણુકનો સઘળો આધાર—બોજો ઉચ્ચ ઉપરજ છે. કારણ કે સર્વે મનુષ્યો મોટાઓનેજ અનુસરે છે. તેમનું વલણ ઉચ્ચ વર્ગની નકલ કરવામાં વિશેષ હોય છે.

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरोजनः ।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्त्तते ॥

નવલ કથાનો હેતુ કેવળ મનરંજન કરવાનો નથી. આપણી ચાલુ સંસારી રીત રીવાજોમાં, રહેણી કહેણીમાં જે કાંઇ ખોડ ખાંપણ હોય તેનું યથાસ્થિત વર્ણન કરી, તેમાંથી જનસમાજને ઉપયોગી—બોધદાયક શું છે તે તારવી કાઢવાનું—મનન કરવાનું—અનુકરણ કરવાનું—તે પ્રમાણે વર્તન ચલાવવાનું મળે તેમ કરવાનો હેતુ (નોવેલ) નવલ કથાનો છે. આ નવલકથા ઉચ્ચ વર્ગની સ્થીતિના આદર્શરૂપ છે પણ જો કોઇ સ્થળે વાચકની વૃત્તિને અપ્રિય હોય એવા વિચાર

દર્શાવાયા હોય તો તેને માટે ક્ષમાની યાચના છે. આક્ષેપ યુક્ત કંઈ પણ લખવું એવો આ દીનલેખકનો કશો ઉદ્દેશ નથી, પરંતુ જેવું તેવું આલેખવું એજ લેખકોનો ધર્મ છે. અને આ ઉદ્દેશ લક્ષમાં રાખી બનતા પ્રયત્ને સ્વાભાવિકતાનો ભંગ ન થવા માટે શક્ય તેટલું સર્વ સાચવ્યું છે. આ નવલ કથામાંથી પુરૂષ તથા સ્ત્રી, યુવાન તેમજ વૃદ્ધ, બાળ કે પ્રૌઢ દરેકને યથોચિત બોધ લેવા લાયક-મનન કરવા લાયક અને વૃત્તિઓને સુરસ્તે ચઢાવવા લાયક કંઇનું કંઇ મળશેજ. રાજ્યમદથી અંધ થયલા રાજા દુર્મદસિંહે, વડીલોની ઉજવળ કીર્તિને ઝાંખાશ લગાડવામાં સારાસારનો વિચાર ન કરતાં "અધિકાર મદમાં આંધળા, પોતાતણું પોતે હણે" એ ન્યાયે વિશ્વજીત જેવા સત્ પુત્રના સદ્‌ગુણોનો વિચાર પણ મનમાં ન લાવતાં, કેશરી જેવી પતિવ્રતા સન્નારી શીળવતીનો ત્યાગ કરી, **कामातुराणां न भयं न लज्जा** પ્રમાણે પ્રજા પોતાનાં બાળક છે એ સમજણ દૂર કરી, સ્વાર્થી ધનજ જેનો ધર્મ અને દેવ છે એવા ગુણવાળા, કલહપ્રિય અને વિષયી, સેનાધિપતિ મન્મથરાયની સલાહ, સોબત અને રંગથી, અને કાચા કાનથી, દેશની, પ્રિય જનોની અને છેવટે પોતાની ખરાબી કરી પાછળથી પસ્તાવાનું કારણ ઉત્પન્ન કર્યું છે. શિયળ એજ ધર્મ, પતિ એજ પ્રભુ, એમ માનનારી તથા પતિવ્રતની કીંમત પ્રાણથી પણ વધારે ગણનારી અને પૈસા અને વૈભવને લાત મારી-તરછોડી-ધુતકારી કાઢનારી સાધ્વી વીરતનયા, માત્ર શિયળ સંરક્ષણાર્થે પ્રાણઆહુતી આપી અન્ય સ્ત્રીઓને શીખવતી ગઇ કેઃ—

"પ્રાણ થકી પતિવ્રતની મહત્તા, શ્રેષ્ઠ ગણી સમજી રહીએ,"
"સત ભંગી સંજોગ મળે તો, ધિક્ક જીવન જાણી મરીએ."

* * * * * * * *

"જાતિ કુળ ગૌરવ અજવાળી, આર્યાવૃત અમરે ભરીએ."


પ્રેમ અને એકજ લોહી એક બીજાને ગમે તેટલી શત્રુતા છતાં અથવા દૂર વસવા છતાં એકમેકને ખેંચે છે એ ન્યાય રજનિકાન્તમાં આપણે જોઇશું. પોતાની બાલ્યાવસ્થામાં પોતાના ભાઇનો વિયોગ થવાથી તેની મુખમુદ્રા જાણવામાં ન છતાં, અન્યવેષમાં, દુઃખમાં અને કેદી જેવા દેખાવમાં છતાં એક વખત તેને જોવાથીજ રજનિકાન્તનું હૃદય પીગળ્યું અને બાળ હઠ કરીને પણ વિશ્વજીતને છોડવ્યો એ એક લોહીનું ખેંચાણ નહિ તો બીજું શું ? બાળ યોગિન્, લાંબા સમયથી પિતાના કૃત્યોથી કંટાળી મા, બાપ, નાનો ભાઇ અને રાજ્યપદ છોડી સાધુ વેષમાં દુનિયાથી, દુનિયાની જંજાળો અને ખટપટથી કંટાળી દેશ છોડી ગયો, છતાં રાજ્યની અને માતપિતાની સ્થિતિ જોવા દિલ ખેંચાયું અને રાજ્યમાં આવ્યો, અનેક સંકટો ધર્મ કર્મ કરતાં વેઠવાં પડયાં, અને જંગલોમાં ભટકવું પડયું, તેમ છતાં પણ મા બાપ અને ભાઇ બેનની સંભાળ રાખવા યત્ન કર્યો એ શું એક લોહીનું ખેંચાણ નથી ? પુત્ર વિયોગથી માને થતો સંતાપ અને દુઃખ, પુત્રના મૃત્યુથી કે દુર વસવાટથી માના હૃદયમાં–આંખમાં તેની મૂર્તિ વારંવાર દ્રષ્ટિ ગોચર થવાથી તેના મનને થતી વ્યગ્રતા અને તર્ક વિતર્કો ઉત્પન્ન થવાથી માતાને થતો પરિતાપ એ શું શીળવતીનો ઇતિહાસ આપણને શીખવતો નથી ? બાલ્યાવસ્થા છતાં રાજ વહીવટમાં વયના પ્રમાણમાં માહીતી, દયા, ધર્મ ઉપર શ્રદ્ધા, ગુરૂ ઉપર પ્રેમ, ધૈર્ય અને માતૃ ભક્તિ વિગેરે સદ્‌ગુણો, દરેકને રજનિકાન્તના ઇતિહાસથી શીખવાને મળશે. છેવટમાં, યવન જાતિમાં ઉત્પન્ન થયેલો પઠાણ એક હલકો નોકર છતાં વફાદાર અને એકવચનિય નિવડયો છે. નિરક્ષર છતાં અન્નદાતા તરફ તેનો પ્રેમ તેમ રાજ્યમાતા તરફની તેની લાગણી એ શું

ઓછી વફાદારી બતાવે છે! રાજા પોતાનો અન્નદાતા છતાં એક નિ-દોષીનું ખુન કરવા તેને જ્યારે હુકમ ફરમાવેછે ત્યારે તેણે કરેલો બોધ આપણા હૃદય ઉપર કેવું અજવાળું પાડે છે? તેનું વફાદારી વર્તન શું આપણને આપણા રાજાના વફાદાર અને નિમકહલાલ થવું જોઇએ એવું સૂચન નથી કરતું? ઉંચ જ્ઞાતિમાં જન્મ થવાથી ઉંચ કહેવાતો નથી; પરંતુ જેનાં આચરણ શ્રેષ્ઠ છે તે મહાન્ પુરૂષ કહેવાય છે અને અંતે મહાન્ પદનો તે અધિકારી થાય છે, એ પઠાણના દાખલાથી માલમ પડે છે. આ પ્રમાણે દરેકના સંબંધથી કંઇક નવું જાણવાનું, શીખવાનું, મનન કરવાનું મળશેજ મળશે. વળી દરેક પ્રક-રણો ઉપર શરૂઆતમાં મૂકેલાં કાવ્યો અને બોધદાયક વચનામૃતો સ્ત્રી, પુરૂષ, બાળ યા બાળા, સંન્યાસી, રાજા યા રંક, ધન લોભી કે યશ લોભી, નોકરી કરનારા કે ચાકરી કરનારા દરેકને ઉપયોગી થઇ પડશે. એવી આ લેખકની ચોક્કસ માન્યતા છે.

આ પુસ્તક લખવામાં અને તેને લોકોપયોગી કરવામાં મને મારા મિત્ર મુળજીભાઈ હરીવલ્લવદાસ કાસરવાળા તરફથી જે અમુલ્ય સ-હાય મળી છે તે માટે તેમનો ઘણો ઉપકારી છું. વાચકવૃંદ મારા આ કાર્યથી જો યતકિંચીત્ પણ સંતોષ પામશે, તો હું મારી મહે-નત સફળ થઇ છે એમ સમજી, મારી અન્ય કૃતિયો વાંચકો સમક્ષ રજુ કરવાને ઉત્સાહી થઇશ. છેવટમાં ધાર્યા કરતાં પુસ્તક પ્રકટ કર-વામાં વિલંબ વધુ થયો છે. તેને માટે અગાઉના આશ્રયદાતાઓ મને દરગુજર કરશે એવી આશા છે.

લી. શેવક.

છો૦ ગી૦ સજ્જન.



રજનિકાન્ત.

પ્રકરણ ૧ લું.

શિયળયજ્ઞ-પ્રાણાહુતિ.

" આવો સાહેલી (૨) યજ્ઞ આહુતિ આદરીએ "
" પ્રાણ થકી પતિવ્રતની મહત્તા, શ્રેષ્ઠ ગણી સમજી રહીએ "
" સત્ ભંગી સંજોગ મળે તો, ધીક્ક જીવન જાણી મરીએ "
" સ્વપર શ્રદ્ધા પર પર ઘૃણા, આર્ય ટેક તાજી કરીએ "
" જાતિ કુળ ગૌરવ અજવાળી, આર્યાવ્રત અભરે ભરીએ "

" સન્નારીઓ, સતિ સ્ત્રીઓ, પોતાનું સતિત્વ-સત્તા અગર સાહિત્ય હોય ત્યારેજ પાળી શકે; એમ કાંઇ નથી.

કેદખાનામાં, વિકટ અરણ્યમાં કે, શત્રુદળના મધ્ય ભાગમાં સપડાયેલી ફસાયેલી કે ઘેરાયેલી, સાધ્વીઓ, સાહિત્યના અભાવે પણ, શીયળયજ્ઞમાં, પ્રાણની આહુતિ આપી પોતાનું સતિત્વ સાચવી શકે છે.”

“અંકુશ વિનાનો માતંગ, શક્તિ વિનાનું અંગ, ઓપ્યા વગરનું નંગ, રસિકતા વિનાનો રંગ, અને શ્રદ્ધા વિનાનો સત્સંગ જેમ નકામાં ગણાય છે, તેમ સ્ત્રી માત્રનું અમુલ્ય જીવન સતિત્વ શીવાય નકામું છે. શિયળ એજ ભૂષણ ! શિયળ એજ કર્તવ્ય ! શિયળ એજ સર્વસ્વ ! !”

કૃષ્ણ પક્ષની કાળી રાત્રિ. પૃથ્વિ ઉપર સઘળે અંધકાર છવાઈ રહ્યો હતો. મોટા કિલ્લા, ભવ્ય રાજ્ય મંદિરો, તેમજ શ્રીમંત લોકોનાં ગંજાવર મકાનો, અંધારાને લીધે મોટા રાક્ષસ જેવાં ભયાનક દેખાતાં હતાં. બાગની વૃક્ષલતાઓ ઉપર સેતાનોની માયા પ્રસરેલી હોય એવો બિહામણો ભાસ થતો હતો. નિશામૃગ, સિંહ, વ્યાઘ્રાદિ હિંસક પ્રાણીઓની ભયંકર ગર્જનાઓ સાંભળનારાઓના હૃદયને કંપાવતી હતી. ભૂત, પિશાચ, રાક્ષસ, ચોર વિષયાંધ, બદફેલ, પહેરેગીરો,

વિગેરે નિશાચરો ક્ષણભરને માટે નિંદ્રાનો ઉપભોગ કરતાં જણાતાં હતા. સર્વત્ર શાન્તિ પ્રસરી રહી હતી.

આવી શાન્ત અને અંધારી રાત્રિને સમયે **શીલ**ભદ્રા નામે નગ્રથી સુમારે બે ચાર કોશ દુર આવેલા એક વિલાસભવનનું દિવ્ય દીવાનખાનું, હાંડી ઝુમ્મરના ભવ્ય પ્રકાશથી ઝળઝળી રહ્યું હતું. તે વિલાસભવનનો અપૂર્વ ઠાઠમાઠ રહેનારના વૈભવનો સાદ્રશ્ય ચિતાર બતાવતો હતો. બંને બાજુએ કમાનદાર દરવાજા, અને વચ્ચોવચ્ચ બુટ્ટીદાર છત જડેલી હતી. સંગેમરમરના પત્થરનો ફરસબંધી ચોક, જોનારનાં નેત્રોને આનંદપૂર્ણ બનાવતો હતો. ભીંત ઉપર કામવાસનાને પ્રદિપ્ત કરનારાં રંગબેરંગી ચિત્રો ચિત્રેલાં તેમજ ટાંગેલાં દ્રશ્યમાન થતાં હતાં. આવાં આવાં અનેક પ્રકારનાં સાધનોથી, તે કેલિસ્થાન રમણિય દેખાતું હતું. આ વિલાસ ભવનના દિવાનખાનાની મેડીના એક દ્વારને અઢેલીને કોઇ નવયૌવના ઉભેલી હતી. સામે ઉભો રહેલો એક યુવાન તે સ્ત્રીના તરફ દ્રષ્ટિ કરી, ઉંડા વિચારમાં ગરકાવ બની ગયો હતો.

યુવાનની વય આશરે ૩૨–૩૪ વર્ષની હતી. તેણે ઉંચા જાતનો કીમતી પોષાક શરીર ઉપર ધારણ કરેલો હતો, વાળ કાળા, અને નાક સરળ હતું. ચહેરા ઉપર મદનરાજની સત્તા પૂર્ણ રીતે જામેલી હતી. તે જોકે ઉંચો હતો, પરંતુ શરીરે હૃષ્ટપુષ્ટ હતો, તેથી તે ઉંચાઇ જોનારને તુરત જણાઇ આવતી નહોતી. તેની મૂછના વાળ ઘણા લાંબા હતા. બન્ને કર્ણમાં કુંડળ ઝળકી રહ્યાં હતાં. ગળામાં મૌક્તિકનો હાર ધારણ કરેલો હતો. તેમજ તેના હાથની આંગળીઓ પણ હીરા જડિત્ વીંટીઓથી સુશોભિત્ દેખાવ આપી રહી હતી.

જે યુવતિના તરફ દ્રષ્ટિ કરી આ યુવાન તર્કવિતર્કોમાં લીન બની ગયો હતો તે યુવતિની ઉમ્મર સુમારે ૧૯-૨૦ વર્ષની હતી. પોતાના કાળા વાળને તેણે અંબોડો બાંધેલો હતો. નેત્ર તેજસ્વી જણાતાં હતાં. તેની કાન્તિ મોટી મોટી લાવણ્યમયિ યુવતીઓની લાવણ્યતાને ભુલાવી દે તેવી હતી. તેના પરવાળાં જેવા રક્ત હોઠ, કમળ સરખુ વદન, દાઢમની કળીઓ જેવા શ્વેત દંત, મંડળાકારનાં સ્તન, સ્તન ભારથી નમી ગયેલો કટિપ્રદેશ ભલાભલા મુનીવરોને પણ વિસ્મય બનાવે તેમાં નવાઇ જેવું નહોતું.

યુવતિનું ખિન્નવદન થોડીવાર નિહાળ્યા બાદ તે વિષયાશક્ત પુરૂષ બોલ્યો.

" વિરતનયા ? આખરે તું મને નિરાશજ કરશે ? મારા વૈભવની પણ તને દરકાર નથી ? તારે માટે મેં કેટલો શ્રમ વેઠયો છે તેનો તો કંઇક વિચાર કર ? આનાકાની જવા દઇ સાચે રસ્તે માની જા. કલ્પવૃક્ષ સમાન માનવ દેહ પ્રાપ્ત કરી પ્રમાદમાં પડી આયુષ્ય વ્યર્થ વહેનારાં પસ્તાય છે. તું પણ આવી હઠથી મળતે. લાભ ગુમાવી આખરે પસ્તાઇશ, એ સત્યજ છે. રત્ન તજી પાષાણના ટુકડા ઉપર પ્રીતિ ન રાખ ! મહેલ તજી ઝુંપડીમાં રહેવું એ કેવળ મુર્ખાઇજ છે." એટલું કહી તે યુવાન થોડો સમય પ્રત્યુત્તર મેળવવાની અભિલાષામાં મૌન્ય ધારણ કરી ઉભો રહ્યો.

યુવાનના શબ્દોની કંઇપણ અસર વિરતનયાને થઇ નહીં. જેથી મદનરાજના સામ્રાજ્યમાં સપડાયેલા તે યુવકે પોતાની જગા ઉપરથી ખશી છેક નજીક આવી તેનો હાથ પકડવાના ઇરાદાથી પો-

તાનો હાથ લંબાવ્યો. તરતજ વિરતનયા દુર ખસી જઈ દીનવાણીથી યુવક પ્રત્યે બોલી:—

“બસ કરો ? નકામો મારો કેડો ન લ્યો ? મને જવા દયો ! મેં તમારૂં શું બગાડયું છે, કે મને પ્રપંચથી અહીં એકાંતમાં તેડાવી આવાં મધ્યરાત્રિના સમયે મારી લજ્જા લુંટવા તૈયાર થયા છો ? હું આપને પગે પડું છું. મને વિદાય કરો. ઝાઝો વખત ન રોકો. કદાપિ મારા પતિ જાગશે તો મને નહીં દેખતાં મારા ઉપર ગુસ્સે થશે. હું કોઇ દિવસ આપને મળી નથી, આશા દીધી નથી, છતાં મને નાહક શા માટે સતાવો છો ? તમારૂં માન હાથે કરી શા માટે ગુમાવો છો ?

“ મારૂં માન વધારવું કે ગુમાવવું એ તારાજ હાથમાં છે. ભ્રમર કમળ પાસે ટળવળ્યા જ કરે પરંતુ તેને પરાગ આપી પ્રસન્ન કરવો એ કમળનાજ હાથમાં છે.”

“પરંતુ તમે જાણો છો કે હું એક સતી સ્ત્રી છું. કમળ નહીં પણ કમળા છું. પતિ શીવાય અન્યને મારા પિતા તુલ્ય સમજુ છું.”

“ ગમે તેમ કહે પણ હું તો તારા પ્રેમમાં દિવાનોજ બન્યો છું.”

“ પ્રેમ સ્થાનેજ શોભી શકે.”

“ સ્થાનનો વિચાર કરીનેજ વાત કરૂં છું.”

“ ભુલો છો. હજુ પુર્ણ વિચાર કરો. સમજો. ભાવીનું પ્રબળ ભલાભલાનું ભાન ભુલાવે છે.”

" ભાન ભુલેલાને ઠેકાણે લાવી નવું શીખવવું એ કળા તો રમણિરત્નજ જાણે છે. સીધી રીતે માનો તો સારૂં."

" અન્યાય અને અનીતિની ઇચ્છાઓ કાળાન્તે પણ ફળીભુત થનાર નથી.

" તો બળાત્કાર ક્યાં નથી."

" અબળાઓને નિર્બળ માનનારા ખરેખર ભુલજ ખાય છે. મહાન્ વિષધર ભોરીંગના દરમાં હાથ ઘાલવો, અને સતી સ્ત્રીઓ પ્રત્યે બળાત્કાર કરવો એ જીવનના અંતનીજ નિશાની છે."

"પ્રેમીને પ્રાણની પરવા હોતીજ નથી. જોઉં છું કે તારા નિશ્ચયમાં તું કેવી રીતે ફાવી શકે છે." આમ કહી તે પાષાણ હૃદયના પુરૂષે પોતાનું મુખ તેના ગાલ પાસે લાવી ચુંબવાની તૈયારી કરી.

પ્રાણાંતે પણ સત્ય માર્ગથી ચલિત ન થવાના દૃઢ નિશ્ચયવાળી નિરાધાર પણ પ્રભુ પ્રત્યે શ્રદ્ધાવાળી વિરતનયાએ તે મદોન્મત પુરૂષને એવો તો જોરથી ધક્કો માર્યો કે તરતજ તે પાપી બેહોશ થઇ પૃથ્વિ ઉપર પડ્યો.

તેને આ પ્રમાણે અસાવધ બનેલો જોઇ વિરતનયાએ સટકી જવાના ઇરાદાથી આમ તેમ નાસવા માંડયું. અચાનક તેની નજર અગાશીની બારીના બારણા ઉપર પડી. અને તેને ખોલવાનો નિશ્ચય કર્યો.

પરંતુ એટલામાં તો તે યુવક પુનઃ સ્વસ્થ બની છંછેડાયેલા વાઘની માફક આ પીંજરામાં પુરાયેલી હરિણી ઉપર ધસી આવ્યો.

તેને જોતાંજ બેબાકળી બનેલી બિચારી નિરાધાર વિરતનયાએ ઉતાવળથી બારીની સાંકળ ઉઘાડી અગાશીમાંથી નીચે ચોકમાં ભુસકો માર્યો.


સાધ્વિ વિરતનયા જોતજોતામાં યુવકની દ્રષ્ટિથી અદ્દશ્ય થઇ ગઇ. શિયળ સંરક્ષણાર્થે પ્રાણાહુતિ આપી જગતમાં પોતાની કીર્તિ સદાંને માટે અમર કરી ગઇ.

શંકાશીળ બનેલા વાંચક ! જેના દુરાચરણથી વિરતનયાએ પોતાનો અમુલ્ય દેહ ગુમાવ્યો તે યુવક અન્ય કોઇ નહીં પણ શીલભદ્રાનો રાજા દુર્મદસિંહ પોતેજ હતો.

આ રાજાના પૂર્વજો ચક્રવર્તિ થઇ ગયા હતા. અને પોતાની નામના પોતાનાં સત્કૃત્યોથી અમર કરી ગયા હતા.

" આખા જગતમાં એવી કોઇ પણ વસ્તુ નથી કે જેનું રૂપાંતર કદી ન થાય. સઘળા દિવસો હમેશાં સરખા રહેતા નથી. કાળના વહેવા સાથે ચઢતી પડતી ચાલીજ જાય છે." દુર્મદસિંહના પૂર્વજોની કીર્તિ પણ તે નિયમાનુસાર અત્યારે ઉલટા રૂપમાંજ ફેરવા ગઇ હતી. પોતાનાં દુરાચરણોથી દુર્મદસિંહે વડીલોની કીર્તિને ખરેખર કલંકિત બનાવી દીધી હતી. પ્રજામાં ત્રાહ ત્રાહ પુકરાવી સ્વેચ્છાચારી વર્તનથી રાજ્યધાનીને નર્કપુરી સમાન બનાવી દીધી હતી. હું કોણ ? મારો અધિકાર કેટલો ? વિગેરે બાબતોનો કંઇ પણ વિચાર કર્યાં શિવાય માત્ર અધર્મમાંજ પ્રવૃત્ત થવું તેને તે પોતાનું કર્ત્તવ્ય સમજતો હતો. પોતાની ઇચ્છા, એજ (વગર પુછ્યે) પ્રજાની અનુમતિ માનતો હતો. લક્ષ્મીના મદથી, તેમજ સાર્વભૌમ પદની પ્રાપ્તિથી અઘટિત કૃત્યો નિડરપણે કર્યાં જતો હતો. તેની કરડી આંખો,

અને જાલીમ ક્રોધથી તેનું સઘળું કુટુંબ તેમજ રાજ્ય મંડળ થરથર કંપતું હતું. સ્વેચ્છાચારી પિતાનાં પશુતુલ્ય આચરણોથી કંટાળી જઇ તેનો મોટો પુત્ર **વિશ્વજીત્** ઘણા સમયથી રાજ્ય વૈભવ તજી ચાલ્યો ગયો હતો. તેની સાધ્વી સ્ત્રી **શીળવતી**, નાનો પુત્ર **રજનિ-કાન્ત**, તથા પુત્રી **અલકરંભા** વિશ્વજીતને માટે નિરંતર ચીંતાગ્રસ્ત બની પોતાનો કાળ વ્યતિત કરતાં હતાં. જ્યારે રાજા હમેશાં પોતાના જેવાજ નીચ કારભારીઓને રાજ્ય સત્તા સોંપી વિલાસભવનમાં પડ્યો રહી પોતાનું જીવન મોજશોખમાં ગુજારતો હતો.



પ્રકરણ ૨ જું.

બાલ યોગિન્.

"અમે તનથી ને મનથી ફકીરી ધરી."

× × × × × ×

"બળ તનનું કે મનનું અમારૂં નથી"
"બની યોગિ હૃદય બળ સંયમથી"
"અમે ધારણ કરીશું મરીને મથી"
"હવે ફરશું રઝળશું ફાવે ત્યાં ફરી."

"તેજ દૈવી જીવન આશિર્વાદ ભર્યું, પ્રાતઃસ્મરણિય અને ધન્યવાદને પાત્ર છે કે જે જીવન કુસુમની સુવાસ સર્વત્ર વિશ્વમાં પ્રસરી અન્ય આત્માઓના હૃદયને પ્રફુલ્લીત–ઉત્સાહી કરી તેમના જીવનને દિવ્ય અને પ્રભાવશાળી બનાવે છે. સંસ્કારી આત્માથી વસેલો પ્રદેશ પુરો ભાગ્યશાળી અને

સુખી હોય છે કે જ્યાં દૈવિ જીવનોમાંથી વહતી માધુર્યતા અન્યની વૃતિયોને ઉચ્ચ અને રસીક કરે છે. જ્યાં પરમાત્મા તેવા દૈવી જીવનો પર હેત ભર્યું હાસ્ય કરી પ્રેમ રાખે છે."

દૈવિ જીવનમાંજ ફળની આશાથી રહિત બની કર્તવ્ય ને માર્ગે અનુસરવાની ઇચ્છાવાળો એક પંદર સોળ વર્ષની વયનો **બાલયોગિ**, **વિરતનયાના** પરલોક ગમનને બીજે દીવસે પ્રભાતમાં **શીલભદ્રા** નગ્રમાંથી પસાર થતો જણાતો હતો. તેની કાન્તિ દિવ્ય અને તેજસ્વી હતી. નેત્રોમાં વિલક્ષણ પ્રકારનું તેજ અને મુખ ઉપર અસ્ફુટ હાસ્યનો દેખાવ દરેક મનુષ્યને સ્વભાવિક રીતે સપ્રેમ આકર્ષી લેતો હતો. કાનમાં સ્ફટિકનાં કુંડળ પહેરેલાં હતાં. ગળામાં રૂદ્રાક્ષની માળા ધારણ કરેલી હતી. શરીર ઉપર ભગવાં વસ્ત્ર, પગે પાવડીઓ, એક હાથમાં કાષ્ટના મણકાની માળા, અને બીજા હાથમાં ચીપીઓ ધારણ કરી, ખાંધે ઝોળી ભરાવી મધુર સ્વરથી હરી સ્મરણ કરતો, પોતાનો માર્ગ કાપતો દૃશ્યમાન થતો હતો.

આ યોગિરાજનું નામ **સચ્ચિદાનંદ** હતું. તેનો મધુર કંઠ, અને ગાવાની મીઠાશથી લોકોનું ટોળું તે સાંભળવા તેની આજુબાજુ વીંટળાઇ વળતું હતું. આમાં કોઈ ચેષ્ટા કરવા, કોઇ ગાયન સાંભળવા, તો કોઇ તેનાં દર્શન કરી કૃતાર્થ થવાના વિચારથી ભેગા મળ્યા હતા. તેમાં કેટલાક સાધુ પુરૂષો હતા, કેટલાક લુચ્ચા લફંગા પણ હતા.

કેટલીક વારે તે યોગી રાજ્ય વાડાના ભવ્ય માર્ગ ઉપર આવી પહોંચ્યો.

યોગિની મુખમુદ્રા, અને તપોબળથી ભવ્ય જણાતા લલાટને જોઇ આ કોઇ મહાન્ પુરૂષ હશે એમ સમજી એક વૃદ્ધ પુરૂષ પરાણે પરાણે લોકોના ટોળામાંથી બહાર આવી આ મુનીશ્વરના ચર્ણમાં નમી પડયો.

આ વૃદ્ધનાં ચક્ષુમાંથી એક સરખો અશ્રુપ્રવાહ ચાલી રહ્યો હતો. તેની મુખાકૃતિ અને વર્તન જોતાં તે કોઇ બ્રાહ્મણ હશે. એમધારી તેને રૂદન કરતો જોઇ યોગીએ પુછ્યું " મહારાજ ? તમોને શું દુઃખ છે? શામાટે રૂવો છો ? જે દુઃખ હોય તે સ્પષ્ટ રીતે મને કહો."

" અંતઃકરણની વેદના પ્રકાશમાં મુકવાથી પણ દુઃખી મનુષ્યને કેટલોક આરામ થાય છે. ગરીબોને દુઃખ મુક્ત કરવા માટેજ પરમાત્માએ રાજ્ય સત્તા નિર્માણ કરેલી છે. દીન, દુબળા, અપંગ તેમજ કર્તવ્યનિષ્ટ આત્માઓનું કલ્યાણ કરવું એજ રાજાઓનું કર્તવ્ય છે. તમારૂં દુઃખ પ્રકાશિત કરો. કે જેથી તેનું કંઇપણ નિરાકરણ આ નગ્રના રાજા દુર્મદસીંહ અવશ્ય કરશે.

યોગિરાજના આવા જુસ્સાદાર અને માયાળુ શબ્દો સાંભળીને કંઇક પ્રસન્ન ચિત્તથી તે વૃદ્ધ બ્રાહ્મણ બોલ્યો.

" મારા ઉપર જે દુઃખનો પ્રસંગ અત્યારે ગુજર્યો છે તેમાંથી મને મુકત કરવો એ રાજ્ય શક્તિની બહાર છે. મારી એકની એક વ્હાલી દીકરી વિરતનયા એકાએક ગુમ થઇ છે. હું તથા તેનાં સાસરીઆં તેમજ મારા સર્વ સ્નેહી સંબંધીઓ તેને માટે એક સરખી

તપાસ ચલાવી રહ્યાં છીએ. પરંતુ હજી સુધી તેનો કંઇ પત્તો લાગ્યો નથી. મારી દાદ રાજાના કાન સુધી પહોંચવી એ વાત તદન અશક્ય છે."

"કેમ તમારો રાજા નગ્રમાં નથી?"

"છે છતાં નથી."

"એમ કેમ બોલો છો?"

"કારણકે તેતો હમેશાં વિલાસ ભવનમાંજ રહે છે."

"ત્યારે ત્યાં ખબર પહોંચાડો."

"પરંતુ તે તો લગભગ ચાર કોશ દુર છે."

"દુર છે છતાં તમારા લાભને માટે તમારે ત્યાં સુધી ચાલીને જવાની જરૂર છે."

"ત્યાં જવા છતાં પણ ન્યાય મળવો મુસ્કેલ છે."

આટલું બોલતાંજ તે વૃદ્ધ પુરૂષનો કંઠ રૂંધાઇ ગયો. તેને બોલતાં બંધ થયેલો જોઈ યોગિ બોલ્યો "મહારાજ ચીંતા ન કરો, પ્રયત્ન કરવાથી સર્વ કાર્ય સફળ થશે."

બ્રાહ્મણઃ—"મને ચીંતાથી મુકત કરવા આપ શિવાય અન્ય કોણ સમર્થ છે? આપની કૃપા! એજ મારા કાર્યની સફળતા છે."

યોગિઃ—"ભૂદેવ? તમારૂં આ દુઃખ ટાળવાની શક્તિ તો મારામાં પણ નથી. છતાં તમારા કાર્યની સફળતા માટે અત્યારે મને એક યુક્તિ સુઝી આવી છે. તમારી દીકરી જીવતી હશે કે નહીં તેને માટે હજુ શંકા છે.

તેનું આયુષ્ય પૂર્ણ થયું હશે અને કદાચ તે મરી ગઇ હશે તો પછી તેમાં આપણો કંઇ ઉપાય નથી. પરંતુ જો કદાચ જીવતી હશે

તો જરૂર આપણે તેનો પત્તો મેળવીશું. માટે સર્વ ચીંતા તજી દઇ તમે મારી સાથે ચાલો. તીર્થયાત્રામાં દરેક સ્થળે આપણે તેની તપાસ કરીશું. હું એક કંગાલ ભીક્ષુક છું. પરંતુ તમને મારા વડીલ સમાન ગણું છું. હું તમારી યોગ્ય રીતે બરદાસ્ત કરીશ તમે કોઇ વાતે ગભરાશો નહીં. આમ પ્રયત્ન કરતાં જો કદાચ પત્તો મળી જશે તો તો ઠીક, અને જો કદાચ તેમ નહીં બને તો તમને વૃદ્ધાવસ્થામાં તિર્થયાત્રા કર્યાનું પુન્ય મળશે."

"એક પંથ અને દો કાજ. પ્રયત્ન કરવો એ મનુષ્ય માત્રનું કર્તવ્ય છે; પરંતુ ફળ મળવું એ પરમાત્માની સત્તાની વાત છે. ખંત અને સદ્‌બુદ્ધિથી કરાયેલાં કાર્યનું ફળ અવશ્ય પરમાત્મા આપે છે. દુઃખભારથી દબાઇ, મુંઝાઇ બેસી રહેવા કરતાં પ્રયત્ન કરવો એજ અત્યુત્તમ માર્ગ છે."

"બ્રહ્મદેવ ? જગત્ મિથ્યા છે. તેનો કંઇ પણ વિચાર નહીં કરતાં મનુષ્ય માત્ર તુચ્છ વૈભવોમાંજ જીંદગીનો વ્યય કરે છે. સ્વાત્માની જેને ઓળખાણ નથી, તેઓ હમેશાં અનાચારમાંજ પ્રવૃત થાય છે. નિઃસ્વાર્થ પરમાર્થ કોઇ કરતું જ નથી. માંહો માંહી ફુટ, અને અધર્મમાં પ્રવૃતી એજ શત્રુઓને ફાવી જવાનું મુખ્ય કારણ છે. "સંપ ત્યાં જંપ" કુસંપથી સુખની આશા વ્યર્થ છે. પોતાનીજ આંગળીઓના નખ પોતાનાં ચક્ષુ ફોડે તેમાં દોષ કોને દેવો ? નાશવંત પદાર્થો માટે સતત્ પ્રયાસ કરવો નિરર્થક છે. તે ન મળવાથી ચીંતા ઉદ્‌ભવે છે."

"ચીંતાથી ચતુરાઇ ઘટે, ઘટે રૂપ ઔર જ્ઞાન;
ચીંતા બડી અભાગિણી, ચીંતા ચીતા સમાન,"

"ચીતા અને ચીંતા માત્ર એક અનુસ્વરનોજ ફેર ! પરંતુ તેનું પરિબળ કેટલું ? એક તો મનુષ્યના મૃતપ્રાય શરીરનેજ માત્ર બાળી ભસ્મ કરે છે જ્યારે બીજી તો જીવનના છેલ્લા શ્વાસ પર્યંત મનુષ્યના હ્રદયને બાળ્યા કરે છે. માણુસની સારી કે નબળી સ્થિતીનું કારણુ ભુત પણુ આ ચીંતાજ છે. આળસ, કપટ, અવિશ્વાસ, પરધન, પરદારા, ઇત્યાદિ અનેક પ્રકારની ચીંતામાં પડેલા સંસારી જીવોની મુક્તિ થવી અશક્ય છે."

બ્રાહ્મણ:—"મહાત્મન્ ? આપનો ઉપદેશ અમૃત તુલ્ય છે. તરસ્યાને જળની પ્રાપ્તિથી, ક્ષુધાતુરને ભોજનની પ્રાપ્તિથી, અને આંધળાને આંખોની પ્રાપ્તિથી થતા આનંદ કરતાં પણુ આપના સદ્‌બોધના પ્રભાવથી મારા દુ:ખી હ્રદયને વધુ આશ્વાસન મળ્યું છે. આજનો દીવસ રંકને ત્યાં પધારી જીવન તેમજ ભવન કૃતાર્થ કરો. મારી સર્વ દોલત્ત મારી વ્હાલી દીકરીની પાછળ ગરીબ ગરબાંને વહેંચી દેવાની મારી ઇચ્છા છે. આ કાર્યથી નિવૃત્ત થયા બાદ આવતી કાલે આપણે સાથે જરૂર તિર્થયાત્રા કરવા નીકળીશું.

આ પ્રમાણે ઠરાવ કરી તે વૃદ્ધ પુરૂષ યોગિરાજને સાથે લઇ પોતાના ઘર તરફ વિદાય થયો. યોગિરાજના જવાથી લોકોનું ટોળું પણુ ધીમે ધીમે વીખરાઇ ગયું. ઘેર પહોંચ્યા બાદ વૃદ્ધ પુરૂષે આ યોગિરાજને યથેચ્છ ભોજન કરાવ્યું. રાત્રિ વાર્તા વિનોદમાં પસાર કરી. સવાર પડતાંજ સર્વ મીલકત ગરીબ ગરબાંને વહેંચી દઇ તે બંન્ને સાથેજ આ નગ્રને પ્રણામ કરી વિરતનયાની શોધને માટે તિર્થયાત્રામાં ચાલી નીકળ્યા.

પ્રકરણ ૩ જું.

મુત્સદ્દી મન્મથરાય.

" ભૂઅર થતું કદિ ગુલના, નહીં આમ્ર ઇંદ્રાયણ બને."
" અમૃત સીંચ્યે કટુ લીંમડો, મીઠો કદાપિ ના બને."
" સર્વાંગ કાળા કોયલા, નહિં, શ્વેત સાબુથી થતા,"
" આદત પડી અળગી કરી, ત્યાગે ન નિર્દય નીચતા."

" ધિક્કાર હોજો એવા અધિકારત્વને, કે જે મનુષ્યત્વને વિસરાવી, મનુષ્યને કેવળ સ્વાર્થ પરાયણતાની દુર્ગુણ મૂર્તિ બનાવી મુકે છે. ખરેખર સ્વાર્થ પરાયણતા એ શ્મશાનની સડેલી માટીછે."

" દુનિયામાં જ્યાં ત્યાં નિર્લજ મનુષ્યો વિશેષ દ્રષ્ટિ-

ગોચર થાય છે. તેમને પોતાની વિપન્નાવસ્થાની જરાપણ લજ્જા હોતી નથી. અધર્માચરણ કરતાં બિલકુલ શરમાતા નથી. પોતાના યથેચ્છ વર્તનથી મુત્સદ્દીપણાનો મિથ્યા ડોળ બતાવી, નિરાધાર, રાંક, અને ન્યાયિ મનુષ્યોનું નિકંદન કાઢે છે. અફસોસ ! !”

સેનાધિપતિ મન્મથરાય રાજ્ય દરબારમાં પાકો મુત્સદ્દી મનાતો હતો. પોતે એક પરાક્રમી વિર યોદ્ધો હતો, પરંતુ તેવોજ વિષયલંપટ અને કપટી હતો. કુર્મદસિંહને ત્યાં નોકર રહ્યા બાદ, અનેક પ્રકારની ખટપટો કરી તે મોટો ધનાઢ્ય બની ગયો હતો. ઉત્તમ કુળમાં અવતાર મળ્યા છતાં નીચ કર્મોમાંજ નિરંતર મચ્યો રહેતો હતો. આ સેનાધિપતિ પદવી અને પૈસાના મદથી પોતાનાજ આર્ય બંધુઓને, દુઃસહ યાતનાઓ આપી રહ્યો હતો. અસંખ્ય, અસહ્ય કરનો બોજો પ્રજા શીરે લાધી પ્રજાને નીચોવી, પગતળે કચડી પાયપાલ કરી દેવામાંજ તે પોતાની બાહોશી સમજતો હતો. માંહોમાંહે એક બીજાને ઉંધુ ચતું સમજાવી લડાવી મારવા, અને તે દ્વારાએ પોતાનો સ્વાર્થ સાધવો એજ તેની અભિલાષાઓ હતી. આર્યાભિમાન, કે આર્ય પ્રીતિથી તે હમેશાં દુરજ રહેતો. સ્વાર્થ આગળ સગાં સંબંધીની કે પ્રજાજનોની તેને મન કંઇ પણ ગણના નહોતી, તો પછી પરાયાંને માટે તો પુછવુંજ શું ? પોતાના

હાથેજ પોતાના પગ ઉપર કુહાડી મારનાર મુર્ખની માફક આ સેના-ધિપતિ પણ પોતાનાંનેજ પીડવામાં આનંદ માનતો હતો.

એતો સ્વાભાવિકજ છે કેઃ—

" દુનિયા મહીં છે ના છુરી જે, કાચને કાપી શકે, "
" પણ કાચની હીરાકણી, પોતાતણું પોતે હણે. "
" નહી અન્ય ધાતુ, કાષ્ટ, કે, પાષાણ કાપે લોહને; "
" જીણી છીણી લોખંડની, પોતાતણું પોતે હણે. "
" વાપ્યું હળાહળ ઝેર, સાકર–ખાંડથી ના ઉતરે. "
" એ ઝેરપર ઝેરી દવા પોતાતણું પોતે હણે. "
" ગર્મી તણાં કંઈ દર્દ જે, શીતોપચારે ના મટે. "
" પણ ઉષ્ણ ઉપચારો થતાં, પોતાતણું પોતે હણે; "
" ચીરી જનેતા પેટ વિંછું, બાળ લેતા જન્મને; "
" પાળ્યા તણો બદલો જુઓ, પોતાતણું પોતે હણે. "
" કંઇ ના પડી પરદેશીને, દેશીતણી દરકાર છે. "
" અધિકાર મદમાં આંધળા, પોતાતણું પોતે હણે. "

" એક બીજાનો સ્વભાવ મળતો આવે તો સ્નેહ બંધાતાં વાર લાગતી નથી. " આ નિયમાનુસાર કેટલીક બાબતોમાં સેનાધિપતિનો સ્વભાવ, મીલનસાર હોવાથી, તે રાજાનો જમણો હાથ થઇ પડયો હતો. બન્ને વચ્ચે ગાઢો સંબંધ બંધાયેલો હતો. ઉભય વ્યભિચારી-ઓની જોડી બરાબર જામેલી હતી. વિલાસ ભવનમાં સાધ્વી વિર તનયાને કપટ જાળમાં ફસાવી દુર્મદ પાસે લાવી હાજર કરનાર પણ પોતેજ હતો.

આર્ય કુળ મણિ મહાસતિ **વિરતનયા** નાઅવસાનની વાત, રાજા, સેનાધિપતિ તથા તેના બે ચાર વિશ્વાસુ માણસો શિવાય અન્ય કોઇ જાણતું નહોતું.

રાજા હમેશાં વિલાસ ભવનમાંજ મોજ મજા ઉડાવતો હતો. અને રાજ્યનો સઘળો કારભાર આ સેનાધિપતિ પોતેજ ચલાવતો હતો.

રાજ્યરાણી **શીળ**વતી બિચારી એકલી નગ્રમાં પોતાના એકાંતા વાસમાં રહેતી હતી. રાજા કોઇ દીવસ પણ તેની સંભાળ લેતો નહોતો. આ તકનો લાભ લઇ, રાજાની માફક તેના ઉપર પોતાની સત્તા બેસાડી તેનું શીયળ ભંગ કરવાની આ ભ્રષ્ટ સેનાધિપતિ તૈયારી કરી રહ્યો હતો. **શીળ**વતીની રતિતુલ્ય મુર્તિ તેના હૃદયમાંથી રતી પણ દુર ખસતી નહોતી. તેના સમાગમને માટે તે હમેશાં આતુર રહેતો હતો. અત્યાર સુધીમાં તેને એકાન્તમાં મળવાની અનેક યુક્તિઓ તે રચી ચુકયો હતો. પરંતુ તેમાં તેને નિરાશજ થવું પડયું હતું. જેથી તેને રૂબરૂમાં ન મળતાં રાજાને ઉંધુ ચતું સમજાવી, રાણીનો ત્યાગ કરાવરાવી, પછીથી તેની સાથે સંબંધ બાંધવો, એ યુક્તિ પાર પાડવા તે હમેશાં ગોઠવણ કર્યા જતો હતો.

વિરતનયાના શબને ઠેકાણે પાડવા બીજે દીવસે સવારમાં રાજાએ સેનાધિપતિને પોતાની પાસે વિલાસ ભવનમાં તેડાવ્યો હતો. રાત્રિનો સર્વ વૃતાંત સાંભળી લીધા બાદ, શબને છુપી રીતે કોઇ અરણ્યમાં લઇ જઇ દાટી દેવાનો, પોતાનો વિચાર તેણે રાજાને જણાવ્યો. આ વિચાર પસંદ પડવાથી રાજાએ તે કામ તેનેજ સોંપ્યું. બે ચાર વિશ્વાસુ માણસોને સાથે લઇ, વિલાસ ભવનથી આશરે બે ચાર કોશ દુર આવેલા એક અઘોર અરણ્યમાં, તે આવી પહોંચ્યો.

અને ખાડો ખોદાવી, વિરતનયાના શબને તેમાં દાટી દીધું. વાત ગુપ્ત રાખવા માટે, અનુચરોને યોગ્ય શબ્દોમાં લાલચ સાથે ધમકી પણ આપી.

"પોતાનું પાપ કર્મ છુપાવવા, દુષ્ટ મનુષ્યો ભલે હજારો પ્રયત્નો આદરે, પરંતુ પરમાત્મા તે કૃત્ય, અણચિંતવ્યું ઉઘાડું પાડયા શિવાય રહેતોજ નથી. છુપામાં છુપી વાત પણ તે જાણે છે. તે સર્વ વ્યાપક છે. તેની કળા અગમ્ય છે! અપાર છે! મહાન્ પ્રભુની દરકાર રાખ્યા વિના, જે મનુષ્યો પોતાનાં કૃત્યો છુપાવવા પ્રયત્નો કરે છે, તેઓ પાપનો ઘડો ફુટતાંજ ભવિષ્યમાં ખરેખર પસ્તાય છે.'

વિરતનયાના વૃદ્ધ પિતાને સાથે લઇ તિર્થયાત્રા માટે નીકળેલો, આપણો બાલયોગિ સચ્ચિદાનંદ, ભ્રમણ કરતો કરતો રાત્રિ પડતાંજ, આ સ્થળે આવી પહોંચ્યો. અને જ્યાં તે શબને દાટયું હતું, તેનાથી થોડેક દુર એક વૃક્ષ તળે, વિશ્રાન્તી લેવાનો વિચાર કરી, બન્ને વાતો કરતા બેઠા.

રાત્રિ અજવાળી હતી. પરંતુ વાદળાંથી છવાયેલું આકાશ, આ અરણ્યમાં ઘડી પળ ગાઢ અંધકારનો ભાસ આપતું હતું.

એકાએક તેમની વાતચીતમાં વિઘ્ન કર્તા કોઇ મનુષ્યનો અવાજ તેમના કાને પડયો. બન્ને ચમકયા. ઉભા થયા. આમ તેમ જોઇ, અવાજની દીશા તરફ ધીમે પગલે તપાસ માટે ચાલવા લાગ્યા. જેમ જેમ આગળ વધતા ગયા તેમ તેમ અવાજ સ્પષ્ટ સમજાવા લાગ્યો. આ, પણ આપણા જેવાજ કોઇ પ્રવાસી હશે, એમ અનુ-

માન બાંધી તેમની સાથે ભળી જવા બંન્નેએ નિશ્ચય કર્યો, તેમની છેક નજીક આવતાં, તેમણે બે ચાર માણસોને ખાડો ખોદતા તથા માંહો માંહી વાતચીત કરતા જોયા. જેથી તે કોઇ પ્રવાસી નથી "પરંતુ ધાડપાડુ લુંટારાઓ છે," એમ બન્નેના દિલમાં ખ્યાલ થયો, પરંતુ " ભય તો માયાને કાયા શું ? " એમ સમજી નિડરપણે તેઓની હીલચાલ બારીકીથી જોવા લાગ્યા.

આ ખાડો ખોદનારા કોઇ લુંટારા નહોતા, પણ મન્મથરાયની સાથે વિરતનયાના શબને દાટવા માટે જે ચાર અનુચરો પહેલે દિવસે આવ્યા હતા, તેજ હતા. તે લોકો અત્યારે પુનઃ તે પુરેલો ખાડો ખોદી, માટી બહાર કાઢવા મચી રહ્યા હતા. વિરતનયાને દાટતી વખતે તેના શરીર ઉપર ધારણ કરેલા દાગીના, મન્મથરાયે કાઢી લીધા નહોતા, જેથી શબ ઉપરના સર્વ અલંકારો કાઢી લઇ, તેને તેવીજ સ્થિતિમાં દાટી દેવાના ઇરાદાથી, આ લોકો રાત્રિનો લાગ જોઇ આવેલા હતા. થોડીવારમાં ખાડામાંની સર્વ માટી બહાર કાઢી, તેના મૃતપ્રાય શરીરને તેઓએ એકવાર ફરીથી બહાર કાઢયું, અને તેના શરીર ઉપર ધારણ કરેલા સર્વ અલંકારો કાઢી લીધા. ત્યારબાદ તેમનામાંનો એકજણ અંદર કોઇ ચીજ રહી ન ગઇ હોય તે જોવા માટે ખાડામાં ઉતર્યો.

આ ભયંકર દેખાવ જોઇ, યોગિને આશ્ચર્યતાનો પાર રહ્યો નહીં. આ કોઇ ખવીસ તો નહીં હોય ? મુડદાને ખાઇ જવાની તો તેમની ઇચ્છા નહીં હોય ? આમ અનેક પ્રકારના તર્ક વિતર્કોમાં

પડી, સચ્ચિદાનંદ કંઇક સ્તબ્ધ બની ગયો. પરંતુ બિચારો વૃદ્ધ માણુસ તો આ બનાવ જોતાંજ, તદન ગભરાઇ ગયો.

થોડા સમય બાદ ખાડામાં ઉતરેલો માણુસ કંઇ હાથ ન લાગ-પોતાને કાંઇ હાથ ન લાગવાથી, પાછો ઉપર આવ્યો. પુનઃ તે શબને જેમનું તેમ દાટી દઈ, ખાડો પુરી દઇ, તે લોકો તે દાગીનાની વહેંચણી કરવા માટે ત્યાંજ બેઠા. અને દરેકે પોતપોતાનો ભાગ સરખી રીતે વહેંચી લીધો.

આ સઘળાનો બારીકીથી વિચાર કરતાં, તે પિશાચ નથી પરંતુ કોઈ ખુની માણુસો છે એમ સમજી, સચ્ચિદાનંદ તેની જગા ઉપરથી ઉઠી એકદમ તેમના તરફ ધસી આવી, ક્રોધયુક્ત શબ્દોથી બોલ્યોઃ—"અરે દુષ્ટ ખુની લોકો? તમોએ જ આ સ્ત્રીનું ખુન કરેલું છે? પરંતુ યાદ રાખજો કે તે ખુનના બદલામાં હું તમારા સર્વનો જાન લઇશ. એકને પણ જીવતો જવા દેનાર નથી.

બાલયોગિના મુખમાંથી આ શબ્દો નિકળતાં જ તેમાંના બે જણુ એકદમ તેના ઉપર ધસી આવ્યા. તેમને પોતાની ઉપર ધસી આવતા જોઇ, બાલયોગિએ પોતાના ચીપીઆનો એવોતો એક ઝપાટો લગાવી દીધો કે, તેમનામાંનો એક, વાગતાની સાથેજ ઘાયલ થઇ પૃથ્વી ઉપર પડયો. એકને ઘાયલ થયેલો જોઇ, બીજો ત્યાંથી નાઠો, તે ઠેઠ મન્મથરાયને ઘેર જઇ ઉભો રહ્યો. બાકી રહેલા બે, પણ નાશી છુટવા માટે દોડવા લાગ્યા. પરંતુ બાલયોગિએ તેમની પુઠ પકડી.

સચ્ચિદાનંદના જવાથી એકલો પડેલો પેલો વૃદ્ધ, ધીમે ધીમે

પેલા ઘાયલ માણસ પાસે આવ્યો. અને તેની પાસે પડેલા દાગીનાની પોટલી છોડી, ચંદ્રના ઝાંખા અજવાળામાં જોવા લાગ્યો. દાગીના જોતાંજ તે પોતાની પુત્રી વિરતનયાના છે. હોય એમ તેને વહેમ પડ્યો. તેથી તેણે ખાડામાંના મુડદાને જોવાનો વિચાર કર્યો. ખાડા સમીપ આવી તેના ઉપરની ધુળ ઉથામી નાંખી, અંદર જુવે છે તો ખરેખર પોતાની વહાલી પુત્રી વિરતનયાનુંજ શબ ! !

પોતાની દીકરીનું મુડદું જોતાંજ આવરો બાવરો બની ગયેલો તે વૃદ્ધ પિતા, પુત્રીના શબને પોતાના ઉછંગમાં લઇ ગળગળે સ્વરે બોલ્યોઃ—" ઓ ! મારી કમનશીબ વિરતનયા ! ! કયા દુષ્ટે તારી આ સ્થિતિ કરી ? કયા પાપીએ તારા કોમળ શરીરનો અંત આણ્યો ? કયા મુર્ખે તારો આમ રીબાવી રીબાવી જીવ લીધો ? પણ હા, હા. હું કેમ ભુલું છું ? તારો નાશ કોઇએ કર્યો નથી. તારો નાશ કરનાર તારૂં અલૌકિક રૂપજ છે. " ખરેખર સૌંદર્ય એ જીવનનો શત્રુજ છે. " ઇશ્વરે જો તને આવું અનોપમ સૌંદર્ય બક્ષ્યું નહોત, તો તારી આ સ્થિતિ ન થાત." આટલું બોલતાં તે બિચારા ડોસાએ એક કારમી ચીસ પાડી. એટલામાં પેલા બે જણની પાછળ પડેલો, વીર બાલયોગિ સામેથી આવતો જણાયો. તેને દુરથી જોતાંજ આ વૃદ્ધે પુનઃ એકવાર તેવીજ કારમી ચીસ પાડી. તેને આ પ્રમાણે ગાઢ રૂદન કરતો જોઇ, સચ્ચિદાનંદ બોલ્યોઃ—" ભૂદેવ ? આમ એકાએક રૂદન કરવાનું કારણ શું છે ? "

પ્રત્યુતરમાં વૃદ્ધ પુરૂષે સર્વ હકીકત સવિસ્તર કહી સંભળાવી.

આ હકીકત સાંભળી બાલયોગિ બોલ્યોઃ—" ત્યારે શું આજ

તમારી વિરતનયા છે? ખરૂં કહો? બરાબર બારીકીથી તપાસીને કહો? આ, શબ તમારી છોકરીનુંજ છે?"

વૃદ્ધઃ—"હા, હા, ખરૂંજ કહુંછું કે મારી છોકરીનુ છે."

આ શબ **વિરતનયા**નુંજ છે. એમ તે વૃદ્ધના કહેવા ઉપરથી ખાત્રી થતાંજ, **સચ્ચિદાનંદ**નું અંતઃકરણ પણ ખિન્ન બની ગયું. ખુનીની શોધ શી રીતે કરવી? ખુનની હકીકત કોના આગળ જાહેર કરવી? ઇત્યાદિ પ્રશ્નો તેના હૃદયમાં ઉદ્ભવવા લાગ્યા. એટલામાં પેલો ઘાયલ માણસ જરા પાસું ફેરવવા લાગ્યો. કંઈક ભેદ જાણવાના વિચારથી આપણો બાલયોગિ ધીમે ધીમે તેની પાસે આવ્યો. તેના જખ્મ ઉપર પાટો બાંધી તેને બેઠો કર્યો. ત્યારબાદ તે બોલ્યોઃ—"ભાઇ? મારા પ્રશ્નનો તું યોગ્ય ઉત્તર આપી શકશે કે? જો તે બાબતનો સંતોષકારક ખુલાસો તારા તરફથી મળશે તો હું તને જીવતદાન આપીશ, અને જીંદગી પર્યંત તારો આ ઉપકાર નહીં ભુલું."

આ સાંભળી તે ઘાયલ માણસ બોલ્યોઃ—"ખુશીથી પુછો. જે પુછશો તેનો સંતોષકારક જવાબ, હું જાણતો હોઇશ તે જરૂર આપીશ."

યોગિઃ—"તું કબુલ થાય છે તો તને પુછુંછું કે, આ તારા મિત્રો સંબંધી, તેમજ આ સ્ત્રીના ખુન સંબંધી, સઘળી હકીકત સવિસ્તર કહે?"

બાલ યોગિનો પ્રશ્ન સાંભળી પ્રત્યુતરમાં તે ઘાયલ મનુષ્યે વિરતનયાના ખુન સંબંધી, તેમજ સેનાધિપતિના દુષ્ટાચરણ સબંધી, સર્વ હકીકત અથ ઇતિ જણાવી દીધી. આથી પ્રસન્ન થઈ **બાલયોગિ**એ **વિરતનયા**ના શરીર ઉપરથી ઉતારી લીધેલા, સર્વ દાગીના તેને

ખુશીથી અર્પણ કરી દીધા. ત્યારબાદ તે શબને પાછું પ્રથમની માફક ખાડામાં સુવાડી દઇ, ઉપર ધુળ નાંખી, ખાડો હતો તે પ્રમાણે પુરી દીધો.


આ ક્રિયાની સમાપ્તિ થતાંજ, પાંચ સાત ઘોડેસ્વારો સામેથી આવતા જણાયા. તેમનો પોષાક તપખિરીઆ રંગનો હતો, કમ્મરે તરવારો લટકાવેલી હતી, સર્વની આગળના ઘોડા ઉપર બેઠેલો માણસ તેના ઠાઠમાઠથી, આ ટોળીનો પોતે સરદાર હોય એમ લાગતું હતું. આ સરદાર કદાવર બાંધાનો હતો. તેનાં ચંચળ નેત્રોથી તે કોઇ વિષયાંધ જેવો જણાતો હતો. ચ્હેરા ઉપર ગંભીરતાની છાયા છવાયેલી હતી. આ સરદાર બીજો કોઇ નહીં, પરંતુ દુર્મદસીંહનો સેનાધિપતિ મન્મથ જ હતો. ચાર મનુષ્યો પૈકી એક, જે નાશીને સેનાધિપતિને ઘેર ગયો હતો, તેણે સર્વ વૃત્તાંત યથાસ્થિત તેને કહેલું હોવાથીજ, તે અત્યારે પાંચ સાત ઘોડેસ્વારો સાથે અત્રે આવ્યો હતો.

છુપું કર્મ ખુલ્લુ થઈ જવાના ડરથી તે અત્યારે કંઇક ગભરાયેલા જેવો જણાતો હતો. તેમ છતાં ઉપરથી ધીરજનો ડોળ બતાવી દમામમાંજ તેણે સચ્ચિદાનંદ યોગિને પકડવા માટે સીપાઇઓને હુકમ કર્યો. તુરતજ ફરમાન મુજબ બાલયોગિને કેદ પકડવામાં આવ્યો.

પરંતુ વિરતનયાના પિતા તરફ દૃષ્ટિ જતાંજ સેનાધિપતિના હાંઝા ગગડી ગયા. તે જો આ સર્વ વાત કોઇની આગળ જાહેર કરશે તો પંચાત થઈ પડશે એમ ધારી તેને પોતાના કબજામાં લીધો. સચ્ચિદાનંદને સ્વારો જોડે કારાગૃહમાં મોકલી દઇ, તેમજ ઘાયલ માણસને બીજા માણસો સાથે વિદાય કરી, વિરતનયાના વૃદ્ધ પિતાને

પોતાની સાથે લઇ સેનાધિપતિએ વિલાસભવનમાં તેની રાહ જોઈ બેઠેલા રાજા દુર્મદસીંહ પાસે આવી, સર્વ વાત જાહેર કરી, તે વૃદ્ધને ત્યાંજ બંદોબસ્તથી એક કોટડીમાં પુરી, તે રાજ્યધાની તરફ વિદાય થયો.

વહાલી પુત્રિના વિયોગથી દુઃખી થયેલા તે વૃદ્ધ પુરૂષે, અન્ન જળનો ત્યાગ કર્યો. સંતાન પ્રીતિમાં અનુરાગવાળા, તેમજ પુત્રિના વિયોગથી ટળવળતા, અને ભુખના દુઃખથી ક્ષીણ થયેલી કાયાવાળા તે વૃદ્ધ પિતાએ "વિરતનયા! વિરતનયા!" એમ ઉદ્ગારો કાઢતાં ટુંક સમયમાંજ પોતાના દેહનો ત્યાગ કર્યો.!!



પ્રકરણ ૪ થું.

કાદવમાંથી ઉત્પન્ન થયેલું કમળ.

" કુદરત કળા કંઇ અવનવી, દુનિયા વિષે દેખાય છે. "
" સ્થળ એકમાં ઉગ્યાં તરૂ, ભિન્ન પ્રકૃતિનાં થાય છે. "
" પત્થર તણી ખાણો વિષે, હીરા કંઇક જણાય છે. "
" સજ્જન સ્વભાવિકતા વડે, કીંમત જુદી અંકાય છે. "

" સીંહાસના રૂઢ સાર્વભૌમ નૃપતિને શીરે વિરાજતા બહુ મુલ્ય મુકુટમણિના તેજથી પણ આડંબર વિનાનું દયાનું અમુલ્ય મોતી વિશેષ પ્રકાશ આપે છે. દયા એ ઇશ્વરનો પ્રિય, અમુલ્ય અલંકાર છે. "

" દુનિયામાં સર્વ મનુષ્યો અધર્મીજ હોય તો તેનું અસ્તિત્વ કાયમ રહેવું અશક્ય છે. દુનિયામાં વસનારાં અનેક પ્રાણીઓ, એક શ્રેષ્ઠ અને ડહાપણ ભરેલી પ્રભુની

બનાવટ છે. તેમાં કંઈક અધર્મીઓ હોય અને કંઈક સાધુ પુરૂષો પણ હોય, કંઇક શ્રીમંત હોય, કંઈક રંક પણ હોય, જો તેમ નહોય તો, જગતનો વ્યવહાર અનિયમીત જ થઈ પડે. ”

દિવાન દક્ષરાજ સ્વભાવે સાધુ, અને દયાની પ્રતિમા રૂપ હતો. રાજાનાં અયોગ્ય આચરણોથી તે તદન કંટાળી ગયો હતો. **મન્મથ**રાયને સર્વ રાજ્ય સત્તા સોંપી રાજા અહોનીશ વિલાસભવનમાંજ પડયો રહેતો હતો. ભલા અને ન્યાયિ દિવાનને આ વાત બિલકુલ પસંદ પડતી નહોતી. તે ઘણી ઘણી વખત આ, સંબંધમાં રાજાને નિડરપણે રૂબરૂમાં પણ કહી ચુકયો હતો. પરંતુ સેનાધિપતિની સાથે તેની ગાઢ મૈત્રી હોવાથી, તેના હૃદયમાં દક્ષરાજના બોધદાયક શબ્દોની બિલકુલ અસર થતી નહોતી.

મન્મથરાયના ફરમાનથી સ્વારોએ **સચ્ચિદાનંદ** યોગિને પકડી લાવી, દિવાનને સ્વાધિન કર્યો હતો. અત્યારે **મન્મથ** પોતેજ રાજા તુલ્ય હોવાથી, તેની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાની દિવાનનામાં શક્તિ નહોતી. જેથી નિરૂપાયે દિવાનજીએ આ નિર્દોષ **બાલયોગિને** બંદોબસ્ત સાથે બંદીખાનામાં નાંખ્યો હતો. તેમજ ખાસ કારણ શિવાય, કારાગૃહમાંથી તેને બહાર નહી કાઢવા પેરેગીરોને સખ્ત તાકીદ આપેલી હતી.

"નિર્દોષ હોવા છતાં પણ કદાપિ, અન્યાયથી અધિકારી લોઢાના ચણા ચવરાવે તોપણ વગર આનાકાનીએ ચાવવાજ જોઇએ. એ આ રાજ્યનો મહામંત્ર હતો !"

બંદીખાનામાંથી નાશી છુટવા માટે આપણો બાલયોગિ હજારો યુક્તિઓ રચતો, પરંતુ તેમ કરતાં તેનું મન પાછું પડતું હતું. ઘડીમાં યુક્તિઓ રચતો હતો, ઘડીમાં તેને તોડી પાડતો હતો.

કેદખાનામાંથી મુક્ત થયા સિવાય, આ **શીલ**ભદ્રા નગ્રમાં આવવાનો મુખ્ય હેતુ પાર પડવો અશકય છે. ધારેલી ધારણો પાર ન પડે તો, કરી કારવી સર્વ મહેનત વ્યર્થ જાય, મનની મનમાંજ રહી જાય. આ વિચાર ઉત્પન્ન થવાથી તેની મુખમુદ્રા અત્યારે કંઇક ખિન્ન જણાતી હતી.

"પરંતુ સત્યનો સહાયક સરજનહાર છે. સંકટમાંથી મુક્ત થવા તેની ઇચ્છા શિવાય, મનુષ્યના સર્વ પ્રયત્નો નકામા છે." આમ મનનું સમાધાન કરી, તુરતજ બાલયોગિ ભગવાનના ધ્યાનમાં નિમગ્ન થયો.

"યોગશાસ્ત્રના પુર્ણ અભ્યાસીને રાજ્યમંદિર કે તુરંગ સ્મશાન કે વિલાસ મંદિર, સર્વ સમાન છે."

બંદીખાનામાંથી મુક્ત થવા આપણો બાલયોગિ જોકે શક્તિમાન હતો, પરંતુ તેમ કરવું એ ભવિષ્યના ધારેલા કાર્યમાં વિઘ્નરૂપ થાય, એમ સમજી તે આ દુઃખયાતના મુગે મોઢે સહન કરી રહ્યો હતો.

આજે તેને કારાગૃહમાં પડયાં ઘણા દિવસો થઈ ગયા છે.

" પરંતુ વિશ્વના આવા વિશાળ ક્ષેત્રના ગર્ભમાં કુદરતનો શો હેતુ હશે તેની કોને ખબર છે ? " આમ સમજી પોતાની શક્તિનો ઉપયોગ ન કરતાં થોડા દિવસ વધારે બંદીખાનામાંજ રહેવાનો તેણે નિશ્ચય કર્યો.

" અનાથનો નાથ વિશ્વંભર, અસહાય, તેમજ નિર્દોષીને, બચાવી લેવામાં એકાએક મદદ કરી પોતાનું બિરદ સાચવ્યા શિવાય રહેતોજ નથી, " એવી શ્રદ્ધા ભરી મહાન્ ઉત્કંઠાથી તે જેમ તેમ દિવસો વ્યતિત કરવા લાગ્યો.

આમ લગભગ બે માસ નીકળી ગયા, એવામાં એક દિવસ સંધ્યા સમયે ફરવા નિકળેલ, દિવાન દક્ષરાજની ગાડી ત્યાં આવી પહોંચી. ગાડીમાં દિવાનજીની સાથે અનુક્રમે ડાબા જમણી બે કારભારીઓ બેઠેલા હતા. અને સામી બાજુએ સુમારે દશ બાર વર્ષનો એક છોકરો બેઠેલો હતો.

તેનો ચ્હેરો દિવ્ય હતો. શરીર ઉપર સાચા કસબથી ભરેલો જામો પહેરેલો હતો. ગળામાં સાચા મોતીનો હાર, અને હાથે સોનાનાં કડાં ધારણ કરેલાં હતાં. તેની તરફ નજર કરતાં તે કોઇ શ્રીમંતનો છોકરો હોય એમ જણાતું હતું. તેના માથા ઉપર આવી રહેલાં કાળા વાળનાં ઝુલ્ફાં તેના ગૌર બદનને ઓર શુશોભિત્ બનાવી રહ્યાં હતાં. આ તેજસ્વી કાન્તિવાળો બાળક રાજા દુર્મદસિંહનોજ કુમાર હતો. તે સદ્‌ગુણિ, શાણો, ઉમદા વિચારવાળો, સદાચરણમાં પ્રીતિવાળો, અને સત્યને માર્ગે ચાલનારો હતો. જેનું નામ રંજનિકાન્ત હતું.

" દુર્મદસિંહ જેવા અધર્મીને ત્યાં સદ્‌વર્તનિય પુત્રરત્નની પ્રાપ્તિ ! ખરેખર પરમાત્માએ ભુલજ કરી હશે ! ! પરંતુ નહીં નહીં,

હીરાતો ખાણુમાંજ પાકે છે. સાચાં મોતીતો છીપમાંજ ઉત્પન્ન થાય છે.”

બંદીખાના પાસે ગાડી આવતાંજ કંઈક કારણસર બહાર કાઢવામાં આવેલા, બાલયોગિ તરફ આ બાળરાજાની દૃષ્ટિ ગઇ.

યોગિની સુર્ય સમાન તેજસ્વી કાન્તિ, તેમજ શાન્ત અને ગંભિર મુખમુદ્રા જોતાંજ, રાજ્યકુમારને તેના તરફ સ્વભાવિક રીતે પ્રેમ ઉત્પન્ન થયો. ઇશ્વિર પ્રેરણાથી તેના હૃદયમાં તેને જોતાંજ દયા ઉત્પન્ન થઇ.

આ યોગિને શા ગુન્હાથી કારાગૃહમાં નાંખવામાં આવ્યો હતો તે સર્વ હકીકત હવા ખાઇ પાછા આવતા સુધીમાં દિવાનજીને મોઢેથી રાજ્યકુમારે સાંભળી લીધી હતી.

રાત્રિએ ભોજન કર્યાં બાદ રજનિકાન્ત પલંગપર સુતો, પરંતુ રોજની માફક આજે તેને તે બાલયોગિના વિચારો આવવાથી બિલકુલ નિદ્રા આવી નહીં. તેનાં નેત્રો સામે યોગિની મૂર્તિ પ્રત્યક્ષ જણાવા લાગી. તેને મુક્ત કરવા માટે તે અનેક પ્રકારની યુક્તિઓ રચવા લાગ્યો.

પ્રાતઃકાળ થતાંજ નિત્ય કર્મથી પરવારી બે કારકુનોને સાથે લઇ, રાજ્યકુમાર રજનિકાન્ત દિવાનજીને ત્યાં જવા નીકળ્યો.

દિવાન અત્યારે પોતાના ખટકર્મથી પરવારી દિવાનખાનામાં બેઠેલો હતો. ત્યાં રજનીકાન્ત બે કારકુનો સાથે આવી દાખલ થયો. તેને જોતાંજ યોગ્ય રીતે નમન કરી દિવાન બોલ્યોઃ—“પધારો! મહારાજ! આજે આપે પધારી સેવકનું ઘર પાવન કર્યું. કહો દાસને શી આજ્ઞા છે? જે હોય તે ફરમાવો!”

દિવાનના પ્રશ્નના પ્રત્યુત્તરમાં બાળરાજા બોલ્યો;

દિવાનજી! પેલા બ્રહ્મચારીને બંદીખાનામાંથી મુકત કરવાની કંઇ યુક્તિ શોધી કાઢી કે નહીં ? મારા પિતાશ્રી અહીં નથી, નહીંતો તેમની આજ્ઞા લઇ હું તે મહાત્માને તુરતજ મુકત કરત.

પોતાના પિતાના ગુણોથી રાજ્ય પુત્ર હજુ અજાણ છે, તેથીજ અણસમજથી આમ બોલે છે, આમ વિચાર કરી દિવાન બોલ્યો:— “ મહારાજ ! અમે પણ દરેક કાર્ય તમારા પિતાશ્રીનીઆજ્ઞાનુસારજ કરીએ છીએ. તેથી આ બાબતમાં મારે તેમની આજ્ઞા લેવીજ જોઇએ. ”

યોગિરાજને કેદ કરવા પિતાએજ આજ્ઞા કરેલી છે. દિવાનજીએ તો તેમની આજ્ઞાનુસાર કર્ત્તવ્ય બજાવેલું છે, એમ તેના બોલવા ઉપરથી સ્પષ્ટ જણાઇ આવવાથી રજનિકાન્ત બોલ્યો:—“દિવાનજી ? તમે તે યોગિને પિતાજીની આજ્ઞાથી કેદ કર્યો છે એમ કહી, મને નાનો જાણી પટાવો છો કે શું ? પિતાશ્રીએ કદાચ ગેરસમજથી તેવો હુકમ આપ્યો હશે, પરંતુ યોગિને મુકત કરવો એજ મારી ઇચ્છા છે.”

રજનિકાન્તના આ શબ્દોથી દિવાન મોટા વિચારમાં પડયો. પરંતુ થોડીવારે નિશ્ચય ઉપર આવી તે બોલ્યો:—‘ યુવરાજ ? ગમે તેવો પણ હું તો તમારા પિતાશ્રીનો નોકર છું. ”

“ રાજાની આજ્ઞાનુસાર વર્તવું એજ સેવકનું કર્તવ્ય છે. ” આ બાબતમાં સ્વતંત્ર પણે મારાથી કંઇ થઇ શકે તેમ નથી. માટે ખોટી હઠ ન કરો. “ રાજ્ય આજ્ઞા રાજા શિવાય બીજું કોઇ ફેરવવા સમર્થ

નથી." કૃપા કરી આજ્ઞાનું ઉલ્લંઘન કરવા જેવું અધમ કૃત્ય મારા હાથથી ન કરાવશો.

દક્ષરાજની આ સ્વામી ભક્તિ જોઇ રાજ્યકુમારને સંતોષ થયો. દિવાનનું અંતઃકરણ દયાપૂર્ણ છે, પરંતુ પિતાની રજા શિવાય, પોતાની જવાબદારી ઉપર કંઇ પણ કાર્ય કરતાં તે ડરે છે. એમ સમજી રાજ્ય કુમાર બોલ્યો:—દીવાનજી ? તમારે રાજ્ય આજ્ઞા જોઇએ એજ કે બીજું ? પિતાજી હાલમાં વિલાસભવનમાં છે, જેથી આ બાબતમાં મારાં માતુશ્રીની આજ્ઞા મેળવવી ઇષ્ટ છે. રાજ્ય ઉપર મારા પિતાશ્રીના જેટલોજ હક્ક તેમનો પણ છે. મહારાજાની આજ્ઞા પાળો તો માતુશ્રીની આજ્ઞા પણ તમારે પાળવીજ જોઇએ. કેમ ખરૂં કે નહીં ?

રજનિકાન્તની આ વાત દિવાનને ગળે ઉતરી તેથી તે બોલ્યો. ખરૂં છે. "રાજ્ય માતાનો હુકમ માનવો એ પણ રાજ્યભક્તનું તો કર્ત્તવ્યજ છે," રાજાનો પણ નોકરછું તેમજ તેમનો પણ નોકર છું. જો તે આજ્ઞા કરેતો તે પ્રમાણે કરવામાં મને કંઈપણ અડચણ નથી.

રજનિકાન્તઃ—"ત્યારે ચાલો મારી સાથે હું માતુશ્રી તરફથી તે બાબતમાં તમને પરવાનગી અપાવું."

આમ બોલી દિવાનને સાથે લઇ રજનિકાન્ત પોતાની માતુશ્રી શીળવતી પાસે જવા નીકળ્યો.

પ્રકરણ ૫ મું.

અશાન્ત જીવન.

"જ્યમ દીપ પતંગ વિયોગ બુરો,"
"ત્યમ ચંદ્ર ચકોરી તણો શું નથી?"
"અલિ પંકજ પ્રેમ વિયોગ બુરો,"
"ત્યમ જાણુ કબુતરનો મનથી;"
"પતિથી સતિનો પણ એમ વિયોગ,"
"ગણી દુનિયા દુઃખ ધારે બધી;"
"પણ પુત્ર વિયોગથી માત તણા,"
"દુઃખની અવધિ અવધિ, અવધિ."

"સત્ય વિહીન ધર્મ, દયા વિહીન ન્યાય, સ્વભાવિક બુદ્ધિ વિહીન વિદ્યા, પાત્ર વિહીન અધિકાર, શક્તિ વિહીન શસ્ત્ર, પત્ર વિહીન વૃક્ષ, કીકી વિહીન ચક્ષુ, શશિ વિહીન રજનિ, દીપક વિહીન સદન, જેમ શુન્યવત્ જણાય છે, તેમ પુત્ર વિહીન માતાનું જીવન પણ શુન્યવત્ જ ગણાય છે"

"જંગલમાં મંગળ, વિવાહમાં રામનામ, તૃષાતુરને અન્ન, ક્ષુધાતુરને જળ, સંન્યાસીને શ્રૃંગાર, રોગીને રાગ, યોગિને વૈભવ, ભોગીને ભજન, અને ધરાયલાને ધાન્ય, કદાચ્ પ્રસંગોપાત યત્કિંચીત્ શાન્તવન્ આપી શકે, પરંતુ પુત્ર વિયોગે માતાને રાજ્ય વૈભવ જેવું સુખ પણ સ્વલ્પ શાન્તવન્ આપી શકતું નથી."

રાણી **શીળ**વતી સર્વાંગે સુંદર હતી, વયમાં દુર્મંદસિંહથી લગભગ ચાર વર્ષે ન્હાની હતી, તેને **વિશ્વજીત**, **રજનિકાન્ત**, અને **અલકરંભા** એમ એકંદરે ત્રણ સંતાન થયાં હતાં. પરંતુ તેના સૌંદર્યમાં કે શરીરના બાંધામાં કોઇ પ્રકારનો ફેરફાર જણાતો નહોતો. તેના લાલ હોઠ, મનોહર નેત્રો, કમાનદાર ભ્રકુટી, અને સરળ નાસિકા, તેના સૌંદર્યમાં વધારો કરી રહ્યાં હતાં. પરંતુ પોતાના જ્યેષ્ઠ પુત્ર **વિશ્વજીત**ના ઘણા કાળના વિયોગથી તેની મુખમુદ્રા દીન પ્રતિદીન, મ્લાન થતી જતી હતી. પોતાના પતિનાં આચાર ભ્રષ્ટ, તેમજ પશુતુલ્ય આચરણો, તેના દુઃખમાં વધારો કરી રહ્યાં હતાં.

આ પ્રમાણે પુત્ર વિયોગથી નિસ્તેજ બનેલી સાધ્વિ **શીળ**વતી એક દિવસ પોતાની પાસે બેઠેલી બે દાસીઓમાંની એક પ્રત્યે બોલી:—દાસી ? પુત્ર શોકાગ્નિ મારૂં હૃદય બાળી રહ્યો છે. ચંદ્રસમાન તેજસ્વી મુખવાળો સદ્‌ગુણસંપન્ન મારો **વિશ્વજીત** પળવાર પણ

વિસારે પડતો નથી. અત્યારે તે ક્યાં હશે ? તેના વિયોગે મારા શરીરનો જરૂર અંત આવશે.

દાસી:—બાઇસાહેબ ? આવું અયોગ્ય ભાષણ ન બોલો. "પુત્રના વિરહથી માતાને દુઃખ થાય એ સંભવિત છે. પરંતુ જેમાં મનુષ્યનો ઉપાય નથી તેને માટે નાહક શોક કરવો એ વ્યર્થ છે."

તેમનો પત્તો મળ્યા શિવાય રહેનાર નથી. અને કમનશીએ કદાચ્ તેમ ન બને તો પછી બાળરાજા રજનિકાન્તની સામે જોઇ તમારે તમારો કાળ વ્યતિત કરવો જોઇએ. તમે જો દેહનો અંત આણો, તો પછી તે બિચારા કુમળા બાળકની શી ગતિ !!

શીળવતી:—તે ખરૂં. તારા કહેવા પ્રમાણે મનને વાળવા હજારો પ્રયત્નો કરૂં છું. પરંતુ વિશ્વજીતની મૂર્તિ મારા હૃદયમાંથી એક ક્ષણ પણ દુર ખસતી નથી. મને શોકાતુર જોઇ, રજનિકાન્ત ઘણી વખત પુછે છે કે, "માતા કેમ રૂએ છે ? તારો ચહેરો શોકાતુર કેમ જણાય છે ? કેમ બોલતી નથી ? હું તેના આ પ્રશ્નોનો કંઇપણ પ્રત્યુતર આપતી નથી. એટલે તે બિચારો એમજ સમજે છે કે, કંઇક કારણ સર હું તેના ઉપર ગુસ્સે થઇ હોઇશ. જ્યારે તે મારી પાસે આવી બાળક્રીડા કરે છે, ત્યારે વિશ્વજીત્ ક્યાં હશે ? શું કરતો હશે ? જીવતો હશે કે નહીં ? અરણ્યમાં કદાચ હિંસક પ્રાણીનો, કે સર્પ જેવા ઝેરી જાનવરોનો, ભોગતો નહીં થઇ પડયો હોય. આવા અનેક પ્રકારના પ્રશ્નો મારા હૃદયમાં ઉત્પન્ન થાય છે. આટલું બોલતાંજ શીળવતીએ સ્ત્રી સ્વભાવિકતા મુજબ રડી દીધું.

વિશ્વજીત્! મારા સુકોમળ વિશ્વજીત ! આવાં અસહ્ય દુઃખ સહન કરવા તેં આ કમનશીબ માતાને પેટે શામાટે જન્મ લીધો ?

તારા વિયોગથી આ તારી દુઃખિયારી માતાનું કાળજું ચીરાઇ જાય છે. એકવાર આવી, મને ભેટ. દ્રવિત હૃદયને શાન્ત કર. પાલવના છેડાથી અશ્રુ લુછતી માતા તેને સંભારી સંભારીને રોવા લાગી.

મારો વહાલો રજનિકાન્ત જોકે મારી પાસે હાજર છે, પરંતુ તેથી તારો પ્રેમ મારાથી ભુલી શકાતો નથી. બેટા વિશ્વજીત ! થોડા સમયમાં જો તું નહીં મળે તો આ તારી દુઃખિયારી માતાનો જરૂર અંત આવશે.

"બાઇસાહેબ? શોક ન કરો. તેમના મેળાપ માટે, સોમવાર, શિવરાત્રી, એકાદશી, ઈત્યાદિ વ્રત કરો, તેમજ શંકરની સેવા કરો, બ્રહ્મભોજન કરાવો. આ સર્વ પુન્યના ઉદયથી મારી ખાત્રી છે કે, વિશ્વજીત મહારાજ તમને ભવિષ્યમાં જરૂર મળશે. દાસીએ પોતાની દેવ પ્રતિની શ્રદ્ધાથી કંઇક શાન્તવન્ આપ્યું. જેના પ્રત્યુતરમાં શો-ળવતી બોલીઃ—દાસી! આવા પ્રકારે પુન્યદાન કરવાથી, કે વ્રત આદરવાથી, તેનો મેળાપ થવો એ વાત તદન અશકય છે. આ દુઃખથી મુકત થવાનો માત્ર મોત શિવાય અન્ય માર્ગ નથી. "મોત એજ મહા દુઃખીયાનો મંગળમય વિસામો છે." પરંતુ તેમ કરવામાં હજુ કંઈક વિલંબની જરૂર છે. બહેન અલકરંભા પરણી સાસરે જાય, ત્યાંસુધી તેમ ન કરતાં, આ દેહને ટકાવી રાખવો, એ મારો નિશ્ચય છે. રજનિકાન્તની મને એટલી ચિંતા નથી, તે તો મોટો થસે એટલે સઘળું પોતાને હાથેજ કરી લેશે. એતો સૌ થઈ રહેશે, પરંતુ મારો વિશ્વજીત કયાં હશે ? રાણીએ પાછી પુત્રની વાત કાઢી.

"બાઈસાહેબ ? આવા નકામા તર્કવિતર્કો છોડી દયો. જીવતાં હશો તો કોઇક દીવસે પણ મેળાપ થશે. ધારો કે તમે તમારા દેહાને

અંત આણ્યો, તેથી શું તે તમને મળનાર છે? માટે તેમ ન કરતાં જેમ તેમ દુઃખી દિવસો વ્યતિત કરો.

"દુઃખ પછી સુખ, અસ્ત પછી ઉદય, ને રાત્રિ પછી દિવસ." એ ઇશ્વરી નિયમના આધારે ભવિષ્યમાં તમારો ને તેમનો જરૂર મેળાપ થશે. અને તમારૂં આ દુઃખ દુર થશે." દાસીએ પોતાનું કંઇક જ્ઞાન યોગ્ય રીતે પ્રકાશમાં મુકયું.

"દાસી? હવે મને તેની બીલકુલ આશા નથી. "મનુષ્ય માત્રે આશાભંગ થયા છતાં નિરાશામાંજ નકામા દિવસો વ્યતિત કરવા તે કરતાં મરવું એ હજાર દરજ્જે સારૂં છે." રાણીએ પોતાનો અંતિમ ઉદ્દેશ જણાવ્યો."

"આપનું કહેવું સત્ય છે. "ચારે તરફથી નિરાશ થયેલ મનુષ્ય જીવનના અંતમાંજ સુખ સમજે એ સ્વભાવિક છે." "પરંતુ સંકટ સમયે ધૈર્યતા રાખવી એજ સમજુનું કર્ત્તવ્ય છે."

"દાસી? આ તારૂં બોલવું મને બિલકુલ રૂચતું નથી. ધીરજ ધારી બેસી રહેવાથી શો લાભ?" નશીબ ઉપર આધાર રાખી બેસી રહેનારા ખરેખર પસ્તાય છે."

"તે વાત ખરી પરંતુ "જીવતો નર ભદ્રા પામશે, મુઆ પછી કંઇ ના મળે." આ મહા વાકયમાં સમાયેલ ગુઢ રહસ્યનો કંઇક વિચાર કરો. સમજુને વિશેષ શું સમજાવું." વળી "ઉતાવળા સો બાવરા, ધીરા સો ગંભીર." એ વાકય પણ શું સુચન કરે છે?

"ધીરજનાં ફળ મીઠાં છે." એકદમ સાહસ કરી અમુલ્ય દેહ ગુમાવવો એ શું ઉચીત છે?"


"વારૂ, ત્યારે તું કહે છે તો હું આત્મહત્યા કરવાનો મારો નિશ્ચય ફેરવું છું. જોઉં છું કે ધીરજનાં ફળ મીઠાં છે કે કડવાં."

"મારા ગળાના સોગન ખાઇને કહો ? તમે આ સત્યજ બોલો છો ? તમારા શબ્દો ઉપર મને તો બિલકુલ વિશ્વાસ પડતો નથી."

"વિશ્વાસ રાખ. વચન એક છે. કહું છું તે સત્ય છે. આત્મ ઘાતનો મારો નિશ્ચય મેં અવશ્ય ફેરવ્યો છે."

"બસ. બસ. હવેજ મને શાન્તિ થઇ."

દાસીના આગ્રહથી આત્મ હત્યા કરવાનો નિશ્ચય ફેરવ્યા બાદ શીળવતીએ પાસે બેઠેલી બીજી દાસીને રજનિકાન્તને બોલાવી લાવવા માટે મોકલી. અને પોતે સહજ વિશ્રાન્તિ અર્થે આડી થઈ. દાસી દ્વાર ખોલી બહાર ચાલી ગઇ, અને પોતાના કાર્યમાં પ્રવૃત્ત થઇ.



પ્રકરણ ૬ ઠું.

શ્રદ્ધા પ્રભાવ.

" પડી રાત તે પળમાં ફીટી, પરભાતમાં પલટાય છે "
" જળપુર્ણ ઉદધિ અવધિએ, નિર્જળ બનેલ જણાય છે; "
" છાઇ અષાઢી વાદળી, વર્ષ્યા વિના વિખરાય છે. "
" આશા નિરાશા સુખ દુઃખો, આવે અને વળી જાય છે. "

* * * * * *

" સંકટ રૂપી અગ્નિ વડે, હરી ભકત સોનું તાવતો, "
" કરવા કસોટી ગુપ્ત, પહેલાં ભકતને ભય આપતો; "
" દુઃખમાં ડગ્યા વણ નેકથી, સ્વધર્મ શ્રદ્ધા ધારતો, "
" તો સત્યનો સંગી બનિ, પ્રભુ આખરે ઉગારતો. "

" નિષ્કામ બુદ્ધિથી શ્રદ્ધાપુર્વક કરાયેલું સત્કાર્ય સર્વોત્કૃષ્ટ ગણાય છે. ઉત્તમ પુરૂષો પરોપકાર કરતાં કંટાળતા

નથી. મહાત્માઓનું જીવન પરોપકારને માટેજ છે. સુખ કિંવા દુઃખની કલ્પના મનમાં ન આણુતાં પ્રત્યેક આત્માને પોતાના કાર્યથી ઉચ્ચ શ્રેણી ઉપર ચઢાવવો તેનું નામજ પરોપકાર.”

“પરોપકારી પુરૂષો પ્રભુના બંદા છે. પરની પરવા પોતાને છે. પોતાની પરવા પરમાત્માને છે. પરોપકારી પુરૂષને હજારો ધન્યવાદ હો.”

વિચારમાંને વિચારમાં રાણી **શીળવતીની** આંખ સહજ મળી ગઇ. એટલામાં રાજ્યકુમાર રજનિકાન્ત દિવાન **દક્ષરાજને** લઇ મહેલમાં દાખલ થયો. દિવાનજીને એકાન્ત સ્થળમાં બેસાડી કુમાર પોતાની માતાના શયનગૃહમાં જઈ તેને જગાડવા લાગ્યો.

સુકોમળ બાળકના હસ્તનો સ્પર્શ થતાંજ રાણી એકદમ જાગૃત થઇ. અને રજનિકાન્તને પોતાની પાસે ઉભેલો જોઇ, પ્રસન્ન વદને બોલી:— બેટા રજનિકાન્ત? અત્યાર સુધી ક્યાં હતો? તારી રાહ જોઇને થાકી તેથી આખરે દાસીને, તને બોલાવી લાવવા માટે મોકલી.

આટલું કહ્યા બાદ **શીળવતી** રજનિકાન્તને લઇ શયનગૃહથી બહાર આવી, તો તેણે દુર બેઠેલા દિવાનને દેખ્યો તેથી તે બોલી: બેટા? આજે સાથે દિવાનજીને લાવવાનું શું કારણ?

તેની માતાના પ્રશ્નના પ્રત્યુત્તરમાં કુમાર બોલ્યો:—માતા તે કારણ હું તને નહીં કહું.

" તું નહીં કહે તો દિવાનજીને પુછીશ."

" ના, ના, તેમને મળવાની જરૂર નથી."

" ત્યારે તું કહે શું કારણુ છે ?"

" સઘળું કહીશ પણ કહ્યા પ્રમાણે કરવા તું કબુલ હોય તો."

" હા, કબુલ. બોલ તારે શું જોઇએ છીએ ? તારાથી શું વધારે છે."

" પરંતુ તું જો ના પાડશે તો હું રીસાઇ જઇશ."

" ભલે, ના પાડું તો તેમ કરજે."

માતાને બરાબર વચનથી બાંધી લીધા બાદ રજનિકાન્ત બોલ્યો: માતા ? કાલે હું દિવાનજી સાથે સંધ્યા સમે ફરવા ગયો હતો. અમારી ગાડી કેદખાના પાસે પહોંચતાંજ સેનાધિપતિએ કેદ કરી આણેલા એક બાલયોગિને મેં જોયા. તે ખરેખર કોઇ મહાન્ પુરૂષ જેવા દેખાતા હતા. મને તેમના તરફ સ્વભાવિક રીતે દયા ઉત્પન્ન થઇ, તેથી તેમને કેદખાનામાંથી મુક્ત કરાવવા એવો મેં મારા મન સાથે નિશ્ચય કર્યો છે.

શીળવતી:—બેટા રજનિકાન્ત ? કેદી લોકોની હાલત જોઇ તને દયા આવી એ વાત આનંદજનક છે. પરંતુ તેમના ગુન્હા તરફ જોતાં તેમની દયા ખાવી એ વાસ્તવિક નથી. તેઓના ગુન્હા ઘણા ગંભીર હોય છે. તે યોગિએ પણ તેવોજ કંઇ ગુન્હો કર્યો હશે. નહીંતો તેને કેદખાનામાં શા માટે પડવું પડે.

રજનિકાન્ત:—માતા તારા કહેવા પ્રમાણે તે યોગિરાજ ગુન્હેગાર તો છે જ. તેમના ઉપર એક સ્ત્રીના ખુનનો આરોપ છે. તે સર્વ હકીકત મેં દિવાનજીને મોઢેથી સાંભળી છે. પરંતુ તે મહાત્માની

મુખમુદ્રા તરફ દ્રષ્ટિ કરતાં તેવા સાધુ પુરૂષના હાથથી, સ્ત્રી વધ જેવું અધમ કૃત્ય થયું હોય, એમ કોઇ પણ જોનારના માનવામાં આવે નહી. તેમને જોતાંજ દરેકને તેમના તરફ સ્વભાવિક પ્રેમ ઉત્પન્ન થયા શિવાય રહેજ નહીં. મારી ખાત્રી છે કે તેઓ નિર્દોષજ હશે. અને તેથી તેમને મુક્ત કરવા આ દિવાનજીને તારા તરફથી પરવાનગી અપાવવા માટેજ હું આવ્યો છું. મારી માત્ર એજ ઇચ્છા છે. હું જે માગું તે આપવા તેં મને પ્રથમથીજ વચન આપ્યું છે, તેથી તારે મારી આ માગણીનો સ્વિકાર કરવોજ પડશે.

શીળવતીઃ—બેટા ? ખોટી હઠ ન કર. તે સાધુ ગમે તેવો હશે તેથી તારે શું ? આજકાલ ઉપરથી સાધુનો ડોળ બતાવનારા, પરંતુ અંદરથી લુચ્ચા, દાંભીક યોગિઓ ઘણા નજર આવે છે. તેમાંનો એક તે પણ કેમ ન, હોય ? તું હજી ન્હાનો છે એવા સાધુઓના પ્રપંચથી તદન અજાણ્યો છે.

રજનિકાન્તઃ—માતા ? મારી ઉમર ન્હાની છે તે તરફ તારે જોવાનું નથી. હું સમજું છું કે નથી સમજતો એ બાબતનો વિચાર તારે કરવાનો નથી. આ મહાત્માને પ્રપંચી કે લુચ્ચા વેરાગી તરીકે ગણી કાઢવામાં તું ખરેખર ભુલ ખાય છે. હું ખોટી હઠ કરતો નથી, માટે મારૂં કહેવું માન અને તે યોગિરાજને મુક્ત કરવા આ દિવાનજીને પરવાનગી આપ.

શીળવતીઃ—બેટા ? તું કહે છે તે ખરૂં, પરંતુ તારા કહેવા પ્રમાણે કરવા હું શક્તિમાન નથી. હું જોકે રાજ્યરાણિ છું, પણ તારા પિતાની તો રૈયત જ છું. તેમની આજ્ઞાથી સેનાધિપતિએ કેદમાં નાંખેલા તે સાધુને મુક્ત કરી, તારા પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન મારાથી થઇ શકેજ નહીં.

રજનિકાન્તઃ—માતા ? તે વાતની તું બિલકુલ ચિંતા રાખીશ નહીં. આથી જો મારા પિતાશ્રી તારા ઉપર ગુસ્સે થશે, તો તેમના ક્રોધને શાન્ત કરવા હું પોતે તેમની પાસે ક્ષમા માગીશ.

શીળવતીઃ—બેટા રજનિકાન્ત તું અજ્ઞાન છે. હજુ તારી વિચાર શક્તિ ઓછી છે. આ, કૃત્ય કરવાથી ભવિષ્યમાં તારે ને મારે બંન્નેને જરૂર પસ્તાવું પડશે માટે તારી જક્ક છોડ.

રજનિકાન્તઃ—જનનિ, આવા પરોપકારના કાર્યથી તું દોષિત થનાર નથી, છતાં ભવિષ્યમાં જો દુઃખ આવી પડે તો તે સહન કરવાં એ આપણી ફરજ છે.

શીળવતીઃ—પરંતુ આખા રાજ્ય ઉપર, તેમજ સર્વ અમલદારો ઉપર તારા પિતાની જ માત્ર સત્તા છે. તેઓ સર્વ તેમનીજ આજ્ઞાના તાબેદાર છે. તો પછી દિવાનજી મારી આજ્ઞા શી રીતે માન્ય કરી શકે ?

રજનિકાન્તઃ—માતા ! એમ ન બોલ. રાજ્ય ઉપર તેમજ અમલદારો ઉપર જેટલો મારા પિતાનો હક્ક છે, તેટલો તારો પણ છે. મારા પિતાશ્રીની આજ્ઞાનું ઉલ્લંઘન કરવા કોઇ સમર્થ નથી, તેમજ તારી આજ્ઞાનુસાર વર્તવા પણ સર્વ બંધાયેલા છે. દિવાનજી તારી આજ્ઞાનુસાર વર્તવા તૈયાર છે. માત્ર તારા હુકમનીજ રાહ જુવે છે.

શીળવતીઃ—તારી હઠથી તો તોબાહ ! ! મને પુરૂ બોલવા પણ દેતો નથી. જો સાંભળ.........

રજનિકાન્તઃ—નહીં, નહીં, માતા બીજું કંઇ સાંભળવા હું ખુશી નથી. બધી પંચાત મુકી દિવાનજીને આજ્ઞા કરે છે કે નહી?" છોકરાની અતિશય હઠથી કંટાળી જઈ તેની હઠ પુર્ણ કરવાના

વિચારથી **શીળવતીએ** દિવાનજીને પાસે બોલાવીને કહ્યું:—દિવાનજી? આટલું આટલું સમજાવવા છતાં પુત્ર હઠ છોડતો નથી, તેથી લાચારીથી મારે તે સાધુને મુક્ત કરવાની પરવાનગી આપવી પડે છે. મારા હુકમને તમે માન આપતા હો, અને આ કાર્ય કરવાથી ભવિષ્યમાં કંઇ વાંધો આવી પડવાનો સંભવ ન હોય તો ખુશીથી તેમ કરો.

દિવાનઃ—બહુ સારૂ માતા. આપના હુકમને માન આપવા અમે બંધાયેલા છીએ. મહારાજાની તેમજ તમારી આજ્ઞાનું પરિપાલન કરવું એજ અમારો સેવકનો ધર્મ છે. હુકમ પ્રમાણે હાલજ જઇને તે યોગિરાજને મુક્ત કરી નગ્ર બહાર વિદાય કરૂં છું. પછી છે કાંઇ!

રજનિકાન્તઃ—દિવાનજી? તેમ ન કરશો. તે યોગિરાજને વિદાય ન કરી દેતાં તમારી સાથે અત્રે તેડી લાવજો. હજુ તે મહાત્માની તમને બિલકુલ પરિક્ષા નથી. સાંભળ્યું છે કે તે કોઈ દેવાંશી પુરૂષ છે. તેથી મારે તેમનો મારા ગુરૂ તરીકે સ્વીકાર કરવો છે. તેમનો શિષ્ય બની તેમના જ્ઞાનોપદેશથી મારા કર્ણને પવિત્ર કરવા છે. તેમની સેવા કરી કૃતાર્થ થવું છે. તમે તેમને લઇને આવો તેટલામાં હું તે મહાત્માની સેવામાં જોઇતી સર્વ સામગ્રી તૈયાર કરી મુકું છું.

આટલી વાતચીત થયા બાદ, દિવાન ત્યાંથી તે મહાત્માને મુક્ત કરવા બંદીખાના તરફ વિદાય થયો. રજનિકાન્ત તે મહાત્માની સેવા માટે જોઇતી સર્વ સામગ્રીની વ્યવસ્થા કરવામાં રોકાયો.

"પ્રભુ આ શું? પરોપકાર સમજી ખુનનો પત્તો મેળવવા

જતાં ઉલટી મારીજ આ સ્થિતિ ? અપરાધી ઠર્યો, તુરંગમાં પડયો, હાથે પગે લોઢાની બેડીઓ ધારણ કરવી પડી, આ બધું શાને માટે ? માત્ર પરોપકારને જ માટે ? પરમાત્મા ! " ધર્મીને ઘેર ધાડ, કસાઇને ઘેર કુશળ." એજ તારો ન્યાય ! એજ કાયદો ! એજ મહત્તા ! ! "

" પરંતુ ગમે તેટલા દુઃખથી પણ હું ડરવાનો નથી. આથી પણ વિશેષ દુઃખ યાતનાઓ ભોગવવી પડે તો પણ શું થયું. પરોપકારાર્થે કદાચ આ પ્રાણ આપવો પડે તો શું થયું ! " રાજા ભલે મને આ ગુન્હાની ગમે તેવી શિક્ષા કરે. તેથી આ આત્માને શું છે ? સર્વ દુઃખ તો માત્ર આ હાડ માંસના શરીરનેજ છે. શરીર એટલે શું ? માત્ર લોહી, માંસ અને પરૂ જેવા ગંદા પદાર્થોનો કોઠાર ! પૃથ્વિ, જળ, તેજ, વાયુ અને આકાશ એ પંચતત્વની બનેલી ઈમારત ! ! તે ઈમારત કયારે તુટી પડશે તે જાણવા કોઈ સમર્થ નથી. તેના તુટી પડવાથી શોક શો ? હર્ષ શો ? "

" મિષ્ટ વસ્તુઓ પોતાની સ્વભાવિકતા પ્રમાણે મધુરો સ્વાદ આપે છે. ઝેરી વસ્તુઓ પ્રાણ લે છે. કસ્તુરી સુવાસ આપે છે. વ્યાઘ્ર, સિંહાદી હીંસક પ્રાણીઓ મનુષ્યને ફાડી ખાય છે. આ પ્રમાણે પરમાત્માએ બનાવેલી સર્વ વસ્તુઓ નિયમીત રીતે પોતાનું કાર્ય બજાવેજ જાય છે. પરંતુ મનુષ્ય પ્રાણી તો વિચાર શક્તિ હોવા છતાં પણ પોતાની સ્વભાવિકતા ભૂલી જઇ અધર્મમાં પ્રવૃત્ત થાય છે. "

" ઉંચ્ચ વૃતિઓમાં નિચ વિકારો પેસવાથી કાળ સામે આવી ખડો થાય છે. માટે હમેશાં શ્રદ્ધાપૂર્વક કલ્યાણદાયિ, અને મોક્ષ-

દાપિ, પરમાત્માની ભક્તિ કરવી એજ જ્ઞાન ! એજ કર્તવ્ય ! એજ મોક્ષ ! ! " તુરંગમાં આ પ્રમાણે અનેક પ્રકારના તર્ક વિતર્કો કરતો સચ્ચિદાનંદ અત્યારે પ્રભુ સ્મરણ કરી રહ્યો હતો. એવામાં દિવાને આવી કોટડીનું તાળું ઉઘાડી અંદર પ્રવેશ કર્યો.

તેને જોતાંજ સચ્ચિદાનંદ વિસ્મય બની ગયો. મારા હાથ પગમાં નંખાયલી આ બેડીને હલકી ધારી તેને બદલે તેથી પણ ભારે નાંખવા માટે તો આ મનુષ્ય આવ્યો નહીં હોય ? " હરી ઇચ્છા ! તેમ હોય તોપણ આનંદથી તેનો સ્વીકાર કરવો જોઇએ."


પરંતુ અંદર પ્રવેશ કરતાંજ દિવાનજીએ આ યોગિરાજને દંડવત્ પ્રણામ કર્યા. ત્યારબાદ તેથા હાથ પગમાંથી બેડી કાઢી નાંખી, તેને નવાં વસ્ત્ર પહેરાવ્યાં.

દિવાનજીને એકાએક આમ કરવાનું કારણ શું હશે તે જાણવા માટે બાલયોગિ બોલ્યો:—ભાઇ ? આમ કરવાનું કારણ શું છે ? આપનો શો વિચાર છે ? આવી રીતે બેડા કાઢી નાંખ્યા તેમજ, નવાં વસ્ત્રો પહેરાવી, મારો વધ કરવાની તો તમારી ઇચ્છા નથી ને ?

દિવાનઃ—મુનીરાજ ! હું આ રાજ્યનો દિવાન છું. તમને ન ઓળખવાથી જે અસહ્ય સંકટ આવ્યું છે તેને માટે હું તમારો અપરાધી છું. મારા ઉપર કૃપા કરો. હું તમારો વધ કરવા આવ્યો નથી. પરંતુ રાણી શીળવતી તેમજ બાળરાજા રંજનિકાન્તના હુકમથી તમને આ દુઃખમાંથી મુક્ત કરવા આવ્યો છું. કૃપા કરી મારી

સાથે રાજ્ય મહેલમાં પધારો. બાળરાજા આપ મહાત્માનાં દર્શનની અભિલાષા ધરાવે છે.

દિવાનજીને મોઢેથી આ વાત સાંભળી બાલયોગિ પ્રસન્ન થયો અને યુવરાજ રજનિકાન્તની પ્રસંશા કરવા લાગ્યો. તેની અભિલાષા પુર્ણ કરવાનો મન સાથે દૃઢ નિશ્ચય કરી યોગિ સચ્ચિદાનંદ દિવાનજીની સાથે રાજ્ય મહેલ તરફ જવા નિકળ્યો.



પ્રકરણ ૭ મું.

સંત સુશ્રુષા.

“ જે ઘેર ભવ્ય છતે નહીં દિવ્ય
જીવો તણો માંહી પ્રકાશ રહ્યો છે, ”
“ જે ઘર આંગણ માગણ આવી
વૃથા શ્રમ વેઠી નિરાશ થયો છે; ”
“ જે ઘરમાં સત્કાર અતિથી
તણો ન થયે વળિ પાછો ગયો છે, ”
“ તે ઘરનો ભભકો વૈભવ
કવિયોયે મશાણ સમાન કહ્યો છે. ”

“ સત્સંગની બલિહારી છે ! ! સત્સંગ એજ મોક્ષ-દ્વારની બારી છે ! ! દીપકના સત્સંગથી કોડીયું પણ પુંજાય છે, પારસમણિના સંગે લોહ પણ કંચન થાય છે. ગંગામાં

ગમન કરતું મલીન જળ પણ સત્સંગથી પવિત્ર ગણાય છે. કંચનના પ્રતાપે કાચમાં પણ મણિનું તેજ આવે છે. દેવતાઓના સમાગમે શંખ પણ પુંજાય છે, અને નિરર્થક મનાતાં આકડાનાં ફુલ પણ મારૂતી મંદિરમાં મહત્તા મેળવે છે. તો પછી મુળથીજ સારા સંસ્કારો પામેલા સજ્જનો, સત્સંગના પ્રતાપે શું ન મેળવી શકે ?”

“ શુભાશુભ પ્રવૃતિમાં મનુષ્યને પ્રેરનાર તેનું અદૃષ્ટ નથી, પણ તેનાં પુર્વકૃત ધર્મ ધર્માદિદ્વારા દૃઢ થયેલા શુભ વા અશુભ સંસ્કારો છે. ”

૨૧

જય મહેલની દિવ્યતામાં અત્યારે અનુપમ વધારો થયેલો જણાતો હતો. યોગિરાજની પધરામણી થનાર હોવાથી રજનિકાન્તે મહેલને સારી રીતે શણગારી દીધો હતો. હાંડી, તકતા, ઝુમ્મરાદિ, મન પ્રફુલ્લિત વસ્તુઓ મોટા પ્રમાણમાં યોગ્ય રીતે ગોઠવી દીધી હતી. ચારે બાજુ ચાંદીના પાત્રોમાં સૌગંધીક પદાર્થોનો ધુપ સળગાવી, વચમાં યોગિરાજ માટે એક રત્નજડિત સિંહાસન મુકી દીધું હતું. પુંજા કરવા પુષ્પ, અબીલ, ગુલાલ, વિગેરે પદાર્થો પણ તૈયાર કરી રાખ્યા હતા. જમીન ઉપર સોનેરી રંગના ઉનનાં ઉત્તમ ગાલીચા

બિછાવી દીધા હતા. બારીઓ ઉપર ઘાસની ટટ્ટીઓ નાંખી, ગુલાબ જળનો છંટકાવ કરી દીધો હતો. આ પ્રમાણે રંગમહેલને પુર્ણ ઠાઠમાઠમાં શણગારી રજનિકાન્ત મહાત્માની વાટ જોતો પોતાની માતા જોડે બેઠો. થોડી વારમાં દિવાન તે મહાત્માને લઇ મહેલમાં દાખલ થયો.

મહાત્માને જોતાંજ રાણી **શી**ળવતી તથા બાળરાજા રજનિકાન્ત, તેમજ પાસે બેઠેલી એક દાસી એ સર્વ એક સાથે ઉભાં થઇ ગયાં, અને મહાત્માને સાષ્ટાંગ દંડવત્ કર્યા, બાદ તેમને નિર્મીત કરેલા સિંહાસન ઉપર બિરાજવા વિનંતી કરી, રજનિકાન્ત પોતાના જીવનને ધન્ય ધન્ય માની મહાત્મા પ્રત્યે બોલ્યો:—ગુરૂજી ? આ અજ્ઞાન બાળક આપને નમન કરે છે. મારા ઉપર કૃપા કરો, અને મને આપની સેવાનો અમુલ્ય લાભ આપો, તેમજ આપનો શિષ્ય બનાવી જ્ઞાનોપદેશ કરો.

રાજ્ય પુત્રનો વિનય, તેમજ દૃઢ ભાવના જોઇ અત્યંત પ્રસન્ન થયેલો સચ્ચિદાનંદ બોલ્યો;—કુમાર ? તારૂં કલ્યાણ થાઓ. સર્વ સ્થળે તારો વિજય થાઓ. તુ ગુણવાન. અને ભગવદ્ ભક્ત છે, તેથી તારા ઉપર પ્રસન્ન થઇ તારા કલ્યાણાર્થે હું બે શબ્દો શીખામણના કહુંછું તે ધ્યાનપુર્વક શ્રવણ કર.

“ભવિષ્યમાં જ્યારે તું રાજા થાય ત્યારે તારી પ્રજાને પુત્રવત્ પાળજે. તારા આ સદ્ગુણોનો ઉપયોગ પ્રજાના કલ્યણાર્થે કરજે. પ્રજાનું રૂડી રીતે રક્ષણ કરી તારી નામના અમર કરજે.

રજનિકાન્તઃ—મહારાજ ? ભવિષ્યમાં રાજા થવાની મારી ઇચ્છાજ નથી. હુંતો અત્યારથી આપની સેવામાંજ રહેવા માગું છું.

સચ્ચિદાનંદઃ—નહીં, નહીં, રાજ્યકુમાર! હજુ તો તારા હાથથી ભવિષ્યમાં ઘણાં મહાન્ કાર્યો થવાનાં છે. થોડાજ સમયમાં તું રાજા થશે.

"યોગિ બની મોક્ષનો માર્ગ મેળવવા કરતાં, સંસારની પ્રપંચ જાળમાં લપટાયા છતાં જે મનુષ્યો મોક્ષનો માર્ગ મેળવવા સમર્થ બને છે તેજ ખરા જ્ઞાની છે. કામ, ક્રોધ, મદ, લોભ, મોહ અને મત્સરાદિ શત્રુઓને તાબે ન થતાં તેની સામા થઇ દરેક કાર્ય કરે છે તેજ ખરા જ્ઞાની છે. ધર્મપત્નિ શિવાય, અન્ય સ્ત્રીઓને માતા કે ભગિની સમાન સમજે છે તેજ ખરા જ્ઞાની છે." હવે રાજા થયા બાદ તારે કેવા પ્રકારનું વર્તન રાખવું, તે તને સમજાવું છું.

"શત્રુઓને દંડ દેતી વખતે ક્રોધી થજે. દ્વેષી લોકો સામે મદથી વર્તજે. દુર્જન પ્રતિ દંભથી ચાલજે, સજ્જનનો સ્નેહી થજે. પુન્યદાન કરવામાં ઉતાવળો થજે. પરોપકારાર્થે પ્રાણની કીંમત તુચ્છ ગણજે. નેત્ર વડે પરમાત્માની મુર્તિનાં દર્શન કરજે. અને સર્વેંદ્રિયોને સન્માર્ગમાં પ્રેરી, દીન, અનાથ અને અપંગ મનુષ્યો ઉપર હમેશાં દયા રાખજે. ઉદારતા, અને ધૈર્ય બરાબર સાચવી રાખજે. પાખંડી અને ધુર્ત્ત લોકોથી સદા દુર રહેજે. શત્રુ કે મિત્રને બારીકીથી ઓળખજે. મદ્યપાન કરનારા, ગુરૂને ધિક્કારનારા, ધર્મનો અનાદર કરનારા, અને માતૃદ્રોહી, દેશદ્રોહી દુરાત્માઓના સંસર્ગથી સદા દુર રહેજે. સહસા કર્મ કરતાં તેના ફળનો પ્રથમ વિચાર કરજે. પ્રાણ જતાં પણ કદિ માતાપિતાના હુકમનો અનાદર કરીશ નહીં. સંસારમાં રહેવા છતાં પ્રપંચથી સદા દુર રહેજે. મહા પુરૂષ સાથે કદિ વાદવિવાદમાં ઉતરીશ નહીં. અને મહા બળવાન સાથે યુદ્ધમાં ઉતરીશ નહીં. નિંદ્રા, અહાર, અને મૈથુન નિયમથી કદિ વધારીશ નહીં. ભાઇ, ભાંડુ, ધન,

પુત્ર, કે દારા એટલામાં કદી આશક્તિ રાખીશ નહીં. હમેશાં સત્સમાગમ કરજે. સત્સંગનો મહીમા અપૂર્વ છે. આત્માને ઓળખવો, પારકાના સદ્‌ગુણોનું અનુકરણ કરવું, બીજાના દુઃખથી દુઃખી થવું, આ મનુષ્ય માત્રનું ભૂષણ છે.

ધૈર્ય, સત્ય, શાન્તિ, અને દયા આટલા ગુણો મનુષ્યને શોભાવે છે. આ પ્રમાણે નિર્મત્સર, નિરાહંકારી, અને નિરાશકત બની દરેક કાર્ય કરજે. સેવકોના વર્તન ઉપર બરાબર દેખરેખ રાખજે. સુખ દુઃખ સમાન સમજજે, સ્વાભિમાન રાખજે. આપણો બોલ હમેશાં ખરો કરવો એ ગુણ સારો નથી. એમ સમજી તેનાથી દુર રહેજે. નિંદા કરનારા, તેમજ મિથ્યાવાદી લોકોથી પણ સદા દુર રહેજે. અપકારનો બદલો ઉપકારથી વાળજે. જન્મદાતાની સેવા કરજે. અ-પુજ્યની પુંજા કરીશ નહીં, પુજ્યનું અપમાન કરીશ નહીં. અપાત્રને દાન આપીશ નહીં, સત્પાત્રને દાન આપવા ચુકીશ નહી, આ મારા બોધ પ્રમાણે હમેશાં વર્તન રાખશે તો તારે મારી જોડે આવવાની કે અન્ય ગુરૂ કરવાની કંઇ આવશ્યકતા રહેશે નહીં. યોગસાધનથી ઇંદ્રિયોને દુઃખ દેવાની કે, તપોવનમાં જઇ તપ આદરવાની પણ તારે જરૂર રહેશે નહીં. યશ મેળવવાનો, તારી નામના અમર કરવાનો, અને મોક્ષ રૂપિ ફ્લ પ્રાપ્ત કરવાનો આ શિવાય બીજો કોઇ ઉમદા માર્ગ નથી. એ નક્કી સમજજે.

ગુરૂનો આ અમૃતતુલ્ય જ્ઞાનોપદેશ સાંભળી રજનિકાન્ત કૃતાર્થ થયો. તેનું મન શાન્ત અને ઉદ્વેગ રહિત બની ગયું. સ્નેહ અને વાત્સલ્યતાથી તેનો કંઠ રૂંધાઇ ગયો. એક શબ્દ પણ તેનાથી બોલી શકાયો નહીં. પતિતને પાવન કરનારો આ પવિત્ર સદબોધ સાંભળી રાણી શીળવતી પણ સ્તબ્ધ બની ગઇ. અત્યારે તેને પાછો પોતાનો

મોટો પુત્ર વિશ્વજીત્ સાંભળી આવ્યો, તેથી નમન કરી તે યોગિરાજ પ્રત્યે બોલી:—મહારાજ ? જો મારો મોટો પુત્ર વિશ્વજીત્ નાશી ગયો નહોત, તો અત્યારે તેને પણ તમારા દર્શનનો અમુલ્ય લાભ મળત. કૃપા કરી કહો કે, મારો નાશી ગયેલો વિશ્વજીત્ પુનઃ મને મળશે કે નહીં ? આટલું બોલતાં તેનો ચહેરો ગંભીર બની ગયો. સચ્ચિદાનંદની સામું તે એકી ટસે જોઈ રહી. અને પોતાના મનમાં વિચાર કરવા લાગી.

અરે હું ઘેલી તો થઇ નથીને ? હું મહારાજને આ શું પુછું છું. જેને નાશી ગયા ઘણા દિવસો થયા તે વિશ્વજીત્ હવે કયાંથી મળે.

“ શુષ્ક તરૂ પુનઃ ફુટવું અશક્ય છે. ” પરંતુ આ યોગિરાજને જોતાં તેજ જાણે મારો પુત્ર વિશ્વજીત્ હોય, એમ મને શંકા થાય છે. માટે લાવ તે શંકાનુ સમાધન કરવા તેમનું નામઠામ પુછી જોઉં.

કોઇ ભ્રમિત માણસની માફક આ પ્રમાણે પોતાના મન સાથે તર્ક વિતર્કો કરી, શીળવતી યોગિરાજ પ્રત્યે બોલી:–મહારાજ ? શું કહું કહેતાં જીભ ઉપડતી નથી. તેમ કહ્યા શિવાય શંકાનું સમાધાન થવાનું નથી.

યોગિ:–માતા ! ગભરાઓ નહીં. જે શંકા હોય તે ખુશીથી પુછો.

બીજું તો કંઇ નહીં, પણ તમને જોતાંજ જાણે તમે વિશ્વજીત્ હો એમ મને શંકા થઇ છે. રૂપ, ગુણ તેમજ વયમાં તમે તેની બરાબર છો. તેમજ અન્ય પણ સર્વ વાતે મળતા છો. તો મારી શંકાનું સમાધાન કરવા, કૃપા કરી આપનું નામ ઠામ જણાવશો ? શીળવતીએ શંકાશીળ બની, ઉત્કંઠિત્ ભાવે પુછ્યું.

માતુશ્રી દુનિયામાં આ રીતે ઘણાં માણસો કોઇ કોઇ બાબતમાં લગભગ એક બીજાને મળતાં હોય છે. તે પ્રમાણે હું પણ કદાચ તમારા વિશ્વજીતની સાથે અમુક બાબતમાં મળતો હોઉં, તેમાં કંઇ આશ્ચર્ય જેવું નથી. તેમજ તમારી શંકા ખોટી પણ કહી શકાય નહીં. પરંતુ આ દેહ તો સચ્ચિદાનંદના નામથી ઓળખાય છે. બાલયોગિએ મગનું નામ મરી ન ઉચ્ચારતાં, દહીં, દુધમાં પગ રાખી પ્રત્યુત્તર આપ્યો.

સચ્ચિદાનંદે કહ્યું તે સર્વ લક્ષમાં રાખી રજનિકાન્ત પોતાની માતા પ્રત્યે બોલ્યોઃ—મા, તું કોઇ વાતે ગભરાઇશ નહીં. મારા મોટાભાઇનો પત્તો આ ગુરૂમહારાજ જરૂર બતાવશે.

શીળવતીઃ—બેટા ! તારા ભાઇને આજે ઘણા દિવસ થઇ ગયા છે. તેથી તે જીવતો હશે કે નહીં તેની પણ શંકા છે.

સચ્ચિદાનંદઃ—માતા ! નકામો શોક ન કરો. કદાચ એમ ધારો કે પુત્રની હયાતી ન હોય તોપણ શું થયું. " મોત તો દરેકને માટે નિર્માણ થયેલુંજ છે. મોતથી બચવા કોણ સમર્થ છે. કૃષ્ણ સરખા મહાત્મા અને રામચંદ્રજી જેવા પરાક્રમીને પણ કાળે છોડયા નથી. દુર્યોધન અને વાયુકુમાર જેવા સમર્થ પણ કાળના પંજામાં સપડાઈ ગયા છે. રાવણ જેવા રાજવી અને કર્ણ જેવા દાનેશ્વરી પણ કાળનો કોળીઓ થઇ ગયા છે. તો પછી આપણે તે કોણ માત્ર ! આ સંસારજ અસાર છે. તેમાં આવેલા પંખીના ટોળાને ઉડતાં વાર નથી. સખ્ત તાપથી પીડાયેલા મુસાફરને જેમ થોડી વાર ઝાડ નીચે વિશ્રાન્તી લીધા બાદ, પોતાને માર્ગે ગયા શિવાય છુટકો નથી, તેમ સંસારરૂપી અરણ્યમાં આપણે સર્વ મુસાફરો છીએ. એક દિવસ સર્વને પોતાને માર્ગે ચાલ્યાજ જવાનું છે. તો પછી તેમાં કોને કોનો શોક કરવાનો રહ્યો."

શીળવતીઃ—મહારાજ ? આવો ઉપદેશ કરી તમે મારૂં મન વળાવવા જાઓછો, પરંતુ તેમ થવું અશકય છે. મને મારો વિશ્વજીત્ પળે પળે યાદ આવે છે.

સચ્ચિદાનંદઃ—આવેજ; "માતાને પોતાનાં સંતાનો વહાલાં હોય, એમાં કંઇ નવાઇ નથી. કંઠમાં પ્રાણ હોય ત્યાંસુધી માતાને પોતાનો પુત્ર વિસારે પડતો નથી. એ આ સૃષ્ટિનો નિયમજ છે પરંતુ પરમાત્મા ઉપર દૃઢ વિશ્વાસ રાખી દુઃખી દીવસો વ્યતિત કરવા એજ સમજુંનું કર્તવ્ય છે."

રજનિકાન્તઃ—માતા ! ગુરૂ મહારાજનાં વચનો ઉપર વિશ્વાસ રાખ. અને માત્ર થોડા દિવસો જેમ તેમ વ્યતિત કર. મારા પિતાશ્રીની રજા લઇ મારા મોટાભાઇની શોધમાં હું અત્યારેજ ગુરૂજી સાથે જાઉંછું.

રજનિકાન્તના શબ્દોથી પ્રસન્ન થઇ સચ્ચિદાનંદ બોલ્યોઃ-ધન્ય છે ભાઇ ધન્ય છે ! નાની વયમાં તારી આવી ચાલાકી જોઇ મને આનંદ થાય છે. તારી ઇચ્છા પુર્ણ કરવા હું આવ્યો હતો, તે તારી ઈચ્છા તૃપ્ત થઇ ચૂકી. હવે હું જાઉંછું.

શીળવતીઃ—મહારાજ ! કયાં જાઓછો ? ફરીથી આપના દર્શનનો અમુલ્ય લાભ અમને કયાં મળશે ?

સચ્ચિદાનંદઃ—યોગિ લોકોનો મુકામ સ્થાઇ હોતોજ નથી. આ જગતમાં અમારી ઇચ્છામાં આવે તે સ્થળોમાં અમે ભ્રમણ કરીએ છીએ.

રજનિકાન્તઃ—ગુરૂદેવ ! તમારો અમૃતતુલ્ય ઉપદેશ સાંભળવો છોડીને જાઓ કહેતાં જીભ ઉપડતી નથી. પરંતુ આપનો નિશ્ચય જવા

માટે દૃઢ થઇ ચુકયો છે, તેથી મારો કંઇ ઉપાય રહ્યો નથી. પરંતુ પુનઃ એક વાર મને આપની સેવાનો અમુલ્ય લાભ દયો.

આટલું બોલી રજનિકાન્તે ગુરૂના ગળામાં પુષ્પનો હાર પહેરાવ્યો. શીળવતી પાદ પ્રક્ષાલન કરવા જતી હતી પરંતુ. તેને તેમ કરતી અટકાવી, બાલયોગિએ સખેદીતપણે જણાવ્યું:–" માતા ! કંચન અને કામનીનો સ્પર્શ મહાત્માઓને અધોગતિએ પહોંચાડનાર છે. માટે એ વાત જવા દયો. આપની ભક્તિ ભાવનાઓથી હું પ્રસન્ન થયોછું. આશીર્વાદ દઉંછું કે, " તમારૂં શ્રેય થાઓ ! સંકટ સમયે મારૂં સ્મરણ કરજો, હું તે વખતે જરૂર હાજર થઇશ. " અંતરની વિશુદ્ધ ભાવનાઓથી મનુષ્યની સર્વ વાસનાઓ ફળીભુત થાયછે. સત્સંગની ઉત્કટ ઇચ્છા થતાંજ ગુરૂની કૃપા થવામાં વિલંબ લાગતો નથી તમે બન્ને તમારી ભાવનાઓ શુદ્ધ રાખજો. તમારી ઇચ્છા જરૂર પાર પડશે. રામચંદ્રજી પ્રત્યે શુદ્ધ ભાવના હોવાથી ચૌદ વર્ષે માતા કૌશલ્યાને તેમજ ભાઈ ભરતને તેમની પુનઃ ભેટ થઇ હતી. તેમ તમારી વિશ્વજીત્ પ્રત્યેની શુદ્ધ ભાવના પણ પરમાત્મા પુર્ણ કરશે. પુનઃ તે તમને જરૂર મળશે " હવે હું જાઉંછું.

આટલું બોલી આસન ઉપરથી ઉઠી, યોગિ સચ્ચિદાનંદ પોતાને માર્ગે ચાલતો થયો. શીળવતી તથા રજનિકાન્ત શયનગૃહમાં ગયાં. દીવાન દક્ષરાજ પણ પોતાને મુકામે ગયો.

પ્રકરણ ૮

કાચા કાન.

કથન અધમ ધોબી તણાં સુણિ સાહસથી,
શંકા ધારી રામે સીતા તજી કાચા કાનથી;
પુણ્ય શ્લોકી રાજા નળે, ઉંધુ મને અનુમાની,
દેવિ દમયંતી સતિ, તજી કાચા કાનથી.
દુર્યોધને અવિચારે શકુનીનું સાચું માની;
હાથે કરી હણ્યું નિજ કુળ કાચા કાનથી.
દેખેલું ખોટું પડે તો સુણેલું એ સાચું નથી,
સાહસે ખરાબી પાયમાલી કાચા કાનથી.

નજરે જોયેલું પણ ઘણી વખતે ખોટું પડે છે. તો પછી સાંભળેલાની તો વાતજ શું કરવી ? અવિચારીની આંખ અંધારાં પડળથી ઢંકાયેલી હોય છે. આ પડળ પોતાનેજ અધોગતિના ઉંડા મહાસાગરમાં ડુબાવી દેછે. સારા નાવિકના

સંસર્ગે યાતો કુદરત કૃપાએ ઉપર તરી આવતાં પડળ ખુલ્લાં થયે પોતાની ભુલને માટે હમેશની ગમગીની ઉત્પન્ન કરે છે. આમ બન્યું છે ! બને છે ! !

નાના બાળકો તો અણુસમજે નુકશાનકર્ત્તા ચીજો ખાવાની ઈચ્છા કરે છે, તાપથી શ્રમીત થયેલા પ્રવાસીઓ તો શાન્તિ અર્થે કંટકના વૃક્ષ તળે પણ બેસી જાય છે, પરંતુ કાચા કાનથી સડી ગયેલા હૃદયના ભોળા (મુર્ખ) મનુષ્યો તો વિના કારણ જાણી બુઝી પ્રપંચ જાળમાં ફસાઈ પાયમાલ થાય છે.

શ્રીળવતી સાથે બાલયોગિના થયેલા મેળાપની સર્વ હકીકત સેનાધિપતિ મન્મથરાયના જાણુવામાં આવી. રાણી તથા રજનિકાન્તના કહેવાથી દિવાન દક્ષરાજે યોગિને છુટો કર્યો, આથી સેનાધિપતિ ઘણો દિલગીર બની ગયો, દિવાનજીના આ ઉદ્ધતપણાથી ગુસ્સે થઈ બીજેજ દીવસે તેણે દિવાનને નોકરીથી દુર કર્યો. કારણકે સર્વ રાજ્યકારભાર અત્યારે તેનાજ હાથમાં હતો.

દિવાનને તો પોતાની સત્તાથી તેણે આ પ્રમાણે શિક્ષા કરી, પરંતુ રાણીને તેમજ રજનિકાન્તને શિક્ષા કરવા તે સમર્થ નહોતો. શિળવતી ઉપર કંઇક ખોટું તર્કટ ઉભું કરી રાજાથી વિમુખ કરાવવા તો તે ઘણા દિવસથી ફાંફાં માર્યાજ કરતો હતો. તેમાં એકાએક આ બનાવ બન્યો. તેથી હવે તેમ કરવામાં વિલંબ નહી થાય એમ સમજી સેનાધિપતિ મનમાં ઘણોજ રાજી થયો. અને ખોટો આરોપ મુકી, શીળવતીને રાજાથી વિમુખ કરાવવાની તે તૈયારી કરવા લાગ્યો. રાજા તો અત્યારે પણ વિલાસભવનમાંજ હતો. તેથી ત્યાં જઇ તુરત જ સર્વ વાત રાજાને નિવેદન કરવાનો નિશ્ચય કરી, પદભ્રષ્ટ થયેલા દિવાનને સાથે લઇ, સેનાધિપતિ વિલાસભવનમાં જવા નીકળ્યો! તેણે પોતાના પ્રપંચ નાટકની શરૂઆત કરવા માંડી.

વાંચકો ! આ બાબત અહીંજ પડતી મુકી, હવે બીજી કંઇક તદન નવિન બાબત જાણવા તૈયાર થાઓ.

રાજ્યકુમારી અલકરંભા પરણવા લાયક ઉમરની થઇ હતી મકરંદ નામના દુર્મદસિંહના એક ખંડીઆ રાજાએ તેની સાથે લગ્ન કરવાની ઇચ્છા બતાવી હતી. દુર્મદસિંહ તથા મકરંદની સ્થિતીમાં ઘણો ફરક હતો. મકરંદ જોકે કુળવાન હતો, પરંતુ વૈભવમાં તો દુર્મદસિંહથી ઉતરતો જ હતો. કારણકે ગમે તેવો પણ ખંડીઓ રાજા હતો.

દુર્મદસિંહની યોગ્યતાનો વિચાર કરતાં અલકરંભાને માટે તેની સમૃદ્ધિની બરાબરી કરી શકે તેવો બીજો કોઈ રાજા અત્યારે નહોતો. મકરંદ માત્ર વૈભવમાંજ ઉતરતો હતો. નહીંતો વય, સૌંદર્ય અને પરાક્રમ જોતાં તે ખરેખર તેને લાયકજ હતો. પરંતુ તેની માગણીનો અસ્વિકારજ થયો હતો. સમૃદ્ધિમાં ઉતરતો હતો તે અસ્વિકારનું કારણ નહોતું. પણ તેનું કારણ કંઇક નિરાળુંજ હતું.

દુર્મદસિંહના વિચારો વિચીત્ર હતા. ૧૫ વર્ષની પુખ્ત ઉમર થવા છતાં તે અલકરંભાને હજુ બાળકિજ માનતો હતો. બાળ લગ્નથી વિરૂદ્ધ હતો. તેથી તેનું લગ્ન કરવું એ તેને યોગ્ય લાગતું ન હોતું. આથીજ મકરંદની માગણીનો અસ્વિકાર થયો હતો.

દુર્મદસિંહે કરેલા આ અપમાનથી ગુસ્સે થયેલો મકરંદ વેર લેવાની તૈયારી કરી રહ્યો હતો. વાસ્તવિક રીતે જોતાં તેમ કરવા તે શક્તિમાન નહોતો, પરંતુ કપટી મન્મથરાય પોતાની કંઇક છુપી મતલબ સાધવાના ઇરાદાથી તેને મળી ગયો હતો. આથીજ દુર્મદ-સિંહ સાથે યુદ્ધ કરી, કુમારીનું હરણ કરવા મકરંદ તૈયાર થતો હતો.

મકરંદની આ છુપી તૈયારીની વાત દુર્મદસિંહ સારી રીતે જાણતો હતો. પરંતુ મન્મથરાયના કપટથી તે બિલકુલ અજાણ હતો. તેથી મકરંદ જેવું એક મગત્રું મને શું કરનાર છે એમ પોતાના મનમાં અભિમાન રાખી તે કંઇપણ તૈયારી કરવામાં ગુંથાયો નહોતો.

શીળવતી તથા રજનિકાન્તે યોગિરાજ પાસેથી જ્ઞાનોપદેશ ગ્રહણ કર્યો તેને બીજે દીવસે સાયંકાળે રાજા વિલાસભવનમાં એક કારભારી સાથે મકરંદ સબંધીજ વાતચીત ચલાવી રહ્યો હતો.

મારા હાથમાં શસ્ત્ર જોઈ શત્રુઓ કેવા કંપે છે. રણાંગણમાં હજારો રાજાઓને પાયમાલ કરી મેં વિજય ધ્વજા કેવી ફરકાવી દીધી છે? યુદ્ધમાં ચઢતી વખતે મારી ચતુરંગ સૈન્યા મારી પાછળ કેવી તૈયાર રહે છે? આવા મારા પરાક્રમનો વિચાર કર્યા શિવાય, પેલો મકરંદ! મારો ખંડીઓ રાજા! તે મારી સાથે યુદ્ધ કરવા તૈયારી કરી રહ્યો છે. પરંતુ મકરંદ? યાદ રાખજે કે મારી સામે વિજયની આશા વ્યર્થ છે. એક ખંડીઆ રાજા તરીકે રહેવાની ઇચ્છા નથી

તેથી મારી સાથે યુદ્ધ કરવા તૈયાર થઇ રહ્યો છે પરંતુ "દીપકના તેજમાં પતંગીઆનો શો હિસાબ! સાંહની આગળ શિયાળવું શી ગણુતીમાં?!" મારી યુદ્ધ કળાની તને હજુ માહિતી નથી. ચળકની શમશેરોના સપાટા હજુ જોયા નથી. જોઉંછું બચ્ચા તું શું કરે છે તે? આ પ્રમાણે કારભારી પાસે રાજા પોતાની બડાઇઓ હાંકી રહ્યો હતો. એટલામાં સેનાધિપતિ મન્મથરાય અંદર દાખલ થયો. સાથે લાવેલા દિવાનને પ્રથમથીજ સીપાઇઓને હવાલે કરી, પોતે એકલોજ રાજા પાસે આવી ઉભો રહ્યો. કારભારીએ તેને માટે આસન મુક્યું. સેનાધિપતિ આસન ઉપર બેઠો એટલે કારભારી બોલ્યો—સેનાધિપતિજી? મહારાજા અત્યારે મકરંદ સંબંધી વાતચીત ચલાવી રહ્યા હતા તેવામાંજ તમે આવી પહોંચ્યા.

સેનાધિપતિઃ-મકરંદ જેવા એક પામરની મને બિલકુલ દરકાર નથી. મકરંદનું તે બિચારાનું શું ગજું? બંદા આગળ તેની શી વિસાત! મહારાજાનો હુકમ હોય તો અત્યારેજ તેને પકડી મુસ્કેટાટ બાંધી અહીં લાવી હાજર કરૂં અને માફી મંગાવું.

દુર્મદસિંહઃ—બરાબર છે. મારા સેનાધિપતિ! તારૂં પરાક્રમ અનહદ છે. વારૂ મન્મથરાય? અત્યારે એકાએક આવવાનું કારણ શું? "કારણ જાણવામાં સાર નથી. સેવકને મોઢેથી કહી શકાય તેમ નથી. જો તે જાણવાની ઇચ્છા હોય, તો અત્યારેજ રાજ્યધાનીમાં પધારો. સર્વ વૃતાંત આપો આપજ સમજાઇ જશે"

" સેનાધિપતિ એવું તે શું બન્યું છે? જે હોય તે સત્વર કહે? કોઇએ તારૂં અપમાન તો કર્યું નથી ને?"

"મહારાજાની આબરૂ જાળવતાં કદાચ્ અપમાન થાય તો મને ત્હેની દરકાર નથી."

"મારી આબરૂ જાળવતાં! તારૂં અપમાન! આ શું બોલે છે? તારૂં અપમાન કોણે કર્યું? શા માટે કર્યું? જે હોય તે સ્પષ્ટ રીતે કહી દે.

આપની ઇચ્છા છે તો કહુંછું. મહારાજાની સ્વારી હમેશાં અત્રેજ રહે છે. આ સમયનો લાભ લઇ રાણીજી તેમજ બાળરાજા રજનિકાન્ત પોતાની મરજી માફક વર્તન કર્યે જાય છે. જે વાતમાં આપને અરૂચિ તેમાં તેઓ તનમનથી મચ્યાં રહે છે. કુમારના કહેવાથી, રાણીજીએ પેલા સાધુડાને કેદમાંથી મુકત કરવા દિવાનજીને આજ્ઞા કરી, દિવાને મારી કે તમારી આજ્ઞા શિવાય પોતાની આપખુદ સત્તાથીજ તેને મુક્ત કર્યો. કહો આમાં મારૂં ને તમારૂં બન્નેનું અપમાન કર્યું કે નહીં! આ ઉપરાંત વળી રાણીજીએ તે સાધુડાને કુમાર વિશ્વજીતની બાતમી મેળવવા માટે મધ્ય રાત્રિના સમયે દિવાનજી મારફતે એકાંતમાં બોલાવ્યો. ત્યાર પછીની વાત આ મુખેથી કહેવી ઉચીત નથી. સવારમાં આ બાબતની મને ખબર મળતાંજ મેં દિવાનને તેના આ ગુન્હાના બદલામાં પદભ્રષ્ટ કર્યો, અને અત્યારે અત્રે લાવી સીપાઇઓના હાથમાં બંધીવાન તરીકે સોંપી દીધો છે. પરંતુ તે સાધુડાનો કંઇ પત્તો લાગ્યો નહીં. વિશેષમાં રાણીજી તથા કુમાર રજનિકાન્તના સંબંધમાં આપની આજ્ઞા શિવાય મારાથી કંઇ પણ પગલાં ભરી શકાય નહીં તેથી, તે બાબતમાં આપની સંમતિ લેવા માટેજ હું અત્યારે આવ્યો છું. સેનાધિપતિએ પોતાનું કાર્ય ફળીભુત કરવા તદન બનાવટી વાતથી કાચા કાનવાળા રાજાના મગજમાં ખોટી ધુન ભરાવી દીધી.

આ વાત સાંભળી રાજા દુઃખ અને ગુસ્સાથી થરથર કંપવા લાગ્યો અને હોષ્ઠ સાથે દંત પીસી મન્મથરાય પ્રત્યે બોલ્યોઃ—સેનાધિપતિ ? આ શું બોલે છે ? મારા હુકમનું અપમાન કરી, મને એક સામાન્ય માણસ જેવો સમજી, રાણીએ, કુમારે, તેમજ દિવાને તે જોગટાને મુક્ત કર્યો કેમ ? વળી રાણીએ તેને એકાંતમાં પોતાની પાસે બોલાવ્યો ? ગમે તેવી પણ આખરે તો સ્ત્રી જ ! મને તૃણવત્ લેખી તે હરામી જોગટા સાથે જાર કર્મમાં પ્રવૃત થઇ ! ખરેખર.

"નારી એ પ્યારી નથી પણ પાળી છે;"
"અમૃતની કટોરી નથી, પણ ઝેરની ઝારી છે."

મહારાજ ! વળી તમારા જાલીમ ક્રોધથી રાણીજીનું સંરક્ષણ કરવા તે જોગટાએ વચન સુદ્ધાં આપ્યું છે. સેનાધિપતિએ રાજાના ક્રોધાગ્નિમાં પાછું ધૃત હોમ્યું.

દુર્મદસિંહ—સેનાધિપતિ ? આ વાત સાંભળી મારૂં હૃદય ચીરાઈ જાય છે. જેના ત્રાસથી શત્રુઓ થરથરી રહ્યા છે, જેણે સ્વપરાક્રમથી સાર્વભૌમપદ ધારણ કર્યું છે,એવા આ દુર્મદસિંહના તેજસ્વી રંગમહેલમાંજ અંધારૂં !! ઓફ !! જારીણિ ! તેં હજુ આ દુર્મદસિંહનો સપાટો જોયો નથી ધારૂં તો આકાશના તારા નીચે પાડું. ધારૂં તો પૃથ્વીને પગ નીચે ચાંપું !! આ દુર્મદસિંહને છેતરીને, તેની સ્ત્રી સાથે વ્યભિચાર કર્મ કરીને, તેનું રક્ષણ કરવાનું વચન આપનાર એ ભાખારડા જોગટા તું તો શું ? પરંતુ સાક્ષાત્ ભગવાન્ પણ અત્યારે મારા ક્રોધથી તેનું રક્ષણ કરવા સમર્થ નથી. સમજ્યો ? સેનાધિપતિ ? હાલને હાલ રાજ્યધાનીમાં જવાની તૈયારી કર, ત્યાં પહોંચતાંજ તે જારીણિનું આયુષ્ય પુર્ણ થયું એમ નક્કી સમજજે.

નહીં, નહીં, મહારાજ ! એકદમ આટલા ઘાતકી ન થશો. તેને દેહાંતદંડની શિક્ષા કરવી યોગ્ય નથી. "મુઆ પછી મનુષ્યને સુખ દુઃખ જોવાનું રહેતું નથી," માટે તેને તો જીવતી રાખીનેજ નર્ક-યાતના સમાન દુઃખ દેવું. જેથી જાર કર્મ કરનારની કેવી દશા થાય છે તે નજરે જોવાથી તેનાં ચક્ષુ ઉઘડે. સેનાધિપતિએ પોતાની ઇચ્છા પાર પાડવા રાજાના ક્રોધથી રાણીનો બચાવ કરવા આડું અવળું સમજાવવા માંડયું.

દુર્મદસિંહઃ—ત્યારે તેને જીંદગી પર્યંત કેદમાં સડવા દેવી, અને ત્યાં અનેક પ્રકારે દુઃખ દેવું એ શિક્ષા તને યોગ્ય લાગે છે ?

મન્મથરાયઃ—હા. મહારાજ, એ શિક્ષા યોગ્ય છે. આ બાબતનો સર્વ બંદોબસ્ત હું મારે હાથેજ કરી લઇશ પરંતુ પેલા સાધુડાનો મને ભય રહે છે. કદાચ આ વાત જાણવાથી ભવિષ્યમાં તે કંઇ ઉથલપાથલ કરે તો ? કારણ કે તેવા જોગટા ઘણાખરા જાદુમંત્ર જાણવાવાળા હોય છે.

દુર્મદસિંહઃ—અરે એતે સાના સંન્યાસી ! એતો બ્રાહ્મણભાઇ ! તેમનો ધંધો માત્ર લાડુ જમવાનો ! મોઢેથી દેવ દેવ કરી પેટની પુંજા કરવાનો ? એતો દુનિયાના ભૂદેવો ! કોઇને સમજાવી હવન કરાવે, કોઇને ફોસલાવી વ્રત કરાવે, કોઇને પટાવી શ્રાદ્ધ કરાવે, ગૃહશાન્તિ કરાવે, સહસ્ત્ર બ્રહ્મભોજન કરાવે, એવા આધુનિક સમયના ઠગ ભૂદેવો પાસે તે વળી જાદુમંત્ર શાના ! બિચારાની ઉથલપાથલ કરવાની શક્તિ શાની ! સર્વ વર્ણથી શ્રેષ્ઠ બની કપાળમાં રાખોડીનું ત્રીપુંડ કરે, ગળામાં રૂદ્રાક્ષની માળા પહેરે, અને એવો ઢોંગ જમાવી જ્યાં ત્યાં ભિક્ષાર્થે ભમ્યા કરે, એવા ભામટા સાધુડાઓથી ડરવાનું કંઇ

કારણ નથી. તેમ છતાં પણ આ સાધુડો તો વળી ચોખ્ખો ગુન્હેગારજ છે.

"ગુન્હેગાર તે કેવો ! રાત્રિને સમયે રાજાના એકાંત ભવનમાં જતાં પણ જેને ડર કે ભય ન લાગ્યો. અરે રામ રામ કેવો જમાનો થઇ ગયો છે. સેનાધિપતિએ વળી મીઠું મરચુ ભભંરાવ્યું.

દુર્મદસિંહઃ—સેનાધિપતિ વગર વિચાર્યે જો કે તેણે આવું અધમ કૃત્ય કર્યું, પરંતુ ત્યારબાદ મારા ડરથી તેણે જરૂર દેહ ત્યાગ કર્યો હશે. અને જો કદાચ્ જીવતો હશે, તો તો આકાશ, પાતાળ, ગુફા, જંગલ, પહાડ, કે દશે દિશામાં જ્યાંહશે ત્યાંથી તેની શોધ કરાવીશ. પત્તો મળતાંજ તેના રાઇ રાઇ જેટલા ટુકડા કરી નાંખીશ.

મન્મથરાયઃ—મહારાજ આપનું કહેવું સત્ય છે. આધુનિક સમયના ભૂદેવો ધર્મ કર્મ ભૂલી જઇ, ગોળ મટોળ ને માટે જ્યાં ત્યાં અથડાતાજ નજરે પડે છે.

દુર્મદસિંહઃ—સઘળા ભામટા ! અહંકારી ! અલ્પ બુદ્ધિવાળા ! સવા સવા હાથનાં લાંબાં ટીપણાં રાખવમાં, સર્વ વર્ણોમાં અગે શ્રેષ્ઠ છીએ, એમ અન્ય વર્ણો પાસે કહેવરાવવામાં, વેદાદિ ગ્રંથોની કુંચીઓ પોતાના હાથમાં રાખી અજ્ઞાન લોકોને ઉંધું ચતું સમજાવવામાં, ક્ષત્રીઓને માંહોમાંહી લડાવવામાં, વૈશ્યોને વેપારનોજ અધિકાર બતાવવામાં, અને શુદ્રો પાસે સેવા કરાવવામાંજ આજકાલના ભૂદેવો પોતાનો ધર્મ માની બેઠા છે. હાથમાં પોથી લઇ ફરવું, અને જો પોતાના સુખમાં કમી પડે તો લોકોને અધર્મ અધર્મ કહી ડરાવવા, અને

તેમની પાસે પ્રાયશ્ચીત કરાવરાવવાં એજ તેમનો ધંધો. ગમે તેવા વિકટ પાપને ધોવાનો રસ્તો જોઇએ તો માત્ર બ્રહ્મભોજન જ્યાં બ્રાહ્મણનું પેટ ભરાયું એટલે બસ પાપ બળીને ભસ્મ ?! ઘણા ક્ષત્રીઓ તેવાઓની વાક ચાતુર્યતામાં મુગા મુગા ફસાયા, પરંતુ આ ચાલાક દુર્મદસિંહને ફસાવવો એ મુસ્કેલ છે! સેનાધિપતિ! આવા લુચ્ચા બ્રાહ્મણોનું નામ સાંભળીને પણ મને ગુસ્સો ઉપજે છે. સર્વ બ્રાહ્મણની વર્ણ ઉપરજ મને સ્વભાવિક રીતે તિરસ્કાર છુટે છે!!


મન્મથરાય જેવા એક કાર્યસાધક બદમાશ સેનાધિપતિના બોલવા ઉપર ભરૂસો રાખી સાધ્વી **શી**ળવતીને કેદખાનામાં નાંખી તેના ઉપર અનેક પ્રકારનો જુલ્મ ગુજારવા રાજાએ મનમાં નિશ્ચય કર્યો.

શીળવતીને કેદખાનામાં નાંખ્યાથી કેદખાનાનો કબજો મારા હાથમાં આવશે એટલે મારી ધારેલી ઇચ્છા પાર પડવામાં કંઇ વિઘ્ન નડશે નહીં. આવા વિચારથી સેનાધિપતિનો ચહેરો આનંદમય દેખાવા લાગ્યો. પરંતુ તેટલામાં તેને પાછી યોગિની વાત યાદ આવી. યોગિરાજ કોણ હશે? જીવતો હશે કે મરી ગયો હશે? જો જીવતો હશે તો મારા કાર્યમાં તે જરૂર વિઘ્ન કર્ત્તા થઇ પડશે. આમ સમજી તેણે પ્રથમ તે સાધુડાને શોધી કાઢી તેને ઠાર કરવાનો નિશ્ચય કર્યો. વળી તેને પાછો બીજો વિચાર આવ્યો યોગિને તો ઠાર કરીશ, પરંતુ રજનિકાન્ત રહ્યો તેનું કેમ? તે પણ વિઘ્નરૂપ તો થઇ પડશેજ. થોડીવાર વિચાર કર્યા બાદ તેને પણ ઠાર કરવાના નિશ્ચય ઉપર આવ્યો.

મકરંદને મદદ કરી અલકરંભાનું હરણ કરાવવું, દુર્મદસિંહ ઉપર ચઢાઇ કરી, તેને હરાવી રાજ્યના માલીક બનવું, ત્યારબાદ શી-

ળવતી સાથે રતિભોગ કરવાની ઇચ્છાને તૃપ્ત કરવી, આ પ્રમાણે પોતાના મન સાથે સેનાધિપતિએ સર્વ ગોઠવણ કરી. અને પોતાનું કામ જેમ બને તેમ જલ્દી પાર પાડવાની ઇચ્છાથી રાજાને સાથે લઈ તે એકદમ રાજ્યધાની તરફ રવાના થયો.

" વાહરે વાહ ! મન્મથરાય ધન્ય છે તારા હવાઇ વિચારોને ! પ્રપંચ નાટકના સુત્રધાર ! ધન્ય છે તારી યુક્તિને ! !



પ્રકરણ ૯ મું.

વહેમનું વાવાઝોડું.

"વાળુ પીલી કદી સ્નેહને, શોધી શકાયે યુક્તિથી,"
"ખગ્ પુષ્પને ચુંટી શકે, નર કો કદિ સામર્થ્યથી;"
"મૃગ જળ તણી આશે રહી, તૃપ્તિ થતી કદી તરસથી,"
"માથાં કુટી મરશો મથી, પણ વહેમનું ઔષધ નથી."

"મહા રોગીને રોગથી કો બચાવે."
"મહા યોગિનો ત્યાગ યોગે ત્યજાવે."
"દઈ ડામ ગાંડાની પીડા પતાવે,"
"છતાં વહેમની ના દવા કો બતાવે."

" વહેમ એ વિષનું વૃક્ષ છે. તેને સ્વાદ નથી, સુગંધ નથી, પુષ્પ નથી કે પરાગ નથી. સાચો પ્રેમ પણ વહેમ

વિસરાવે છે, પ્રેમીનાં નેત્રોને વહેમ વિકારવંત બનાવે છે. વહેમ વિણાના નાદથી સાહસ પારધીના બાણમાં નાદાન મૃગલાં સપડાઇ જાય છે."

દુર્મદસિંહની ચીત્તવૃત્તિ અત્યારે વ્યગ્ર થયેલી જણાતી હતી. ક્રોધ, ઉદાસી, અને નિરાશાની છાયા તેના મુખ ઉપર છવાઇ રહી હતી. મુખ કમળ મ્લાન બની ગયું હતું.

મહારાજાની સ્વારી પધારે છે. આ સમાચાર મળતાંજ રાણીની મુખમુદ્રા આનંદમય જણાવા લાગી. પરંતુ તે આનંદ માત્ર ક્ષણવારનો જ હતો. રાજાનાં દર્શન થતાંજ, તેના ઉપર દુખનો પ્રસંગ ગુજરનાર હતો, તે બાબત બિચારી શીળવતી ક્યાંથી જાણે ? તે તો ઘણે સમયે સ્વામિનાં દર્શનનો લાભ મળશે એમ ધારી બ્રહ્માનંદમાં ગરકાવ બની ગઇ.

દુર્મદસિંહે રાજ્યધાનીમાં આવતાંજ લાગલો અંતઃપુરમાં પ્રવેશ કર્યો, અને એકદમ બિચારી શીળવતીનો ચોટલો ઝાલી તે ગુસ્સામાંજ બોલ્યો—ઓહ ! જારિણી ! મારી હયાતીમાં મારો પણ ડર ન રાખતાં એક તુચ્છ સાધુડા સાથે વાર્તાવિનોદ ! દુર્મદસીંહ જેવા એક ચક્રવર્તી રાજાની પટરાણી શું વ્યભિચારીણી ? મહા પ્રચંડ અને પરાક્રમી યોદ્ધાઓ પણ જેનાથી થરથરે છે એવા પૃથ્વિપતિના હુકમનું અપમાન કરી નિચ વૃત્તિથી, જોગટાને કેદમાંથી મુક્ત કરતાં જરા

પણ વિચાર ન આવ્યો ? કુલટા ? દેવતાઓ પણ જેનાથી ત્રાહ ત્રાહ પુકારે છે એવા પરાક્રમી દુર્મદસિંહની રાણી થઇ જાર કર્મમાં પ્રવૃત્ત થતાં કંઈપણ શરમ ન આવી ? આ પ્રમાણે વચનરૂપી બાણુનો એક સામટો વરસાદ વરસાવતો, દુર્મદસિંહ, સાધ્વી શીળવતીને ક્ષતા પ્રહાર કરવા લાગ્યો. રાજાના આ માર્મિક શબ્દો ન સમજાયાથી શીળવતી બોલી—પ્રભુ ! દાસી ઉપર એકાએક ગુસ્સે ન થાવ, તમારાં વચનરૂપી બાણ મારૂં કાળજુ વિંધી નાંખે છે. અરેરે ! આપ આ શું બોલો છો ? નાથ ! હું શુદ્ધ છું ? પવિત્ર છું ! આપ શિવાય દુનિયાના સર્વ મનુષ્યોને મારા પિતા તુલ્ય સમજું છું ! મારા પતિવ્રતપણાની શાક્ષી શાક્ષાત્ પરમાત્મા પણ આપી શકશે. ! કોઇ દુષ્ટે તમને ખોટું ભરાવી વહેમમાં નાંખ્યા છે, તેથીજ તમે મારા ઉપર આ તદન ખોટોજ આરોપ મુકવા તૈયાર થયા છો ? એવા સ્વાર્થી, કપટી અને હલકા મનુષ્યો ઉપર ભરોસો રાખવો એ આપ જેવા જ્ઞાની અને સમજુ ભુપતિનું ભૂપણ નથી ? આટલું આટલું કહેવા છતાં ન માનો તો પછી લાચાર ! મારો અબળાનો બીજો શું અધિકાર ! !

શીળવતીના છેલ્લા શબ્દો સેનાધિપતિના સંબંધમાંજ હશે એમ સમજી રાજા બોલ્યો:—પાપિણી ! ચુપ રહે ! તારી ગુપ્ત વાત મારી પાસે જાહેર કરનાર ચુગલીખોર કેમ ? તું ગુન્હેગાર હરી એટલે બીજાને પણ તારી સાથે ગુન્હેગાર બનાવવા માગે છે કે શું ? અત્યારનો તારો દેખાવજ આ બાબતના પુરાવા માટે પુરતો છે. વિશેષ સાબિતીની જરૂર નથી. તારૂં દુષ્કર્મ ખુલ્લું થવાથી અત્યારેજ તારી મુખમુદ્રા વ્યગ્ર જણાય છે. તારો ચહેરો ફીક્કો

અને ઓશીયાળા જેવો જણાય છે. અને તેથીજ તું જારિણી છે એ વાત સિદ્ધ થાય છે.

રાજાએ તેની દીનતા અને વિનયયુક્ત વાણીનો ઉધો અર્થ કરી પોતાના વિચારનેજ સત્ય કલ્પી શીળવતીને જારિણી ઠરાવી. આથી નિરાશ થઇ તે બોલીઃ—નાથ ! મારો ચ્હેરો ફીક્કો પડી જવાનું કારણ માત્ર મારા ઉપર મુકાયેલો ખોટો આરોપજ છે. હું આપની અર્ધાંગના છું. સત્યાસત્યનો વિચાર કર્યા શિવાય, એકદમ મારા તરફ અવિશ્વાસની નજરથી ન જુઓ. આપણા બેની વચ્ચે કલેશ કરાવી, પોતાનો કંઇક દુષ્ટ હેતું પાર પાડવાના વિચારથી કોઇ હિત શત્રુએ તમને જરૂર આ બાબત ખોટી ઠસાવી દીધી છે.

પોતાનો અપરાધ છુપાવવા ખાતર શીળવતીએ પંડિતાઇની જાળ પાથરવી શરૂ કરી છે એમ સમજી દુર્મદસીંહ બોલ્યોઃ—ચંડાળણી ! આવા પંડિતાઇના શબ્દો બોલી, તું મને તારી સ્ત્રી ચાતુર્યતામાં ફસાવવા માગે છે ? શંખણી હોવા છતાં પદ્મણીનો ખોટો ડોળ બતાવે છે કે ? અશ્રુ પ્રવાહથી વસ્ત્રને ભીંજાવી, પાષાણ હૃદયના પુરૂષોને સ્ત્રીઓ પીગળાવી નાંખે છે. શરમીંદા બનાવી દે છે. પરંતુ આ દુર્મદસિંહ તારાં વચનોથી છેતરાય તેમ નથી. દુર્મદસિંહનું હૃદય પાષાણનું છે ! લોહનું છે ! વજ્રનું છે ! ! તે તારાં અશ્રુથી કે, તારી આજીજીથી કદી પણ કોમળ બનાર નથી. આમ બોલી રાજા રક્ત નેત્રે તેના સામું જોઇ રહ્યો. વહેમમાં ભરાયેલ રાજા અત્યારે કોઇ પણ રીતે સમજનાર નથી. એમ સમજી શીળવતી દીન સ્વરે બોલીઃ—પ્રાણ ! ભલે તેમ હોય ! પરંતુ હું તો નિર્દોષજ છું. તેમ છતાં જો મારી ભુલ સમજાતી હોય તો મને ક્ષમા આપશો

આપનાથી મને વધારે પ્રિય શું છે! મેં અયોગ્ય આચરણ કદી પણ કર્યું નથી, તેની તમને ભવિષ્યમાં અવશ્ય ખાત્રી થશે. તેમ છતાં જો મને મારવાનીજ આપની ઇચ્છા હોય તો આમ શબ્દ પ્રહારથી જાહેર રીતે ન મારતાં, એકદમજ મારો.! મને કલંકિણી બનાવી, આપ દુનિયાને હસાવો છો. હસાવાનું કારણ આપો છો. શંકાઓ મનમાં રાખી ભલે મને શિક્ષા કરો. પણ જાહેરમાં ન બોલતા. આપને મન હું તુચ્છ છું; પરંતુ આપ તો મારા પ્રાણાધાર છો. "સરિતાનો આધાર સમુદ્ર છે. વેલીનો આધાર વૃક્ષ છે, તેમ સ્ત્રીનો આધાર પતિ છે." મને નિરપરાધીને આવું નર્કયાતના જેવું દુઃખ આપવા શા માટે તૈયાર થયા છો. પ્રભુ! મને આપની પાંખમાં લ્યો નાહક ના સતાવો, ના તરછોડો. પ્રીયે! જો તમેજ મારો ત્યાગ કરશો તો પછી મારૂં બેલી કોણ? "પોતાના શીર ઉપર ભાર સમજી શેષનાગજ જ્યારે ધરણીને ફેંકી દેવા તૈયાર થાય ત્યારે તેની શી ગતિ!!" વિચાર કરો, એકદમ સાહસ કરી મને નિરપરાધીને ન નડો!

શીળવતીની આ કરૂણાજનક વાણિ રાજાને કંઇપણ અસર કરી શકી નહીં ઉલટો આથી પણ અધિક તિરસ્કાર યુક્ત શબ્દોથી રાજા બોલ્યોઃ—વાહરે વાહ! એક દિવસના સમાગમમાંજ તે લપંગા જોગટાએ તો તને ખરેખર જ્ઞાની બનાવી દીધી કે શું? તારા આ નીચ કૃત્યનો મારા અંતઃકરણમાં થયેલો દાહ તને તેમજ તે જોગટાને, ઠાર કર્યા શિવાય શાન્ત થવાનો નથી. ઓ નિચ ભિખારડા! આજ તારો ધર્મ! વિષય લંપટ! આજ તારૂં ભૂદેવપણું! આજ તારી શ્રેષ્ટતા! **"વાહરે! આધુનિક સમયના પેટ કુટીયા બ્રાહ્મણો વાહ!!"**

પોતાની ખાતર એક નિર્દોષ, પરમહિતૈષી મહાત્માના સંબંધમાં બોલાયલા આવા અઘટિત શબ્દો. રાણીથી સહન ન થયા. જેથી મહાત્માની મહત્તા સુચવનારા શબ્દોમાં શીળવતી બોલીઃ—નાથ ! વગર જાણ્યે તે પવિત્ર તપસ્વી, મહાત્મા ઉપર ખોટું આળ ન ચઢાવો ! તેવા એક સંતને ન કહેવા જેવાં વચનો કહી નાહક દોષભાગી ન થાઓ. અમોને દોષિત્ માનતાં આપ ખરેખર ભૂલ કરો છો. તે છતાં ભલે મને દોષિત્ માનજો પણ યોગિરાજને નાહક દોષ ન દેશો !

શીળવતીને આ પ્રમાણે યોગિરાજનો પક્ષ કરતી જોઇ રાજા તેથી પણ અધિક ગુસ્સે થયો. તેને તે સાધુડાના માન અપમાનની લાગણી વિશેષ થાય છે એવું તેના બોલવા ઉપરથી સમજાયું જેથી રાજાને માથાથી પગ સુધી જવાળ લાગી. તેના ડોળા ક્રોધથી બહાર નીકળી પડશે એમ દેખાવા લાગ્યું. ક્રોધથી લાલચોળ થઇ ગયેલા રાજાથી હવે સહન ન કરી શકાયું. તેણે રાણીને જારિણી પાપિણી કહી સારી પેઠે માર માર્યો. બિચારી, નિરપરાધી, સાલસ, સાધ્વિ શીળવતી આ માર સહન ન થઇ શકવાથી એકદમ પછાડ ખાઇ પૃથ્વિ ઉપર પડી. એટલામાં સેનાધિપતિ મન્મથરાય તથા કુમાર રજનિકાન્ત અંદર આવી પહોંચ્યા.

પોતાની પવિત્ર માતુશ્રીની આ સ્થિતિ જોઈ રાજ્યકુમાર બોલ્યો—પિતાજી ? આ શું કરો છો ? જે ચર્ણને પ્રજાજનો પુજ્ય સમજી વંદન કરે છે, તેજ ચર્ણથી અત્યારે મારી માતા, રાજ્યરાણી, તમારી ધર્મપત્નિ, અને વળી એક અબળા તેના ઉપર લતા પ્રહાર ! આજ તમારો પુરૂષાર્થ કે ? ખરેખર " વિનાશ કાળે વિપરીત બુદ્ધિ " એ કહેવતાનુસાર તમારો પણ વિનાશ કાળ પાસે આવ્યો હોય એમ

જણાય છે આપને બોધ દેવા હું લાયક નથી. એવો સમય આવે તો તે મહાપ્રલયનોજ સમજજો. વગર સમજ્યે સાહસ ન ખેડો." લક્ષ્મી કે વૈભવનો મદ, કુળ ઘાતક છે."

પીતા ! જેણે નવગૃહ, અને દેવતાઓને પોતાના દાસ બનાવ્યા હતા. અષ્ટ મહા સિદ્ધી જેની સામે હાથ જોડી નિરંતર ઉભી રહેતી હતી, એવો ચૌદ ચોકડીનો રાજા રાવણ પણ વગર વિચાર્યે સાહસ કરતાં પળમાં રોળાઇ ગયો ! તો પછી બીજાનું શું ગજું ?

દુર્મદસિંહે છોકરાનાં આવાં વચનો ન સંભળાવાથી તેને ચુપ રહેવા કહ્યું. પરંતુ રજનિકાન્ત શાન્ત ન થયો.

ચુપ શા માટે રહું. " સત્ય વાત ખુલ્લી કહી દેવીજ જોઇએ" "**न सत्यात् परमो धर्म**" સત્યને ડરશું પિતા છો તેથી શું ? અખિલ બ્રહ્માંડનાપિતા બ્રહ્મા હોય તોપણ સત્ય માર્ગ બતાવવામાં કંઇ વાંધો નથી. " ગમે તેવું તપ કર્યું હોય, ગમે તેવું જ્ઞાન સંપાદન કર્યું હોય, ગમે તેવાં શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હોય, ગમે તેવો ધર્મ સાચવ્યો હોય, પરંતુ સત્ય શિવાય સર્વ નકામું છે" "સત્ય એજ વેદ, સત્ય એજ શાસ્ત્ર. સત્ય એજ યોગ, સત્ય એજ મોક્ષ, અને સત્ય એજ પરમાત્મા ! ! "

કુમારનું આ ઉપદેશ પૂર્ણ ભાષણ સાંભળી, રાજા શરમાઇ ગયો અને તેની તરફ દ્વેષની નજરથી જોઈ તે બોલ્યોઃ—ચંડાળ ! બસકર ! એતો બધું જાંણ્યું મોટો જ્ઞાની થઇ પડયો છે તે ? આજ કાલનો છોકરો ! તે તું મને ધર્મ નિતી શીખવવા આવ્યો છે કેમ ? તારી વય કેવડી, તારૂં જ્ઞાન કેટલું ? તારો અનુભવ કેટલો ? ત્હેં હજુ જગતમાં શું જોયું છે ? વગર સમજ્યે હું કે જે તારે પુજવા લાયક

છું, તેની સ્હામે નજરમાં આવે તેમ તડનડ બકયે શું જાય છે ? તું જેને સાધ્વિ કહે છે, તે તારી માતા ચોખ્ખી જારિણી છે. અને તું તેનોજ બાળક છે.


પિતાના આ શબ્દોથી ગુસ્સે થયેલો રજનિકાન્ત બોલ્યો'—બસકરો ! પિતાજી ! તમારી બુદ્ધિ ફરી ગઇ છે ! આવા અઘટિત શબ્દો બોલતાં તમારી જીભ તુટી કેમ પડતી નથી. મારી પવિત્ર માતુશ્રીને જારિણી કહો છો, મને પણ લુચ્ચોજ ગણો છો, અને મારા ગુરૂ ને—. કુમાર આગળ બોલાવા જતો હતો તેટલામાં રાજા વચ્ચે બોલી ઉઠયોઃ—ચુપ રહે ! નાદાન છોકરા ! તારી જીભ બંધ-કર ! તે ભામટા ગોસાંઇસાધુડાનું નામ મારી આગળ બીલકુલ ઉચ્ચારીશ નહીં. આ સર્વ કાવત્રાનો સરદાર તે હરામખોરજ છે. આટલું બોલી રાજા મન્મથરાય પ્રત્યે બોલ્યોઃ—સેનાધિપતિ ? ગમે ત્યાંથી તે જોગ-ટાને પકડી લાવી મારી પાસે હાજર કરો, હું તેના ટુકડે ટુકડા કરી નાખીશ, ત્યારેજ મને શાન્તિ વળશે.

રજનિકાન્તઃ—પિતાજી છેક નિર્દય ન થાઓ, એવા એક સંત પુરૂષને મારી નાંખવાનો પ્રયત્ન આદરતાં ભવિષ્યમાં જરૂર પસ્તાશો. તમને તમારી અવદશાએજ ઘેર્યા છે એ નક્કી સમજજો " ઓ કર્ત્ત-વ્ય ભ્રષ્ટ થયેલા પિતા ! ઓ સ્ત્રી ઘાતક નરેશ ! ઓ સંતજનની અવગુણના કરનાર ભૂપતિ ! ઓ અનિતીમાં પ્રવૃત થતા ભોળીઆ રાજા ! આ અઘટિત કૃત્યથી તમારો અને તમારા રાજ્યનો થોડાજ સમયમાં લય થશે. "

રાજ્ય પુત્રના આ અપમાનથી ભરેલા ભાષણથી ગુસ્સે થઇ

રાજા પુત્રને મારવા માટે ધસ્યો, પરંતુ લાગ સાધી તે આઘો ખશી ગયો.

અંતે આ બંન્નેને બંદીખાનામાં નાંખવાની સેનાધિપતિ મન્મથરાયને આજ્ઞા કરી, રાજા ચાલતો થયો. મન્મથરાયે રાણી શીળવતીને, તેમજ રાજ્યપુત્ર રજનિકાન્તને સીપાઈઓની સાથે કારાગૃહમાં મોકલી દીધાં. અને પોતે પણ પોતાના મકાન તરફ રવાના થયો.





પ્રકરણ ૧૦ મું.

દાસત્વ.

" બુદ્ધિને બગાડનાર, રંકને રીબાવનાર; "
" ટેકને તજાવનાર નીચ નોકરી."
" નોકરી બનાવે બ્હા'દુરોને છોકરી."
" નેકીને નસાડનાર, ભાનને ભુલાવનાર;"
" ના, કરી રૂપાળી જાણો નીચ નોકરી."
" નોકરી બનાવે બ્હા'દુરોને છોકરી."
" દેશ દાટ વાળનાર, નર્કમાંહી પાડનાર,"
"પ્રેમી શીર પાળી મારનાર નોકરી."
" નોકરી બનાવે બ્હા'દુરોને છોકરી."
" મોતવિના મારનાર, શત્રુને વધારનાર;"
" આકરી અકારી ઓકરીએ નોકરી."
" નોકરી બનાવે બ્હા'દુરોને છોકરી."

" અરે પ્રભુ આવડી ઉપાધી, અવનીપર કાં આપી "
" પત ખોવાને પીઠ ન છોડે, પેટ અરેરે પાપી; "
" શકાય તોળી અસંખ્ય કણના ઢગલા હોય તથાપિ "
" પાપી પેટ તણા ખાડાનું, માપ શકાય ન માપી. "

" દાસત્વ પણું એ જીવતે જીવત દોઝખ છે,. દખમુ છે, મસાણુ છે. "

" નોકરી કરનાર મનુષ્ય પોતાની અક્કલ, હોશીઆરી, બાહોશી ઉત્સાહ, કાર્ય દક્ષતા, અને કર્ત્તવ્યતાનો પરિચય, જગત્‌ને આપી, પોતાની મર્યાદિત્ શકિત બતાવી આપે છે. નોકરી મહત્વાકાંક્ષાનું નિકંદન કાઢે છે. "

" મહત્વાકાંક્ષા વિનાના મનુષ્યો આગળ વધવાનો ગુણ ધારણ કરી શકતા નથી. દાસત્વપણાનું ભાડે અપાયેલું ભેજું વેચાયેલી વિદ્યા, ગીરે અપાયેલું જ્ઞાન, કે શાનગીરે અપાયેલું શરીર, હોવા છતાં નહીં હોવા જેવુંજ છે. સરીતાનું પુર, કંજુસને ત્યાં યાચકની વાણી, મુર્ખને સદ્‌ગુરૂનો ઉપદેશ, અને બેકદરવાનની શેવા, કંઇપણ ફળ આપી શકતી નથી.

મનુષ્ય ગમે તે વર્ણનો કે ગમે તે ધર્મનો હોય. પરંતુ સન્માર્ગમાં પ્રવૃત્ત થતાં ધર્મ કે વર્ણ કોઇ રીતે બાધ કરી શકતાં નથી. ધર્મની બાબતમાં સામ સામા વાદવિવાદ કરવા એ સુજ્ઞ મનુષ્યોનું કર્ત્તવ્ય નથી. આધુનિક સમયમાં જ્યાં ત્યાં એક બીજાના ધર્મની

નિંદા કરનારાં લોકો વિશેષ દ્રષ્ટિગોચર થાય છે એકના ધર્મની વાત બીજા ધર્મવાળાને પસંદ આવતી નથી. એકની પવિત્ર આજ્ઞાઓ બીજાને અપવિત્ર લાગે છે. તો પણ સત્ય, દયા, ક્ષમા, ન્યાય, નેકી અને પવિત્રતા આટલા ગુણો તો સામાન્ય રીતે દરેક ધર્મવાળા પાળે છેજ ! તેમાં એક બીજા કોઇ રીતનો વાંધો ઉઠાવતા નથી. આ જગમાન્ય ગુણો જે મનુષ્યમાં હોય છે, તે ગમે તેવા ધર્મનો કે ગમે તે વર્ણનો હોય તથાપિ અંતે મોક્ષનોજ અધિકારી છેજ એ વાત નિઃસંદેહ છે.

ઉપર પ્રમાણેના સર્વ ગુણોથી અલંકૃત આશરે ઓગણત્રીશ, ત્રીશ વર્ષનો એક યવન રાત્રિની વખતે રાજ્ય મહેલમાં દાખલ થયો. તે શરીરે રૂષ્ટ પુષ્ટ હતો, તેનો ચહેરો ભવ્ય હતો, તેણે અર્ધચંદ્રાકાર ની દાઢી રાખેલી હતી. નેત્રો તેજસ્વી અને મુખ સ્હેજ મલકતું હતું માથે ફેંટો બાંધેલો હતો. શરીરે લશ્કરી પોષાક ધારણ કરેલો હતો. કમરે તરવાર લટકતી હતી. અને પોતાના હાથમાં એક રૂમાલ ધારણ કર્યો હતો.

દુર્મદસિંહે પોતાના સંરક્ષણાર્થે રાખેલા કેટલાક સીપાઇઓમાંનો આ પણ એક સીપાઇ હતો. જ્ઞાતિનો પઠાણ હતો. પરંતુ ઘણોજ પ્રમાણિક, નિષ્પાપ, સાલસ અને મોટો સ્વામિભકત હતો. આ પઠાણ ઉપર રાજાનો પુર્ણ વિશ્વાસ હતો. ગમે તેટલો મોટો લાભ મળવાનો હોય તો પણ અયોગ્ય આચરણ કરવા કદાપિ તૈયાર થાય તેવો ન હોતો. તેમજ સત્યને માર્ગે ચાલતો હોવાથી, શાક્ષાત્ યમરાજની પણ પરવા રાખે તેવો નહોતો, ગમે તેવા દુર્ઘટ પ્રસંગમાં પણ દુર્મદસિંહનો તે જમણો હાથ જેવો હતો.

તુરંગમાં નર્કયાતના સમાન દુઃખ ભોગવતા કુમારને અરણ્યમાં મોકલી ઠાર કરાવવાનો, તેમજ યોગિને પણ તેજ સ્થિતીએ પહોંચાડવાનો સેનાધીપતિના સમજાવવાથી રાજા પકકો નિશ્ચય કરી બેઠો હતો. અને તે કામ માટે રાજાએ બોલાવેલો હોવાથી તે પઠાણ અત્યારે રાજ્યમહેલમાં રાજા પાસે આવ્યો હતો.

સમય મધ્યરાત્રિનો હતો. પઠાણુની રાહ જોતો રાજા અંતઃપુરમાં એકલો બેઠેલો હતો. એટલામાં પઠાણ અંદર દાખલ થયો. અને જમીન સુધી નીચો નમી રાજાને સલામ કરી તે બોલ્યો:—મહારાજ? હુકમ પ્રમાણે સેવક હાજર છે. જે આજ્ઞા હોય તે ફરમાવો ? આટલું બોલી પઠાણ વીરાસન વાળી રાજા સામે બેઠો એટલે રાજા બોલ્યો:— મારા નિમકહલાલ પઠાણ? તારે એક જરૂરનું કામ બજાવવાનું છે. તેથીજ તને અત્યારે બોલાવવામાં આવ્યો છે. ગમે તેટલું જોખમ વેઠીને પણ તારે તે કામ કરવુંજ પડશે.

પઠાણ:—સરકાર ? હું હમેશાં ઇમાનદારીથી તમારી નોકરી બજાવ્યા જાઊં છું. જે આપ ફરમાવો તે કરવા તૈયાર છું. કોઇ વાતની શંકા ન લાવતાં જે કામ હોય તે ખુશીથી કહો. ?

દુર્મદઃ—પઠાણ ? શું કહું ? આટલો મોટો સાર્વભૌમ રાજા હોવા છતાં મારી દિલગીરીનો પાર નથી. રાત્રિ દીવસ મને ચીંતા થયાં કરે છે. ચીંતાથી આ શરીર પણ હવે સોસાઈ ગયું છે. ચારે બાજુની દુગ્ધાથી હું તદન કંટાળી ગયોછું. કંઇ સુજ પડતી નથી. પેલો મકરંદ પણ.

પઠાણ:—મહારાજ મને શા માટે બોલાવવામાં આવ્યો છે. અને મારી પાસે શું કામ કરાવવા માગો છો. તે સેવક સારી

રીતે સમજી ગયો છે. આપ મારા પિતા તુલ્ય છો. આપની મ્હેનાત ઉઠાવવા, અને આપનો પડતો બોલ ઝીલવા, આ દાસ સદા હાજર છે. મારી હયાતીમાં આપના ઉપર હથિયાર ઉઠાવવાની કોની તાકાત છે.? આત્યારેજ નામદારનો હુકમ હોય તો મકરંદની ગરદન ધડથી જુદી કરી આપની પાસે લાવી હાજર કરૂં.

દુર્મદઃ—વહાલા પઠાણ? તારા માલીક તરફ તું કેવો વફાદાર છે એ તારા આ શબ્દોજ બતાવી આપે છે. તું મારૂં કામ જરૂર કરશે. એ બાબતની મને ખાત્રી થઇ ચુકી છે. પરંતુ તારી પાસે અત્યારે જે કામ કરાવાનું છે તે તો નિરાળુંજ છે. મકરંદની વાત તો સૌ થઇ પડશે.

"ત્યારે બીજું શું કામ છે? જે હોય તે સ્પષ્ટ રીતે જણાવી દયો?"

"કાર્ય ઘણું વિકટ છે"

"તો પણ કરીશ."

"નહીં થાય.

"વિશ્વાસ રાખો.

"એમ છે તો લે કહું છું. એક બે જીવનું"………

"બે જીવનું? ખુન કરવાનું છે? કોનું? શા માટે? વાત સત્ય છે કે મને મસ્કરીમાં ઉડાવો છો?"

"મસ્કરી નહીં પરંતુ સત્યજ કહું છું."

"સત્ય હોય તો બન્નેનું નામ જણાવશો?"

" એક મારો બદમાશ પુત્ર રજનિકાન્ત બીજો પેલો સાધુડો લુચ્ચો ગોસાઇડો "

આ બન્નેનો ગુન્હો શું હતો તે પઠાણ પ્રથમથી જાણતો હતો. સહેજ ગુન્હાને માટે આવી ભયંકર શિક્ષા સાંભળી પોતે આશ્ચર્ય ચકીત થયો.

પઠાણ બોલ્યોઃ—મહારાજ ? આ શું બોલો છો ? મારૂં મન પારખવાની આ યુક્તિ તો રચી નથી ને? મારી પરીક્ષા કરવા માગો છો કે શું ?

દુર્મદઃ—નહીં, નહીં પઠાણ ? તેવું કંઈ નથી. હું કહું છું તેમાં એક શબ્દ પણ ખોટો નથી. તે કમજાત છોકરાએ તેમજ તે ભીખારડાએ ગુન્હો કરવામાં કયાં બાકી મુકી છે ! દેહાંત દંડની શિક્ષા પણ ગુન્હાના પ્રમાણમાં થોડી છે. બીજું કંઈ નહીં, કોઇ નિર્જન અરણ્યમાં લઇ જઈ રજનિકાન્તને ઠાર કરવાનો તેમજ તે નાશી ગયેલા જોગટાને પણ શોધી કાઢી તેના રાઈ રાઈ જેટલા ટુકડા કરવાનો હું તને હુકમ આપું છું.

પઠાણઃ—અરે ! આ હું શું સાંભળું છું ! આપનો નાનો પુત્ર ! મારો ભવિષ્યનો ધણી ! બાળરાજા રજનિકાન્ત ! તેનું ખુન ! મારા હાથથી ! કેમ કરાય ! આવું ઘાતકી કાર્ય મારા હાથથી કેમ થાય ! અન્નદાતા ! બીજું ગમે તેવું કાર્ય બતાવી મારી કસોટી કરો, પરંતુ બાળરાજાનું ખુન કરવાનું મને ન કહો !

પઠાણના હૃદયમાં દયા ઉત્પન્ન થયેલી જોઈ રાજા બોલ્યોઃ—પઠાણ, આ શું બોલે છે ? તારે તે કાર્ય અવસ્ય કરવુંજ પડશે ? તારૂં આપેલું વચન તારે પાળવુંજ પડશે ? આ કામના બદલામાં તને મોટી બક્ષિસ મળશે. તારો દરજ્જો વધારવામાં આવશે.

રાજાના બોલેલા શબ્દોના પ્રત્યુતરમાં પહાણ બોલ્યોઃ—ન બોલો ! મહારાજ એવું ન બોલો ! આગ લાગો એ બક્ષિસમાં ! ધુળો મુકો એ દરજ્જામાં ! આવું અઘોર પાપ કરી મહાન્ પદવી મેળવી મઝા માણવી તે કરતાં ગુલામી અવસ્થામાં સુખેથી મરવું હજાર દરજ્જે સારૂં છે ! એવી• પદવીને લાખવાર પ્રણામ છે. પિતા થઇ પુત્રનો વધ કરાવવા કેમ તૈયાર થયા છો. ખરેખર તમને વચન આપવામાં મેં ગંભીર ભુલ કરી છે. તે ભુલનો પસ્તાવો હવેજ મને થાય છે.

દુર્મદઃ—હવે એતો બધું સમજ્યા. તારૂં ડહાપણ તારી પાસે રહેવાદે.

પહાણઃ—મહારાજ ? એકવાર ફરીથી બોલો. તમારૂં ચિત્ત ઠેકાણે રાખી બોલો ! બાળરાજાનો શીરચ્છેદ કરવામાં તમે તમારા ખરા અંતઃકરણથી સંમતિ આપો છો ?

દુર્મદઃ—હા, હા, ખરા અંતઃકરણથીજ કહું છું કે તેનો વધ કર. રાજાનો આવો દૃઢ નિશ્ચય જોઇ તેનું મન ફેરવવા, અને તેને સમજાવવા પહાણ પુનઃ બોલ્યોઃ—મહારાજ ? આશું બોલો છો ? તમે તે મનુષ્ય છો કે રાક્ષસ ! પોતાના પેટના છોકરાનું રક્ષણ ન કરતાં ઉલટો તેનો ઘાત કરવાનું આ નિર્દય, રાક્ષસી, ક્રુર કર્મ કરવા કેમ તૈયાર થયા છો. મનુષ્યપણાને લજાવનાર આવું કસાઇનું કામ કરવામાં પ્રવૃત્ત થતાં શરમ નથી આવતી ? તમારા મગજમાં આવી ખોટી ધુન ક્યાંથી ભરાઇ ગઇ છે ? તમને કોણે ભમાવ્યા છે ? સાર્વભૌમ પદથી ફુલાઇ ગયા છો, પરંતુ રાજાઓના રાજા, અને ત્રીલોકનાનાથ કિરતારનો કંઇક ડર રાખો.

પહાણના આવા અપમાનિત્ શબ્દોથી ગુસ્સે થઇ રાજા બોલ્યોઃ—પહાણ ? વિચારીને બોલ ! મર્યાદાનો ભંગ થાય છે ! હું એવા દેવ

દેવને ઓળખતો નથી ! તું મારો નોકર છે તેનો મનમાં ખ્યાલ રાખી જે બોલે તે સંભાળીને બોલજે !

રાજાની આવી ધમકીથી ન ડરતાં પઠાણ બોલ્યો:—મહારાજ ? તમારી આવી ધમકીથી આ પઠાણ ડરી જવાનો નથી. યાદ રાખજો કે, આવું નીચ કર્મ કરતાં લોકોમાં હાંસીને પાત્ર થશો. તમારૂં પરાક્રમ પાણીમાં ડુબી જશે. નીરપરાધીને નડતાં તમારૂંજ બુરૂં થશે.

"સત્યનો જય થશે ! ખાડો ખોદશે તેજ પડશે ! !"

દુર્મદ:—પઠાણ ?. લાંબું ટુકું ન બોલ ! મેં કહ્યું તે પ્રમાણે કરવા ખુશી નહોયતો, બેઇમાન અને નિમકહરામનો ઇલકાબ ધારણ કરી અહીંથી એકદમ ચાલ્યો જા.

પઠાણ:—અધર્મના માર્ગનો અસ્વિકાર કરનારને પાપી મનુષ્યો ગમે તેવો અપવાદ આપે તેની 'તેમને દરકાર હોતીજ નથી. હું પણ તમારા ભયથી, એક નિરપરાધી બાળકનું ખુન કરી આ જગતમાં મારા નામને કલંકિત્ કરવા બિલકુલ ખુશી નથી.

દુર્મદ:—પઠાણ, તારૂં ચિત્ત ઠેકાણે છે કે નહીં ? તું કોની આગળ, ઉભો છે ? અને શું બકે છે તેનું કંઈ ભાન છે કે ?

પઠાણ:—હા હું મારા પેટના પોષણ માટે પુર્વ જન્મનાં પાપોથી મનથી માની લીધેલા મારા અન્નદાતા રાજા દુર્મદસિંહની પાસે ઉભોછું તેની મને ખબર છે. જે બોલુંછું તે વિચારીનેજ બોલુંછું અધિકારના મદમાં છકી જઇ ગરીબ અને ઇમાનદાર નોકરો પાસે અધમ કૃત્ય કરાવનાર રાજા ! શું તું રાજા છે ! ગર્વમાં છકી જઈ સાધું સંતોને પીડનારને

રાજા કોણ કહેશે ! વ્યસનમાં ચકચુર બની ધર્મનો ત્યાગ કરી પાપ કર્મોમાં પ્રીતી રાખનાર રાજાઓને હજારો હજાર ધિક્કાર હોજો અને તેમને રાજા તરીકે માનનારાઓને શીર આશમાન તુટી પડજો, ખુદાનો માર હજો !

દુર્મદઃ—અને જે સેવક ધણીનું લુણ ખાઇ હરામ કરે, તેની આજ્ઞાનું ઉલ્લંઘન કરે, અને આપેલા કોલથી, બોલેલા વચનથી ભ્રષ્ટ થાય, તેવા નીમકહારામ સેવકોને પણ લાખવાર ધીક્કાર હજો.

રાજાના શબ્દો સાંભળતાંજ પઠાણને પગથી તે માથા સુધી જવાળ લાગી. છતાં અત્યાર સુધી નિમકહલાલીથી કરેલી નોકરીનો બદલો ધોવાઈ જવાનો સમય આવેલો જોઈ તે જરા નમ્રતાથી બોલ્યોઃ— અન્નદાતા ! મેં પાપીએ વિચાર કર્યા શિવાય એકદમ વચન આપવામાં ખરેખર મુર્ખાઇ કરી છે. હું આપનો દાસ છું! હુકમનો તાબેદાર છું ! તમારી આજ્ઞા શીર પર ચઢાવવી એજ મારૂં કર્ત્તવ્ય સમજું છું. હું આપને પગે પડુંછું. મને માફ કરો, મારા ઉપર દયા કરો. મેં આજદીન સુધી મારા જીવના જોખમે નીમકહલાલીથી આપનાં ઘણાં ઘણાં કાર્ય કર્યાં તેનો આજ બદલો ! બિચારા કુમળા બાળક તરફ છેક નિર્દય ન બનો તેમજ તે બિચારા બ્રાહ્મણનું ખુન કરાવી બ્રહ્મહત્યાનું પાપ શીરપર વ્હોરી ન લ્યો!!

દુર્મદઃ—તે કશું હું માનવાનો નથી. તેના બદલામાં અત્યારે કદાચ્ તું તારૂં ડોકું કાપી મારી પાસે હાજર કરે, તો પણ મારો કરેલો નિશ્ચય હું કદી ફેરવનાર નથી. તું વચનનો સાચો છે, તારા બોલેલા બોલોની કીંમત તું સારી રીતે સમજે છે, વચન પાળવું એ તારા કુળનું, તારી જાતિનું, અને

તારા ધર્મનું ભૂષણ છે. માટે તારે તારૂં બોલેલું વચન પાળવુંજ પડશે.

રાજાના આ શબ્દોની પઠાણના હૃદયમાં કંઇ અસર ન થઇ. પોતાની પાસેની તરવાર ફેંકી દઇ તે બોલ્યો:—પાક પરવરદીગાર! ભવિષ્યમાં આવું અધમ કૃત્ય મારા હાથથી થવાનો યોગ હતો તો શા માટે જન્મતાં વેંતજ મારો નાશ ન કર્યો! વચન આપતાંજ મારી જીભ તુટી કેમ ન પડી? મારૂં મોત કેમ ન થયું?

પઠાણ પોતાની ભુલને માટે તેમજ, આવા અધમ કૃત્યને માટે પશ્ચાતાપ કરવા લાગ્યો. એટલામાં મન્મથરાય આવી દાખલ થયો. તેને જોતાંજ રાજા બોલ્યો:—સેનાધિપતિ? આ પઠાણની સાથે જઇ તે નીચ છોકરાને તુરંગમાંથી કાઢી તેને સ્વાધિન કર! જેમ બને તેમ જલ્દી તેનું કાસળ કાઢી નંખાવ! તેમજ પેલા ભામટાની શોધ કરવામાં જોઇતી મદદ તેને પુરી પાડજે. અને પેલી જાશુણીને તો કેદખાનામાંજ સડવા દેજે. ઉપરાંત તેના ઉપર બને તેટલો જુલ્મ ગુજારતો રહેજે. આટલું બોલી રાજા તુરત મ્હેલમાં જઈ બિછાના ઉપર સુઇ ગયો. મન્મથરાય આજ્ઞાનુસાર કાર્ય બજાવવા પઠાણને સાથે લઇ ચાલતો થયો.

પ્રકરણ ૧૧ મું.

ભર દરીએ ઝોકાં ખાતું ઝાઝ.

" ચહુદિશ પવન ફુંકાયને, દરિયો મારે છોળ, "
" જીવન રૂપી નાવની, સ્થીતિ ડ.મારોળ; "
" ડુબ્યું કે હમણાં ડુબે, નાવીક નાસી પાસ; "
" અધવચ ઉગરવા તણી, અવિનાશાપર આશ. "

" સંસાર રૂપી દુઃખના મહાસાગરમાં જાનમાલથી ભરેલ દેહ નૌકા સત્યને રસ્તે લઇ જતાં વચ્ચે ઈર્ષાગ્નિ રૂપ પવનના સપાટાથી ડુબી જવાનો ખરેખર ભય રહે છે. "

" પુત્રોનો પાલક પિતા ! તેજ જ્યારે સંહારક બને ત્યારે વાડ ચીભડાં ગળે, પાણી માછલાંને મારે, માળીજ વૃક્ષનું છેદન કરે. એમાં આશ્ચર્ય જેવું કંઇ નથી. આવો

બનાવ, આવો સમય. આવી સ્થિતી, એજ દુનિયાનો અંત! અવનિનો અવશાન! ધરણીનો છેડો!! ન થવાનું થાય! ન સાંભળેલું સંભળાય! ન દેખેલું દ્રષ્ટિગોચર થાય! ન માનેલું મનાય! અને અસંભવિત વાતો જ્યારે શકય થાય! ત્યારે ગોળમાંથી ગળપણ! સાકરમાં મીઠાશ! અમૃતમાંથી અમી! અને દેવોમાંથી દૈવત્! વિજળીના ઝબકારા પેઠે જોતજોતામાં ચાલ્યું જાય? અલોપ થાય!!"

કારા ગૃહમાં પડેલા એ નિર્દોષ આત્માઓ, અત્યારે અસીમ દુઃખયાતના ભોગવી રહ્યા હતા. નિરાપરાધી હોવા છતાં, તેમના ઉપર આ અસહ્ય સંકટ આવી પડયું હતું. પોતાને માટે પોતાના વહાલા બાળક ઉપર પણ આ દુઃખનો ડુંગર તુટી પડેલો જોઇ **શીળવતી** શોકાતુર બની ગઈ હતી. પુત્રનું દુઃખ જોઇ પોતાનું દુઃખ તો ભુલી જ ગઇ હતી. પુત્રની હઠ્ઠ પુરી કરતાં આ ધર્મ સંકટ આવી પડયું તેને માટે તેને ઘણો પસ્તાવો થતો હતો. પોતાના ઉપર તદ્દન ખોટી રીતે જાર કર્મના આવી પડેલા દોષથી તે વિહ્વળ બની ગઇ હતી. આખરે આત્માઘાત કરવાના નિશ્ચય ઉપર આવી તે પોતાના પુત્ર રજનિકાન્ત પ્રત્યે બોલી:—બેટા રજનિકાન્ત? તારા ઉપર આ અસહ્ય દુઃખ આવી પડેલું જોઇ મારી ધીરજ રહેતી નથી. મારો જન્મારો વ્યર્થ ગયો. જારિણી ઠરી! પતિએ ત્યાગ કર્યો! હવે મારૂં શ્યામ મુખ જગતમાં શી રીતે બતાવીશ! મને જીવવું પ્રિય લાગતું નથી. હવે તો મરવું એજ માત્ર સુખનો માર્ગ છે. શંશય પિશાચીનીએ,

તારા પિતા ઉપર પુર્ણ સત્તા જમાવેલી હોવાથી તેમણે મને જારિણી ગણી કાઢી છે. તે ધુન તેમના મગજમાંથી ખસવી મુસ્કેલ છે. માટે તે દોષથી મુક્ત થવા અને એક સાધ્વી પતિવ્રતા તરીકે જગતમાં મારી નામના અમર કરવા હું આત્મઘાતજ કરીશ.

માતાનો આત્મઘાત કરવાનો નિશ્ચય ફેરવવા રાજ્યકુમાર બોલ્યો;—માતા ! મારી ચીંતા બિલકુલ કરીશ નહી. સત્યની ખાતર આવાં હજારો સંકટ આવી પડે તેની મને દરકાર નથી. :અધીરી ન થતી. તારો આત્મઘાતનો નિશ્ચય ફેરવ ! જ્યાં સુધી અંતઃકરણ શુદ્ધ અને પવિત્ર છે, ત્યાં સુધી કોઇની તાકાત નથી કે વાળ વાંકો કરી શકે ! આત્મઘાત કરવાથી તું આ દોષથી મુકત થાય એ તારૂં ધારવું ભૂલ ભરેલું છે. ઉલટું તેથી તો દુનિયા તને દોષીતજ ગણુશે. આત્મઘાત કરી મને એકલાને આમ ટળવળતો મુકવાની તારી ઇચ્છા છે ? માતા ! વ્હાલી માતા ! તેમ ન કરીશ ! જો તું આત્મઘાત કરીશ તો તારી પાછળ મારી પણ એજ દશા ! !

પુત્રની વાત સાંભળી માતાનું હૈયું ભરાઇ આવ્યું તેને છાતી સરસો ચાંપી તે બોલી :—ભાઈ ! હું હીણભાગી છું ! ધરણી માતાને ભાર રૂપ છું ! તુ જીવતો રહે એટલે બસ છે. આ જીવન મને હવે કંટાળો આપે છે ! સંતાપે છે ! !

માતાને આમ તદન કંટાળી ગયેલી જોઇ રજનિકાન્ત બોલ્યોઃ-માતા ! "દુઃખોથી કંટાળી ન જતાં પરમાત્મા જે સ્થીતિમાં રાખે તે સ્થીતિમાં ગમે તેમ કરી પોતાના દિવસો વ્યતિત કરવા એજ મનુષ્ય માત્રનો ધર્મ છે." આપણને નિરાશ થયેલાં જોઇ શત્રુઓ રાજી થશે. દુઃખથી ગભરાઇ મરવા માટે તૈયાર થયેલાં જોઇ તેમનું શેર શેર

મોઢી ચડશે. વળી મરવાથી તારી પવિત્રતા પણ લુપ્તીજ રહેશે. જીવતી હોઇશ તો કોઇ દિવસે પણ તારા શીર ઉપર આવેલું કલંક ધોઈ શકાશે.

રજનિકાન્તના આ ઉપદેશ યુક્ત ભાષણથી આશ્ચર્ય ચકિત બની ગયેલી શીળવતી પરમાત્માનું મનમાં સ્મરણ કરવા લાગી. અને પોતાને તેમજ બાળકને દુઃખ મુક્ત કરવા તને વિનંતી કરવા લાગી:— પ્રભુ ! આ મારૂં કુમળું બાળક ! તેની વયશી ! અત્યારે તો મૃદુ બિછાના ઉપર આળોટવાના, અને મનગમતી વસ્તુઓનો ઉપભોગ કરવાના તેના દિવસો છે. ત્યાંતો અત્યારથીજ તેના ઉપર આવું સંકટ ! દયાળું ! તેના તરફ જોઇ તેને સત્વર દુઃખ મુક્ત કરો ! એવા એક કુમળા બાળકની પણ તમને દયા નથી આવતી ? રાજ્યકુળમાં જન્મેલા બાળકના શરીર ઉપર અત્યારે ફાટાં તુટાં વસ્ત્ર ! પગમાં તથા હાથમાં સોનાનાં કડાંને બદલે લોખંડની બેડીઓ ! કેવો જુલ્મ ! એ તે કેમ જોવાય ! કેમ સહન થાય ! આહાહા ! કેવો ગુણવાન્ ! કેવો ઉદાર ! કેવો વિચાર શક્તિ વાળો ! કવો સન્માર્ગનો અનુયાયિ ! આવા હીરા જેવા બાળક ઉપર આવું અણધાર્યું સંકટ ! !

પોતાની માતાના કંઇક ભાગ્યા તુટયા શબ્દો કાને પડવાથી રજનિકાન્ત બોલ્યો:—માતા ! ભક્તવત્સલ ભગવાનને દોષ ન દે ! “ ગતભવનાં સારાં કે ખોટાં કર્મનુ ફળ મનુષ્ય માત્રને ભોગવ્યા શિવાય છુટકોજ નથી ! ” આપણી આવી અધમ સ્થિતી લાવનાર પણ આપણાં પુર્વ જન્મનાં કર્મજ છે. માની લે કે, પુર્વ જન્મમાં આપણે આવી શિક્ષાને પાત્ર કર્મો કર્યા હશે. જેથી તેનો બદલો ભોગવ્યા શિવાય છુટકોજ નથી.

" ઋણ, હત્યા, અને વેર આ ત્રણનો બદલો અવસ્ય મળ્યા શિવાય રહેતોજ નથી. એમ સમજી પ્રસંગોપાત્ આવી પડતાં સુખ દુઃખને શાન્તિથી સહન કરી, આનંદે કાળ વ્યનિત કરવો એ મનુષ્ય માત્રનો ધર્મ છે. " " સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર, રાજા નળ, તેમજ ધર્મ રાજા, એવા એવાના દુખનો વિચાર કરતાં તેમની આગળ આપણું આ દુઃખ શી વિસાતમાં છે ? "

મારૂં મન નિર્બળ છે એમ સમજી રંજનિકાન્ત મને વારંવાર ઉપદેશ કરે છે એવા પોનાના મન સાથે કલ્પના કરી શીળવતી બોલી:– બેટા ! મારા દુઃખની મને બિલકુલ દરકાર નથી, પરંતુ તારૂં દુઃખ જોઇ આ છાતી ચીરાઇ જાય છે. બેટા ! જોને તારૂં મુખ કમળ કેવું મ્લાન બની ગયું છે ? તારી કાન્તિ કેવી ફીક્કી પડી ગઇ છે. નેત્રમાં પણ ખાડા પડી ગયા છે. તું કોણ ? કોનો પુત્ર ! કયાં છું ! આ સર્વ વિચાર આવતાંજ હૃદય ભેદાઇ જાય છે. તારી આ સ્થિતી જોવા કરતાં મરવું એજ મારે માટે અત્યુત્તમ માર્ગ છે.

રંજનિકાન્ત:—માતા થવાનું હશે તે થશે. મને તેની કંઇ ચીંતા નથી; પરંતુ કાલે મેં માત્ર અડધીજ રોટલી ખાધી છે, તેથી મને અત્યારે ક્ષુધા ઘણી લાગી છે. વખત થવા છતાં હજુ દરરોજના નિયમ પ્રમાણે ખાવાનું લઇ માણસ કેમ નહીં આવ્યો હોય ?

શીળવતી:—બેટા ! કદાચ આમ ભુખે તરસ્યે રીબાવી રીબાવીને મારવાની તારા પિતાની ઇચ્છા હશે, તો પછી ખાવાનું વખતસર ક્યાંથી આવશે ! પરંતુ તને ભૂખ ઘણી લાગી હોય, તો મારૂં કાલનું ખાવાનું જે મેં ન ખાતાં એમને એમ રહેવા દીધું છે, તે ખાઇ અત્યારે તારી ક્ષુધાને તુરતને

મારે શાન્ત કર. એટલામાં જોઇએ માણસ ખાવાનું લઇને આવે છે કે નહીં. આમ બોલી શીળવતીએ આગલા દિવસનું અન્ન કે જે પોતે ન ખાતાં રહેવા દીધું હતું તે પોતાના પુત્રની પાસે લાવી હાજર કર્યું.

અન્ન જોતાંજ રજનિકાન્તના આનંદનો પાર રહ્યો નહીં. તેના હૃદયમાં માતૃ પ્રેમનો જુસ્સો ઉભરાઈ આવવાથી તે એકદમ બોલી ઉઠયો:—"હે નારાયણ! હે પરમાત્મા! આ જગત્માં તેં અનેક વસ્તુઓ ઉત્પન્ન કરી છે. લાખો જીવ પેદા કર્યા છે, એક બીજાના વ્યવહારો પણ નિર્માણ કરી મુકયા છે, પરંતુ તે સર્વમાં માતાનો બાળક તરફનો પ્રેમ તો કંઇક અલૌકિકજ બનાવ્યો છે? માતૃ પ્રેમ! માતૃ પ્રેમ! તારી બલિહારી છે! તારી ખુબી ન્યારી છે!!"

"માતૃ પ્રેમનું મોટા મોટા સાધુ સંતોએ, સ્પષ્ટિકરણ કર્યું હશે, પરંતુ તે શુદ્ધ પ્રેમની સત્ય કલ્પના, સ્પષ્ટ કરવા માટે હે! જગનિયંતા તારે જરૂર એકાદો નવો જન્મ ધારણ કરવો પડશે."

"હે જનનિ! હે માતા! હે! જન્મદાતા! મારે માટે અન્ન રહેવા દઇ તેં ઉપવાસ કર્યો! ધન્ય છે તારા નિર્મળ પ્રેમને! તારો પ્રેમ જોતાંજ મારી ક્ષુધા તૃપ્ત થઇ છે! મારૂં પેટ છલાછલ ભરાઇ ગયુંછે!! હવે મારે આ અન્નની બિલકુલ આવશકયતા નથી."

"જનનિ! જગત્માં માત્ર તુંજ એક ગુણનો નિધિ છે! તુંજ આનંદ રત્નની ખાણ છે! તુંજ હરિની માયા છે! તુંજ આદિ ગુરૂ છે! હજારો વ્રત, અને ધનથી મેળવેલું પુન્ય પણ તારી સેવાના તેજ આગળ તુચ્છ છે! ઇચ્છિત ફળને આપનારી તું કામધેનું

છે! ઉદારતાને માટે ખ્યાતિ પામેલાં અભ્ર પણ તારી ઉદારતાથી શરમાય છે!"

"આવો નિર્મળ માતૃપ્રેમ ભુલી જઇ જે કુટીલ પુત્રો, માતાની અવગણના કરે છે, તેમની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે? તેવા માતૃ દ્રોહીઓને હજાર વાર ધિક્કાર છે! અંતે એવા નરાધમોને નર્કનોજ અધિકાર છે!! "આટલું બોલતાંજ રજનિકાન્ત પોતાની માતાના ચર્ણમાં નમી પડયો. માતાએ તેને પોતાની છાતી સરસો ચાંપ્યો, અને વહાલથી તેને ચુંબન કર્યું એકમેકની આંખમાંથી પ્રેમાશ્રુની ધાર વહેવા લાગી. દુઃખમાં પણ એક બીજાને પરસ્પર કંઇક સુખનો અનુભવ અત્યારે જણાવા લાગ્યો. પરંતુ એટલામાં તો ઠરાવેલી યુક્તિ પ્રમાણે રજનિકાન્તને પઠાણને હવાલે સોંપવા સેનાધિપતિ પઠાણ સાથે તુરંગમાં દાખલ થયો.

દાખલ થતાંજ બન્નેએ રાણી શીળવતીને તેમજ રજનિકાન્તને નમન કર્યું, તેમને નમન કરતા જોઈ રજનિકાન્ત સેનાધિપતી પ્રત્યે બોલ્યો:—સેનાધિપતિ અમારી આવી સ્થિતીમાં તમારે અમને નમન કરવું ઉચીત નથી. અત્યારે તો અમે તમારા માલીક નથી. પણ ઉલટા તમે અમારા માલીક છો. પરંતુ આજે વળી આ પઠાણને કેમ સાથે લાવ્યા છો? કંઇ દાળમાં કાળું તો નથીને.

મન્મથરાય જાણે કશું જાણતો નહોય, તેમ ઉપરથી ડોળ બનાવી બોલ્યો.—મહારાજ? નાહક મારા ઉપર ગુસ્સે ન થાઓ. આપની આ સ્થિતીને માટે મને દોષ ભાગી ન ગણો. મારા ગ્રહજ નબળા છે. હું સવળું કરવા જઉં છું પરંતુ આપને તે અવળુંજ લાગે છે. તેમાં મારા નશીબનોજ દોષ છે. હું તમારા તરફ કેટલો માથા

છુપું, તેની તમને ભવિષ્યમાં ખબર પડશે અને ત્યારેજ તમારા મનમાં ખોટો ભરાયેલો ભ્રમ દુર થશે. પ્રભુ તે સમય જલ્દી લાવો.

મન્મથરાયનું ભાષણ પુરૂં થતાંજ પઠાણ તરફ દ્રષ્ટિ કરી શીળવતી બોલી.—મન્મથરાય ? એ બધું ખરૂં. પરંતુ આજે આ પઠાણને સાથે લાવવાનું શું કારણ ? તેનો અત્યારનો પોષાક, અને વિક્રાળ સ્વરૂપ જોતાં મને તેની યમરાજા જેટલી બીક લાગે છે.

મન્મથરાયઃ—તમે મને ભલે દુસ્મન તરીકે માનો, તેમાં મારો કંઇ ઇલાજ નથી. મેં તો ઘણુંએ સમજાવ્યું, પરંતુ ગુસ્સામાં આવેલા, રાજાએ તે કશું ન સાંભળતાં એવો હુકમ ફરમાવ્યો છે કે,

રજનિકાન્ત;—શું હુકમ ફરમાવ્યો છે ? બોલ જલદી બોલ ! ગમે તેવું જુલ્મી ફરમાન હોય, તોપણ તેમાં તારો શું દોષ ! રાજ્ય આજ્ઞાને અમલમાં મુકવી એજ તારો ધર્મ છે.

રજનિકાન્તના ઉપરથી મીઠા, પરંતુ અંદરથી તીરસ્કાર યુક્ત શબ્દો સાંભળી સેનાધિપતિ બોલ્યો:—શરૂઆતમાંજ મળેલા ઈનામનો સ્વિકાર કરૂં છું. પરંતુ હુકમ પ્રમાણે શિક્ષા કરતાં મારૂં હૃદય કંપે છે.

તેના આ શબ્દોથી ભયભિત થયેલી શીળવતી બોલી:—સેનાધિપતિ મહારાજાની આજ્ઞા ભયંકર છે એ તારા આ શબ્દોજ બતાવી આપે છે. પરંતુ તે ફરમાન જણાવ્યા શિવાય, તેમજ તેને અમલમાં મુકયા શિવાય, કંઇ તારો છુટકો છે. કોઇ વાતે ન ગભરાતાં, જે હોય તે ખુલ્લા હૃદયથી જણાવી દે. વિશેષ વિલંબ અમને અધીર બનાવે છે.

શીળવતીનાં શબ્દોથી **મન્મથરાયને** કંઇક આનંદ થયો. પરંતુ આનંદનું એકપણ ચિન્હ ઉપરથી ન જણાવતાં તે બોલ્યો:—નૃપાજ્ઞા સંભળાવ્યા શિવાય તો છુટકો નથીજ. પરંતુ શું કહું! કહેતાં જીભ ઉપડતી નથી. બાળારાજા રજનિકાન્તને તમારી પાસેથી દુર.....તેનું વાક્ય પુરૂ થતા પહેલાંજ **શીળવતી** વચ્ચે બોલી ઉઠી:—દુર ! ક્યાં દુર ! પરદેશમાં મુકી આવવા આ પહાણુ સાથે આવ્યો છે?

મન્મથરાય;—તેમ હોત તો, તો કંઇ ચિંતા નહોતી, પરંતુ આ તો બેહદ જુલ્મી ફરમાન ! બાળરાજાને દુર અરણ્યમાં લઇ જઇ ઠાર કરવાનું ફરમાન! કુમળું પુષ્પ ચુંટી નાંખવાનું ફરમાન!!

મન્મથરાયને મોઢેથી સાંભળેલા ફરમાનથી ગભરાઇ ગયેલી **શીળવતી** બોલી·—અરે રે ! આ હું શું સાંભળું છું ! સેનાધિપતિ શું આ સાચુંજ કહે છે? અરે રે! આટલું બધું જુલ્મી ફરમાન! મારા કુમળા કુસુમને છુંદી નાંખવા માટેજ આ કાળમુખો પહાન આવ્યો છે કે! મારા નાજુક બાળકનો કાળ સામે આવી ઉભો છે કે? નાના? તેમ તો ન માનું! શું પિતાજ પુત્રનો કાળ! બિચારા નાના બાળકનો નિર્દયતાથી વધ!!

આટલું બોલતાંજ બિચારી **શીળવતી** મુર્છા ખાઇ પૃથ્વી ઉપર પડી. પોતાની પવિત્ર માતાની આ સ્થિતી જોઇ રાજ્યકુમાર બોલ્યો·— સેનાધિપતિ પિતાજીના હુકમ મુજબ ગુપચુપ મને લઇ જઇ મારૂં માથું ધડથી જુદું કરવું હતું. પરંતુ આવી પ્રાણઘાતક વાર્તા મારી માતાને કહી તેની આવી દુઃખદ સ્થિતી કરવાથી તને શો ફાયદો થયો? અરેરે! મને મારવાથી પિતાશ્રીને એવો કયો મોટો લાભ થવાનો સંભવ છે? મેં તેમનો એવો શો અપરાધ કર્યો છે? તેમ છતાં તેઓ મને **ગુન્હે-**

આર ગણતા હોય, તો ભલે. પરંતુ મને શિક્ષા કરવા તે પોતે જાતેજ કેમ ન આવ્યા? નિરપરાધી હોવા છતાં પિતાને હાથે મરવાથી મને આનંદ થાત.

રજનિકાન્તનુ બોલવુ પુરૂ થતાજ મુર્છામાંથી સાવધ થયેલી શીળવતી જમીન ઉપર પડી પડીજ બોલી;—સેનાધિપતિ! ઓ નિર્દય સેનાધિપતિ! કંઇક દયા કર! મારા કુમળા બાળકનો વધ કરવા શા માટે તૈયાર થયો છે? ઓ ભયંકર મુર્તિ પહાણ! તને પણ કંઈ દયા નથી? તું મારી પાસેથી ચાલ્યો જા! ઓ કળિયુગની મુર્તિ! ઓ વિકાળ સ્વરૂપ! મારી પાસેથી દુર થા! તારા દીલમાં જો જરા પણ દયાનો સંચાર હોય, તો પ્રથમ મારૂં માથું ધડથી જુદું કર, પછી મારા બાળકનું ગમે તે કરજે. મારી હયાતીમાં મારા વહાલા બાળકને રીબાવી રીબાવીને મારે એ કેમ જોવાય! કેમ સહન થાય!!

પોતાની માતાનું આ કલ્પાંત સહન થઈ શકવાથી રજનિકાન્ત ગળગળે અવાજે બોલ્યો:—માતા! વહાલી માતા! કલ્પાંત ન કર! તારૂં આ કલ્પાંત મારાથી જોઈ શકાતું નથી. જીવતા રહી દુખઃદ સ્થિતી ભોગવવા કરતાં, મરવું હજાર દરજ્જે સારૂં છે.

માતા! હું તારો રૂણીછું! નવમાસ ગર્ભની વેદના સહન કરી તેં મારા ઉપર જે ઉપકાર કર્યો છે. તેનો યત્કિંચીત્ બદલો પણ હું વાળી શકયો નથી. પરંતુ હું તારો બાળક છું. મને અજ્ઞાન સમજી તે બાબતની ક્ષમા આપ. હું તારી પાસે પગે પડીને માફ માગું છું. આવી અમોલી મનુષ્ય જીંદગી મળવા છતાં તારી કંઇ સેવા મારા હાથથી બની નથી તેને માટે હું અત્યારે ખરેખર પસ્તાઉંછું. મૃત્યુ લોકનાં મૃગજળવત્ સુખોમાં ફસાઇ જઇ તારા તરફની મારી ફરજ અદા કરવામાં હું ખરેખર પશ્ચાત પડયો છું. તારા આ રૂણમાંથી

મુક્ત થવા પરમાત્મા મને અન્ય જન્મમાં પણ તારેજ પેટે જન્મ આપે, એટલી મારી તે દયાળુ પ્રત્યે નમ્ર પ્રાર્થના છે. હવે મને આ લોકની સાથે જવા દે. મારા મોતથી બિલકુલ દિલગીર થઇશ નહી! માતુશ્રી! તારા આ બાળકને છેલ્લી વખતે ભેટી લે!

રજનિકાન્તને મરવા તૈયાર થયેલો જોતાંજ **શીળવતી** એકદમ પૃથ્વિ ઉપરથી ઉઠી, અને તેને સ્નેહથી પોતાની બાથમાં ઘાલી બોલી:– મારા બાલુડા! ક્યાં જાય છે? સેનાધિપતિ! નૃપાજ્ઞાનુસાર વર્તવું એ જો કે તારૂં કર્ત્તવ્ય છે, પરંતુ આવા એક કુમળા પુષ્પને છુંદી નાંખી, મારી આંતરડી કકળાવવાથી તારૂં શું ભલું થશે? તારી જ્ઞાતિનો જરા વિચાર કર! બ્રાહ્મણ જેવી ઉચ્ચ જ્ઞાતિમાં જન્મ લઇ આવું નિંદીત્ કર્મ ન કર! શરીરના સર્વ અવયવોમાં જેમ શીર પ્રધાન છે. તેમ ચારે વર્ણમાં બ્રાહ્મણ શ્રેષ્ઠ છે. ક્ષમા, દયા અને શાન્તિ એજ બ્રાહ્મણના મુખ્ય ધર્મ છે. અત્યારે મને તારી પોતાની ભગિની સમજી મારા ઉપર દયા કર! મારા કુમળા બાળકને, જીવતદાન આપી દુનિયામાં તારી નામના અમર કર!!

મન્મથરાય:—નહીં, નહીં રાજ્ય આજ્ઞા પ્રમાણે મારે વર્તવુંજ પડશે. આમ બોલી તેણે રાજ્યકુમારનો હાથ પકડયો, **શીળવતી** કુમારને પોતાના તરફ ખેંચવા લાગી. અને પુનઃ બોલીઃ—ઓ! કૃતાંત કાળમુખા સેનાધિપતિ! છેક નમેરો કેમ થાય છે? બ્રાહ્મણનો પવિત્ર દેહ ધારણ કરી ચંડાળનું કર્મ કરવા કેમ તૈયાર થાય છે!

શીળવતીનું બોલવું કંઇ પણ ધ્યાનમાં ન લેતાં તે નિર્દય સેનાધિપતિ બોલ્યોઃ—બસ કરો! એ તમારા સ્ત્રી ચરિત્રને હું

બિલકુલ પત કરવાનો નથી. દયામાં તો હું બિલકુલ સમજતો જ નથી. ચાલો છોડી દયો એને ! જો નહીં છોડો તો બળાત્કારથી ઘસડીને લઈ જઇશ, પરંતુ મહારાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરી નિમકહરામ નહીં થઇશ, નહીં થઈશ. નહીં થઈશ. આટલું બોલી તેણે રજનિકાન્તને બળાત્કારે પોતાની તરફ ખેંચી લીધો.

રજનિકાન્તને સેનાધિપતિના હાથમાં ગયેલો જોઈ નિરાશ થયેલી શીળવતી બોલીઃ—ઓ નારકી ! ઓ ચંડાળ ! મારા નેત્રમાંથી એક સરખો ચાલતો અશ્રુપ્રવાહ શું તારા પાષાણવત્ હૃદયમાં દયા ઉત્પન્ન કરી શકતો નથી ? મારો રૂંધાઈ ગયેલો કંઠ પણ તેમ કરી શકતો નથી ? મારા કુમળા બાળકનું તારૂણ્ય પણ તેમ કરી શકતું નથી ? તેનું સૌંદર્ય પણ તેમ કરવા હીંમત ધરી શકતું નથી ? અરેરે નિરપરાધી હોવા છતાં કારાગૃહમાં પડેલી, મારા જેવી એક નિરાધાર અબળાનું સર્વસ્વ હરણ કરવા કેમ તૈયાર થયો છે ? મધમાખીનો મહા મહેનતે તૈયાર કરેલો મધપુડો તોડી પાડવાશા માટે તૈયાર થયો છે ? અંધની લાકડી ખુંચી લેવા શા માટે તૈયાર થયો છે ! ! ઓ અધમ ! એકવાર અમને બન્નેને છેવટનાં ભેટી તો લેવા દે ?

શીળવતીથી હવે વિશેષ બોલી શકાયું નહીં, તેનું હૃદય ભરાઇ ગયું, શ્વાસ રૂંધાઇ ગયો, આંખોમાં અંધારાં આવી ગયાં. તેનો પ્રાણ વાયુ બહાર નીકળવાનો માર્ગ શોધવા લાગ્યો. પુનઃ તે એકવાર મુર્છા ખાઇ ધરણી ઉપર ઢળી પડી.

પોતાની માતાને આ પ્રમાણે બેશુદ્ધ પડેલી જોઇ, નેત્રમાં આંસુ લાવી રજનિકાન્ત બોલ્યોઃ--માતા ! માતા ! જેનું હૃદય

વજ્રનું ઘડેલું છે, તેના હૃદયમાં તારા આ કાલાવાલાથી દયા કેમ ઉત્પન્ન થાય ! આમ કહી તે પોતાની માતાને સાવધ કરવા લાગ્યો. પરંતુ તેના તરફથી બિલકુલ પ્રત્યુતર ન મળ્યો. તેથી ગભરાઇ ગયેલો રાજ્યકુમાર બોલ્યોઃ–માતા ! કેમ બોલતી નથી ? પ્રભુ ! માતૃસુખનો સુર્ય અસ્ત થવાનો સમય આવ્યો કે શું ? ઓ ! મારી શુદ્ધ હૃદયની માતા ! મારી પવિત્ર માતા !! તારો જરૂર વૈકુંઠમાં વાસ થશે. પરંતુ ખેદ એટલોજ છે કે તારા મૃત્યુથી, તું સતિ હોવા છતાં તારા નામને લાગેલો આ કાળો ડાઘ ચીરકાળ કાયમ રહેશે ! જગતમાં તું કલંકીત્ ઠરશે ! ઓ દયાળુ દેવ ! જો તું સત્યનેજ ચહાનારો હોય ! સતીઓની લજ્જા રાખવી તેને જો તુ તારૂં કર્ત્તવ્ય સમજતો હોય ! તો મારી પવિત્ર માતાને, પોતાના કલંકથી મુક્ત થવા આ વખતે તેને જીવન અર્પણ કર ! કૃપાળુ ! મારા પિતાશ્રી પાસે નિર્દોષ ઠરતા સુધી તેનો આત્મા તેને સ્વાધિન કર. નિર્દોષીત્ બનાવ્યા બાદ, સુખેથી અમારા બન્નેના આત્માને તારી સમીપ બોલાવી લેજે. પણ હમણાં તો દયા કર ! કૃપા કર !! આટલું બોલી રજનિકાન્ત મન્મથરાય પાસે જઇ ઉભો રહ્યો. મન્મથરાય તેને પહાણને સ્વાધિન કરવાની તૈયારીમાં હતો, એટલામાંજ જગતના પાલક પિતા પરમાત્માએ આ બાળકની અર્જ સાંભળી, મુર્છા ખાઇ પડેલી શીળવતી પુનઃ સાવધ થઇ. અને એકવાર ફરીથી પોતાના પુત્રને સેનાધિપતિના હાથમાંથી ખેંચી લઇ પોતાની બાથમાં ઘાલ્યો. મન્મથરાય તેને પોતાની તરફ ખેંચી લેવાનો પ્રયત્ન કરવા લાગ્યો. પરંતુ સઘળું ફોકટ ! આખરે તેણે બિચારી શીળવતી ઉપર હાથ ઉગામ્યો.

શીળવતી ઉપર હાથ ઉગામેલો જોતાંજ, પઠાણ કે જે અત્યાર સુધી મૌન્યતા ધારણ કરી આ સઘળો પ્રકાર જોઈ રહ્યો હતો, તેનાથી સેનાપતિનું આ કૃત્ય જોઇ ન શકાયું તેથી તે ગુસ્સામાં આવી જઈ બોલ્યો—અરે સેનાધિપતિ ! તું બ્રાહ્મણ નથી, પણ ચંડાળ છે. આવું અધમ કૃત્ય કરતાં કસાઇને પણ દયા આવે. પોતાના વાછરડાના વિયોગથી જેમ ગાય ટળવળે તેમ પુત્ર વિયોગે ટળવળતી ગરીબ ગાય જેવી રાજ્યરાણિ ઉપર હાથ ઉગામતાં તને શરમ નથી આવતી ! તારૂં હૃદય ખરેખર પાષાણનું ઘડેલું છે. ઓ બેશરમ ! બ્રાહ્મણ જ્ઞાતિમાં ઉત્પન્ન થવા છતાં તારૂં વજ્ર સમાન કાળજું જોઈ તને બ્રાહ્મણ કહેતાં મને પણ શરમ આવે છે. તારે મોઢેથી જેમ બોલવું હોય તેમ બોલ્યા કર, રાજ્યપુત્રને મારે હવાલે કરવો હોય તો ખુશીથી તેને મારી પાસે ઉંચકી લાવ, પરંતુ મારી સમક્ષ જો રાજ્યમાતા ઉપર હાથ ઉગામ્યો છે તો તારો તે હાથ આ તરવારથી કાપી નાંખીશ, એ નક્કી સમજજે.

પઠાણના મુખમાંથી આ શબ્દો નીકળતા હતા એટલામાંજ એકાએક રાજા દુર્મદસિંહ ત્યાં આવી પહોંચ્યો આવતાં આવતાં પઠાણના કેટલાક શબ્દો તેના સાંભળવામાં આવ્યા, જેથી એકદમ આવેશમાં આવી જઇ તે બોલ્યો:—હમણાં કોણ બોલતું હતું ? ખાનદાન પઠાણ તું કે ? તારા મગજમાં બહુ ખુમારી ભરાઈ ગઇ છે કેમ ? જાણે નગ્રનો રાજાજ ન હોય, તેમ તડતડ બકયે શું જાય છે ? ચુપકીથી સોંપેલું કાર્ય બજાવી તારૂં વચન પૂર્ણ કર, વિલંબ શાનો કરે છે ?

આ પ્રમાણે પઠાણને ધમકાવ્યા બાદ રાજા રજનિકાન્તને રા-


ણીની બાથમાંથી ખેંચવા લાગ્યો, તે જોતાં બિચારી શીળવતી દીન-વાણીથી બોલીઃ—નાથ ! તેતો બિચારો પઠાણ સાથે જવા તૈયારજ છે! પરંતુ આ હુકમ તમારો પોતાનોજ છે ? એ જાણવાની મારી ખાસ જીજ્ઞાસા. એજ માત્ર વિલંબનું કારણ હતું.

દુર્મદઃ—હા હા મારોજ હુકમ છે. લઇ જવાદે તેને ?

શીળવતીઃ—નાથ ? એવો હુકમ કરવાનું કારણ ? તે બિચારો બિલકુલ નિર્દોષ છે. મારા દોષના બદલામાં ભલે મારૂં માથું તરવારથી કાપી નાંખો, મને જીવતી ચીતામાં બાળી મુકો, ચહાયતો મારા શરીરને કરવતીથી વહેરી નાંખો પરંતુ આ બિચારા નિરપરાધી બાળકનું ખુન ન કરો. સમજો. છેક નિર્દય ન થાઓ. પોતાનાજ બાળક તરફ કંઇકતો દયાની નજરથી જુઓ મોટા પુત્રનું મુખ તો હવે જોવાનું રહ્યું નથી. આ એક નાનો પુત્ર રહ્યો છે, તેને પણ મારી નાંખવા તૈયાર થયા છો. આ બાબતનો મનમાં કંઇકિ ખ્યાલ કરો. જે વિશ્વકર્ત્તા નારાયણની કૃપાથી માનવજાતિમાં. ક્ષત્રીવંશમાં, તેમજ રવિકુળમાં જન્મ પામી, શીલભદ્રાના રાજ્ય સીંહાસન ઉપર બિરાજમાન થવા ભાગ્યશાળી થયા છો તે નારાયણના કટ્ટા શત્રુ જે અસુર તેની પંક્તિમાં ભળી જઈ આસુરી બુદ્ધિથી, આવું અધમ કૃત્ય ન કરો.

દુર્મદઃ—બસ બસ ! એ બધો ઉપદેશ તારી પાસેજ રહેવા દે. વિશ્વકર્ત્તા ને કે નારાયણને હું ઓળખતો નથી મારી પાસે તો મરજી એજ કાયદો છે.

શીળવતીના શબ્દો કંઇ ધ્યાનમાં ન લેતાં રાજાએ રાણી પાસેથી પુત્રને ખેંચી લઇ મન્મથરાયને સ્વાધીન કર્યો. તેણે તુરતજ પઠાણને સ્વાધિન કર્યો. શીળવતી બેભાન બની મુર્છા ખાઇ પડી. ત્યારબાદ બરાબર બંદોબસ્તથી તેને કોટડીમાં પુરી, રાજા તથા સેનાધિપતિ તુરંગમાંથી બહાર નીકળી ચાલતા થયા—પઠાણ પણ બાળરાજાને લઇ અરણ્ય તરફ રવાના થયા.



પ્રકરણ ૧૨ મું.

રામ રાખે, તેને કોણ ચાખે.

" રાખણહારો રામતો, થાય ન વાંકો વાળ "
" ઝખ મારી ઝાંખા પડે, દુશ્મન હોય હજાર. "
" દુશ્મન હોય હજાર, આંચ નવ ઉની આવે, "
" છળ, બળ, કળ, છેદાય, ફરેબી માં ના ફાવે; "
" ઉગારવાનો એક નથી, અરીગણને આરો. "
" કોણ બિચારો કાળ, રામજો રાખણહારો "

" નિર્દોષીત પણ માર્યો જતો, દુનિયાના દુઃખથી કંટાળી જતો, અને ધર્મ માર્ગથી ધાડનો અનુભવ કરતો પુણ્યાત્મા, દૃઢ અને સત્ય, સંકલ્પોથી વિચલીત ન થતાં નિડરપણે વીર મોતે મરવું પસંદ કરે છે. ત્યારે અનાથોનો નાથ પરમ કૃપાળુ પરમાત્મા, તેના પ્રત્યે પ્રેમાળ બની,

શત્રુના તન મનમાં વિલક્ષણ પ્રભાવ રેડી, નિર્દોષીતને બચાવી લે છે. કઠણુમાં કઠણુ હૃદય પણ સમયાનુસાર દયાથી દ્રવિત બને છે. એજ પ્રભુની મહત્તા! એજ પ્રભુતા! એજ ઉચ્ચતા ! !

ભદ્રશીલા નગ્રથી થોડેક દુર દક્ષિણ દીશાએ એક ભયંકર અરણ્ય આવેલું હતું. શાળ, તમાલ, દેવદાર, કરંજાદિ વૃક્ષોની ઘટાથી તે અરણ્ય શોભાયમાન્ જણાતું હતું. આ અરણ્યનો માર્ગ ઘણો વિકટ હતો. ચોર લુંટારા, વિગેરે બદમાસોનું તે સ્થાન હતું. તેથી મનુષ્યનો પગરવ ઘણોજ થોડો હતો' રસ્તા વાંકાચુકા હોવાથી. ભૂલા પડેલા મુસાફર ને માર્ગ જડવો મુસ્કેલ થઇ પડતો હતો.

આવા નિર્જન અને અઘોર અરણ્યમાં રાજ્યકુમારને લેઇ પઠાણ આવી પહોંચ્યો. રાજ્ય કુમારને મારી નાંખવાની વાતનું સ્મરણ થતાં જ પઠાણ વિહ્વળ બની ગયો. પોતાનું વચન પૂર્ણ કરવાની ખાતર આવા કુમળા પુષ્પને છુંદી નાંખવું એ તેને બિલકૂલ યોગ્ય લાગ્યું નહીં. તેમજ ભ્રષ્ટ થવું એ પણ ઠીક નહીં. બેમાંથી કયો માર્ગ ગ્રહણ કરવો તેની તેને બિલકુલ સુઝ ન પડી થોડીવાર આ બાબતનો વિચાર કર્યા બાદ એક યુક્તિ સુઝી આવવાથી તે રાજ્યકુમાર પ્રત્યે બોલ્યો:—મહારાજ ? તમને અત્રે લાવવાનું મુખ્ય પ્રયોજન શું છે

તે તો તમે જાણોજ છો. પરંતુ જો મારા કહેવા પ્રમાણે કરો તો તમારો પ્રાણ બચે, અને મારૂં વચન પણ પૂર્ણ થાય. એવી યુક્તિ મેં શોધી કાઢી છે.

રજનિકાન્તઃ—શી યુક્તિ શોધી કાઢી છે? કહે જોઉં ?

પઠાણઃ—હું અત્યારેજ તમારા પિતાશ્રી પાસે જાઉં, અને તમારા અપરાધના બદલામાં તેમની પાસે ક્ષમાની યાચના કરૂં. તેમજ દેહાંત દંડની શિક્ષા તેમને કોઇ પ્રકારે સમજાવી ફેરવાવું, અને તેના બદલામાં કંઇક બીજ શિક્ષા કરાવરાવું. તે ગમે તેવા નિર્દય હશે, પરંતુ જરૂર મારા સમજાવવાથી સજામાં કંઇક ફેરફાર કરશે. એ બાબતની મને પૂર્ણ ખાત્રી છે. બોલો તમારી શું સલાહ છે?

પઠાણની યુક્તિ ઠીક ન લાગવાથી કુમાર બોલ્યોઃ—પઠાણ ? આ તારી ધારણા પાર પડવી મુસ્કેલ છે. તારી નમ્રવાણીથી દયા લાવી પિતાજી સજામાં ઘટાડો કરે એ વાત તદ્દન અસંભવિત્ છે. કદાચ એમ ધાર કે તારા મતને અનુસરી તેમણે તેમ કર્યું, તો પણ હવે જીવતા રહેવાની કે પુનઃ નગ્રમાં પાછા આવવાની મારી બિલકુલ ઇચ્છા નથી. જે નગ્રમાં ઇશ્વર સેવા કે ભગવત્ ભજનનું નામ નથી, જ્યાં ધર્મ એ શું છે? તે કોઇ સમજતું નથી. જે નગ્ર આચાર ભ્રષ્ટ સ્ત્રી પુરૂષોનુંજ માત્ર નિવાસ સ્થાન છે તે નગ્ર નથી પણ સ્મશાન છે. તારૂં અંતઃકરણ ઉદાર, નિર્મળ, અને પાપ મુક્ત છે. પરંતુ આ નગ્રમાં ઘણો વખત રહેવાથી તેવા અધમ પુરૂષોની સંગતથી, તારી વૃત્તિઓ પણ ફરી જશે. "ઉત્તમ મધ્યમ કે અધમ અવસ્થા પ્રાપ્ત થવાનાં મુખ્ય કારણ સારો કે ખોટો સંસર્ગજ છે"

દુર્જદસિંહનો હું પુત્ર છું તેથી તે મારા તરફ દયાની નજરથી જોશે એ તારૂં ધારવું ભૂલ ભરેલું છે.

રજનિકાન્તને તે યુક્તિ પસંદ ન પડવાથી દિલગીર થઈ પઠાણ બોલ્યોઃ—મહારાજ ? પુર્વ જન્મમાં મેં કેવાં પાપ કર્મ કર્યાં હશે ? કે અત્યારે તમારા જેવા એક બીન ગુન્હેગાર, પાક, નેકી બાળકને મારા હાથથી ઠાર કરવાનો આ દુર્ઘટ પ્રસંગ મારા ઉપર આવી પડ્યો છે ? મને કંઈ સમજ પડતી નથી. સરકાર ! હું આપને છેવટની સલામ કરૂં છું તેનો સ્વિકાર કરો. આ બાબતમાં મારા જેવા એક રંક નોકર ઉપર બિલકુલ રોષ લાવશો નહીં. હું વચનથી બંધાઇ ચુકયો છું ? નિરૂપાય છું ! નિર્દોષ છું ! ! અરેરે ! આજ મારી જીંદગીનો મુખ્ય હેતુ હશે ! જે હાથથી મારા માલીકની ચાકરી કરવી જોઇએ તેજ હાથથી ઉલટો તેનું ખુન કરવાનો પ્રસંગ ! ! પુળો મુકો એ વચનમાં ! આથી તો વચન ભ્રષ્ટ થવું એ હજાર દરજ્જે ઉત્તમ છે ! તેમ કરતાં પઠાણોનું બિરદ નષ્ટ થાય તો જહાનમથી ! એક મહા પાતક કરવા કરતાં બીજાં દશ નાનાં પાતકો કરવાં પડે તો શું થયું ! બસ બસ એજ વિચાર ! એજ ઠરાવ ! એજ નિશ્ચય ! ! પઠાણને આ પ્રમાણે પશ્ચાતાપ કરતો જોઇ રજનિકાન્ત બોલ્યોઃ— પઠાણ ? મારા મોતને માટે તું આટલો બધો દિલગીર શા માટે થાય છે ? મોત તો જ્યારે દરેકને માટે છેજ ! મોતથી હું બિલકુલ ડરતો નથી ! “ મોટા મોટા સંત મહાત્માઓ મૃત્યુ લોકમાં જન્મ ધારણ કરવાની ઇચ્છા રાખે છે તેનું કારણ માત્ર એટલુંજ કે પંચ તત્વથી ભિન્ન એવા ભગવાનની ભક્તિ કરી અંતે તત્વમાંજ મળી જઇ પરમાનંદનો અનુભવ કરે. ”

પરંતુ મારે માટે તો તેમ પણ નથી. જીવતો રહીશ તો પણ હવે ભગવાનની ભક્તિ થવી એ વાત મારે માટે અશક્ય છે, તો પછી જીવવા કરતાં મરવું એજ માર્ગ મારે માટે સુલભ અને સરળ છે. પઠાણ ? તું રાજ્ય સેવક છે. સેવકનું એજ કર્ત્તવ્ય છે કે રાજ્ય આજ્ઞાનુસાર વર્તવું એટલે તારે તો તારો ધર્મ બજાવવોજ જોઇએ. દયાની ખાતર રાજ્ય હુકમનો અનાદર ન થવો જોઇએ. તું તારૂં કાર્ય ખુશીથી બજાવ. મને વીર મોતથીજ મરવું પસંદ છે. ગમે તેવો તો પણ તું નોકર ! મારો સેવક ! તારા હાથથી હું અપમાનિત્ બની કલંકિત્ નહીંજ થાઉં. શરમ, દયા, અને અન્યાય દુર કરી, વીરતાથી તારૂં કાર્ય બજાવવા તૈયાર થા.

કુમારની બહાદુરીથી અને તેની બોલવાની છટાથી પઠાણને ઘણોજ આનંદ થયો અને પોતાના મનમાં બાળરાજાની પ્રસંશા કરતો તે બોલ્યો:—મહારાજ ? આપના ગુણનું વર્ણન કરવાની મારામાં શક્તિ નથી. તમારો એક એક શબ્દ લાખ રૂપીઆની કીંમતનો છે. પાક પરવર દીગાર ! તારે ત્યાં પણ અન્યાયજ છે ! હજુ પણ વચન ભ્રષ્ટ થવાની મને પ્રેરણા કેમ કરતો નથી ? આ નિરપરાધી બાળક ઉપર તારો પોતાનોજ કોપ થયો છે કે શું ? જો તેમજ હોય, તો પછી મારી છાતીને નિર્દય બનાવ ! જીવ ! શું વિચાર કરે છે ? એક ઘાને બે ટુકડા ! !

નિર્દોષ સમશેર ! જેનું લુણ ખાધું છે, જેના વડે આટલી ઉચ્ચ અવસ્થા ભોગવું છું તે મહારાજાની આજ્ઞાનુસાર તેમનાજ બાળકના લોહીથી રંગાવા સજ્જ થા ! તૈયાર થા ! પણ આ શું ! મારા હૃદયમાં આવા વિચારો કેમ ઉદ્દ્ભવે છે ? મારા ધણી ઉપર

શસ્ત્ર ઉગામી શું કહું પાતકી બનું ? ચીરકાલ પર્યંત દોઝખનો અધિકારી બનું ? ના, ના, એમ તો કદી ન કરૂં ! !

એ મારા પાક દીલ માતા પિતા ? પોતાના વચનની સાર્થકતા માટે પોતાના અન્નદાતાનુંજ ખુન કરવા તૈયાર . થયેલો આ તમારો પાપી દીકરો તમને નમન કરે છે. તેના ઉપર કૃપા કરો. મહારાજ હવે જીવવાની આશા છોડી દયો ! મરતાં મરતાં કંઇ કહેવું હોય તો કહી દયો ! !

રજનિકાન્ત;—પઠાણ ? મારે કંઈ પણ અપેક્ષા નથી. તારા નકામા વિચારો છોડી દઇ, શસ્ત્ર ઉઠાવ, મને મારી તારૂં વચન સત્ય કરી બતાવ ! પઠાણ ? કહેવું સ્હેલ છે ! પાર પડવું મુસ્કેલ છે!! હું બાળક છું એમ સમજવામાં તારી ખરેખર ભૂલ છે. ! !

રજનિકાન્તનો આવો રૂવાબ જોઇ પઠાણ બોલ્યોઃ—બાળરાજા ? શું તમે મારી સાથે યુદ્ધ કરશો ? હજુ આ પઠાણના સપાટા જોયા નથી કે ? મને લાગે છે કે અણસમજમાંજ આમ બોલોછો. હમણાં હસવાનું ખસવું થઇ જશે. રંગ ઉપર ચઢેલો આ પઠાણ ભલભલાને પણ પાણીચું પકડાવી દે તો પછી તમારૂં તે શું ગજું ! !

રજનિકાન્તઃ—એમ છે તો અજમાવ તારૂં જોર ! તારી પાસે હથિયાર છે મારી પાસે તે પણ નથી. પરંતુ આ ઝાડની ડાળી એજ મારૂં શસ્ત્ર છે. તારી સાથે યુદ્ધમાં ઉતરી ગુરૂ કૃપાથી તારૂં અભિમાન પળવારમાં તોડી નાંખીશ એ નક્કી સમજજે !

પઠાણઃ—વાહરે મારા બાળરાજા ! શી તમારી હીંમત ! એ શમશેર !

ઘણા ઘણા વિરયોદ્ધાઓના રક્તથી તૃપ્ત થયેલી શમશેર ! હજુ તારી ક્ષુધા જોઇએ તેવી તૃપ્ત થઇ નથી? આ કુમળા બાળકના લોહીની તું હજી તરશી છે?

રજનિકાન્તઃ—પઠાણ ! શાનો વિચાર કરે છે? તુ એમ ન ધારીશ કે, આ બધો ખાલી લવારોજ છે? લાવ તારી શમશેરનું મ્યાન મારા હાથમાં, અને થઈ જા સામો !

આટલું બોલતાંજ પઠાણ હાથમાંથી તરવારનું મ્યાન ખેંચી લઇ રજનિકાન્ત તેના ઉપર ધસી આવ્યો. તેની આવી બહાદુરીથી પ્રસન્ન થયેલા પઠાણે તેને એકદમ ઉંચકી લીધો, અને બોલ્યોઃ—વાહરે વાહ ! અત્યારે આ સુરત કેવી જણાય છે ! ચહેરા ઉપર વીરરસની છાયા કેવી છવાઇ રહી છે ! મહારાજ ? હું આપનો ગુલામ છું ! મારા વચનમાં આગ લાગો ! લાય લાગો પઠાણના ઇમાનમાં ! કોલમાં ! !

શમશેર ! શમશેર ! શત્રુઓનાં લોહી પીનારી તું શમશેર ! અત્યારે અન્નદાતાનું લોહી પીવા તરશી થઇ છું તે પણ તુંજ સમશેર ! તું કોઇની યાર નથી ! તારી યારીમાં સાર નથી ! જા ! એ ચકચકિત્ જણાતી શમશેર ! મારી પાસેથી દુર થા ! ! આટલું બોલતાંજ પઠાણે તુરત હાથમાંથી તરવાર ફેંકી દીધી.

" હા, હા ! પણ આટલું બધું શામાટે ? ફક્ત આ પાપી પેટની ખાતર ! જો પેટની પરવા ન હોય તો શા માટે મારે કલંકિત્ બનવું પડે. એક નિર્દોષ કુમળા પુષ્પને ચુંટી નાંખી મને બીજો શો મોટો લાભ મળવાનો છે? ફક્ત પૈસા છટ છટ નજોઇએ ! એમ બોલી પઠાણ રજનિકાન્તના ચર્ણમાં નમી પડયો.

તેને આ પ્રમાણે નમન કરતો જોઈ રજનિકાન્ત બોલ્યોઃ—

ઓ મહાન્ ઉદાર પઠાણુ ! દયાળુ પઠાણુ ! નિમકહલાલ પઠાણુ ! અત્યારે હું ગુનેહગાર છું. મને નમન ન કર ! સત્યનો માર્ગ ગ્રહણુ કરવામાં અડગ નિશ્ચયવાળા પઠાણુ ! શાબાશ છે તને ધન્ય છે તારાં માત પિતાને ! ! તું જ્ઞાતિનો તો યવન છે, પરંતુ તારાં આચરણો બ્રાહ્મણથી પણ શ્રેષ્ઠ છે. " જેનાં આચરણ શ્રેષ્ઠ છે, તેને જ્ઞાતિનો કંઇ બાધ નડતો નથી. દિવ્ય દેહી વાલ્મીકી, વિશ્વામિત્ર. વશીષ્ઠ, નારદ, શૃંગી, વ્યાસાદિ મહાત્માઓ શુદ્ધ આચરણથીજ શ્રેષ્ઠ પદ મેળવવા ભાગ્યશાળી થયા છે ! " યવન હોવા છતાં શુદ્ધ આચરણથી તું પણ એક મહાત્માજ છે ! અંતે શ્રેષ્ઠ પદનોજ અધિકારી છે ! !

પઠાણઃ—મહારાજ ? હું તમને તમારૂં જીવન અર્પણ કરૂં છું. આજથી કદી નગ્રમાં આવશો નહીં. અરણ્યમાં રહી ખુદાનું ભજન કરી, મુક્તિનો માર્ગ સરળ કરી લેજો. તમે જીવતા છો એ વાત રાજ્યનું કોઇ માણસ ન જાણે તેને માટે સાવચેત રહેજો. નહીંતો નાહક આ પઠાણ માર્યો જશે હવે હું જાઉં છું. મારે માથે એક બીજુું જરૂરીયાતી કામ કરવાની જવાબદારી છે. તે પૂર્ણ કર્યા બાદ નોકરી છોડી દઇ, હમેશાં તમારી સેવા ચાકરી કરવા હું તુરતજ પાછો આવું છું. ભવિષ્યમાં કદાચ મળાય કે ન મળાય, માટે આ છેલ્લીજ મુલાકાત છે એમ સમજજો. જીંદગી પર્યંત મારૂં નામ આપના હૃદયમાં કાયમ રહે તેટલા માટે હું તમને આ મારી શમશેર આપું છું તેનો સ્વીકાર કરો ?

પઠાણના આ શબ્દો સાંભળી રજનિકાન્ત બોલ્યોઃ—વહાલા પઠાણુ ? તારી શમશેર તારી પાસે રહેવા દે. મારે તેની જરૂર નથી શમશેર શિવાય પણ આ તારો ઉપકાર હું કદી ભુલનાર નથી. તારૂ

પવિત્ર નામ અત્યારથી મારી જીંદગી પર્યંત મારા હૃદયમાં કાયમજ રહેશે. જે સર્વનો રક્ષણ કર્ત્તા છે, તેનો મને પૂર્ણ ભરૂસો છે. તારી શમશેર મારે શું કામની છે!

"જેનું હૃદય અને ભાવનાઓ શુદ્ધ છે તેને અરણ્યમાં હીંસક પ્રાણીઓથી ડરવાનું કંઈ કારણ નથી." હવે ફક્ત મારી ઈચ્છા...

"શી ઇચ્છા છે મારા બાળરાજા? જે હોય તે કહી દયો?" પઠાણે ઉત્સાહ પૂર્વક કહ્યું.

રજનિકાન્તઃ—પઠાણ? કહેવાનું એટલુંજ કે આ સર્વ વૃતાંત છુપી રીતે મારી માતાને જણાવજે. તે બિચારી મારૂં મરણ થયું હશે. એમ માની દેહ ત્યાગ કરશે. પરંતુ જો હું જીવતો છું એમ તે જાણશે તો તેને કંઇક આનંદ થશે. મારા તરફની ચીંતાથી મુક્ત થશે. અને ભવિષ્યમાં કોઇ દિવસ મારો ને તેનો મેળાપ થશે તો તે વખતની અમારી .આશિષ સદાને માટે તારૂં કલ્યાણ કરશે.

પઠાણઃ—મહારાજ? તે બાબતની કંઇ ચીંતા રાખશો નહીં. નગ્રમાં ગયા બાદ આ વૃતાંત જરૂર તેમને કહીશ. હવે હું જાઉંછું. મારા છેવટના પ્રણામ છે.

રજનિકાન્તઃ—હા, જા, ખુશીથી જા. મારી માતાને તારાથી બને તેટલી જોઇતી મદદ આપજે. તેના અધીર હૃદયને આશ્વાસન આપજે.

આ પ્રમાણે વાતચિત કરી બંન્ને એક બીજાથી છુટા પડયા. અને ઇચ્છાનુસાર જુદે જુદે માર્ગે ચાલી નીકળ્યા.

પ્રકરણ ૧૩ મું.

પાપના પડઘા.

" તદ્બીરથી કીધેલ જે, કૃત્યો કુડાં ભુતકાળનાં; "
" ભુત રૂપથી ભય આપતાં, છુપાયલાં થઇને છતાં; "
" વૈભવ અને વિલાસથી, મલકાઇ મનમાં મસ્ત રે, "
" પણ પાપના પડઘા પરેથિ સ્વલ્પ શાન્તિ ના મળે. "
" ભ્રમણા તરંગે ઝુલતાં, ધરણી નિહાળે ધ્રુજતી, "
" નિંદ્રા બને વેરી છબી, ભુતકાળની તરી આવતી, "
" બેઠું તરૂપર પંખીડું, ચોપાસ દવ ભડભડ બળે, "
" ઉગારનારૂં કોણ ? બળતી આગને ઠંડી કરે. "

" સંસારના શ્વેત પડદાનું કોઇ દિવસ પણ જેણે દર્શન કર્યું નથી. અને કાળાપટ ઉપરજ નિરંતર પોતાનાં

પગલાં વધાર્યે ગયો છે તેને પોતાના તેવા અનુચિત્ પ્રયત્નોનું અંતીમ બિંદુ "કાળ" જ દેખાય તેમાં આશ્ચર્ય શું"

" વિષયી, ચંડાળ; વિશ્વાસ ઘાતી અને દગલબાજ મનુષ્યોને નિંદ્રા પણ સુખે સુવા દેતી નથી. તેનું હૃદય જ તેને ડંખે છે. અને કુદરત પણ તેનાં અધમ કૃત્યોથી નારાજ થઇ, તેનાં કાળાં કર્મનો સાદ્રશ્ય ચીતાર સ્વપ્નમાં પણ તેની દ્રષ્ટિ સમીપે રજુ કરે છે. પાપીને પોતાના પાપના પડઘા પડઘમ પેઠે નિરંતર સંભળાય છે ? "

૨૧

જય કુમાર રજનિકાન્તથી છુટા પડેલા પઠાણે નગ્રમાં પાછા જવાનો વિચાર માંડી વાળ્યો. કારાગૃહમાં પુરાયલી રાજ્યરાણીને કોઈ પણ રીતે આ વાત કહી શકાય તેમ નથી. તેમજ અત્યારે કોઇપણ રીતે મદદ પણ કરી શકાય તેમ નથી. માટે પાસે રહી દુઃખ જોવા કરતાં તેનાથી દુરજ રહેવું વધારે સારૂં છે. એમ સમજી રાજ્ય પુત્રના મરણના બનાવટી સમાચાર સેનાધિપતિને પહોંચડાવી પોતે યોગિરાજની શોધમાં નીકળી પડયો.

વાંચકો પ્રથમથીજ જાણે છે કે, દિવાન દક્ષરાજને સેનાધિપતિ

વિલાસભવનમાં પોતાની સાથે લઇ ગયો હતો, અને ત્યાંજ એક કોટડીમાં તેને કેદી તરીકે રાખવામાં આવ્યો હતો. આ કોટડીની ચારે બાજુની ભીંતો ઘણી મજબુત હતી. અજવાળું આવવા માટે એક જાળીયું મુકેલું હતું. દિવાનને અન્ન પાણી તે કોટડીમાંજ મોકલી આપવામાં આવતુ હતું.

આવી રીતે કેદી તરીકે બંધનમાં પડેલો દક્ષરાજ; રાજ્યકુમાર, યોગિરાજ શીળવતી તેમજ પોતાના કુંટુંબની સ્થિતી શી હશે? તેને માટે અનેક પ્રકારના તર્ક વિતર્કો કરતો બેઠેલો હતો. પુર્ણિમાની અજવાળી રાત્રિ હતી. જાળીયામાંથી ચંદ્રમાનો કંઇક પ્રકાશ કોટડીમાં પડતો હતો. તેમજ મંદમંદ પવન પણ આવ્યે જતો હતો. એવામાં મધ્યરાત્રિને સમયે કોઇનો પગરવ સંભળાયો. દક્ષરાજ ઉઠયો. જાળીમાંથી બહાર નજર કરી જોવા લાગ્યો. તો કોઇ માણસ તેને બોલાવતો હોય એમ લાગ્યું. અત્યારે મધ્યરાત્રિને સમયે મને બોલાવનાર આ માણસ કોણ હશે ? આ વિચારમાં દિવાન નિમગ્ન બની ગયો. એટલામાં તો તે માણસ છેક નજીક આવી પહોચ્યો.

આ ભયંકર બનાવ જોઇ દિવાન ગભરાયો. અને તરતજ પોતાના બિછાના ઉપર જઇ સુઇ રહ્યો. વિચારમાં ને વિચારમાં તેને સ્હેજ નિંદ્રા આવી ગઈ. નસકોરાંના થતા અવાજથી દિવાન ઉંઘી ગયો છે. એમ ખાત્રી થવાથી, છુપી રીતે પેલો માણસ કોટડીમાં દાખલ થયો. અને તેને ઢંઢોળી જાગૃત કર્યો.

વાંચકો ! આ માણસ બીજો કોઈ નહીં, પરંતુ મૃત્યુબાદ અધોગતિ થયેલી હોવાથી, પિશાચનારૂપમાં આવેલો આ વિરતનયાનો પ્રિય પિતાજ હતો.

ચારે પાસ બંધ કોટડી હોવા છતાં આ માણુસ શી રીતે અંદર આવ્યો ? તે દિવાનને કંઇ સમજાયું નહી તેણે ડરને લીધે મોટી ચીસ પાડી, અને એકી નજરે તેની સામે જોતો સ્તબ્ધ બની ઉભો રહ્યો.

મને જોવાથી તે ગભરાઇ ગયો છે એમ સમજી તેને છાતી સરસો ચાંપી તે પિશાચ બોલ્યોઃ દિવાન ? બ્હીશ નહીં ! ડરીશ નહી ! ગભરાઇશ નહીં ! મને જોઇ કોઇ રીતે શંકા લાવીશ નહીં !! તું આ કારાગૃહમાં શી રીતે આવી પડયો છે તે સર્વ વૃતાંત હું જાણું છું. અને તને આ અસહ્ય દુઃખથી મુક્ત કરવા માટેજ હું અત્યારે આવ્યો છું. જો કે હું મનુષ્યનું રૂપ ધારણ કરી આવેલો છું, પરંતુ વાસ્તવિક રીતે તો હું એક પિશાચ છું. આ નગ્રનો રાજા દુર્મદસિંહ અને સેનાધિપતિ મન્મથરાય મારી દીકરી વિરતનયાના તેમજ મારા મૃત્યુના કારણ રૂપ છે. તે બદમાશોના આ કૃત્યનો બદલો લેવાની તીવ્ર ઇચ્છા મરતી વખતેજ અમારા બન્નેના હૃદયમાં ઉદ્ભવેલી છે તેથીજ મારે તેમજ મારી છોકરીને આવી અધમ યોનિમાં જન્મ લેવો પડયો છે.

પિશાચના આ શબ્દો સાંભળી દિવાનને કંઇક ધીરજ આવી. પરંતુ તેનામાં એક શબ્દ પણ બોલવા જેટલી શક્તિ રહી નહોતી. તેથી પ્રયત્ન કરવા છતાં તેનાથી કંઇ પણ બોલી શકાયું નહીં. તેથી પિશાચરૂપે આવેલો વિરતનયાનો પિતા પુનઃ બોલ્યોઃ--દિવાન બીકને માર્યે તારાથી કંઈ પણ બોલી શકાતું નથી. કંઇ હરકત નહીં. મારે તારી પાસેથી કંઇ પણ જાણુવાની ઇચ્છા નથી. હું તો માત્ર તને છુટો કરવાજ આવ્યો છું. તેથી આ તારી બેડીઓ તોડી નાંખી તને

મુક્ત કરૂં છું. હવે તું અત્રેથી આ શીલભદ્રા તેમજ મદનપુરીની વચ્ચે આવેલાં ક્રૌંચ નામના અરણ્યમાં સીધો ચાલ્યો જજે. ત્યાં તને રાજ્યકુમાર રજનિકાન્તનો મેળાપ થશે. પરંતુ મારા ને તારા અત્યારના આ મેળાપની વાત ગુપ્ત રાખજે. જા ! કહ્યું તે માર્ગે રવાના થા ! ! આટલું બોલતાંજ તે પિશાચ અદશ્ય થઇ ગયો. દિવાન અન્ય કંઈ પણ વિચાર ન કરતાં પિશાચની સુચના મુજબ ક્રૌંચારણ્ય તરફ વિદાય થયો.

સવાર પડતાંજ દિવાન નાશી ગયાની, તેમજ રાજ્યકુમારને ઠાર કર્યાની ખબર સેનાધિપતિને મળી. તુરતજ તે રાજા પાસે વિલાસભવનમાં આવ્યો. અને સર્વ વૃત્તાંત રાજાને જણાવી દીધો.

રજનિકાન્તને ઠાર કરી પઠાણ યોગિની શોધમાં ગયો છે એ વાતથી રાજાને હર્ષ થયો, પરંતુ દિવાન નાશી ગયાના સમાચાર સાંભળી તેની મુખમુદ્રા મ્લાન બની ગઇ. સેનાધિપતિ ખબર કહી, એકદમ પોતાના મુકામ તરફ પાછો વળ્યો.

આમ કરતાં દિવસ વ્યતિત થઇ ગયો. રાત્રિ પડી. રાજા પોતાના પલંગ ઉપર સુઈ ગયો. પરંતુ તેને બિલકુલ નિંદ્રા ન આવી. અનેક પ્રકારના તર્ક વિતર્કો તેના હૃદયમાં અત્યારે ઉદ્ભવવા લાગ્યા. " રાણી શીળવતીને મેં કારાગૃહમાં નાંખી પરંતુ તે ખરેખર અપરાધી છે કે નહીં ? તેજ પ્રમાણે રજનિકાન્તનો વધ કરાવ્યો તે કાયદેસર છે કે નહીં ? યોગિનું ખુન કરવા પઠાણને આજ્ઞા કરી તે વ્યાજબી છે કે નહીં ? દક્ષરાજ મને છેતરીને છાનામાનો સટકી ગયો તે તેણે યોગ્ય કર્યું છે કે નહીં ? વિરતનયા ઉપર બળાત્કાર કરવાથી તેણે આત્મઘાત કર્યો, તેમજ તેના વિયોગે ટળવળીને તેના

વૃદ્ધ પિતાએ પણ પોતાનો દેહ ગુમાવ્યો આ બન્નેના મૃત્યુનો દોષ મારે શીર ખરો કે નહીં ? ઇત્યાદિ અનેક પ્રકારના વિચારોથી તેની આંખ ફાટીને ફાટી રહી હતી. તેવામાં તેના પલંગ નીચે કોઇ માણસ હોય એવો ભાસ થયો. તેની ખાત્રી કરવા તે ઉઠયો. પલંગ નીચે જોવા લાગ્યો. પરંતુ કંઈ જણાયું નહીં, તેથી પાછો ઉપર ચઢી આડો થયો. થોડીવારમાં પુનઃ ખડખડાટ થવા લાગ્યો. પુનઃ ઉતરીને જુએ છે તો કંઇ નહીં. આ પ્રમાણે ચાર, પાંચ વખત બન્યું. રાજા કંટાળી ગયો. આ અદ્દ્ભુત પ્રકાર જોઇ ગભરાઈ ગયો. પરંતુ વીર પુરૂષ હોવાથી પાછો સ્વસ્થ થયો. અને પલંગ ઉપરથી ઉઠી શયનગૃહમાં આમ તેમ આંટા મારવા લાગ્યો. રાત્રિનો ઘણો ખરો વખત તેણે આ પ્રમાણે વ્યતિત કર્યો. અંતે થોડી ઘણી નિંદ્રા લેવાના ઈરાદાથી તે પાછો પલંગપર આવી સુતો. આ વખતે તેની આંખ સ્હેજ મળી ગઈ જોતજોતામાં રાત્રી પસાર થઈ પ્રભાત થયું.

બીજે દીવસે રાત્રે લગભગ દશ વાગ્યાને સુમારે રાજા વિલાસ ભવનના બગીચામાં આમ તેમ આંટા મારી રહ્યો હતો. ચંદ્રના તેજસ્વી પ્રકાશથી, ધરણી માતાએ રૂપેરી વસ્ત્ર ધારણ કર્યું હોય એમ ભાસ થતો હતો. ચારેબાજુ દ્રષ્ટિ ફેરવતો રાજા. બગીચાની રમણિય શોભાનું અવલોકન કરી રહ્યો હતો. એટલામાં સામેથી કોઈ બે મનુષ્ય આવતાં હોય તેવો આભાસ થવા લાગ્યો. આમ તેમ જોઇ સ્વસ્થ બન્યો. ચક્ષુ સમીપે પાછો તેનો તેજ ચીતાર રજુ થયો.

આ બે મનુષ્યો પૈકી એક સ્ત્રી હતી. તેણે પોતાના શરીર ઉપર રેશમી વસ્ત્ર ધારણ કરેલું હતું. મોં ઉપર બુરખો નાંખેલો હતો. રૂપેરી કિનારીથી શુશોભિત જણાતું તેનું રેશમી વસ્ત્ર તેના પગની

પાની સુધી આવી રહેલું હતું. પગમાં ઝાંઝર પહેરેલાં હતાં. મંદમંદ ચાલવાથી તેનો ધીમો અવાજ સંભળાતો હતો.

સાથેના બીજો મનુષ્ય અનુમાનથી તેના નોકર જેવો જણાતો હતો. તેણે સ્વચ્છ ધોળો પોષાક પહેરેલો હતો. પગમાં ચંપલ પહેર્યાં હતાં. હાથમાં જાડો દંડો ઝાલેલો હતો. બોકાની બાંધેલી હતી. આ-વી રીતના પોષાકમાં સજ્જ થયેલા તે મનુષ્યને સાથે લઇ પેલી ત-રૂણ સ્ત્રી રાજાની છેક નજીક આવી ઉભી રહી. અને અદબથી હાથ જોડી, દીનવાણીથી બોલી:—મહારાજ? મારૂં રક્ષણ કરો! હું એક નિરાધાર અબળાછું! આપની ખ્યાતિ સાંભળી અત્રે આવીછું. મારી ઇચ્છા પુર્ણ કરો!

ભર યોવનમાં આવી રહેલી આ યુવતિના, આવા નિરાશા યુક્ત શબ્દો સાંભળતાંજ, આ સ્ત્રી કોઇ અનાથ છે એમ સમજી રાજા પોતાનો ભાગ્યોદય માનવા લાગ્યો. પરંતુ રાત્રિને વખતે નિડરપણે તેને અત્રે આવવાનું પ્રયોજન શું હશે? તેમજ તે સ્ત્રી કોણ હશે? તે જાણવા ખાતર રાજા બોલ્યો:—સુંદરી? તમે કોણ છો? કોઈ દેવાંગના છો કે મૃત્યુલોકની સ્ત્રી છો? રાત્રિને સમયે એકલાં અહીં સુધી આવવાનું કારણ શું છે? પ્રથમ તમારી સર્વ હકીકતથી મને વાકેફ કરો?

રાજાના પ્રશ્નના પ્રત્યુત્તરમાં તે સ્ત્રી બોલી:—રાજા? હજુ તે-મને ન ઓળખી? ખરેખર! પુરૂષ જાતને નિચ કહે છે તે વાત સત્ય છે! એક વખત તેં મને તારૂં સર્વસ્વ અર્પણ કર્યું છે, છતાં અત્યારે તું તે વાત ભૂલી જાય છે? કેવું આશ્ચર્ય! જાણવા છતાં વળી કારણ પુછે છે.

આ સુરાંગના તુલ્ય સુંદરીના ઉદ્દગારો સાંભળી, રાજા આશ્ચર્ય ચકિત્ બની ગયો. આ સ્ત્રી કોણ હશે તેનો મનમાં વિચાર કરવા લાગ્યો. પરંતુ કંઇ પિછાન ન પડવાથી તે પુનઃ બોલ્યોઃ—ઓ દેવાંગનાં સમ અનુપમ સુંદરી ! તમે કહો છો તે વાત મને સત્ય લાગતી નથી. મેં કોઇ દિવસ તમને જોયાં નથી, તેમ ઓળખતો પણ નથી. છતાં તમે કોણ છો કે તેં મને વચન આપ્યું છે. તે કેમ કરીને મનાય ! છતાં એ વાતની કંઈ સાબિતી આપી શકતાં હો, તો મારૂં આપેલું વચન પૂર્ણ કરવા હું તૈયાર છું. પરંતુ પ્રથમ તેની સાબિતી માટે તમારા મોં ઉપરથી બુરખો કાઢી નાંખો. જો મેં તમને કોઇ દિવસ પણ જોયાં હશે, તો તમારૂં મુખ જોતાંજ હું તમને ઓળખી કાઢીશ.

રાજાનું આ ભાષણ સાંભળી તે સ્ત્રી બોલીઃ—રાજા ? મારા મોં ઉપરથી બુરખો કાઢી નાંખવાની વાત કરીશ નહી. આ મારી પાસે ઉભેલા માણસ તરફ નજર કર. તેને ઓળખશે તો પછી મારૂં ઓળખાણ તુરતજ પડશે. અને કદાચ તેનું પણ ઓળખાણ તને ન પડે તો પછી વગર બોલ્યે ચાલ્યે મારી માગણીનો સ્વિકાર કરજે નહીંતો પુનઃ મને તે બાબતનું વચન આપજે. એટલે તુરતજ હું મારો બુરખો કાઢી નાંખીશ.

તેના કહેવા પ્રમાણે રાજા તે માણસને નિહાળી નિહાળી જોવા લાગ્યો. પરંતુ તેનું પણ કંઈ ઓળખાણ ન, પડયું, આથી તે દિલગીર થઇ ગયો. અને હવે શું કરવું ! તેને માટે પોતાના મન સાથે વિચાર કરવા લાગ્યો. ” જો કદાચ તેનો બુરખો કાઢી નંખાવવા માટે હઠ પકડી ને બેસું તો તે નાશી જાય ! અને બુરખો કાઢી ન

નંખાવતાં વગર ઓળખાણ પિછાને તેની માગણીનો સ્વિકાર કરૂં તો મહા અનર્થ થાય ! ત્યારે શું કરવું ! આ ગોટાળાંમાં કંઇ સમજ ન પડવાથી તે બોલ્યો :– સુંદરી ? તમે ગમે તે હશો, તમારા કહેવા પ્રમાણે અગાઉ આપણો કોઇ દિવસ મેળાપ થયો હશે, એ વાત હું સત્ય માનું છું. તમારો બુરખો કાઢીનાંખવાની ઈચ્છા ન હોય તો ભલે રહેવા દયો. તમારાં આ મોહક નખરાં જોઈ, મારૂં મન હવે કબજે રહેતું નથી, અને તેથીજ હું તમારી માગણીનો વગર આનાકાનીએ સ્વિકાર કરૂંછું. તમે કહેશો તેમ કરવા તૈયાર છું હવે તમારો બુરખો ઉતારી નાંખો! તમારા પ્રફુલ્લિત મુખ પંકજનાં દર્શન કરાવી ભોગી ભ્રમરને કૃતાર્થ કરો. આમ બોલી તેને પોતાની તરફ ખેંચી તેને ચુંબન કરવાના ઇરાદાથી વિષયી દુર્મદસિંહે તેનો બુરખો પોતાના હાથેજ દુર કરવાનો વિચાર કર્યો. રાજાની આવી અધીરાઇ જોતાંજ તે સ્ત્રીએ પોતાનો બુરખો પોતાની મેળેજ કાઢી નાંખ્યો. બુરખો કાઢતાની સાથેજ રાજાએ તે સ્ત્રીને પુર્ણ રીતે ઓળખી ઓળખતાંજ તે આવરો બાવરો બની ગયો.


એકક્ષણ પુર્વે વિષય લાલસામાં લપટાઈ જે રાજા તે સ્ત્રીને ચુંબન કરવા અધીરો બની ગયો હતો તે અત્યારે થરથર કંપવા લાગ્યો. તે સ્ત્રીના વક્ષ; સ્થળને સ્પર્શ કરવાના ઇરાદા વાળો રાજા અત્યારે શકિતહિન્ બની ગયો. જે નેત્ર તે સ્ત્રીનાં દર્શન કરવા અધીરાં બની રહ્યાં હતાં તે નેત્ર તેને જોતાંજ અત્યારે મીંચાઇ ગયાં તેનાં સર્વ ગાત્ર શીથીલ બની ગયાં. ચહેરા ઉપર પરસ્વેદનાં બિંદુ જણાવા લાગ્યાં.

જે સ્ત્રીનાં દર્શનની અભિલાષામાં રાજા અધીરો બની ગયો હતો તે સ્ત્રી બીજી કોઇ નહીં પરંતુ પિશાચની યોનિમાં પડેલી વિરતનયાજ હતી. સાથે તેનો વૃદ્ધ પિતા હતો.

રાજાને આવો ભયભિત થયેલો જોઈ તે બોલીઃ—રાજા ? હવે કેમ ગભરાય છે ? શામાટે ભયભિત થાય છે ! એકવખત જેનું પતિવ્રત ભ્રષ્ટ કરવા તું વ્યર્થ પ્રયત્ન કરતો હતો, તેજ હું વિરતનયા છું ! જેના ઉપર તેં બળાત્કાર કરવાની તૈયાર કરી હતી, તેજ હું વિરતનયા છું! પોતાના શિયળ સંરક્ષણાર્થે પોતાનો અમુલ્ય દેહ જેણે ગુમાવ્યો હતો તેજ હું વિરતનયા, અત્યારે તારી ઇચ્છા પુર્ણ કરવા આવીછું. મારી સાથે ખુશીથી વિષય ભોગ ભોગવ ! તારી ઇચ્છાને તૃપ્ત કર ! વિલંબ શા માટે કરે છે ? ઓ કુટીલ કાગડા ! ઓ કામાંધ કુતરા ! વિષય મદમાં ઘેલો બની, મારા તેમજ મારા પિતાના મૃત્યુને માટે કારણભુત થયેલા પાપી ? કરેલા કર્મનાં ફળ હવે કેવાં મળેછે તે જોયા કરજે ! તારાં કાળાં કર્મનું વેર લેવા માટેજ અમારે આ પિશાચ જેવી એક અધમ યોનિમાં અવતાર લેવો પડયો છે ! એ વાત ખાસ યાદ રાખજે.

વિરતનયાનું ભાષણ પુરું થતાંજ તેનો પિતા રાજા પ્રત્યે બોલ્યોઃ- રાજા ? હવે સંભાળજે ! તારૂં અને તારા સેનાધિપતિનું જે ચાતુર્ય હોય તે હવે બતાવજે ! ખુનનો બદલો ખુનથીજ લઇશું ! અમે તે કામની શરૂઆત કાલ રાત્રિથીજ કરવા માંડી છે. કાલે શયનગૃહમાં તારા પલંગ નીચે પણ હું પોતેજ હતો. આજ તારો ને મારો બીજી વખતનો મેળાપ છે! હવે જોઉંછું કે તું અને તારો સેનાધિપતિ તમારો બચાવ શી રીતે કરી શકો છો ! તમારૂં મોત આ મારી મુઠ્ઠીમાંજછે !

આટલું બોલતાંજ તે વૃધ્ધે પોતાની પાસેનો લઠ્ઠ ઉઠાવી રાજાના માથામાં માર્યો, અને તેનું મોં ડામર લગાવી કાળું કર્યું. બાદ તે બંન્ને જોત જોતામાં અદ્રશ્ય થઇ ગયાં. રાજા બનેલી બાબતથી પશ્ચાતાપ કરતો વિલાસ ભવનમાં ચાલ્યો ગયો. સવાર પડતાંજ પરાણે પરાણે જેમ તેમ કરી ડામરથી કાળું થયેલું મોં સાફ કર્યું. રાત્રિની બનેલી બીના સાંભળી આવવાથી તે ઓશીઆળા જેવો બની ગયો. તેનું ચિત્ત ભ્રમીત થઇ ગયું—અને તેજ દિવસથી રાજા દુર્મદસિંહ માંદગી ના બિછાનામાં પડયો.





પ્રકરણ ૧૪ મું.

શીળ રક્ષા.

" ગર્દભ ગાય ન થાય, કાગ નહીં હંસ થવાનો "
" દુઃખી થાય પણ દુષ્ટ દુષ્ટતા નહીં તજવાનો. "
" ખોટાથી ખુશ થાય, ગુણ ગીધ શિયાળવાનો. "
" વિષય કીટક પણ એમ, વિષય વિખથી ભરવાનો. "
" વાંકી પુંછડી શ્વનની, સીદ્ધિ ન શ્રમથી થાય છે. "
" પાપી કદી સુધરે છતાં, પળ વિતતાં પલટાય છે. "

" અબળાઓની દુર્બળ અવસ્થામાં પણ શત્રુઓનું અપૂર્વ સામર્થ્ય વિજય ઘોષણાઓનું જયલાલિત્ય પ્રાપ્ત કરી શકતું નથી. અબળાઓની યત્કીંચિત્ ઉપેક્ષા કરશો નહીં. સતિનો સહજ આન્તરિક ઉચ્છવાહ ઈષ્ટ પ્રતિના ઇશારા

માત્રથી, નિર્જન અરણ્યમાં પણ મહાન્ ક્ષત્રિય યોદ્ધાઓની ઉત્પત્તિ કરી શકે છે.”

“ વિષયાંધ વિર પુરૂષોનાં બળાત્કાર રૂપી બાંણુ, જેના વજ્રલેપિત્ હૃદયમાં કંઇ પણ છેદ્ર પાડી શકતાં નથી, કામાગ્નિનો અપરિમિત્‌તાપ્ર જેના અંતઃકરણને બાળી શકતો નથી, અને સંસારના અનેક પ્રલોભન યુકત વિષયો જેના મનને ચંચળ બનાવી શકતા નથી. તેવી આર્ય કુળ લલના ગણોના ઊછંગે આપણા આકાશી દેવતાઓ પુત્રવત્ રમણ કરી, અખિલ વિશ્વને આનંદિત્ કરી મુકે છે.

નગરમાં ચારે તરફ દિવાન દક્ષરાજની શોધ સેનાધિપતિ ચલાવી રહ્યો હતો. એટલામાં દુર્મદસિંહની માંદગીના સમાચાર તેને મળ્યા. પરંતુ તેને માટે ઔષધોપચારની તજવીજ ન કરતાં, તેમજ તેને મળવા ન જતાં સેનાધિપતિ પોતાની ખટપટમાંજ મચ્યો રહ્યો.

રાત્રીને વખતે શીળવતીને એકાંતમાં મળવાના ઇરાદાથી તે તુરંગમાં દાખલ થયો. તેને પોતાની સામે ઉભેલો જોઇ શીળવતીની મુખમુદ્રા ઉપર ગુસ્સાનો આભાસ જણાવા લાગ્યો.

રાણીના ગુસ્સાનું કારણ હું પોતેજ છું, ગમે તેટલી પણ તે રાજ્યરાણી છે. તેથી બળાત્કાર કરી, મારી મન કામના પૂર્ણ કરવી એ વાત મુશ્કેલ છે. તેમજ તેના રાજ્યની હદમાં મારૂં ધારેલું કાર્ય સફળ થવું કઠિન છે. આમ વિચાર કરતાં એક યુક્તિ સુઝી આવવાથી તરતજ **શી**ળવતી તરફ દૃષ્ટિ કરી તે દુરાચારી સેનાધિપતિ વિનય યુક્ત શબ્દોમાં બોલ્યો:- મહારાણી! રાજ્ય આજ્ઞા પ્રમાણે કાર્ય કરવામાં હું બિલકુલ દોષિત્ નથી. છતાં કદાચ તમે તેમ માનતાં હો, તો તેમાં તમે ખરેખર ભૂલજ કરો છો. તે વખતનો પ્રસંગ જુદો હતો. સમયોચિત્ વર્તન રાખ્યા શિવાય છુટકો નહોતો. કૃપા કરી અત્યારે તે પ્રસંગ ભૂલી જાઓ. તે કૃત્યને માટે હું તમારી પાસે ક્ષમા માગું છું. હું તો તેમ કરવા બિલકુલ ખુશી નહોતો. પરંતુ રાજાની સમક્ષ મારાથી આનાકાની કેમ કરી શકાય? ગઈ ગુજરી વાત ન સંભાળશો. બનવા કાળ બની ગયું. પરંતુ અત્યારે તમે કહો તેમ કરવા તૈયાર છું.

સેનાધિપતિના શબ્દો સાંભળી **શી**ળવતી બોલી:--મારે હવે કહેવાનું કે કરવાનું શું છે? એક મૃત્યુ શિવાય હવે દુનિયામાં મારે કંઇ પણ અપેક્ષા નથી. બન્ને પુત્રો ગયા. પતિએ પણ કલંકિણી ગણી ત્યાગ કર્યો. હવે મારે આ દુનિયામાં શું રહ્યું?

શીળવતીનું આ નિરાશા યુક્ત ભાષણ સાંભળી સેનાધિપતિ બોલ્યો:—રાજાના ગુસ્સાને શાન્ત કરી તમારા ઉપર દયા કરવા તેમને સમજાવવું એ વાત હવે મારી શક્તિની બાહેર છે. તેમજ રાજા પુનઃ તમારો સ્વિકાર કરે એમ પણ બનવું અશકય છે. તેમજ જેને જોઇ તમારો આત્મા કંઇક પ્રસન્ન રહેતો હતો, તે બાળરાજા **રજનિકાન્ત** પણ ફરીથી.

રજનિકાન્ત એ શબ્દ સાંભળતાંજ શીળવતીના નેત્રમાંથી અશ્રુ પ્રવાહ શરૂ થયો. અને ઉદ્દાસીત્ ચ્હેરે તે બોલીઃ--સેનાધિપતિ ? ભલે ગમે તે થયું ! હવે મારી પાસે આવી ફરીથી તે વાત સંભળાવી મને દુઃખીને દુઃખી ન કરીશ. તમારાં સર્વનાં હૃદય પાષાણુનાં છે. તેમાં દયાનો અંશ માત્ર પણ નથી. ભલે રાજા મારો સ્વિકાર ન કરે. મને દુ;ખી કરવાથી, મારો ત્યાગ કરવાથી જો તેમને સંતોષ મળતો હોય તો ભલે મને ન બોલાવે, પરંતુ મને આ કારાગૃહમાંથી મુક્ત કરી, કોઇ એકાંત સ્થળમાં રહેવા દે. એટલી ગોઠવણુ જો રાજા તારૂં કહેવું માન્ય કરે તો કર. એજ મારી માગણી છે.

સેનાધિપતિઃ—તમે મને દુસ્મન તરીકે માનો છો, અને માનો તેમાં હું ના કહી શકતો નથી, પરંતુ મેં તો અત્યાર સુધી મારૂં કર્ત્તવ્ય શુદ્ધ અંત;કરણથી બજાવ્યું છે તમારો પ્રાણુ લેવા તૈયાર થયેલા રાજાને તેમ કરતાં પણુ મેંજ અટકાવ્યા છે. એ નક્કી સમજજો. વળી અત્યારે પણુ હું તમારા ભલાને માટે આવ્યો હું કે બુરાને માટે તેની પણુ તમને હમણાંજ ખાત્રી થશે. રાજ્ય આજ્ઞાનુંસાર મેં કઠોરતાથી તે વખતે રજનિકાન્તને પઠાણુને સ્વાધીન કર્યો, પરંતુ અત્યાર સુધી ખાનગી રીતે તેનો પ્રાણુ પણુ મેંજ બચાવ્યો છે. તમે જાણુતાં હશો કે, તે પરલોકમાં સીધાવી ગયો હશે, પરંતુ ના, ના તેતો જીવતો છે. તમારી વાટ જોઇ ક્રૌંચારણ્યમાં બેઠેલો છે. આ ખુશીના સમાચાર કહેવા માટેજ હું અત્યારે આવેલો છું. મારા વચન ઉપર વિશ્વાસ રાખો. તેની પાસે જવા માટે કાલ રાત્રિએ હું તમને છુપી રીતે મુક્ત કરીશ, તમે તેની પાસે જવા તૈયાર રહેજો. તેમજ આ સેવક પણુ

તમને ઠેઠ બાળરાજા પાસે પહોંચાડવા સાથે આવવા તૈયાર જ છે. તમારો અને તમારા પુત્રનો મેળાપ થશે. ત્યારેજ તમને સત્ય સમજાશે. તેજ વખતે મારી ઉપરનો ખોટો વ્હેમ ટળી જશે. તમેજ મને નિર્દોષ ગણુશો. વાટમાં જોઇતી સર્વ વસ્તુઓ પણ હું મારી પાસે તૈયારજ રાખીશ. તમારીને તેની મુલાકાત કરાવી હું તરતજ પાછો વળીશ.

મન્મથરાયની અમૃત તુલ્ય વાણી સાંભળતાંજ શીલવતીનો ચ્હેરો પ્રફુલ્લિત જણાવા લાગ્યો. મન્મથરાયના શબ્દો તેને સત્ય સમજાયા. પુત્રને મળવા ઉત્કંઠિત્ થયેલી માતા ભોળપણમાં કુટાઇ ગઇ. પ્રપંચ જાળમાં ફસાઇ ગઇ. સેનાધિપતિ સાથે છુપી રીતે નાશી જવાનો તેણે નિશ્ચય કર્યો. તેના તરફથી "હાં" જવાબ મળતાંજ બીજે દીવસે રાત્રિએ આવવાનું વચન આપી સેનાધિપતિ ઘર તરફ વિદાય થયો.

મન્મથરાયે પોતાની ધારેલી ધારણા પાર પાડવા માટે નોકરી-માંથી દુર થવા, તેમજ નગ્રને છેવટના રામ રામ કરવાનો પોતાના મન સાથે પકકો ઠરાવ કર્યો.

બીજે દીવસે ઠરાવેલે વખતે તે કમબખ્ત ! વિષય લંપટ સે-નાધિપતિ તુરંગમાં આવી હાજર થયો. અને શીળવતીને છુપી રીતે મુકત કરી, તેને સાથે લઇ કૌંચારણ્ય તરફ વિદાય થયો.

આ કૌંચારણ્ય શીલભદ્રા અને મદનપુરીની બરોબર મધ્યમાં આવેલું હતું. આ અરણ્યમાં કોઇની જવાની હીંમત ચાલે તેમ ન હોતું. કારણ કે ભયાનક હિંસક પ્રાણીઓનું તે નિવાસ્થાન હતું. શીલભદ્રાથી મદનપુરી તરફ જવાને તેમજ મદનપુરીથી શીલભદ્રા

નગ્રમાં આવવાને આ અરણ્યને રસ્તેથી જો કે મુસાફરોને સ્હેલ્લ પડે તેમ હતું પરંતુ ડરને લીધે આ ટુંકે માર્ગેથી આવ જાવ નહીં કરતાં દરેક મુસાફર બીજા લાંબા માર્ગેથીજ આવતા જતા હતા. મન્મથ-રાયે ઘણી વખત આ અરણ્યમાં થઇને મુસાફરી કરેલી હતી. તેથી તેના સર્વ રસ્તાનો તે ભોમિયો થઇ ગયો હતો. અને તેથીજ શીળ-વતીને સાથે લઇ નિર્ભયપણે તે આ અરણ્યમાં ચાલ્યો જતો હતો. આમ ચાલતાં ચાલતાં બે ચાર દિવસ વ્યતિત થઇ ગયા ત્યારે એક દિવસ ચાલવાથી કંટાળી ગયેલી શીળવતી સેનાધિપતિ પ્રત્યે બોલી;—

સેનાધિપતિ ? રાજધાનીમાંથી નીકળ્યાં આપણુને લગભગ ચાર દિવસ થઈ ગયા છે. આપણે માટે નગ્રમાં ચારે બાજું ધુમાટો ઉડી ગયો હશે. આપણી એક સરખી તપાસ ચાલી રહી હશે. મારા નિમકહલાલ સેનાધિપતિ ? મેં અભાગિણીએ તારૂં ખરૂં સ્વરૂપ, ન ઓળખ્યું, અને ઘણા ન કહેવાના શબ્દો કહ્યા, પરંતુ તે કંઇ મનમાં ન લાવતાં તેં અદ્યાપિપર્યંત મારા રજનિકાન્તને જીવતો રહેવા દીધો અને તે ઉપરાંત વળી દોષ મુકત થવા માટે આટલો શ્રમ વેઠી રહ્યો છે તારો આ ઉપકાર હુ કદિ ભુલવાની નથી પરંતુ કૃપા કરીને કહે, કે મારો રજનિકાન્ત રહે છે તે જગા હજુ કેટલી દુર છે. ? અત્યારે મારી એક પળ પણ મને યુગ સમાન લાગે છે.

રાણીને અધીરી બનેલી જોઇ તેને શાન્તવન્ આપવા, સેનાધિપતિ બોલ્યોઃ—મહારાણી તમારૂ કહેવું સત્ય છે પુત્ર સ્નેહ કંઇક અલૌકિકજ છે. પુત્ર વિયોગની એક પળ તમને તો શું, પરંતુ એક ગરીબમાં ગરીબ માતાને પણ યુગ સમાન લાગે તેમાં શું નવાઇ! હવે તે જગા ઘણી દુર નથી. ધીરજથી મારી સાથે ચાલ્યાં આવો. આટલું બોલી સેનાધિ-

પતિ જાણે કંઇક મહાન્ વિચારના વમળમાં ઉતરી ગયો હોય તેમ મન સાથે વિચાર કરતો મૌન્યતા ધારણ કરી ચાલવા લાગ્યો. તેની મુખમુદ્રા અને તેના હાવભાવ ઉપરથી રાણીનું હૃદય કંઇક શંકાશીલ બનવા લાગ્યું જેથી તે બોલી:—સેનાધિપતિ? થોડા સમય બાદ પુત્રનો મેળાપ થશે એ તું ખાત્રીથી કહે છે ને? કે પછી આવી બનાવટી વાત કરી એકાદ ભયંકર અરણ્યમાં મને મુકી આવવાનું રાજાનું ફરમાન છે? જો તેમજ હોય તો પછી મને નકામી ભમાવીશ નહીં. આ બાબતમાં મને સ્વભાવિક રીતે કંઇકિ શંકા ઉત્પન્ન થઇ છે માટે સત્ય વાત જાહેર કરી આ શંકાનું પ્રથમ સમાધાન કર.

સેનાધિપતિ:—નહીં, નહીં. એવી ખોટી શંકાને તમારા હૃદયમાં સ્થાન આપતાં ના. આજદિન સુધી તમારા નશીબના યોગે તમે ઘણાં ઘણાં દુઃખ વેઠયાં. પરંતુ હવે તે સમય બદલાઇ ગયો છે. " દુઃખની રજની વીતી ગઇ છે, સુખના દિવસની શરૂઆત થઇ છે." શ્વેત દાડમની કળી જેવા જેના દંત, મનુષ્યનું મન હરણ કરે તેવી જેની વદનચંદ્રિકા, સિંહને લજાવે તેવી જેની કટી, શુકનું માન મુકાવે એવી જેની નાશીકા, દુઃખથી ફીક્કા પડેલા પરંતુ પરવાળાં જેવા રાતા જેના હોઠ, એવી એક સાક્ષાત્ સૌંદર્યની પ્રતિમા! તેને અઘોર અરણ્યમાં મુકી આવવાની હીંમત કયો હિણભાગી ધરાવે. તેવો નિર્દય તો લા :[illegible] કોઇકજ નજર આવે.

સેનાધિપતિનું આવું ના[illegible]ર્ક ભાષણ સાંભળી, રાણી બોલી:—સેનાધિપતિ આ તારૂં ચમત્કારીક ભાષણ સયુક્તિક અને ભય ઉપજાવે તેવું છે.

રજનિકાન્તની વાતને પડતી મુકી, આ પ્રસંગને ન છાજે તેવી

અનુચિત્ વાર્તા કરવાનું શું કારણ ? "ખરેખર દાળમાં કંઇક કાળું જણાય છે." તુરંગમાંથી મને છુપી રીતે મુક્ત કરી અહીં સુધી લાવવામાં તારી ભ્રષ્ટ દાનત હોય એમ મને શકા થાય છે, હું તો તારી સાથે શુદ્ધ અંતઃકરણથી અને ભોળા ભાવેજ આવેલી છું છતાં તારૂં મન કદાચ મલિન હોય તો પરમાત્માને ખબર !

મન્મથરાયઃ—મારા આચારવિચાર તેમજ મારૂં અંતઃકરણ નિર્મળ હોવા છતાં આવી શંકા લાવવી યોગ્ય નથી. પરંતુ હા, હા હું સમજ્યો મારા ઉપર આવો ખોટો અપવાદ મુકી મારૂં મન પારખવાનીજ તમે આ યુક્તિ રચી હશે ?

રાણીઃ—ના, ના, સેનાધિપતિ તેમ નથી. પરંતુ તારા શબ્દો ઉપરથી એવું અનુમાન બાંધવાનું કારણ મળી આવે છે.

સેનાધિપતિઃ—પરંતુ તમને ખબર છે કે, તમારો પ્રાણ લેવા તૈયાર થયેલા રાજાને સમજાવી મેં મારૂં શુદ્ધ અંતઃકરણ પ્રથમથી જ બતાવી દીધું છે.

રાણીઃ—સેનાધિપતિ ? એ તારો ઉપકાર મને ખબર છે. પરંતુ તે વખતે તું જે હતો તે અત્યારે નથી. તારા અત્યારના શબ્દો પણ તેવા નથી. મોટા મોટા રૂષિ મુનીઓ પણ કહી ગયા છે કે સ્ત્રીનો એકાંતમાં સમાગમ બુરો છે. તેમ થવાથી ગમે તેવા જ્ઞાનીની પણ બુદ્ધિ ફરી જાય છે. કામાંધ બની એક-મેકનો સંબંધ ભુલી જાય છે. તેમ કદાચ્ તારા સંબંધમાં પણ અત્યારે બન્યું હોય. મને એકલી જોવાથી, તારૂં અંતઃકરણ કદાચ્ મલિન થયું હોય.

સેનાધિપતિઃ—એ બધી જ્ઞાનની વાતો જ્ઞાની પાસે રહી. પરંતુ તમારા

ભલાને માટે મારેતો એટલુંજ કહેવાનું છે કે, નિર્દોષ હોવા છતાં જે રાજાએ તમને દોષિત્ ગણી આટલું દુઃખ દીધું. અને એકદમ સાહસ કરી તમારો ત્યાગ કર્યો. તે રાજા સાથે તમારે હવે સંબંધ રાખવો એ શું યોગ્ય છે? તમે સમજુ છો. જ્ઞાની છો, જો તમારા હૃદયમાં આ વાત ચોક્કસ ઠસતી હોય તો તમે પણ સદાને માટે રાજાનો ત્યાગ કરી મારી સાથે..........

રાણીઃ—તસકર! અધમ સેનાધિપતિ, એક શબ્દ પણ આગળ બોલીશ નહીં. ખરેખર મારી શંકા સત્ય ઠરી છે. તુરંગમાંથી નાશી છુટતી વખતેજ જો હું તારો આવો ભ્રષ્ટ વિચાર જાણતી હોત, તો કદાપિ તારી સાથે આવતજ નહીં. પરંતુ તારી વાક્ ચાતુર્યતામાં હું ખરેખર ઠગાઇ ગઇછું. ઓ નિર્દય સેનાધિપતિ એટલું તો ચોક્કસ સમજજે કે, હું દુર્મદસિંહનીજ ધર્મપત્નિછું પતિવ્રતપણાથી ચાલનારી છું. રાજાએ મને ગમે તેટલું દુઃખ દીધું છે પરંતુ મારા કર્મથી કે મારા ધર્મથી, હુ કદાપિ ભ્રષ્ટ થવાની નથી. “જે કરશે તે ભોગવશે, ખાડો ખોદશે તેજ પડશે.” તેમનાં કરેલાં અવિચારી કર્મનો તેમને ભવિષ્યમાં જરૂર પસ્તાવો થશે.

“સ્વામિ સેવા એજ સતિઓનું કર્ત્તવ્ય છે.” તેમના સુખમાંજ મારૂં સુખ સમાયેલું છે. તેમના હુકમને માન આપવું એજ મારી ફરજ છે. “સતીઓનો એજ ધર્મ છે.” અતુલિત્ પ્રેમ પાશમા સપડાયેલો હું, અહીં સુધી જેના મેળાપને માટે તારી સાથે આવેલી છું. તે મારા પુત્રને તું કદાચ અત્યારે મારી સામેજ લાવી ચીરી

નાંખે, તો પણ મારૂં પતિવ્રત હું કદી છોડનારી નથી. "સતીઓનું સર્વસ્વ પતિવ્રતજ છે. એક વ્હાલામાં વ્હાલા પુત્ર કરતાં પણ પતિવ્રત-પણાની કીંમત લાખ ગણી વધારે છે." "શિયળ સંરક્ષણાર્થે પોતાનો પ્રાણ આપવા સતિ સ્ત્રીઓ, સદા સર્વદા હાજર છે." પાતકી? તું જાતિનો બ્રાહ્મણ છે, પણ કર્મ ચંડાળનાં છે. પર સ્ત્રીને માતા સમાન ગણવી એ બ્રાહ્મણનો મુખ્ય ધર્મ છે. તે તારા ધર્મને ભુલી ના જા! ઓ વિષય વાસનામાં લુબ્ધ થયેલા કીટક? જાણી બુઝી ગંદા પદાર્થનો ભોગી નથા! કામ દીપકના તેજમાં અંજાઇ જઇ. ઓ વિષયી કુદા? મરણને શરણ ન થા! મને નિરાધાર સમજી મારૂં પતિવ્રત ભંગ કરવા તૈયાર ન થા! હું નિરાધાર છું! પરંતુ મારૂં મોત તો મારીજ મુઠ્ઠીમાં છે! જો તું બળાત્કાર કરી, તારી ઇચ્છા પૂર્ણ કરવા તૈયાર થશે, તો હું મારા પતિવ્રતપણાની ખાતર મારો દેહ ત્યાગ કરીશ? શિયળના સંરક્ષણ માટે આત્મઘાત કરીશ!!

સેનાધિપતિઃ—તેમ કરવાની તમારે બિલકુલ જરૂર નથી. મુગે મોઢે હું કહું છું તેમ કરવા કબુલ થાઓ. હવે જો તમારી હઠ તમે નહીં છોડો, તો નિરૂપાયે મારે બળાત્કાર કરવોજ પડશે. પરંતુ બળાત્કાર કોના ઉપર કરવો? આ કોમળ કમળ ઉપર! આ ચિત્ત પ્રફુલ્લિત ચાંદની ઉપર! નહીં. નહીં. તેમ કરવાનો વખત આવે એ અશકય છે. કારણ કે, તમે સઘળું સમજો છો! તમારા સુખનો માર્ગ શોધી લેવા તમે ચુકો તેવાં નથી. મારા તરફ નજર કરો? શું હું કમ છું! દુર્મદસિંહ રાજાના આખા રાજ્યની સંપત્તિ મારી સંપત્તિની બરાબરી કરી શકે તેમ છે? આબરૂમાં હું શું ઓછો છું? છતાં

મને નાઉમેદ કરવાનું કારણ? શું તમારા સ્વામિની ધાસ્તી લાગે છે? અરે! રામરામ કરો દુર્મદસિંહ આ ફાંકડાને શું કરી શકનાર છે?

રાણીઃ—ઓ નારકી? એક અબળાને ફસાવી, આવા અઘોર અરણ્યમાં એકલી બોલાવી લાવી. તેના ઉંપર બળાત્કાર કરવા તૈયાર થયેલા હેવાન? મારા જેવી એક નિરાધાર સ્ત્રીની સાથે વિષય ભોગ કરવાની ઇચ્છાવાળા કામાંધ? કંઇકતો તારા ધર્મનો વિચાર કર? કંઇક પરમાત્માથી તો ડર! મારા જેવી એક કાળી નાગણને છંછેડી તું શું સાર કાઢવાનો છે?

સેનાધિપતિઃ—બસ કરો! મારે એ શીખામણનું શાસ્ત્ર નથી સાંભળવું! તમારૂં એ ભાગવત મારે નથી કામનું! એક રાજ્ય રાણીને લાયક મારા જેવો ફક્કડ બીજો કોઇ મળવો મુસ્કેલ છે. હઠ છોડી દઇ એકવાર આ મન્મથરાયની ઈચ્છા પુર્ણ કરો. ઓ લાવણ્ય લતિકા? ઘણા દિવસથી તમારા સૌંદર્યમાં આશકત થયેલા. આ હૃદયને શાન્ત કરો! મારી ઇચ્છા પુર્ણ કરવા માટેજ મારે આટલું બધું કરવું પડયું છે તેનો કંઇક વિચાર કરો! તમે નિરાધાર છો, માટે સમજીને તાબે થાઓ. નહીંતો જરૂર બળાત્કાર કરીશ હવે આ બંદાના સપાટામાંથી છુટવાની આશા સ્વપ્ને પણ રાખશો નહીં.

રાણીઃ—તું કહે છે તેમ હું નિરાધાર નથી. સતીઓની લજ્જા રાખનાર, અને તેમનું શિયળ સાચવનાર, પરમકૃપાળુ પરમાત્માનો મારે આધાર છે. મારૂં કશું નહીં ચાલે, તો આપઘાત કરવો એતો મારા કબજાની વાત છે ને?

સેનાધિપતિઃ—નહીંજ માનો ! ન માનો તો જુઓ આ શુરવીરનો સપાટો ! આટલું બોલી તે કામાંધ સેનાધિપતિ, બિચારી શીળવતીને બાથ મારવા ધસ્યો. **શી**ળવતી ગભરાટમાં આમતેમ જોવા લાગી, અને મદદને માટે બુમો પાડવા લાગી. તેનો આ આર્તનાદ સાંભળી, અરણ્યનાં વૃક્ષો પણ સ્થિર થઈ ગયાં. જળાશયોનાં પાણી પણ હાલતાં ચાલતાં બંધ થઇ ગયાં. પરંતુ હરિણી ઉપર ધસી આવેલા તે ક્રુર વાઘને બિલકુલ દયા ન આવી. **શી**ળવતીએ પોતાની ચાલાકીથી, આ વખતે પોતાનો જેમ તેમ બચાવ કર્યો, અને તેનાથી જરા દુર ઉભી રહી તે બોલીઃ—ઓ નિર્દય શેનાધિપતિ ? વિષયાંધ બની એક રાજ્યરાણી ઉપર બળાત્કાર કરતાં વિચાર કર. હાથે કરી મોત ન માગીલે.

સેનાધિપતિઃ—મૃત્યુ લોકના મનુષ્યોથી શ્રેષ્ઠ હોવા છતાં, દેવતાઓ પણ જે કર્મ કરતા આવ્યા છે, તે કર્મ કરવામાં મનુષ્યોને શાનો બાધ ? દેવનું અનુકરણ કરવામાં કોઇ પણ રીતનું બંધન કયા શાસ્ત્રમાં બતાવેલું છે ?

રાણીઃ—પોતાની નીચ ઉમેદ બરલાવવા માટે દેવતાઓએ કરેલા કાર્યનું, અનુકરણ કરવું એ મનુષ્યનું નીચપણું છે. દેવતાઓના કોઇ ગુપ્ત કારણને અનુસરી કરાયેલા નહીં માનવા યોગ્ય આચરણનું અનુકરણ કરતા પહેલાં તેમના મહદ્ ગુણ તેમજ તેમની શક્તિનો કંઇક વિચાર કર. અત્યારની વાતને તેની સાથે કંઇ સંબંધ નથી. અત્યારે તો તારે તારાને મારા સંબંધનોજ માત્ર વિચાર કરવાનો છે. એક વખત તેં મને તારી પુત્રી પ્રમાણે ગણી,

મારો પ્રાણ બચાવ્યો છે, તેથી તું મારો ધર્મનો પિતા છે, હું તારી ધર્મની પુત્રી છું.

સેનાધિપતિઃ—રાણી ? આ શું બોલો છો ? શું તમે મારાં પુત્રી છો ? ભલે તમારા મનથી તેમ માનો તો તેમ. તેમ હોય તોપણ તમારી સાથે ભોગ ભોગવવામાં શાસ્ત્રની રીતીથી કોઇ તરેહનો બાધ નથી. પિતાનો નાતો નહીં ગણાતાં પ્રજાપતિએ, પોતાની પુત્ર સાથે ભોગ વિલાસ માણ્યો હતો, એ શાસ્ત્રમાં લખેલી વાર્તા તમે જાણો છો કે ?

રાણીઃ—નરાધમ ? દેવતાઓના કાર્ય તરફ દૃષ્ટિ કરતાપહેલાં તેના પરિણામનો વિચાર કર ? તેમની શક્તીની તુલના કરી જો. પછીથી બોલ. ચંડાળ ? વિચાર કર સર્વ પ્રજાના રાજા દુર્મદસિંહની ધર્મપત્નિ હોવાથી, હું સર્વ પ્રજાની માતા સમાન છું તેથી તું મારો પુત્ર, અને હું તારી માતા ! એ આપણા બેના સંબંધનો વિચાર કરીને પણ તું આવું અઘટિત આચરણ કરવું છોડી દે.

સેનાધિપતિઃ—વાહરે ! તમારી ચતુરાઇ ! શી બોલવાની સફાઇ ! એક વખત પિતા પુત્રીનો નાતો જણાવતાં તેમાં નફાવ્યાં, એટલે ફરીથી મને પુત્ર ગણી મારી માતા થવા જાઓ છો, પરંતુ એ તમારી સફાઈ આ સેનાધિપતિ પાસે ચાલવાની નથી સમજ્યાં કે ? ચાલો તમે કહો છો તે સંબંધ પણ હું કબુલ રાખું છું, પરંતુ તે છતાં પણ મને તમારી સાથે ભોગવિલાસ કરવામાં કંઈ અડચણ નથી. તેને માટે પણ

શાસ્ત્રનો એક દાખલો મારી પાસે તૈયાર છે. સકળ વિશ્વના પિતા તુલ્ય હોવાથી; સદાશીવની ધર્મ પત્નિ પાર્વતિ, અખિલ વિશ્વનાં માતા ગણાય, તેમ છતાં પણ તેમના સૌંદર્યમાં લોભાઇ જઇ, બ્રહ્માએ તેમની સાથે જાર કર્મ કર્યું હતું તો પછી તમે તો માત્ર જમીનના એક ટુકડાના અધિકારી દુર્મદસિંહ રાજાનાં ધર્મપત્નિ છો, તેની સાથે વિહાર કરવામાં, એવો સંબંધ જાળવવાની કંઇ પણ આવશ્યક્તા જણાતી નથી.

રાણીઃ—પરંતુ બ્રહ્મદેવના આકૃત્યથી ચીડાઇ જઇ શંકરે તેમનું પાંચમું મસ્તક ત્રીશુળથી છેદી નાંખ્યું હતું એ વાત પણ તારે લક્ષમાં રાખવી જોઇએ. મનુષ્ય માત્ર અધર્મમાં પ્રવૃત્ત ન થતાં, દરેક કાર્ય સમજીનેજ કરે, તેટલા માટેજ દેવતાઓએ દરેક કર્મનું, ઇષ્ટાનિષ્ટ ફળ મનુષ્યને માથે મુકેલું છે એ તું જાણે છે કે? માટે સમજવા છતાં પાપ કર્મનું અનિષ્ટ પરિણામ ભોગવવા તૈયાર ન થા.

સેનાધિપતિઃ—રજોગુણી બ્રહ્મદેવના આ ઘોર અપરાધથી મહાદેવે આવી ભીષ્મ શિક્ષા કરી તે તમારૂં કહેવું સત્ય છે. પરંતુ તે પ્રમાણે અત્યારે મને શિક્ષા કરવાની શક્તિ દુર્મદસિંહ રાજાની કયાં છે?

આટલું બોલી સેનાધિપતિએ બાહોશપણાથી શીળવતીના ઉપર તડાપ મારી શીળવતી આર્તસ્વરથી પરમાત્મા પાસે દયાની યાચના કરવા લાગીઃ-હે જગનિયંતા! હજુ પણ મારા સતિત્વની

પરિક્ષા ક્યાં સુધી કરવા ધારી છે. પતિનું મન વિકાર વશ થવાથી, મારા કપાળમાં ખોટી રીતે જારિણીનો કાળો ડાઘ ચોંટયો. મારા બન્ને પુત્રોનો વિયોગ થયો. અને અત્યારે આ પાપીનાં કપટ ભર્યાં વચનો ઉપર વિશ્વાસ રાખી, હું અહીં સુધી આવી તો તે મારૂં શિયળભંગ કરવા તૈયાર થયો. છતાં તું કેમ સ્વસ્થપણે બેસી રહ્યો છે? હે પતિત પાવના! વારે ધા! વારે ધા! આ તારી પુત્રનું શિયળભંગ થાય છે, જગતમાં તારીજ લજ્જા જાય છે, તારીજ હાંસી થાય છે.

શીયળવતીને આ પ્રમાણે પ્રાર્થના કરતી જોઈ સેનાધિપતિ બોલ્યો:—બોલાવો! બોલાવો! આ તમારા પરમેશ્વરને ઝટપટ બોલાવો! જોઉં છું કે તે ક્યાંથી આવે છે! શી રીતે આવે છે! એતો બધી પુરાણોમાં સાંભળેલી વાતો, પુરાણોમાં રહી. તમે જે પરમેશ્વરની પ્રાર્થના કરી મદદ માગી રહ્યાં છો, તે પરમેશ્વર તો હું પોતેજ તમારી સામે ઉભોછું. પરમેશ્વર પોતાની ઈચ્છા પૂર્ણ કરનાર ઉપર તુર્ત પ્રસન્ન થાય છે. હું પણ મારી ઇચ્છા પૂર્ણ કરશો, એટલે તરતજ તમારા ઉપર પ્રસન્ન થઇશ. કેમ શો વિચાર છે? હા, કે, ના ગમે તે કહેશો પરંતુ ઘણા દિવસની મારી મન કામના પુર્ણ કર્યા શિવાય હું રહેવાનોજ નથી.

સેનાધિપતિના આ શબ્દો સાંભળી **શી**ળવતી ગભરાઇ ગઇ, તેના નેત્રોમાં પાણી ભરાઈ આવ્યું, છાતી ધડકવા લાગી, હૃદયમાંથી નિરાશા યુક્ત શ્વાસોશ્વાસ નીકળવા લાગ્યો, હવે પોતાનું શિયળ સાચવવું મુસ્કેલ થઇ પડયું, છતાં ધીરજથી પરમેશ્વર ઉપર ભરૂસો રાખી બોલી:—હે કૃપાસિંધુ! નિરાધાર, નિરાશ્રીત્ પોતાના પતિથી ત્યજાયેલી, તેમજ પુત્ર વિયોગથી મુઝાયેલી આ પાપિણી **શી**ળવતીનો

પ્રાણુ તેના ખોળિયામાં કેમ ખેંચી લેતો નથી ? દીનબંધુ ! આ એ-કાંત અરણ્યમાં તારા શિવાય મારી પ્રાર્થના સાંભળે, તેવું બીજું કોણ છે ? ઓ ગરૂડા ગામી ! ઓ દ્રૌપદીના આશ્રયદાતા ! દેવના પણ દેવ ! આ ઘાતકી કૃતઘ્ન સેનાધિપતિ મારા શિયળ ઉપર હાથ નાંખવા આવ્યો છે, તે તારા શિવાય અન્ય કોણ જાણે છે ? તું સર્વ સાક્ષી છે ! કાળનો પણ કાળ છે ! પંચાળીને દુસ્યાસન જેવા એક નિર્દયના હાથથી તેંજ ઉગારી છે ! અને અત્યારે તું કેમ સંતાઇ ગયો છે ! કેમ છુપાઈ રહ્યો છે ! પ્રણુતપાળનું તારૂં કર્ત્તવ્ય અત્યારે તું કેમ ભુલી ગયો છે !

શીળવતીની સ્તુતિ સ્વસ્થપણે ઉભો રહી, સાંભળતો સેનાધિપતિ હવે અધીરો બની જઇ બોલ્યોઃ—“ કેમ નહીંજ માનો ? ન માનો તો જુઓ આમ કહી તે દુષ્ટે એકદમ **શી**ળવતીના ગળામાં હાથ નાંખ્યો.

મન્મથરાયનો હાથ પોતાના ગળામાં જોઇ સાધ્વી **શી**ળવતી ગભરાઇ જઈ બોલીઃ— ઓ દયાનિધી ! આ કેશવ ! ઓ ભસ્માસુર મર્દના ! ઓ ભક્ત વત્સલ ભગવાન ! આ તારી દાસીનું અસહ્ય દુઃખ જોવા છતાં, તું નિર્દય બની સ્વસ્થપણે સેજમાં કેમ સુઇ રહ્યો છે ? ઉઠ ! ઉઠ ! ઓ જનાર્દન ! એકદમ સુતો ઉઠી. આ તારી પુત્રીની મદદે આવ ! કાંતો અકસ્માત્ રીતે આ ખોળીયામાંથી પ્રાણુને ખેંચી લે ! !

આ પ્રમાણે પરમાત્માની સ્તુતિ કર્યા બાદ સાધ્વી **શી**ળવતી પોંતાનો એકદમ ઘાત કરવા માટે સેનાધિપતીને વિનવવા લાગી. તેની વિનંતિનો સ્વિકાર કરી, સેનાધિપતિએ તેના ગળામાંથી પોતાનો હાથ

પાછો ખેંચી લઇ, એકદમ પોતાની સમશેર બ્હાર કાઢી. તે ઝગઝગતી સમશેર તેને બતાવી તે બોલ્યોઃ—**શી**ળવતી! તમારો ઘાત કરતાં મને બિલકુલ વિલંબ થવાનો નથી. પરંતુ કેમ કરતા પહેલાં મને માત્ર એટલોજ વિચાર આવે છે કે એકદમ ઘાત કરવાથી મારી ઘણા સમયની કરેલી મહેનત વ્યર્થ જાય, મારી ઇચ્છા ફળીભુત ન થાય! તેથી પ્રથમ તો મારી મન કામના પુર્ણ કરીશ. ત્યારબાદ એકદમ આ શમશેરથી તમારા બે ટુકડા કરી નાંખીશ.

આ પ્રમાણે પોતાનો નિશ્ચય **શી**ળવતીને જણાવી, તે ચંડાળ, ઘાતકી સેનાધિપતિએ તેનુ શિયળ ભંગ કરવા તેમજ પોતાના આત્માને શાન્ત્ કરવા તેનું ચંદ્રવદન ચુંબવાના ઇરાદાથી, પોતાનું મુખ આગળ ધર્યું. પરંતુ એટલામાંજ પાછળથી કોઇએ તેના લમણામાં એવો તો જોરથી તમાચો ખેંચી કાઢ્યો, કે તેના દાંત સુદ્ધાં હાલી ગયા.

આશ્ચર્ય ચકિત્ બની સેનાધિપતીએ પાછળ જોયું, જોતાંજ કોઈ બે મનુષ્ય તેની દ્રષ્ટિએ પડયા, તેમનું ઓળખાણ પડતાંજ સેનાધિપતિ એકદમ ઝંખવાણો પડી ગયો. અને ત્યાંથી જીવ લઇને નાસવા લાગ્યો. **શી**ળવતીના રક્ષણાર્થે આવેલા આ બે મનુષ્યો પૈકી એક જણે તેની પુઠ પકડી પરંતુ **મ**ન્મથરાય આ અરણ્યનો બરાબર ભોમિયો હોવાથી, કઇ દિશાએ નાઠો. તેની પેલા મનુષ્યને ખબર પડી નહીં, જેથી નિરાશ થઇ તે મનુષ્ય પાછો વળ્યો.

પ્રકરણ ૧૫ મું.

જીવન સાફલ્ય.

" છે ધન્ય જીવન એહજે, પરમાર્થ પર પ્રીતિ ધરે; "
" છે, ધન્ય જીવન જગતને, ઉપકારથી અભરે ભરે. "
" સામર્થ્યથી સૃષ્ટિ બધી, સંસ્કારીને સુખમય કરે, "
" છે ધન્ય લાખો ધન્ય, સ્વજન તારીને પોતે તરે. "

" માતા પ્રતિ મમતા, પિતા પ્રતિ પ્રેમ, ભગિની પ્રતિ ભલપણ, સહોદર પતિ સદ્‌ભાવ, સાહિત્ય પ્રતિ શોખ, દેશબંધુઓ પ્રતિ દયા, અને પ્રભુ પ્રતિ શ્રદ્ધા એજ જીવનનું સાચું સાફલ્ય !! જીવનનું સાર્થક !!

શ્રદ્ધા અને ભરોસાની શક્તિ મનુષ્યમાં જેટલે દરજ્જે ઉત્પન્ન થાય છે, તેટલેજદરજ્જે તેની કામવાંચ્છનાઓ પરિ-

પૂર્ણ થાય છે કુદરતિ શક્તિ, અને શ્રદ્ધા બળથી દુનિયામાં સર્વ કોઈ મનુષ્ય હરેક રીતે પોતાનું ગૌરવ સાચવી શકે છે.

આ દુનિયામાં મનુષ્યને વહાલામાં વહાલી વસ્તુ, તેની માતા, જનેતા છે. બાળકની મનોહર આકૃતિ એજ માતાની પ્રીતિ છે, એમ સમજવાનું નથી. પણ બાળક એ જનેતાના શરીરનો જીવતો ભાગ છે. એજ કારણથી માતાનો પ્રેમ અનુપમ છે.

શીળવતીના શિયળ સંરક્ષણાર્થે તેની મદદે આવેલા આ બે મનુષ્યો પૈકી એક વયમાં મોટો હતો, એક નાનો બાળક હતો. આ બંન્નેને જોઈ **શી**ળવતી વિચાર કરવા લાગી કે, શાક્ષાત્ વિષ્ણુ અને મહાદેવ તો મારી મદદે નહીં આવ્યા હોય? સેનાધિપતિએ ઉગામેલી તરવાર આ બેમાંથી પેલા બાળકે પકડી લીધી હતી, તેથી **શી**ળવતી તે બાળક પ્રત્યે બોલી:—મારી મદદે આવનાર તમે મનુષ્યના સ્વરૂપમાં શાક્ષાત્ શ્રી કૃષ્ણ ભગવાન તો નથી ને? હું હીણભાગી આપને નમન કરૂં છું.

તેના શિયળનું ઓંચીતું રક્ષણ થવાથી, આનંદાવેશમાં આ-

વેલી શીળવતી આ કોણ છે? તે બિલકુલ સમજી શકી નહીં. પરંતુ જેવી તે નમન કરવા જાય છે તેવીજ તેને અટકાવી તે બાળક બોલ્યો:—માતા! વ્હાલી માતા! આ શું કરે છે? તેં અમને ન ઓળખ્યા? હું તારો પુત્ર રજનિકાન્ત! અને આ સાથે ઉભેલો દિવાન દક્ષરાજ!!

રજનિકાન્તના મુખમાંથી આ શબ્દો નીકળતાં વાર હર્ષાવેશમાં આવી ગયેલી શીળવતીએ, તેને પોતાની બાથમાં લઇ ગાઢ આલીંગન કીધું. બન્નેનાં નેત્રમાંથી આનંદાશ્રુની શરૂઆત થઇ. બાદ પુનઃ એકવાર પોતાના પુત્રના મસ્તક ઉપર હાથ ફેરવી શીળવતી બોલી:—બેટા! રજનીકાન્ત? દિવાન દક્ષરાજ? અણીની વખતે અત્રે આવી પહોંચી તમે બન્નેએ મારો પ્રાણ બચાવ્યો, અને મારૂં શિયળ ભંગ ન થવા દેતાં તેનું પણ રક્ષણ કર્યું. રજનિકાન્ત તું તારી જન્મ આપનારી માતાના રૂણમાંથી મુકત થયાં છે દક્ષરાજ તમે તમારી રાજ્યમાતાની સેવા કરી તેના રૂણમાંથી મુકત થયા છો. તમે બંન્નેએ તમારા જન્મનું સાર્થક કરી લીધું છે. તમારા પુરૂષાર્થથી હું ઘણી પ્રસન્ન થઇ છું. તેં સઘળાંને તાર્યા છે તું પણ તર્યો છું બેટા! રજનિકાંન્ત તારૂં જીવન સફળ થયું છે.

રજનિકાન્ત:—માતા! એમ ન બોલ! તારે માટે કદી આ શરીરનું માંસ કાપીને આપું. તો પણ તારા ઉપકારનો બદલો વળી શકે તેમ નથી. આમાં અમે બન્નેએ કંઈ વિશેષ કર્યું નથી. એ બધો આપના પતિવ્રતપણાનોજ પ્રભાવ છે. "સતિઓનું સંરક્ષણ પરમાત્મા કોઇ પણ રીતે હમેશાં **કરે છે! કરે છે! કરે છે!**"

આ પ્રમાણે એકમેકની સાથે કેટલેક વખત વાતચીત કર્યા બાદ, તે ત્રણે ત્યાંથી ચાલ્યાં, અને અરણ્યમાંજ કેટલેક સમય વ્યતિત કરવાનો ઈરાદો કરી ક્રૌંચારણ્યમાંથી નીકળી, કુંતલારણ્યમાં દાખલ થયાં. રસ્તે ચાલતાં વાતવાતમાં તેઓ એક બીજાના વૃતાંતથી જાણીતાં થયાં. આમ કેટલેક વખત ચાલ્યા બાદ. આ કુંતલારણ્યમાં એક ભાગી તુટી ઝુંપડી તેમની દૃષ્ટિએ પડી, ત્યાં જઈ તપાસ કરતાં તેમાં કોઇ રહેતું હોય એમ જણાયું નહીં. જેથી તેમને યોગ્ય લાગતી સર્વ પ્રકારની ગોઠવણ કરી, ત્રણેએ આ ઝુંપડી (પર્ણકુટી)માં નિવાસ કર્યો.

મન્મથરાય જેવા એક ઢોંગી અને અધર્મીના હાથથી સાધ્વી શીળવતીની મદદે યોગી તથા દક્ષરાજ ક્યાંથી અને શી રીતે આવી પહોંચ્યા, આ બાબતની શંકામાં પડેલા, વંચકોનું સમાધાન કરવું યોગ્ય ધારીએ છીએ.

પાછળ જણાવી ગયા છીએ કે, પઠાણને દયા આવવાથી તેણે, રજનિકાન્તને જીવતો છોડી મુકયો હતો. રજનિકાન્ત કુંતલારણ્યમાંથી ભટકતો ભટકતો ક્રૌંચારણ્યમાં આવી પહોંચ્યો. જે સમયે સેનાધિપતિ શીળવતીને ફસાવીને લાવ્યો, તે અરસામાં આ રાજ્યકુમાર તે અરણ્યમાંજ રહેતો હતો. સેનાધિપતિ તથા રાણીનો બનાવ જે જગ્યાએ બન્યો ત્યાંથી થોડેક દુર તેનું નિવાસ સ્થાન હતું. તેમજ પિશાચ રૂપે વિરતનયાના વૃદ્ધ પિતાએ દિવાન દક્ષરાજને મુકત કરી. રાજ્ય કુમાર પાસે જવાનો માર્ગ બતાવ્યો હતો. ત્યાર બાદ તે પિશાચની સુચના મુજબ. દિવાન પણ રાજ્યકુમારને તેના નિવાંસસ્થાનમાં સોધતો શોધતો આવી મળ્યો હતો. સામસામા એક બીજાના વૃત્તાંતથી તેઓ જાણીતા થઇ ચુકયા હતા. પિશાચ તરફથી મળેલી સર્વ બાતમી પણ

દિવાને રજનિકાન્તને કહી દીધી હતી. બાદ તે બન્ને એક દિવસ હવે શું કરવું ? તેને માટે છુપી મસલત ચલાવી રહ્યા હતા, એટલામાં તેમણે ત્યાંથી થોડેક દુર એક વૃક્ષ નીચે કોઇ સ્ત્રીને બેઠેલી જોઇ, તેથી બંન્ને જણા પોતાની વાત ચીત પડતી મુકી, તે સ્ત્રીની પાસે આવ્યા. બંન્નેને પોતાની પાસે આવેલા જોઇ તે સ્ત્રી બોલી:—રાજ્ય પુત્ર મને જોઇ આશ્ચર્યતામાં પડીશ નહીં. જેને તું તારી દ્રષ્ટિ સમીપ અત્યારે બેઠેલી જુવે છે, તે તારી ધર્મની ભગિની છે. મારી પૂર્ણ હકીકત સાંભળવાનો અત્યારે સમય નથી, તેથી તે સંબંધમાં ખોટી હઠ ન કરતાં હું તને તારા લાભના બે શબ્દો કહું છું તેટલાજ માત્ર સાંભળી લે.


રાજ્યકુમાર:—વારૂ બહેન ! જે કહેવાનું હોય તે કહી દ્યો ! તેથી વિશેષ સાંભળવા હું બિલકુલ હઠ કરીશ નહીં.

રાજ્યકુમાર તરફથી આવો સંતોષકારક જવાબ મળ્યા બાદ તે સ્ત્રી બોલી:—જ્યારે તારો વડીલ બંધું વિશ્વજીત્ તને ભવિષ્યમાં મળશે, ત્યારે પુનઃ તને મારાં દર્શન થશે. અને તે વખતે તું મારા યથાસ્તિ્ વૃતાંતથી જાણીતો થશે. વિશેષમાં આત્યારે એક અગત્યની વાત તને એટલીજ કહેવાની છે કે આ અરણ્યમાંજ હમણાં થોડા સમયમાં એક હૃદય દ્રાવક બનાવ બનવાનો સંભવ છે. છુપી હીલચાલો ઉપરથી, વર્તમાન સમયનાં ભવિષ્ય દર્શક ચિન્હો જોતાં ખાત્રી પુર્વક માનુંછું કે, દુર્મદસિંહની ધર્મ પત્નિ અને તારી માતા ! તેમજ તારી સાથે ઉભેલા આ દિવાનજીની રાજ્ય માતા ! શુદ્ધ પતિવૃતપણાની મૂર્તિ રાણી શીળવતી ઉપર સેનાધિપતિ મન્મથરાય તેનું શિયળ ભંગ કરવા માટે બળાત્કાર કરશે. મારા આ શબ્દો ઉપર અવિશ્વાસ નલાવતાં,

તેને સત્ય માની તમે બંન્ને જણુ બનતી ત્વરાએ અહીંથી પૂર્વ દિશા તરફ ચાલતા થાઓ. ત્યાં તમને આ બનાવ પ્રત્યક્ષ જણુાશે. તે કઠોર ! વ્યભિચારી ! નરપશુ મન્મથરાયના હાથથી, તેના પ્રાણુનો બચાવ કરવા માટે હું તને એક શસ્ત્ર આપું છું, તે લેતો જા.

આટલા શબ્દો બોલતાંજ જે વૃક્ષ નીચે તેઓ સર્વ બેઠાં હતાં ને વૃક્ષ ઉપરથી અકસ્માત્ રીતે એક તરવાર પડી. આ બનાવથી રાજ્યકુમારને તેના શબ્દો ઉપર પૂર્ણ વિશ્વાસ બેઠો. તેથી તુરતજ તેને નમન કરી દિવાનને સાથે લઇ તે પુર્વ દિશા તરફ ચાલતો થયો. અને બરાબર અણીને સમયે આવી, પોતાની માતાનો તે ભાગ્યશાળી રજનિકાન્તે પાપી સેનાધિપતિના હાથથી બચાવ કર્યો.

રજનિકાન્તને આ સર્વ વૃતાંત પ્રથમથીજ જણાવનાર આ ત્રિકાળ જ્ઞાની તે સ્ત્રી કોણ હશે ? વાંચકો તે સ્ત્રી બીજી કોઇ નહીં, પરંતુ પિશાચની અવસ્થા ભોગવતી પેલી વિરતનયાજ હતી !





પ્રકરણ ૧૬ મું.

જુવાની દીવાની.

" રાત દિવસનું નારે ભાન, સ્વર્ગ સદન પણ તે શમશાન"
" વિષ સમું લાગે પયપાન, જુવાની દીવાની જાણ. "
" શિયાળે પણ લુ ને તાપ, ઉપજાવે ઉકળાટ અમાપ; "
" સમજુ ખોતા શુદ્ધિસાન, જુવાની દિવાની જાણ. "
" ખરે બપોરે ઉગ્યો ભાણ, તેનું ના પડતું પીછાન "
તન માંહી વધતું તોફાન, જુવાની દીવાનો જાણ. "
" બહુ ડાહ્યાં બનતાં નાદાન, તપ બળનું દઇ ત્યાગિ તાન; "
" કપરાં કામ તણાં છે બાણ, જુવાની દીવાની જાણ. "

" ભરતીનો આવિર્ભાવ, શાન્ત તરંગોને ઉછાળી, અસ્થિર બનાવી દે છે. તેમ યુવાવસ્થાનો આરંભ પણ સરળ હૃદયમાં કંઇ કંઇ કુતુહલ ઉત્પન્ન કરે છે. ભાગી જતું

વહાણ જેવી રીતે તેના કડકડાટ કરતા અવાજ ઉપરથી ઓળખાય છે, તેવીજ રીતે મદનથી વ્યાકુળ થયેલું હૃદય નિશ્વાસ અને ઉદાસિનતાથી ઓળખાઈ આવે છે.

દરેક પદાર્થ તેની જરૂરીઆત પ્રમાણે સારો લાગે છે. તેવીજ રીતે યુવાવસ્થાનું કાર્ય પણ, યોગ્ય વખતે, સંપુર્ણ ઇચ્છા થાય, ત્યારેજ કરવામાં આવે, તો અત્યંત આનંદ, અને હૃદય મગ્નતા ઉત્પન્ન કરે છે.

અભ્રક અગ્નિમાં બળતું નથી, કાષ્ટ પાણીમાં ડુબતું નથી, પાષાણ પવનમાં ઉડતો નથી, સમુદ્ર ચોમાસે ઉભરાતો નથી, અને અંતરવેલ ગ્રિષ્મ સમયે સુકાતી નથી, આ પાંચે નકારો કદાપિ હકારમાં મળેલા માની શકાય પરંતુ મદનનું બળ, કોઇ પણ સ્થળે યુવાનોથી નિસ્તેજ બનેલું છે, એમ માની શકાય નહીં. સંભવિત્ નથી.

યુવાવસ્થાની શોભા શરદરૂતુનાં વાદળાંની છાયા સરખી ચંચળ છે વિષયો પ્રાપ્તિ કાળે રમ્ય લાગે છે. પણ તેનો અનુભવ દુઃખ રૂપ થઈ પડે છે.

જેના ઘડી ભરના પવિત્ર સહવાસથી રંજનિકાન્તને તેમજ રાણી **શીળવતી**ને અસહ્ય દુ:ખ સહન કરવું પડયું, અને જેના ઉપદેશામૃતથી રાજ્યપુત્રનું જીવન સફળ થયું, જેને મુક્ત કરવાથી નિર્દોષ **દક્ષરાજ**ને બંધીખાનું સેવવું પડયું, અને જેને વિષયી સમજી દુર્મદસિંહે **મન્મથરાય**ને તેનો શીરચ્છેદ કરવાનો હુકમ આપ્યો, તે મહાત્મા **સચ્ચિદાનંદ**, રાજ્યપત્નિ તેમજ રાજ્ય પુત્રને પોતાની મંજુલ વાણીથી ઉપદેશ કરી, તેમજ **શીળ**વતીને તેનો મોટો પુત્ર વિશ્વજીત ભવિષ્યમાં મળશે એવી આશીશ દઇ, મહેલમાંથી નીકળ્યા બાદ અરણ્યમાં ભટકતો હતો. નગ્રમાંથી નીકળ્યા બાદ નગ્રમાં જે જે બનાવ બન્યા, તે સર્વ તે જાણતો હતો. તેમજ રાજાએ તેનો પાત કરવા મોકલેલ પઠાણ કુંતલારણ્યમાં પોતાની શોધમાં ભટકે છે તે વાત પણ તે જાણતો હતો.

પોતે પણ પોતાની કંઇક મતલબ સાધવા આ કુંતલારણ્યમાંજ ભટકતો ફરતો હતો. રાજ્યકુમારી **અલકરંભા**નું આનંદભુવન જે સ્થળે આવેલું હતું, તે સ્થળ તરફ આ મહાત્મા કોઇ કોઇ દીવસે ભિક્ષાર્થે જતો હતો. સાધુના વેષમાં તે બેચાર વખત આ આનંદભુવનની મુલાકાત લઇ આવ્યો હતો. ભીક્ષા આપતી વખતે રાજ્યકુમારીની તેમજ આ મહાત્માની નજર ઘણી વખત એક થઇ હતી, દરરોજ આ પ્રમાણે ભિક્ષાર્થે જવું અને ભિક્ષા લઇ પાછા આથી **કુંતલા**રણ્યમાં પોતાના નિવાસ સ્થાનમાં આખો દિવસને રાત્રિ વ્યતિત

કરવાં એજ આ મુનિરાજનું હમેશનું કર્ત્તવ્ય હતું. યોગિ સચ્ચિદાનંદને આમ કરવાનું કારણ શું ? આ વાત ધીમે ધીમે વાંચકોને સહજ સમજાશે.

“ જેના હૃદયમા સંસારની અસ્થિરતા અને ક્ષણિકતાની છાપ પડી નથી, જેના મનમાં સંસારના મિથ્થાત્વની કલ્પના કદી થઇ નથી, આત્મા અમર છે, અને દેહ ક્ષણભંગુર છે, એવું જેને જ્ઞાન થયું નથી, જેના ઉપર સદગુરૂની પુર્ણ કૃપા થઇ નથી. તેવાં સ્ત્રી પુરૂષો કામદેવના શરથી બચે એ વાત તદ્દન અશકય છે. જુવાનીના મદમાં છકી જઇ તેઓ ધર્મ કર્મ ભુલી જાય છે. પાપ પુન્ય ન સમજતાં ગમે તેવાં અઘટિત કૃત્યો કર્યે જાય છે. ”

રાજ્યકુમારી અલકરંભા અત્યારે પુર્ણ યૌવનમાં આવી હતી, મદનરાજની સત્તા તેના ઉપર પુર જોસમાં જામેલી હતી, વિષય ઉત્પન્ન કરનારા દરેક પદાર્થો, તેને પોતે અવિવાહીત હોવાથી સુખને બદલે દુ:ખજ ઉપજાવતા હતા. તેનો સઘળો કાળ ચિંતામાંજ વ્યતિત થતો હતો. કોઇ ભોગી ભ્રમરની ઇચ્છામાં આ કમલિની વિહ્‌વળ બની ગઇ હતી, તેને ત્યાં દરરોજ ભિક્ષાર્થે આવતા યોગિ સચ્ચિદાનંદ તરફ તેને સ્વભાવિક રીતે મોહ ઉત્પન્ન થયો હતો, તેની અલૌકિક મૂર્તિ તેના હૃદયમાં રમી રહી હતી. તેના સમાગમની ઇચ્છામાં તે અધીરી બની ગઈ હતી, જ્યાં ત્યાં તેની દ્રષ્ટિ સમાપ, તેને તે યોગિરાજ જ જણાતો હતો. આવી સ્થિતીમાં ઘેલી બનેલી તે અલકરંભા જાણે પોતાની પાસે યોગી ઉભેલો છે એમ સમજી પોતાની દાસીને ઉદ્દેશીને બોલી;—દાસી ? જો જો પેલી રસીક મૂર્તિ તેં જોઇ કે ? ”

પોતાની બાઇસાહેબને આમ ગાંડાં કાઢતી જોઇ તે બોલી;—બાઇ-

સાહેબ ! શું કહોછો ? શાની મૂર્તિ ? શી વાત ? ઘેલાં તો થયાં નથીને? અહીં તો તમારા ને મારા શિવાય અન્ય કોઇ નથી !

અલકરંભા;—તું શાની દેખે ? આંધળી છેકે શું ? પાસે ઉભેલી આ મૂર્તિને પણ તુ જોઇ શકતી નથી ? અરે જો જો તે તો મારી પાસે આવતી જણાય છે ! અલી જોતો ખરી જાણે મને........"બેન ? આ શું બકયે જાવોછો ! સાવધ થઇ જરા જુઓતો ખરાં અહીંતો કોઇ નથી ! તમને વળી આજે આ શી ભ્રમણા લાગી છે ? શું થયું છે ? જે થયું હોય તે સ્પષ્ટ રીતે કહી દયો ? તમને ગભરાતમાં પડેલાં જોઇ મને પણ ગભરામણ થાય છે." દાસીએ કહ્યું—

"દાસી તું કહે છેકે મને ભ્રમણા લાગી છે ? ના, ના અલી તેમ નથી આજે મને કંઇ ચેન પડતું નથી ! કોણ જાણે શું થાયછે તે કંઇ સમજી શકાતું નથી. નિંદ્રા પણ આવતી નથી. હાષ્યવિનોદ પણ રૂચતો નથી ! જળપાન કરવાથી પણ શાન્તિ મળતી નથી ! મધુરા અલાપ સાંભળીને પણ મનરંજન થતું નથી !"

"બાઇસાહેબ ? એતો સઘળી ચતુરાઇ હું સમજી ! તમારૂં ચિત્ત ભ્રમિત થવાનું કારણ પણ જાણી ગઇ ! પેલો મુવો કામદેવ સતાવતો હશે ! એટલે કશુંએ શાનું રૂચે ! મારે હવે તમારી આ વાત પિતાજીને જાહેર કરવી પડશે. ત્યારેજ તમારી આ વેદના દુર થશે ! પરંતુ બા ? હમણાં સાવધ થાઓ. રાત્રિ વિશેષ ગઇ છે, માટે નિંદ્રા લ્યો !"

નહીં, નહીં દાસી તેમ ન કરીશ ! મારા તરફ એટલી ઘાતકી ન થઇશ ! પીતાજીને આ વાત ન કહીશ.

" કહ્યા શીવાય છુટકોજ નથી. તેમ કર્યા શિવાય તમારી મદન પીડા દુર થવાની નથી, મદનપીડા દુર થયા શિવાય તમને શાન્તિ વળવાની નથી. આમ કરતાં કદાચ ચિત્તભ્રમ વાયુ થઇ જાય તો મારા રાંડના ભોગ મળી જાયને ? "

" ના, ના દાસી ? તેવી ભીતિ બિલકુલ રાખીશ નહીં, ચિત્તભ્રમ જેવું તો મને કંઇ થવાનું નથી. પરંતુ તને એકલીનેજ કહું છું કે આ મદનપીડા દુર કરવાનો કંઇક ઉપાય શોધી કાઢયા શિવાય તો છુટકોજ નથી. "

" તે ઉપાય મારી પાસે નથી. તમારા પિતાશ્રી પાસે છે. અને તેથીજ તમને રાજ્યધાનીમાં મોકલી દેવાં, એ હું યોગ્ય ધારૂં છું. "

અલકરંભાઃ—ના, બાઇ, ના તેમ કરવાથી તો ઉલટી આ વેદના વિશેષ વધશે. માટે એ વેદના દુર થવા તુંજ કોઇ ચિકિત્સા કરનાર વૈદને મેળવી આપે તો તારો મોટો ઉપકાર! અત્યારે ને અત્યારે તેવી કંઇક ઔષધિ લાવી આપે તો મારી પીડા દુર થાય. અને તને ખોટી બીક લાગી છે તે પણ મુળગી જાય !

દાસીઃ—બાઇસાહેબ ? ધીરજ ધરો. હું પિતાજીને કાને આ વાત નાંખીશ અને જેમ બનશે તેમ ત્વરાથી તેવા કોઇ વૈદને શોધી કઢાવીશ. તેની પાસેથી યોગ્ય ઔષધિ મળશે, એટલે તમારી આ વેદના દુર થશે.

અલકરંભાઃ—તેટલો સમય તો શું પણ એક પળવાર મારાથી હવે. આ વેદના સહન થઈ શકે તેમ નથી. માટે સત્વર જા!

અને તુરતજ તેવા કોઇ હકીમને બોલાવી લાવી આ મારી પીડા દુર કર!

દાસીઃ—બાઇસાહેબ? તમારે તો માત્ર બોલવું છે એટલુંજ! બીજી કંઇ પંચાત છે? કંઇ વિચાર કર્યો? કે અત્યારે ને અત્યારે તે તેવો વૈદ ક્યાંથી શોધી કાઢું! તમેજ કહોને કે આટલામાં તેવો કોઇ વૈદ રહે છે?

અલકરંભાઃ—દાસી? દેદિપ્યમાન કાન્તીવાળા, મસ્તક ઉપર શોભી રહેલી કાળી જટાવાળા તેજસ્વી નેત્રોવાળા, ગળામાં રૂદ્રાક્ષની માળાવાળા, અંગ ઉપર ધારણ કરેલી કફનીવાળા, અને ખાંધે ભરાવેલી ઝોળીવાળા, પેલા થોડા દિવસ ઉપર મારી પાસે ભિક્ષાર્થે આવ્યા હતા તે યોગિરાજને તો તે જોયા હતા કેની?

દાસીઃ—હા, બાઇ, હા જોયા હતા પરંતુ તેનું શું છે?

અલકરંભાઃ—શું છે શું? તેજ આ દર્દ દુર કરે તેવો ચાલાક વૈદ છે આ વેદનાની રામબાણ ઔષધિ તે એકલોજ જાણે છે! તેજ મારી વેદના મટાડશે! તેજ મને ઔષધિ આપશે! તેજ મદન રાજને વશ કરશે? મને ઉગારશે! બચાવશે! માટે અત્યારે ને અત્યારે જા, ગમે ત્યાંથી તે યોગિરાજ શોધી લાવ!

દાસીઃ—વાહરે ડાહ્યાં? એતો હવે મેં જાણ્યું તમારૂં સઘળું ડહાપણ! પિતાજી એ તમને અદ્યાપિપર્યંત અવિવાહીત રાખ્યાં તે શું આટલા માટેજ કે? પરમેશ્વરે તમને જે સૌંદર્ય આપ્યું તે પેલા સાધુ

યોગી બાવાને માટેજ કે ? યોવન બગીચાની ખીલતી કળીને ભોગી તે ભિખારડોજ થશે કે ?

"ત્યારે શું ? આવી વેદનામાંજ મને સડવા દઇશ ?

"ના, બહેન ? રોગની અવધ આવે એની મેળે સારૂં થશે. ઇશ્વર ઉપર ભરૂસો રાખો. તમે કોણુ છો. તેનો વિચાર કરો ? રાજ્ય પુત્રી થઇ એક સાધુનું નામ લેતાં શરમ નથી આવતી ? ક્ષત્રી કુળમાં બીજો કોઈ પુરૂષ, તે ગોસાંઇઓની બરાબરી કરી શકે તેવો નથી શું ? તેનામાં તે તમે એટલું શું જોયું ? એ જોગટાના મોહિની મંત્રમાં સપડાયાં તો નથીને ? કંઈ ભુરકી નાંખી ભમાવ્યાં તો નથીને ?

અલકરંભાઃ—દાસી ? તેને જોગટો કહેવામાં તું ભુલ ખાય છે ! તેની મુખમુદ્રા ઉપરથી તો તે મને કોઇ ક્ષત્રિકુમાર જેવો લાગે છે. કોઇ અનિવાર્ય કારણુને લીધેજ તેણે આ યોગિનો વેષ ધારણુ કર્યો છે એમ હું ધારૂં છું ! શું તેના મુખની કાન્તિ તને રાજ્યકુમાર જેવી નથી લાગતી ?

દાસીઃ—બાઇ સાહેબ તમનેતો અત્યારે તેમ લાગેજ. કામાંધ સ્ત્રી પુરૂષો પોતાની ઇચ્છા પાર પાડવા જ્ઞાતિનો બાધ ગણુતાંજ નથી. ભલે તમે જેમ ધારો તેમ ખરૂં ? મારૂં શું જવાનું છે ? પરંતુ મને તો માત્ર એટલી ચીંતા છે કે રાત્રિ ઘણી ગઇ છે, હું ગમે તેટલી પણુ સ્ત્રી જાતિ, તેમજ તે યોગિ-રાજનો મુકામ પણુ મેં જોયો નથી. તેથી અત્યારે હું તેને શી રીતે શોધી કાઢીશ. અને ધારોકે કદાચ્ મળ્યો તો મારે તેને કહેવું શું ?

અલકરંભાઃ—ગાંડીરે ગાંડી ! તેમાં મને શું પુછે છે ? તું કયાં નાની કાલી છે ? અબળા હોવા છતાં હજારો પ્રબળ પુરૂષોને ચી-પટીમાં ઉડાવે તેવી છે. નામ પણ ચાતુરિકા, ગુણ પણ તેવાજ! શાણી છે ! સમજુ છે ! ચાલક છે ! નિપુંણ છે !

દાસીઃ—વારૂ, બા, તમારા કહેવા પ્રમાણે કોઈ પણ રીતે તે સાધુને લાવી તમારી પાસે હાજર કરૂં છું. પરંતુ જો જો તે જોગીના મોહિની મંત્રમાં સપડાઇ જઈ, જોગણ બની નજતાં! અને " ગરજ સરી એટલે વૈદ વેરી " એ કહેવતાનુસાર પા-છળથી આ તમારી ચાતુરિકાને ભુલી ન જતાં !


અલકરંભાઃ—અરે તું તે ઘેલી થઈ કે શું ? તારા વિના એક પળવાર પણ મને ચેન પડે ખરૂં કે ? પણ........

દાસીઃ—પણ શું ? કામ ફતેહ થયું સમજો. રાજ્ય કન્યા તમારા પ્રે-મની ભિખારણ છે એટલું કહેતાની સાથેજ ગોસાંઇજીતો દિવાના ! આવો રાજ્ય વૈભવ તો તેના બાપે પણ કદી જોયો નહીં હોય ! રાજ્ય કન્યાની વાત સાંભળતાંજ તે તો બસ પાણી પાણી ? ! ઠીક બાઇસાહેબ હું જાઉં છું. તમે સર્વ વાતે તૈયાર થઇ રહેજો.

આટલું બોલી ચાતુરિકા રાત્રિને વખતે એકલી ચાલી નીકળી. તેના ગયા બાદ અલકરંભાને અનેક કલ્પનાઓ થવા લાગી. યોગિરા-જના સમાગમ માટે ઉત્સુક બનેલી તે રાજ્ય કન્યા પોતાનામન સાથે બોલીઃ—જો દાસી ! કામ સફળ કરીને આવે તો મારા જેવી ભાગ્ય-શાળી બીજી કોણ ? પણ જો કદાચ દાસીનું કહેવું તે માન્ય નહીં

કરેતા ? તો શું ? આખી જીંદગી કુમારીકા અવસ્થામાંજ ગાળવી. એજ નિશ્ચય ! તેના શિવાય દુનિયાના સર્વ પુરૂષો મારે નકામા છે ! જોઉંછું દાસી શું ખબર લઇને આવે છે.

આ પ્રમાણે મન સાથે દૃઢ નિશ્ચય કરી, દાસીની વાટ જોતી અલકરંભા પોતાનો વખત વ્યતિત કરવા લાગી.



પ્રકરણ ૧૭ મું.

યોગ માયા.

"હોય સમુદ્રમાં રત્ન અનેક, પ્રયોજન ના કંઇ સાગર નેછે"
" વિંધ્યમાં છે ગજ તોય ન તેથી, મળ્યો કંઇ ફાયદો પર્વતને છે."
" ચંદન છે મલિયાચળમાં કંઇ, સ્વારથ તેથી ન તેનો સરે છે,"
" સાધુ જનો તણી સંપત્તિનો વ્યય, અન્ય તણા હિતને અર્થે છે,"

જો જુવાની મેઘમંડળમાં થતા વિજળીના ઝબકારા જેવી જણાય, જો લક્ષ્મિ રાજાઓના સંગ્રામ રૂપ અરણ્યમાં રઝળતી હરિણી સરખી ચંચળ જણાય, જો કાળરૂપ ભમરો મનુષ્ય રૂપ કમળમાંથી જીણી રજરૂપ આવરદાને ચુશી ખાતો જણાય, તો પછી આ સંસારમાંથી, મુર્ખ વિના બીજા કયા પ્રાણીનું મન વિરામ ન પામે ? મતલબ કે, આમ જાણુવામાં આવે તો સર્વ કોઇનું મન શાન્ત થયા વિના નજ રહે.

કરૂણા રસનું અવિચ્છિન્ન ઝરણુ આવતું હોય, એવી અહીંસા જો પોતાના અંતઃકરણમાં હમેશનો વાસ કરી રહેલી છે, તો આકરાં તપ, વૃતથી વધારે શું થવાનું છે? જો શાન્તિથી મન નિર્મળ થયું છે, અને શીળથી પવિત્ર થયું છે, તો પછી અન્ય તિર્થની શી આવશ્યક્તા છે. તેવીજ રીતે સંસારમાંરહેવા છતાં, ષડરિપુઓથી પરાજીત ન થવાય તેમ હોય તો પછી સન્યસ્ત, કે યોગ, ત્યાગની કંઇપણ જરૂર નથી.

વાસનાના સંસ્કારથી જેનાં કર્મો મુક્ત છે, જેના જ્ઞાનરૂપી અગ્નિથી કર્મો ભસ્મ થઈ ગયાં છે, તેનેજ જ્ઞાની મનુષ્યો યોગિ તરીકે ઓળખે છે.

મહદ પુરૂષોના શબ્દોનું અનુકરણ એજ ઉત્તમોત્તમ સેવા છે.

અનિવાર્ય મદન તાપથી રાજ્યકન્યાને મુકત કરવા યોગિરાજની શોધમાં નીકળેલી ચતુર ચાતુરિકા થોડીવારમાં કુતલારણ્યમાં આવી પહોંચી. યોગિરાજનું નિવાસસ્થાન આ અરણ્યમાં છે. તે વાત તે પ્રથ-

મથીજ જાણુતી હતી. તેથી અરણ્યમાં રખડીને અંતે તેણે યોગિરાજને શોધી કાઢ્યા. યોગિરાજને જોતાંજ તે બોલી;—મહારાજ ? આપનાં દર્શનને માટે અધીરી બનેલી રાજા દુર્મદસિંહની કન્યા આપને હાલને હાલ બોલાવે છે." આટલું બોલી બે હાથ જોડી ચાતુરિકા યોગિરાજની સન્મુખ ઉભી રહી.

દાસીના આ ભાષણથી આશ્ચર્યમાં પડેલો યોગિરાજ બોલ્યો;—દુર્મદસિંહ જેવા એક મહાન્ પરાક્રમી રાજાની કન્યા મને અત્યારે ને અત્યારે મળવા માગે છે તેનું કારણ શું ?

ચાતુરિકા;—કારણ ! કારણ બીજું શું ? સંસાર વ્યવહારની વિકટ, દુખદ જીંદગી ગુજારતી રાજ્ય કન્યા પોતાની તે સ્થિતીથી તદન કંટાળી ગઇ છે, તેથી પોતાનું ભવિષ્ય જાણવા માટે તેમજ આપ જેવા પવિત્ર મહાત્માનાં દર્શનની અભિલાષા માટે, આપને મળવા ઇચ્છે છે. એટલા માટેજ હું આપને બોલાવવા આવી છું કૃપા કરી આનંદભુવનમાં પધારી, તેની ઇચ્છા પૂર્ણ કરો, આથી વિશેષ ખુલાસો કરવાની મારામાં શકિત નથી.

ચાતુરિકાના આ શબ્દો સાંભળી કેટલોક વખત પોતાના મનમાં વિચાર કર્યા બાદ યોગિરાજે તેની સાથે જવાનો નિશ્ચય કર્યો. તેમને ઉભા થયેલા જોઇ, ચાતુરિકાએ તેમની સાથે ચાલવા માંડયું. જોતજોતામાં બન્ને આનંદભુવનમાં આવી દાખલ થયાં.

યોગિરાજને નીચે બેસાડી ચાતુરિકા એકલીજ મેડા ઉપર ગઇ અને શયનગૃહમાં બેઠેલી, ચિંતાગ્રસ્ત રાજ્યકુમારીને યોગિના આ

ગમનની સર્વ હકીકત જણાવી, ત્યાર બાદ તેમને બેસાડવાની, તેમજ જોઇતી સર્વ સામગ્રીની યોગ્ય વ્યવસ્થા કરી, દાસી નીચે આવી, અને યોગિરાજને શયનગૃહમાં તેડી લાવી, તેમને સિંહાસન ઉપર બિરાજમાન કરી દાસી બોલી—મહારાજ ? મારી બાઇ સાહેબ ઉપર કૃપા કરી તેમની વેદના દુર કરજો. રોગ બરાબર પારખજો, અને દવા પણ ફાયદો કરે તેવીજ આપજો. આમ બોલી દાસી તુરતજ નીચે ઉતરી પડી. દાસી ચાલી ગઈ એટલે અલકરંભા સલજ્જતાપણે બોલી મહારાજ ? દાસી ઉપર કૃપા કરી, અત્રે પધારી આ મારા મહેલને આજે આપે પાવન કર્યો છે. મારી માત્ર એકજ ઇચ્છા છે, અને તે પૂર્ણ કરવા આપ શિવાય, અન્ય કોઇ સમર્થ નથી. ચાતુરિકાએ સર્વ વાત આપને જણાવીતો હશેજ !

યોગિઃ—હા. રાજ્યકુમારી દાસીએ મને કેટલીએક હકીકત કહી છે, અને તેથીજ તારી વ્યથાઓ દુર કરવા માટેજ હું અત્રે આવ્યોછું. તારા જેવીએક શુશીલ તેમજ સદ્‌વર્તનિય રાજ્યકુમારીના મેળાપથી આજે મારો જન્મ સફળ થયો છે. મારા ભાગ્યનો ઉદય થયો છે. બોલ તારી શી ઇચ્છા છે ?

" વચન આપો કે મારી માગણીનો અસ્વિકાર નહીંજ થાય ? "

" મારા પ્રત્યેની તારી ભાવનાઓ દૃઢ હોય તો નિઃશંશય માનજે કે આ યોગિ કદી પણ પોતાના સ્વાર્થને માટે વચન ભંગનું કલંક શીરપર નહીંજ વ્હોરી લે. "

" ત્યારે તમે મારૂં કહેવું જરૂર સ્વિકાર શોજ ? "

સત્યનો અસ્વિકાર તો કોઇ નીચજ કરે. "

યોગિરાજના આ શબ્દો ઉપરથી પોતાની ઇચ્છા ફળીભુત થશે

એમ સમજવાથી રાજ્યકુમારીનું વદન કમળ પ્રફુલ્લિત જણાવા લાગ્યું. નિચી દ્રષ્ટિ કરી તે શરમાતી શરમાતી બોલીઃ—મહારાજ ? આ કીંકરી માત્ર તમારા સહવાસનીજ ભિક્ષા માગે છે. જો આપનું વચન સત્યજ હોય, તો મારી માગણીનો સ્વિકાર કરી મને આપની સાથે લેઇ જશો ?

આ સાંભળતાંજ આશ્ચર્યચકિત્ બનેલો યોગિ કેટલીક વાર ઉડા વિચારમાં ગરકાવ થઇ ગયો, બાદ સ્વસ્થ થઇને બોલ્યોઃ—રાજ્યકુમારી ? તું ઘેલી બની ગઈ છે ! સારાસાર કંઇ સમજતી નથી ! લક્ષમાં રાખજે કે સંસારથી કંટાળી, સૈન્યસ્ત ધારણ કરતાં જરૂર પાછળથી પસ્તાઇશ ! મારી સાથે આવવાથી અરણ્યોનાં મહાન્ સંકટ સહન કરવાં પડશે ! અમોલી જીંદગી ભુખ્યે તરસ્યે ભટકી ભટકી ગુજારવી પડશે ! ટાઢ તડકો સહન કરવો પડશે ! પગે ચાલી પ્રવાસમાં સાથે આવવું પડશે પર્ણકુટીમાં રહેવું પડશે ! આ સઘળાનો વિચાર તેં કર્યો છેકે ?

અલકરૂંભા:—મહારાજ ? તેની તમે બિલકુલ ચીંતા રાખશો નહીં. તમે કહોછો તેવાં સંકટ મુગે મોઢે સહન કરીશ. ફુલફલના આહારથી ચલાવી લઇશ, ગમે તેવાં સંકટોમાં પણ સદા સર્વદા સાથેજ રહીશ......

યોગિ:—પરંતુ, સાંભળ, આ સર્વ અલંકારોનો ત્યાગ કરી. હું જે વસ્ત્રો આપીશ, તે તારે પરિધાન કરવાં પડશે ?

અલકરંભા:—મહારાજ ? આ શું બોલોછો ? મારા સર્વ અલંકારો જડ જવાહિર, તેમજ આ મારૂં શરીર, અને બાકીનું સર્વસ્વ હુંતો આપને અર્પણ કરી ચુકીજછું.

યોગિઃ—તે સર્વ ખરૂં. પરંતુ સ્ત્રીઓનાં મન હમેશાં ચંચળ અને અસ્થિર હોય છે તેનો વિચાર કરી તારો નિશ્ચય અડગ કરજે મજબુત પાયા શિવાય ઇમારત ટકી શકતી નથી, અને થોડાજ સમયમાં ડગમગી જાય છે. તેમ સ્ત્રીઓનાં હ્રદય પણ પળવારમાં ડગમગી જાય છે. માટે પકકો નિશ્ચય કર્યા શિવાય તારી માગણીનો સ્વિકાર હું કદાપિ કરી શકું તેમ નથી. તું એક રાજ્યકુમારી છે! હું રાજ્ય યોગિ છું! સંસારીને સંન્યાસીનો સંબંધ ટકી શકવો મુશકેલ છે?

"મુનીરાજ? એવી ખોટી શંકાને હ્રદયમાં સ્થાન આપના ના. હવે વિશેષ પરિક્ષા કરવી મુકી દયો. હું તો આપને તન, મન, ધનથી વરી ચુકીછું." અલકરંભા બોલી.

"કુમારી? આશું બોલે છે."

"મહારાજ? સત્યજ કહું છું."

"કુમારી? તુ કોણ છે? તેનો વિચાર કર. શું આ શબ્દો એક રાજ્ય કુમારીના છે? આતે સત્ય કે સ્વપ્ન! આ હું શું સાંભળું છું! રાજ્યકુમારી એકવાર ફરીથી કહે કે આ શબ્દો તારાજ છે? તું જે બોલે છે તે સમજીનેજ બોલે છે?"

અલકરંભાઃ—હા, હા, તે શબ્દો મારાજ છે. જે બોલું છું તે વિચાર કરીનેજ બોલુંછું. સમજીનેજ કહુંછું. તન મનથી તમને વરી ચુકીછું બીજાની થવાની નથી! વરમાળા આરોપી ચુકીછું બીજાની થવાની નથી! મનોજન્ય પ્રેમના દૃઢ બંધનમાં બંધાઇ ચુકીછું બીજાની થવાના નથી! મનથી પાણી ગૃહણકરી ચુકીછું બીજાની થવાની નથી! આપની ધર્મપત્નિ

થઇ ચુકીછું બીજાની થવાની નથી ! વિણુ મુલ્યની વેચાણુ થઈ ચુકીછું બીજાની થવાની નથી ! તમારી સેવામાંજ આ જીંદગી અર્પણ કરી ચુકીચ્છું બીજાની થવાની નથી ! અર્ધાંગના થઇ ચુકીછું બીજાની થવાની નથી !

યોગિઃ—ન બોલ ! રાજ્યકુમારી ન બોલ ! હવે હદ થઇ છે ! રાજ્યકુંમારી થઇ એક યોગિ સાથે ન છાજતી, અધર્મ યુક્ત ઇચ્છાઓ ધરાવે છે એ તારૂં કેટલું અજ્ઞાન ! તારાં બંન્ને નેત્રો સાબીત હોવા છતાં, તારા હૃદયમાં વાસ કરી રહેલા, પરમાત્માને તું જોઇ શકતી નથી, એ તારૂં કેટલું અજ્ઞાન ! આવા સનાતન્ ગુણુયુક્ત તેમજ ભય, શોક, લોભ, મોહ, ક્રોધ, મત્સરાદિ છ શત્રુથી રહિત તે પરમ પુરૂષને છોડી દઇ, તેથી ઉલટાજ ગુણુવાળા સાધુને તારો પતિ બનાવવા ઇચ્છે છે ? એ તારૂં કેટલું અજ્ઞાન ! સમજુ હોવા છતાં, જ્ઞાની હોવા છતાં, વિષય વાસનામાં લપટાઇ તું પોતે રાજ્ય કન્યા છે, એ વાત પણ અત્યારે ભુલી જાય છે, એ તારૂં કેટલું અજ્ઞાન ! !

અલકરંભાઃ—મહાત્મા ? આ તમારા શબ્દોથી કાળજું ચીરાઇ જાય છે. પરંતુ એવું તત્વજ્ઞાન મારી પાસે અત્યારે નકામું છે તમારી સાથે ગાઢ આલીંગન કર્યા શિવાય હૃદય શાન્ત થવાનું નથી !

યોગિઃ—બહારથી તેજોમય જણાતું, પરંતુ મળમુત્ર અને માંસરૂધિરનું બનેલું આ પંચભુતનું પુતળું તારી વેદના શી રીતે દુર કરી શકશે ? શાન્તિ શી રીતે આપી શકશે ?

અલકરંભાઃ—મદન અનળથી બળેલા—જળેલા—હૃદયને આપના મુખ-

ચંદ્રના દર્શન માત્રથી આટલી શાન્તિ મળે છે તો પછી તે મુખ વડે કરાયેલા ચુંબનની તો અવધિજ ! !

યોગિઃ—કામદેવના દાહથી શાન્તિ મેળવવા શશિ કરતાં પણ શિતળ એવા રામ નામનો જાપ છોડી, આવા ઉપરથી ઇંદ્રવરણા જેવા દેખાતા દેહથી શાન્તિ મેળવવા માગે છે, એ કેવું અજ્ઞાન ! કેવી મુર્ખતા !'!

અલકરંભ :—મહારાજ ? આપનું વદન કમળ જોઇ, આ મન થનગન થનગન નાચી રહ્યું છે. આપના યૌવન શરે મારા મન રૂપી મૃગને વિંધી નાંખ્યો છે ! આપના સ્મર ધનુષ્યમાંથી છુટેલા તીરે હૃદયને ઘાયલ કર્યું છે ! આ ચોરટા મનને વશ કરવા, આપ શિવાય અન્ય કોઇ સમર્થ નથી ! યોગ્ય નથી ! લાયક નથી ! !

યોગિઃ—રાજ્યકન્યા ? જે મદનના શરથી તું ઘાયલ થઈ છે, તે મદનને વશ કરવાની મનુષ્યની શું તાકાત છે ? પરંતુ જેની ભક્તિથી યોગિઓ આરામ મેળવે છે, તેવા ત્રિતાપને હરવાવાળા, **શી**-વની માળા તું તારા કંઠમાં ધારણ કરી લે ! જેના લોચનમાંથી નીકળતા અગ્નિથી કામદેવ પણ વ્યાકુળ અને ભયભિત બની નાશી જાય છે, એવા મદનરિપુ મહાદેવની મૂર્તિ તારા હૃદયમાં ધારણ કરી લે !

અલકરંભાઃ—મુનિશ્વર ? મારૂં ચિત્ત ઠેકાણે નથી, હું કોની સાથે, વાત કરૂં છું, ઘટિત કે અઘટિત વાત કરૂં છું, તેનું મને બિલકુલ ભાન નથી. સંસાર એ શું છે ? તે હું બિલકુલ સમજી શકતી નથી. મનમાં અનેક પ્રકારના તર્ક વિતર્કો

થયા કરે છે, પ્રભુ ? તમે કહો છો તેવો પરમ પુરૂષ પર-
માત્મા કયાં રહે છે ? કૃપા કરી મને તે સ્થાન બતાવશો ?
થોડે સુધી મારી સાથે આવશો ? આ દાસીનું કામ થશે !
આપનો મોટો ઉપકાર થશે ! !

યોગિઃ—" રાજ્યકુમારી ? સંસારોદધિમાંથી તરવું ઘણું મુશ્કેલ છે. જે માણસ પુર્ણ વિચાર કરી, પોતાના ધર્માનુસાર ચાલે છે. તેને માટે તે સ્હેલ છે.

ચોરાશી લક્ષ યોનિમાં ભટકયા પછી પુર્વના પુણ્યથી આવો ઉત્તમ મનુષ્યાવતાર મળે છે. તેજ અવતારમાં મનુષ્યે પોતાનું સાર્થક કરી લેવાનું છે સુખમય દેખાવા છતાં, સંસારની કોઈ પણ સ્થિતી સુખપ્રદ નથી. હજારો યોગિઓ, રૂષિઓ, જેની સ્તુતિ કરી રહ્યા છે લક્ષ્મી સહિત અષ્ટમાસિધ્ધી જેનું દાસત્વ સ્વિકારી રહેલી છે, જે ચીંતામણી છે, કલ્પતરૂ છે, કામધેનુ છે, અમૃત છે, સહસ્ત્ર મુખી શેષ, વેદ, શાસ્ત્ર, કે પુરાણ જેનું વણ ન કરવા અશકય છે, એવા પરમ પુરૂષની પ્રાપ્તિને માટેજ આ મનુષ્ય દેહ છે, તેની અગમ્ય માયાના આવરણમાં આખું જગત્ ફસાઇ રહેલું છે. "

" દેહ સુખની વાસના, ઇંદ્રિયોના ક્ષણિક્ સુખમાં પ્રેમ અને આનંદ, એ સર્વ તેની માયાનોજ પ્રભાવ છે. આ માયાના અધિપતિ ને શોધવા વેગળું જવું પડે તેમ નથી. તે હમેશાં સર્વના હૃદયમાંજ છે. શીવ જીવમાં કંઇ ભેદ નથી. એકે સાવધ રહી, પોતાનું સર્વ સાક્ષી પણું જાળવી રાખ્યું, જ્યારે બ.જે વિષય ફળના સેવનથી ભ્રમિત થઈ ગયો, પોતાનું પોતાપણું ભુલી ગયેલો જીવ, દેહનેજ ઇંદ્રિયોને શાન્ત કરનાર, સુખ સૌંદર્ય વિલાસનું મંદિર સમજી બેઠો"

હું કોણ? આ બાબતનો ખુલાસો મેળવવા, પુર્વ સ્થિતીનું ભાન થવા જેટલી શક્તિ જ્યારે તારામાં આવશે, ત્યારે આ ખુલાસો આપો આપજ થશે.

અલકરંભાઃ—મુનિરાજ! મને અધમને તારવા, અને મુક્તિનો માર્ગ બતાવવા અત્રે આવેલા આપ શાક્ષાત્ ભગવાન હો, તેમ લાગે છે, હું આપને વંદન કરૂં છું. વિષયાંધ બની તમને ન પિછાનતાં, મેં જે નીચ માગણી કરી તેને માટે હવે હું પસ્તાઉં છું આપનો ઉપદેશ અમૃત તુલ્ય છે! અમુલ્ય છે!!

યોગિઃ—ધન્ય છે રાજ્યકુમારી ધન્ય છે! તારો નિશ્ચય અડગ્ થયો છે. હવેજ તારો મુક્તિનો માર્ગ સરળ થશે. સ્ત્રી કે પુરૂષને જ્યારે પોતાના પાપ કર્મનો પસ્તાવો થાય છે, અને પસ્તાવો થવાથી, જ્યારે તેની વૃત્તિઓ હરિસ્મરણમાં દોરાય છે, ત્યારેજ તે મુક્તિને માટે લાયક પાત્ર થાય છે. સુખ કિંવા દુઃખનો મુખ્ય આધાર મનુષ્ય માત્રની ભાવનાઓ ઉપરજ રહેલો છે.

અલકરંભાઃ—યોગિરાજ? મારી વૃત્તિ હવે ફરી ગઈ છે. આપના શિવાય બીજા કોઇને હું જોઇ શકતી નથી. મને હવે આ સંસારના ક્ષણિક્ સુખ વૈભવની બિલકુલ લાલસા નથી. આ અલંકારોની મને પરવા નથી.

યોગિ;—સત્ય છે! તારૂં કહેવું સત્ય છે! ક્ષુધાથી તૃપ્ત થયેલા માણસને ભોજનની અપેક્ષા રહેતીજ નથી. કામધેનુ મળ્યા પછી કંઈ કમીના રહેતી નથી, કલ્પવૃક્ષની પ્રાપ્તિ થયા બાદ કંઇ કલ્પનાઓ બાકી રહેતી નથી, તેમજ પરમપદની પ્રાપ્તિને માટે,

અધિકારી થયા પછી મનુષ્ય માત્રને સંસારના ક્ષણિક સુખ વૈભવની આકાંક્ષા રહેતીજ નથી તેનાથી શાન્તિ વળતી નથી! આનંદ મળતો નથી.

અલકરંભાઃ—અહો મહા ભાગ્યવાન્ મુનિરાજ? આજે હું કૃતાર્થ થઇ છું. મારા મસ્તક ઉપર આપનો પવિત્ર હાથ મુકો. તમારી મંજુલ વાણીથી મને જ્ઞાનોપદેશ કરો. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સરાદિ છ શત્રુથી મને બચાવો!

યોગિઃ—રાજ્યકુમારી? મનને વશ કરવા, અને છ શત્રુઓથી બચવા, પ્રથમ ઇંદ્રિયોને વશ કરવી જોઇએ. સુખની ઇચ્છા બિલકુલ રાખવી ન જોઇએ, સગુણ તેમજ નિર્ગુણ એવા પરમાત્માને જ ક્રીડાસ્થાન સમજવું જોઇએ. સુખ, સમાધાન, બંધન કે મોક્ષ આમાંથી ગમે તે એક સ્થિતીમાં મનુષ્યને લાવી મુકનાર મનજ છે. વૃત્તિઓને સારે ખોટે માર્ગે દોરનાર પણ મનજ છે.

અલકરંભાઃ—પ્રભુ! માત, પિતા, બંધુ કે સગાં સહોદરને હું હવે ભુલી ગઇ છું, મારી વૃત્તિઓ બદલાઈ ગઇ છે. મન પણ બદલાઇ ગયું છે.

યોગિઃ—રાજ્ય કન્યા? સત્વ, રજ અને તમ એ ત્રણ ગુણમાં પહેલા તરફ તારી વૃત્તિ હમેશાં સ્થિર કરજે, અખિલ બ્રહ્માંડને મનથી ભસ્મ રૂપ ગણી તે ભસ્મ તારા શરીર ઉપર લગાવજે.

અલકરંભાઃ—મહારાજ? હું હજુ જ્ઞાન શુન્ય છું! મને સમજાવતાં આપને ફોકટ શ્રમ થાય છે. આખા બ્રહ્માંડની વિભુતીનું શરીરે લેપન કરવું, એમ કહોછો તે ખરૂં. પરંતુ તેમ કર્યા

બાદ શું કરવું તેની મને અજ્ઞાનને ક્યાં ગમ છે! મારા ને તમારામાં શો ભેદ છે, તે હું સમજી શકતી નથી.

યોગિઃ—મારા ને તમારામાં કંઇ ભેદ નથી, દેખીતો ભેદ જણાય છે, પરંતુ વાસ્તવિક રીતે જોતાં તો બન્ને એકજ છીએ.

અબકરંબાઃ—મહારાજ? હજુ મારી બુદ્ધિ જડ છે. તમારો અમૃત તુલ્ય હસ્ત મારા શીર ઉપર મુકયા શિવાય, મને આપના ઉપદેશથી બિલકુલ જ્ઞાન થવાનું નથી. હું અજાણ છું! પામર છું! પાપી છું! અબળા છું! મારા ઉપર અનુગ્રહ કરો.

આટલું બોલી રાજ્યકુમારી યોગિરાજના ચર્ણમાં નમી પડી. યોગિરાજે તેને ઉઠાડી, પોતાનો હાથ તેના મસ્તક ઉપર મુકયો.

યોગિરાજના હાથનો સ્પર્શ થતાંજ તેની વૃત્તિ બ્રહ્મસ્વરૂપમાં લીન થઈ ગઇ. પોતાનાં દિવ્ય ચક્ષુ મીચી દઇ તે યોગિની સામે એક પુતળા માફક ઉભી રહી.

યોગિરાજ પણ રાજ્યકુમારીની આ સ્થિતી જોઇ, સ્તબ્ધ બની ઉભો રહ્યો.

એટલામાં ઝાઝો વખત થયેલો હોવાથી ગભરાયેલી દાસી ચાતુરિકા એકદમ ઉપર આવી, રાજ્યકન્યાની આ સ્થિતી જોઇ, આશ્ચર્યમાં ગરકાવ બની ગયેલી દાસી તેને હાંકો મારવા લાગી, કંઇપણ પ્રત્યુત્તર ન મળવાથી, તે યોગિ પ્રત્યે બોલી;—મહારાજ? આ શું? મારી બાઇ સાહેબની સ્થિતી એકાએક બદલાઇ જવાનું કારણ શું? યોગિરાજ તરફથી પણ તેના પ્રશ્નનો કંઇ પ્રત્યુત્તર ન મળ્યો. એટલે

તે પુનઃ બોલીઃ—મહાત્મા ? તમારા ને તેના શિવાય ત્રીજુ કોઇ માણુસ અહીં નહોતું, છતાં આમ થવાનું કારણુ શું ? એ સર્વ તમારાંજ કાવત્રાં છે. તેના ઉપર કંઇ મંત્ર તંત્ર તો અજમાવ્યો નથીને ? કારણુ કે આજકાલ ઘણુા વેષ ધારી, ધુર્ત, ઢોંગીઓ પોતાની મલીન વિદ્યાથી અન્યને ફસાવે છે, ભ્રમિત બનાવે.છે. માફ કરજો. યોગિરાજ ? તમારે માટે આ આક્ષેપ નથી, પરંતુ જો કદાચ્ તેમ બન્યું હોય તો તેને તેમાંથી સત્વર મુક્ત કરો. કારણુ કે મહારાજા તરફથી એક દુત આવેલ છે. તે કંઇ વિચિત્ર સમાચાર લાવેલ છે. રાજા દુર્મદસિંહ માંદગીના બિછાના ઉપર પડેલા છે. રાજ્યકુમારીની મુલાકાતની આકાંક્ષા ધરાવે છે, તેમને હાલ ને હાલ બોલાવે છે.

દાસીની આ વાત સાંભળતાંજ યોગિરાજે પુનઃ રાજ્યકુમારીને તેની પુર્વ સ્થિતીમાં લાવી મુકી. યોગિરાજની કૃપાથી અલકરંભાનાં દિવ્ય ચક્ષુ બદલાઇ પુનઃ ચર્મ ચક્ષુ થઇ ગયાં, તેથી દાસીને પોતાની સામે ઉભેલી જોઇ, જેના મસ્તક ઉપર યોગિરાજે પોતાનો હસ્ત મુકયો અને તેથી જેને જ્ઞાન થયું છે એવી રાજયકન્યા દાસી પ્રત્યે બોલીઃ—ચાતુરિકા ? શી ગડબડ મચાવી રહી છે !

દાસીઃ—બાઇસાહેબ ! તમારા પ્રશ્નનો જવાબ દેવાનો અત્યારે સમય નથી. આ દુત સમાચાર લઇ આવેલ છે, તે સાંભળો, અને અત્યારેજ તેની સાથે રાજધાનીમાં જાઓ. તમારા પિતાશ્રીએ તમારા નાનાભાઈ રજનિકાન્તનું ખુન કરાવ્યું છે. સેનાધિપતિ મન્મથરાય દગલબાજીથી તમારાં માતુશ્રીને, તુરંગમાંથી છુપી રીતે લઇ નાશી ગયો છે. રાજ્યધાનીમાં જબરો કોલાહલ મચી રહ્યો છે. પિતાશ્રી ગાંડા જેવા થઇ ગયા છે.

ઘડીમાં વિરતનયા, ઘડીમાં શીળવતી, ઘડીમાં રજનિકાન્ત ઘડીમાં અલકરંભા આ પ્રમાણે લવારો કરી રહ્યા છે. તેમની સ્થિતી ઘણી ભયંકર થઇ પડી છે. તમને હાલ ને હાલ બોલાવે છે, માટે આ દુત સાથે અત્યારેજ જવા માટે તૈયાર થાઓ.

દાસીનું આ ભાષણ સાંભળી જેને પોતાની સ્થિતીનું ભાન નથી, જેને સગાં સહોદરની દરકાર નથી, એવી ગુરૂના ઉપદેશથી જ્ઞાની બનેલી રાજ્યકુમારી બોલીઃ—રજનિકાન્ત ! રજનિકાન્ત કોણ ? મારો ભાઇ ! દુર્મદસિંહ મારો પિતા ? શીળવતી મારી માતા ? દાસી આ શું બોલે છે ?

" ત્યારે કહે વારૂ હું કોણ ? એ બધાં નામ તો આ દેહને ઓળખવા માટે પાડવામાં આવ્યાં છે. કોઇ કોઇનું સંબંધી નથી. કોઈ કોઇનું સગું નથી. આત્મા એકજ છે, અનિત્ય છે, અમર છે. જે આ બ્રહ્માંડનો ઉત્પન્ન કર્ત્તા છે તેજ સંહાર કર્ત્તા છે. સૃષ્ટિ નાટક રૂપે છે, કર્ત્તા સુત્રધાર છે. અનેક પ્રકારની લીલાઓ કર્યાં કરે છે. સર્વ તેનીજ માયાનો ખેલ છે. સર્વની ઉત્પતિ એકજ તત્વમાંથી છે, તેજ તત્વમાં સર્વને અંતે મળી જવાનું છે. તો પછી હર્ષ શોક કોનો કરવો ? શા માટે કરવો ? ઋણાનુબંધથી સર્વ આવી મળ્યાં છે. ભેગું થયેલું પંખીનું ટોળું સમીસાંજ થતાં ઉડી જવાનું છે. સંસારની મુસાફરી પુર્ણ થયા બાદ સર્વને એકજ સ્થળે જવાનું છે."

" જરૂર ગાંડી બની છે. નહીંતર આવા શબ્દો બોલેજ ક્યાંથી ?

તેને આ જોગટાએ મોહિની મંત્રમાં ભમાવી દીધી છે." આમ સમજીને યોગિરાજ તરફ ગુસ્સાની નજરથી જોઇ દાસી બોલીઃ—ઓ

સાધુડા? ઓ બકધ્યાની? ઓ જાદુગર? અંતે મારી ધારણા સત્ય ઠરી છે. રાજ્યકન્યાનું અમુલ્ય જીવન રત્ન જોત જોતામાં તે ધુળમાં મેળવી દીધું છે. તું ઠગ છે. ઓ કાળાં કર્મના કરનાર જોગટા? તેં મારી બાઇસાહેબને તારા જાદુમંત્રમાં ભુતી લીધી છે. વશીકરણથી વશ કરી લીધી છે.

આવા રખડેલા ભીખારડા. જાદુમંત્ર ચલાવવાવાળા હોય છે. એવી પ્રથમથી સુચના આપ્યા છતાં, ઘણું ઘણું સમજાવવા છતાં, ઓ બાઇસાહેબ યુવાનીના મદમાં છકી જઇ, વિષયમાં અંધ બની જઇ, તેં મારો એક શબ્દ પણ ન સાંભળ્યો. તેથીજ અત્યારે તારી આવી સ્થિતી થઇ પડી.

રાજપુત્ર કોણ! માતા કોણ! પિતા કોણ? આ કોણ ને તે કોણ! કોઇએ નહીં. માત્ર આ ગોસાંઇડો ખરો કેમ? જોઉંછું કે તું તેની સાથે કેવી રીતે જાય છે.

ઓ લફંગા! ઓ ઢોંગી! ઓ ધુતારા? કહે કહે જલ્દી તેં રાજ્યકુમારીને શું કર્યું છે. જો તું સત્યવાત જાહેર નહીં કરે, તો નક્કી સમજજે કે, તારે ભવિષ્યમાં પસ્તાવું પડશે. તારી બુરી અવસ્થા થશે! પાયમાલ થશે! ખુવાર થશે!

ચાતુરિકાનું આવું અજ્ઞાનથી ભરેલું અને તિરસ્કાર યુક્ત ભાષણ સાંભળી યોગિરાજ સ્હેજ ક્રોધાવેશમાં આવી જઇ બોલ્યોઃ—ઓ કુટીલ દાસી? ઓ અજ્ઞાનતાની મૂર્તિ? તારી બાઇસાહેબને શું થયું છે, તે મને ન પુછતાં તેનેજ પુછી જો?

યોગિરાજના કહેવાથી દાસી પુનઃ રાજ્યકુમારી પ્રત્યે બોલીઃ—બાઇસાહેબ? ખરેખરૂં કહો, આ સ્થિતી થવાનું કારણ શું? ચિત્ત કેમ

ખસી ગયું છે ? બુદ્ધિ કેમ ફરી ગઇ છે ? રાજ્યધાની તરફ આવવાનો વિચાર હજુ થાય છે કે નહીં ? બોલો જલ્દી જવાબ દ્યો ?

અલકરંભાઃ—ચાતુરિકા ? હુંતો સાવધજ છું. પરંતુ તુંજ ગાંડી બની ગઇ છે. રાજ્યધાનીમાં આવવા અત્યારે હું બિલકુલ ખુશી નથી.

દાસીઃ—રાજ્યધાનીમાં આવવા બિલકુલ ખુશી નથી ? જોઉં છું કે કેવાં નથી આવતાં વારૂ ?

આટલું બોલતાંજ, દાસી, આવેલ દુતની મદદથી રાજ્યકન્યાને જબરજસ્તીથી લઇ જવા લાગી. દાસીનું કહેવું નહીં સાંભળતાં તેમજ આવેલા દુતની પણ દરકાર નહીં કરતાં રાજ્યકન્યા ગુસ્સામાં બોલીઃ—ખબરદાર ? જો મારા શરીરને સ્પર્શ કર્યો છે તો ? તું અને આ શેવક બન્ને રાજ્યધાની તરફ વિદાય થાઓ. પિતાજીને જઇને કહો કે અલકરંભા આવવા ખુશી નથી હુંતો અત્યારેજ આ મારા ગુરૂ મહારાજ સાથે તેમના આશ્રમમાં જઇશ. અને તેમનો અમૃત તુલ્ય ઉપદેશ સાંભળી મારા આત્માનું કલ્યાણ કરીશ.

રાજ્યકન્યાના મુખમાંથી આ શબ્દો નીકળતાં વાર યોગિ પોતાની જગા ઉપરથી ઉઠી ઉભો થયો. સેવક તેમજ દાસી એકી ટસે દીંગમુંઢ બની જોતાંજ રહ્યાં. અને એક પળવારમાં યોગિરાજ રાજ્યકુમારીને લઇ પસાર થઇ ગયો.

પ્રકરણ ૧૮ મું.

ચમત્કારથી નમસ્કાર,

" કહેવાતી કોમળ દિલની પણ, છેક હઠીલી જેહ મૃદંગ, "
" હાથ ફેરવી પંપાળ્યાથી ના માને, પણ યાતી તંગ; "
" પણ દેતાં ત્રણ ચાર તમાચા, કાઢે ભંભં સમ પ્રિયસ્વર."
" ચમત્કાર વણ નમસ્કાર કો, ના કરતું આ અવનિપર, "

" દુનિયામાં ચમત્કાર શિવાય નમસ્કાર થતા નથી. દેવતાઓ પણ પોતાનો પરિચય, ઉગ્રસ્વરૂપે મનુષ્યને આપે છે. ત્યારેજ તેનું પુજન મનુષ્યો કરે છે."

" શસ્ત્ર તથા અસ્ત્ર વિનાની શુરવીરતા દુઃખ આપે છે સ્ત્રી વિના ગૃહસ્થાશ્રમ દુઃખ આપે છે. ગ્રાહક વિના ડહાપણુ દુઃખ આપે છે. સારી સહાયતા વિના વિપત્તિ દુઃખ આપે છે, અને લડનારાઓની એક સંમતિ વિના લડાઇ દુઃખ આપે છે. "

બુદ્ધિશાળી મનુષ્યની વાણી જેટલે દરજ્જે સામા માણુસના મનને રંજન કરી શકે છે તેટલે દરજ્જે વાણીના મદમાં નિમગ્ન થયેલા મયુરની, પોપટની, અને કોયલની વાણી મનને હરણ કરી શકતી નથી. "

" કોઈ પણ માણસ એટલો બધો ખરાબ નથી, કે તેને સુધારી સરળ પંથેદોરવવાનું કાર્ય અસાધ્ય મનાય. દરેક અંતઃકરણ ઉપર ઘા કરનાર જો બરાબર ચોટથી ઘા કરે, તો સુધારાના ઘાની અસર સચોટ થાય, એ નિઃસંદેહ છે."

" મનુષ્યના સ્વભાવનું ખરેખરૂ રૂપ જોવું હોય, તો તે જયારે ઘણોજ થાકી ગએલો, ભુખ્યો, અગર ઉંઘતો હોય ત્યારેજ તેને જઇ મળવું, "

" વિતેલા દુઃખોની વિસ્મૃતિ, અને ભવિષ્યના દુઃખોનું અજ્ઞાન; એ પણ ઇશ્વરની કેવી બે મોટી ચમત્કૃતિયો છે."

કુંતલારણ્યમાં આવેલી પર્ણકુટીમાં, રાજપુત્ર રજનિકાન્ત રાણી શીળવતી તથા રાજ્યમંત્રી દક્ષરાજ આ ત્રણે પોતાના દુઃખી દીવસો વ્યતિત કરતાં હતાં. જે પર્ણકુટીમાં તેઓ રહેતાં હતાં, તે પર્ણકુટી પણ સચ્ચિદાનંદ યોગિનીજ હતી. પરંતુ સેનાધિપતિ આ નિવાસસ્થાન જાણે છે તેથી કદાચ તે પઠાણને મારી પર્ણકુટી બતાવી દે, એવા ડરથી તેણે આ મુળની પર્ણકુટીનો ત્યાગ કર્યો હતો. અને આનંદભુવનની પાસેના વનપ્રદેશમાં આવેલી એક બીજી પર્ણકુટીમાં તે અત્યારે રહેતો હતો.

હવે રાજ્યકુમારી સાથે પુનઃ પોતાની જુની પર્ણકુટીમાં રહેવાનો નિશ્ચય કરી તે તેને અત્યારે સાથે લઇ તે પર્ણકુટી તરફ ચાલ્યો જતો હતો. પરંતુ પર્ણકુટી સુધી પહોંચતાં પહેલાંજ રસ્તામાં તેની અને પઠાણુની મુલાકાત થઇ ગઇ.

રજનિકાન્તને છોડી દીધા બાદ, કુંતલારણ્યમાં તે યોગિરાજની શોધમાં પઠાણ કેટલાક દિવસથી ફરતો હતો. સેનાધિપતિએ બતાવેલી સચ્ચિદાનંદ યોગીની પર્ણકુટી આસપાસ પણ તે બારીકાઇથી તપાસ કરી ચુકયો હતો. પરંતુ યોગિએ પોતાની મુળની પર્ણકુટી બદલેલી હોવાથી, પઠાણને તેનો કંઇ પત્તો લાગ્યો નહોતો. આવી રીતે યોગિની શોધમાં નિષ્ફળ થયેલો પઠાણ પોતાના મનમાં અનેક પ્રકારના તર્ક વિતર્કો કર્યા જતો હતો.

શું યોગીરાજ ગુન્હેગાર હશે ? તેણે આવું અઘટિત કાર્ય કર્યું હશે ? ના, ના, તેની વૃત્તિઓ જોતાં એવું અઘટિત કાર્ય તેના હાથથી થવું અસંભવિત છે. ત્યારે શું સજાની વાત ખોટી ? જો તેણે ગુન્હો કર્યોજ ન હોય, તો આટલી બધી ઘાતકી શિક્ષાને પાત્ર તે શા માટે બને ? " મનુષ્ય ગમે તેવો ઘાતકી, કે ક્રુર હોય, પરંતુ યશ મેળવવાની લાલસા તો દરેકમાં સરખીજ હોય છે." રાજાએ પોતાના પુત્રને મારી નાંખવાનો હુકમ આપ્યો, પોતાની રાણીને કારાગૃહમાં નાંખી, એ કાંઇ જેવો તેવો ગુન્હો તો નજ હોય ? કંઇ પણ દાળમાં કાળું તો હોવુંજ જોઈએ . ગમે તેમ હોય ! ગુન્હેગાર હોય યા ન હોય ! પરંતુ મારે તો મારા અન્નદાતાના ફરમાન મુજબ તે સાધુને શાસન દેવુંજ જોઇએ.

આ પ્રમાણે ઘડીમાં વિચાર કરતો. વળી ઘડીમાં પોતાના મનનુ સમાધાન કરતો પઠાણ, યોગિરાજનો આવવા જવાનો માર્ગ રોકી બેઠો હતો. એટલામાંજ તેને સામેથી કોઇ બે મનુષ્ય આવતાં હોય એમ ભાસ થવા લાગ્યો.

" મનનો દૃઢ વિશ્વાસ હોય તો ઇચ્છિત વસ્તુ અવસ્ય મળે છે." તેજ પ્રમાણે અત્યારે પઠાણના સંબંધમાં પણ બન્યું. પેલાં બે મનુષ્યને સામેથી આવતાં જોઈ, તરતજ તે ત્યાંથી ઉઠયો. અને ધીમે પગલે સામો આવવા લાગ્યો. આમ કરતાં તે છેક નજીક આવી પહોંચ્યો.

તેના પહેરવેશ ઉપરથી તેમજ તેની ચાલ ઉપરથી તે કોઇ યોગિજ છે. એમ પઠાણનો પકકો નિશ્ચય થયો. પરંતુ તેની સાથે કોઈ સ્ત્રીને જોવાથી તે આશ્ચર્ય ચકિત બની વિચાર કરવા લાગ્યો:—

અરે આની સાથે આ સ્ત્રી કોણ હશે? જણાય છે તો યોગિ પણ યોગિ લોકોને સ્ત્રીની સાથે સંબંધ શા માટે હોય? ઠીક છે. તેમની વચ્ચે થતી વાતચીત સાંભળવાથી સઘળું માલુમ પડી આવશે.

આમ મનમાં નિશ્ચય કરી તે ધીમે ધીમે છુપાતો છુપાતો આ બંને વચ્ચે થતી વાતચીત સાંભળતો ચાલવા લાગ્યો.

આપણો યોગિરાજ અલકરંભાને લઇ અહીં સુધી આવી પહોંચ્યો હતો. હવે પર્ણકુટી અહીંથી થોડેકજ દુર હતી.

આ જગા ઘણી રમણિય હતી. વૃક્ષો ફળ ભારથી નમી ગયાં હતાં. સ્વચ્છ પાણીનો પ્રવાહ મંદમંદ વહેતો હતો પ્રાતઃકાળનો સમય હોવાથી ભગવાન્ સુર્યનારાયણનાં ઉગતાં કીરણો પ્રાતઃકાળની શોભામાં વધારો કરી રહ્યાં હતાં. આકાશ પણ સ્વચ્છ જણાતુ હતુ. સૃષ્ટિ સૌંદર્યનું અવલોકન કરી મનનું સમાધાન કરવા જેવુંજ આ સ્થાન હતું.

આવું રમણિય સ્થાન જોઇ, ચારે તરફથી બારાકીથી નજર કરી રાજયકુમારી યોગિ પ્રત્યે બોલીઃ—મહારાજ? ઘણા વખતથી એક સરખી રીતે પગે ચાલીને આવવાથી, હું થાકી ગઈ છું, તેમજ મને ક્ષુધા પણ લાગી છે, વળી સ્નાન સંધ્યાદિ કરવા માટે આ સ્થાનની સર્વ સોઇ પણ સારી છે.

રાજયકન્યાનું આ ભાષણ સાંભળી યોગિ બોલ્યોઃ—અલકરંભા? તું થાકી ગઇ હશે એ વાત સત્ય છે. પરંતુ હવે મુકામ ઘણો દુર નથી. ત્યાં ગયા બાદજ સર્વ કરી લઇશું.

યોગિના મુખમાંથી " અલકરંભા " આ શબ્દો સાંભળતાંજ પહાણુ ચમક્યો. અને આ તેજ યોગિરાજ છે એમ તેની પૂર્ણ ખાત્રી

થઇ. તેની સાથે આ પ્રમાણે અલકરંભાને જોતાંજ યોગિ વિષયિ હોવાનો તેને પ્રત્યક્ષ પુરાવો મળ્યો અને તે પોતાના મન સાથે વિ-ચાર કરવા લાગ્યોઃ—ખરેખર આ યોગિ તો વિષયાંધજ જણાય છે. રાજ્યરાણીને તેણે ભ્રષ્ટ કરી હશે એ વાત નિઃસંદેહ છે. અત્યારે તે પાપી રાજ્યકુમારીને પણ ભ્રષ્ટ કરવાના ઇરાદાથીજ અહીં સુધી છુપી રીતે લઇ આવ્યો હશે; ઠીક થયું કે હું રસ્તામાં મળી ગયો નહીં તો જરૂર અનર્થ થાત.

યોગિની આ વર્તણૂકથી પઠાણનું લોહી ઉકળી આવ્યું. સ્વા-મિભક્તિમાં અને સદ્‌ગુણમાં પ્રીતિવાળા પઠાણનાં નેત્રો લાલચોળ થઇ ગયાં પરંતુ તે બંન્નેની વાતચીત પુરેપુરી સાંભળવાના ઇરાદાથી, એકદમ સાહસ નહીં કરતાં, તેણે પોતાના ગુસ્સાને સમાવી દઇ, પાછું ગુપ્ત રીતે સાંભળવા માંડયું.

અલકરંભાઃ—મુનિરાજ ? હવે પર્ણકુટી પાસેજ હશે. એ વાત હું સત્ય માનું છું પરંતુ તેમ છતાં અહીં મુકામ કરવામાં કંઇ વાંધો છે ? મને તો આ સ્થળ રમણિય લાગે છે. સ્નાન સંધ્યાદિથી પરવારો, આપણે તુરત ચાલવા માંડીશું. ભોજન અહીં ન કરતાં પર્ણકુટીમાં જઇનેજ કરીશું ?

યોગિઃ—રાજ્યકુમારી ? હરકત તો કંઇજ નથી. પરંતુ અત્યારે પ્ર-ભાતનો સમય છે, તેથી ઠંડકમાં આપણાથી જરા ઉતાવળે પગે ચલાશે. અને મધ્યાન્હ થતા સુધીમાં તો પર્ણકુટીમાં પહોંચી જવાશે. થોડાક સમયને માટે કંટાળી જઇ, જાણી જોઇને ખોટી થવાનું કારણ શું ?

યોગિનો વિચાર જેમ બને તેમ ઉતાવળથી પર્ણકુટીમાં પહોંચી જવાનો છે, આમ તેના બોલવા ઉપરથી સમજી પઠાણથી શાન્ત ન રહેવાયું, ગુસ્સામાંજ પોતાની તરવાર ખેંચી યોગિની સામે આવી તે બોલ્યોઃ—નથી, નથી, ધર્મના કામમાં ઢીલ કરવામાં સાર નથી. વિષય લાલસાવાળા, પરસ્ત્રીમાં ફસાયેલા, યોગિ ! એક ક્ષણ વારનો પણ વિલંબ કરવો ઉચીત નથી. વચ્ચે કાંઈક અણધાર્યું વિઘ્ન આવી નડે, તો મનની મનમાંજ રહી જાય.

પોતાના પિતાના દરબારમાં રહેનારા પઠાણને ઓચીંતો પોતાની સામે ઉભો રહી, આ પ્રમાણે બોલતો જોઇ અલકરંભાના હોશ ઉડી ગયા. અને ગભરાટમાં બોલીઃ—પઠાણ ? તું અહીં કયાંથી ? અને તારૂં ભાષણ મારા...

અલકરંભાના મોંઢામાંથી નીકળતા શબ્દો ભવિષ્યમાં વિઘ્ન રૂપ થઈ પડશે, એમ સમજી યોગિ વચમાંજ બોલી ઉઠયોઃ—કોણ પઠાણ કે ? નીચ અને અવિચારી હોવા છતાં દુર્મદસિંહનો માનીતો થઇ પડેલો પઠાણ તે તુંજ કે ?

યોગિના મુખમાંથી નીકળતા તિરસ્કાર યુક્ત શબ્દોથી ગુસ્સે થયેલો પઠાણ બોલ્યોઃ—જોગટા ? હું જતે પઠાણ. તેની આગળ આવા ઉદ્‌ગારો કાઢતાં શરમ નથી આવતી કે ? પરસ્ત્રીઓને સમજાવી પટાવી લઇ જવાનું નીચ કૃત્ય તો તુંજ કરે છે, અને વળી બીજાને નીચ અને અવિચારી કહે છે. શીળવતીનું તો શિયળ ભંગ કર્યું, અને રાજ્યકુમારીનું શિયળ ભંગ કરવાની તૈયારી કરી રહ્યો છે. છતાં સામો " ચોર કોટવાળને દંડે " આના જેવો ઘાટ કરી બેઠો છે કેમ ? ચંડાળ ? આ અપરાધના બદલામાં એકજ ઘાથી જોતજોતામાં તારૂં

શીરે ધડથી જુદું કરૂં છું જોયા કર. આમ બોલી પઠાણે પોતાની તરવાર યોગિ ઉપર ઉઠાવી.

પઠાણની ઝગઝગતી તરવારે હમણાંજ મારા પ્રાણ લઇ લેશે એમ સમજી પોતાની પાસે છુપાવેલી તરવાર કાઢી યોગિ બોલ્યો;—પઠાણ ? પ્રથમ મારો ગુન્હો જણાવ ! પછી તારી તરવાર ઉઠાવ. હું કંઇ તારાથી ડરી જતો નથી. તારી સાથે લડવા તૈયાર છુ.

બન્નેને હઠમાં ભરાયેલા જોઇ રાજ્ય કન્યા ગભરાઇ જઇ બોલી:—પઠાણ ? તું શું કરવા ધારે છે ? આમાં મને કંઈ સમજ પડતી નથી.

પઠાણ:—શું કહું બહેન ? રાજ્યધાનીમાં આ જોગટાનાં પગલાં થયાં ત્યારથીજ તમારા પિતાશ્રીનું અનિષ્ટ થવામાં કંઈ બાકી રહી નથી. તે રાણીના એકાંત ભુવનમાં રાત્રિની વખતે દાખલ થયો, અને તમારા ભાઇ રજનિકાન્તે તેમાં સંમતિ આપી, તેથી ગુસ્સે થઇ તમારા પિતાશ્રીએ તમારા નાના ભાઇનો વધ કરવા મને હુકમ આપ્યો. પરંતુ ઠીક થયું કે મેં તેને દયા આવવાથી છોડી દીધો છે. નહીંતો તે બિચારાના નાહક પ્રાણ જાત. તમારી માતુશ્રીની પાસે રાત્રિની વખતે એકાંતમાં જઇ, તેનું શિયળ આ દુષ્ટેજ ભંગ કર્યું છે. તેના પતિવ્રતનું ખંડન આ ભિખારડાએજ કર્યું છે. અને અત્યારે પણ ભ્રષ્ટ દાનતથીજ તમને નિર્ભયપણે લઇને ચાલ્યો જાય છે. મારી નજરે આવું અઘટિત કૃત્ય જોવા છતાં હું નિમકહલાલ નોકર આ સાધુડાને હવે જીવતો કેમ મુકીશ. ઓ અધમ ? ઉપરથી સાધુપણાનો ડોળ બતાવે છે, પરંતુ પરસ્ત્રીઓને ફસાવવી, એજ તારો ધંધો

છે. આજ સુધીમાં અત્યાચાર કરવામાં તેં કંઇ બાકી મુકી નથી. પરંતુ હવે તારા અધમ કૃત્યોનો અંત આવી રહ્યો છે. તારા પાપનો ઘડો ભરાઇ ચુકયો છે દુર્મદસિંહે તને ઠાર કરવા માટેજ મને મોકલ્યો છે, અત્યારેજ મારી શમશેર ને તારા લોહીથી તૃપ્ત કરીશ. તારા શરીરનું માંસ બહાર ખેંચી કાઢીશ. આંતરડાં લઇ જઇ દુર્મદસિંહ પાસે હાજર કરીશ. આવું અઘટિત કર્મ કરી ચોર દરવાજેથી નાશી છુટયો, તેથીજ અત્યાર સુધી સહીસલામત રહેવા પામ્યો છું. પરંતુ હવે આ પઠાણના હાથમાંથી છુટવું મુસ્કેલ છે. તારાં દુષ્ટ કર્મોનું ફળ તારે ભોગવવુંજ પડશે. કુતરાના મોતે મરવુંજ પડશે. તારા અધમ કૃત્યોનો હિસાબ પરમાત્મા સમક્ષ રજુ કરવોજ પડશે.

યોગિ:--પઠાણ ? મારા ઉપર મુકવામાં આવેલો આ આરોપ તદ્દન ખોટો છે. બનાવટી છે. જાતનો પઠાણ હોવાથી તારી સમજ શકિત થોડી છે તેથી આ આરોપ ખોટો છે કે ખરો તે સમજવા તું બિલકુલ લાયક નથી, તારી તરવારની બીક બતાવી શું તું મને નિરપરાધીને અપરાધી બનાવવા માગે છે ? આરોપ ખોટો હોવા છતાં, વગર સમજ્યે મારો પ્રાણ લેવા માગે છે ? પરંતુ યાદ રાખજે કે, તરવાર તારા એકલાની પાસેજ નથી. તારા શસ્ત્રથી આ યોગિ ડરી જવાનો નથી. તારા દેખતાંજ રાજ્યકુમારીને લઇ જઇશ, તું ધુળ ફાકતોજ રહી જઇશ.

પઠાણ:--બ્રાહ્મણ ભાઇ ! વગર સમજ્યે શું બકે છે ? તેમ કરવાની તારામાં હીંમત કયાં છે ? તારો ધંધો શો ? મીષ્ટાન ઠોક-

વાનો ! પરંતુ આતો ન્હોય મિષ્ટાન ઠોકવાનાં ! યુદ્ધમાં તમારૂં બ્રાહ્મણભાઇનું કામ નહીં. એતો વિર યોદ્ધાઓનાં કામ છે સમજ્યો કે ? જે હાથે ધીમે ધીમે ઇશ્વરની માળાના મણિકા ફેરવી ખાય, તે હાથથી તું તરવાર શું ઉઠાવશે ? સ્ત્રીઓને ખાનગીમાં સમજાવતાં ન માને તો તેમને તરવારની બીકથી મનાવવા માટે રાખેલી તારી આ તરવાર તું પઠાણ ઉપર શું અજમાવી શકવાનો છે ? તારા જેવા કામાંધ કુતરાઓ આ દુનિયામાં કંઇ પણ કરી શકવાને સમર્થ નથી, તેમાં વળી તું તો એક લાડુ ભટ્ટ યુદ્ધના ઝપાટા તે કયાંથી જોયા હોય ?

યોગિઃ—ઓ નીચ પઠાણ ? કૃતઘ્નિ યવન ? નજરમાં આવે તેમ બકે ન જા. લડતા પહેલાં ફુલાઇ ન જા. મહેલની ચોકી કરવાનું કામ મુકી, લડવા આવ્યો છે, પરંતુ જીવ બચાવવો હોય તો કહું છું કે, ચાલ્યો જા! મુગો મુગો પે'રો ભરવાનું કામ, કે જે તને હમેશને માટે સોંપવામાં આવ્યું છે, તે બજાવે જા !

પઠાણઃ—ઓ ભીખારડા ? તારી જીભ બંધકર. મારા હૃદયમાં ઉત્પન્ન થયેલા ક્રોધાગ્નિમાં, તારાં વચન રૂપી ઘૃત ન હોમ. તું શું મારો બચાવ કરતો હતો ? બતાવ જોઉં તારા શસ્ત્રમાં કેટલુંક તેજ છે? (બન્ને હવે જરૂર લડી પડશે એમ ધારી) અલંકરંના બોલીઃ—અરે ! તમે બન્ને ભ્રમિત થઇ ગયા છો કે શું ? નકામું લડવાનું કારણ શું છે ?

યોગિઃ—રાજ્યકુમારી ? એને જે કરવું હોય તે કરવાદે ? એ તારી

વાક્ચાતુર્યતા આવા એક અજ્ઞાનીને સમજાવવા શક્તિમાન નથી. તેને હવે થોડો ઘણો ચમત્કાર બતાવ્યા શિવાય છુટકો નથી. દુનિયામાં ચમત્કાર શિવાય નમસ્કાર છેજ નહીં તું હમણાં પેલા ઝાડ નીચે બેસ અને અમારો ખેલ જોયાકર ડરવાનું કંઇ કારણ નથી.

પઠાણઃ—અરે ભાત ખાઉ ઢીલા બ્રાહ્મણ્ણા? મરદોની લડાઇમાં બૈરાંની શી સલાહ લેવો બેઠો છે. "અકલનો તો ઓથમીર જણાય છે." "વાહરે અકલના હીરા! ને શીકલના સાલીંગરામ" જો ડર લાગતો હોય, તો પ્રથમથીજ આ પઠાણને તાબે થા. દુર્મદસિંહ રાજા પાસે આવવા તૈયાર થા.

યોગિઃ—રાજા દુર્મદસિંહ! તે વળી તારે માથે પણ ચપટી ભભરાવે તેવો. જેના સલાહકાર તારા જેવા! તે રાજા પણ તેવાજ!!

પઠાણઃ—અમારા બન્નેના કરતાં તું વળી કયાં ઉતરે તેવો છે! તારા જેવા ઉપરથી ડોળ બનાવનારા અને ઇશ્વરને છેતરનારા ભિક્ષુકો ભારતમાતાને ભાર રૂપજ છે! તારા જેવાને તો આ દુનિયામાંથી ઓછાજ કરવા જોઇએ. ચાલ લાડુભટ! થઇ જા તૈયાર! બતાવ તારૂં પરાક્રમ!!

જોત જોતામાં બન્ને વચ્ચે યુદ્ધની શરૂઆત થઈ. પઠાણનું હૃદય ક્રોધાતુર હોવાથી, તે તો યોગિને મારી નાંખવાના નિશ્ચયથીજ લઢતો હતો, પરંતુ યોગિનો વિચાર તેવો નહોતો. તેનો વિચાર કેટલોક વખત સહેજ સાજ યુદ્ધ કર્યા બાદ, કંઇક ચમત્કાર બતાવી, પઠાણને પોતાનો શિષ્ય બનાવવાનો હતો. તે તો માત્ર ઉપરથીજ

લડાઇનો ડોળ બતાવતો હતો. પરંતુ અંદર પેટેથી પઠાણને કોઇ રીતે નુકશાન કરવાની તેની ઇચ્છા નહોતી.

અલકરંભા દુર ઉભી રહી તમાસો જોયા કરતી હતી. યોગિનું ઉપરાણું લઇ, પઠાણને શિક્ષા કરવા, તેનું મન ઉશ્કેરાતુ, હતું, પરંતુ યોગિની આજ્ઞા નહોતી, જેથી શાન્તજ રહી.

લડતાં લડતાં પઠાણના ઉપર યોગિએ ધા કર્યો. આ ધાની વેદનાથી પઠાણનો ગુસ્સો વધી પડયો. એકદમ તે યોગિના ઉપર ધસી આવ્યો. પરંતુ એટલામાં તો યોગિએ તેના ઉપર એક બીજો ધા કર્યો. ઉપરા ઉપરી બે ધા પડવાથી એકદમ બેશુદ્ધ થઇ જમીન ઉપર પડયો તેને થયેલા જખમમાંથી રૂધીર વહેવા લાગ્યું. તેને લડાઈ માટે તદ્દન અશકત થયેલો જોઇ, યોગિ બોલ્યોઃ—પઠાણ ? જોયો કે આ ભાત ખાઉનો ઝપાટો? તારા માંસાદિ પદાર્થો કરતાં અમારા ભાતમાં કેટલી તાકાત છે, તે તેં જોયું કે ? ઉપરા ઉપરી બે ધા વાગવાથી, તું અત્યારે લડવાને માટે તદ્દન અશકત છે. માટે જો તું કહેતો હોય, તો થોડો વખત યુદ્ધ પ્રસંગ આટોપી દઇએ. એટલામાં હું મારૂં ખટકર્મ કરી લઇ, મારા પ્રભુજીનું ધ્યાન ધરી લઉં. તું પણ નમાજ વિગેરે તારા ખટકર્મથી પરવારીલે. ત્યાર બાદ પુનઃ યુદ્ધનો આરંભ કરીશું. બોલ તેમ કરવા તું ખુશી છે ! નહીંતો તારી યુદ્ધ કરવાનીજ ખુશી હોયતો હું તૈયાર છું.

યોગિના આ પ્રશ્નના પ્રત્યુત્તરમાં પઠાણ બોલ્યોઃ—વિશ્રાન્તીની જરૂર બન્નેને સરખી છે. એમ સમજી તું કહે છે તે પ્રમાણે કરવા હું તૈયાર છું.

યોગિરાજે તેનું કહેવું માન્ય રાખ્યું. બન્ને પોતાના ખટકર્મમાં પ્રવૃત્ત થયા.

થોડીવારમાં પોતાના ખટકર્મથી પરવારી પઠાણ શસ્ત્ર લઇ યોગિપાસે આવ્યો, પરંતુ તેને હજુ ધ્યાનમાં બેઠેલો જોઇ, તે થોડીવાર સ્વસ્થ બની ઉભો રહ્યો. યોગિ અત્યારે ઇશ્વર ધ્યાનમાં તલ્લીન બની ગયો હતો. પોતાની પાસે પઠાણ ઉભેલો છે, તેની તેને બિલકુલ ખબર નહોતી. આમ કેટલીકવાર ઉભો રહેવાથી અંતે પઠાણ કંટાળી ગયો. છતાં યોગિ પોતાના ધ્યાનમાંથી ઉંચું જોતો નથી, આથી ગુસ્સે થઇ પઠાણ બોલ્યો:—

અરે બ્રાહ્મણા? ઓ લાડુભટ્ટ? હજુ કયાં સુધી ધ્યાનમાં બેશી રહેશે? હવે ઉઘાડ તારાં નેત્રો! અને થઇ જા તૈયાર! કેમ ઉઠે છે કે નહીં? હજુ તારો એ ઢોંગ પુરો થયો છે કે નહીં? તું ગમે તેટલું ધ્યાન ધરશે, પરંતુ તારા જેવા સ્ત્રી લંપટને દેવ પ્રસન્ન થાય, એ વાત તદ્દન અશકય છે. ઉપરના આડંબરથી ખુદા કેમ વશ થશે? હું તો ક્યારનો પરવારી તારી પાસે સજ્જ થઇ ઉભો છું, તે છતાં તને હજુ સુધી ધ્યાનમાં બેશી રહેતાં શરમ નથી આવતી? ઉઠ, ઉઠ. મુકી દે એ તારો દંભ! મારા ઉપર થયેલા જખમનો બદલો લીધા શિવાય મારી શમશેર શાન્ત થવાની નથી.

આટલું આટલું કહેવા છતાં, હજુ યોગિ પોતાના ધ્યાનમાંથી ઉઠતો નથી આથી તેથી પણ વિશેષ ગુસ્સે થઇ પઠાણ બોલ્યો:—ઓ બકધ્યાનો? હજુ ઉઠે છે કે નહીં? હવે જો તું નહીં ઉઠે તો, હું તારા ઉપર ઘા કરીશ મને લાગે છે કે, આ તારી વિશ્રાન્તી તેં માત્ર ઢોંગ કરવાજ આદરી છે. તારૂં આ ધ્યાન દાંભિકજ છે. જો તારામાં

બળ ન હોય તો મારી આગળ આવી શીર ઝુકાવ ! હું તને જીવતદાન આપીશ. અરે પણ હું કેમ ભુલું છું ? તારા જેવાને જીવતદાન આપવાથી ફાયદો શું ? તારા જેવા એક દુષ્ટની આગળ નિતી અનિતી કે ન્યાયાન્યાય જોવાનોજ નથી. તને જીવથી મારી નાંખીશ, તો હું હજારો ગરીબ ગરબાની દુવા મેળવીશ. ભદ્રા ? એ પોલંપોલ ભદ્રા ? ઉઠ, ઉઠ. ઝપટ તારા ધ્યાનમાંથો જાગૃત થા. હવે હું તને મિત્ર નહીં પરંતુ પુર્વવત્ મારો શત્રુજ સમજું છું. આટલો વખત મેં રાહ જોઈ, પરંતુ તું તારા ધ્યાનમાંથી જાગૃત થતોજ નથી. તો પછી હવે તારા ઉપર ઘા કરવો, એ અન્યાય નથી ! અધર્મ નથી ! અનિતી નથી ! આટલું બોલી પઠાણે. પોતાની તરવાર સજ્જ કરી, અને ધ્યાનને માટે આગળ ધરેલી યોગિરાજની આંગળીઓ ઉપર એકદમ ઘા કર્યો.

પોતાની આંગળીઓ ઉપર ઘા થતાંજ એકદમ જાગૃત થયેલો યોગિ ગુસ્સામાંજ બોલ્યો:—એ ઘાતકી પઠાણ ? તેં કેવું અનિતી ભરેલું આચરણ કર્યું ! હું ધ્યાનમાં હતો તે છતાં તેં મારા ઉપર શસ્ત્ર પ્રહાર કર્યો, તારા કરેલા કરારથી પણ ફરી ગયો ? હું યુદ્ધને માટે બિલકુલ તૈયાર નહોતો, આવી રીતે અનીતિ કરવાનોજ વિચાર હતો, તો પછી હાથ ઉપર પ્રહાર નહીં કરતાં મારૂં શીરજ છેદી નાંખવું હતું ને ? ધ્યાનમાં બેઠેલા અસાવધ શત્રુ ઉપર આક્રમણ કરવું એજ તારી લાયકી કે ? હવે મને કંઇ ઝાઝી વાર નહોતી. થોડીવારને માટે તારાથી ધીરજ ન પકડાઇ ! અરે તેં મારા પ્રભુને ધરાવવાનું નૈવેદ્ય પણ અભડાવ્યું. પ્રભુ ? મારો અપરાધ ક્ષમા કરજે ! તારૂં નૈવેદ્ય અભડાવામાં હું બિલકુલ દોષિત્ નથી. એ પઠાણ ? આજે મારા પ્રભુ

મારા ઉપર ગુસ્સે થશે, તેમાં તને શું ફળ મળશે ? તેં આ મારા ક્યા જન્મનું વેર વાળ્યું ?

યોગિરાજનું ભાષણ પુરૂ થતાંજ પોતે અનીતિ કરી છે એમ સમજવાથી પઠાણ ખિન્ન હૃદયે યોગિરાજની કપાયેલી આંગળી તરફ જોવા લાગ્યો. આંગળીમાંથી રક્તની ધારા વહ્યાં કરે છે.

એટલામાંજ એક ચમત્કાર બન્યો. એકદમ નીકળતું લોહી બંધ થઇ ગયું. યોગિની કપાયેલી આંગળી હતી તેવી સ્થિતીમાં પુનઃ બદલાઇ ગઈ.

આ જોઇ પઠાણનું અભિમાન ઉતરી ગયું, અને એકદમ આશ્ચર્ય ચકિત્ થઇ તે બોલ્યો:—ઓહો ! આ શું આશ્ચર્ય ! જોતજોતામાં આંગળી હતી તેવી થઇ ગઇ. ખરેખર આ યોગિ પરમાત્માનો પૂર્ણ ભક્તજ છે. જો તે ઢોંગી હોય તો આમ બનેજ નહીં. આવા એક મહાત્માની યોગ્યતાનો વિચાર ન કરતાં, હું પાપી તેના ઇશ્વર સ્મરણમાં વિઘ્નરૂપ થયો. તેણે પ્રભુને ધરાવેલું નૈવેદ્ય પણ મેં અભડાવ્યું. અને અનિતીથી, ધ્યાનમાં બેઠેલા છતાં, મેં, તેની આંગળીઓ ઉપર પ્રહાર કર્યો. આ પ્રમાણે એક ઇશ્વર ભક્તને સતાવવામાં મેં ખરેખર ગંભીર ભુલ કરી છે. આમ બોલી પોતાની શમસેર ઉપર ગુસ્સે થયેલો પઠાણ શમશેરને ઉદ્દેશીને બોલ્યો;—

ઓ નિર્દય શસ્ત્ર ? લોહીના તરસ્યા શસ્ત્ર ! તારી યારી સારી નથી એમ સમજવામાં છતાં, પુનઃ મેં દુષ્ટે તારી યારી કરી તેનું ફળ મને બરાબર મળ્યું. એક ઇશ્વર ભક્તને પ્રહાર કરી પાપી બન્યો ! કરેલી શરત ભુલી જઇ વચન ભંગ થયો ! ધ્યાનમાં બેઠેલા એક

સંત મહાત્મા ઉપર અનિતીથી ઘા કર્યો. એ સર્વ તારાજ પ્રતાપ! એ પાપકર્મ કરાવનાર શસ્ત્ર? તુ તો કોઇ નિર્દય કસાઇના હાથમાંજ શોભે! મારા જેવા એક દયાળુ પાસે તો તુ ભાર રૂપજ છે! હવે મારે તારી જરૂર નથી. જા! મારા હસ્તમાંથી સદાને માટે દુર થા! હવે મારી જીંદગી આવા સંત મહાત્માઓની સેવામાંજ પૂર્ણ કરીશ. તેમના જ્ઞાનોપદેશથી જીવન સફળ કરીશ. પ્રતિજ્ઞા લઇને કહું છું કે આ જીવનમાં તને ફરીથી મારા હસ્તમાં ધારણ નહીં કરીશ!!"

આટલું બોલી પોતાના હાથમાંથી તરવાર ફેંકી દઇ, અતિશય પશ્ચાતાપ કરતો યોગિરાજને પગે પડી તે બોલ્યોઃ—મહારાજ? હે યોગિરાજ? મેં પાપીએ આપને પ્રથમ ન ઓળખ્યા! જ્ઞાન શુન્ય હોવાથી, આપ જેવા એક મહાત્મા સાથે વેર બાંધ્યું, ખોટા આરોપો મુકયા, ન કહેવાનાં વચનો કહ્યાં, હાથ ઉપર અઘટિત રીતે સમશેરનો ઘા કર્યો, અજ્ઞાન પડળના અંધારામાં હું મુર્ખ ભુલો પડ્યો. મેં જે સાહસ કર્યું, તેનો પસ્તાવો હવેજ મને થાય છે.

ઓ કૃપાળુ સંત? ઓ દયાળુ મહાત્મા? મારા અધમ કૃત્ય સામે ન જોતાં આપને શરણે આવેલા આ પઠાણનો અપરાધ ક્ષમા કરો! મારો ઉદ્ધાર કરો!! આપ જેવા સંત મહાત્માઓની બરાબરી કરવા કોણ સમર્થ છે. બળીઆ સાથે બાથ બીડતાં જયની આશા વ્યર્થ છે. અગ્નિ તૃણને બાળી શકે, પરંતુ તણખલું અગ્નિને બાળે એ વાત તદન અશકય છે. સિંહની સામે થતાં શિયાળવું જીતી જાય, મદોન્મત ગજરાજ સામે એક મગતરૂં ટકી શકે એ વાત પણ અશકય છે. "મહાત્માઓ ઇશ્વરની વિભુતી છે! ધારે તો સૃષ્ટિનો પ્રલય કરવા સમર્થ છે પુનઃ સૃષ્ટિ ઉત્પન્ન કરવા પણ સમર્થ છે!"


પઠાણનું આજ્ઞાન પૂર્ણ ભાષણ સાંભળી તેના ઉપર પ્રસન્ન થયેલો યોગિ બોલ્યોઃ—પઠાણ ? તારો ગુન્હો માફ છે ! અમને સંત લોકોને કોઇના ઉપર દ્વેષભાવ હોતોજ નથી. પરંતુ સાંભળ તને આ કુસંગતનાંજ ફળ લાગેલાં છે. " હીરો છતાં ઉકરડામાં પડી. રહેવાથી તેની કંઇ કીંમત થતી નથી ! કસ્તુરી હોવા છતાં ડુંગળીની સોબતથી તેની સુગંધ રહેતી નથી, ગમારના હાથમાં જવાથી ગુલાબ જેવા સુંદર પુષ્પની પણ કીંમત રહેતી નથી. " તેમ તું પણ જ્ઞાની હોવા છતાં દુર્મદસિંહ જેવાના સહવાસથી તારૂં તે જ્ઞાન ઢંકાઇ ગયું છે. યવનકુળમાં જન્મ હોવા છતાં તારાં આચરણ શ્રેષ્ઠ છે. તારૂં અજ્ઞાનતિમીર હવે ટળી જશે. ભગવદ્ કૃપાથી તારા તે જ્ઞાનનો પુનઃ ઉદય થશે. સત્સંગથી તારી મલીન વાસનાઓ દુર થશે. તારૂં પરાક્રમ, વિર્ય, શૌર્ય, વિશ્વાસ, સ્વામિ ભક્તિ તેમજ તારા સદાચારથી હું તારા ઉપર પ્રસન્ન થયોછું. બોલ તારી શી ઇચ્છા છે ?

પઠાણઃ—પ્રભુ ? ઇચ્છા માત્ર એકજ ! હું યવન છું છતાં મારાં આચરણો અદ્યાપિ શુદ્ધ છે. તેમ છતાં અજ્ઞાનથી કંઇ અયોગ્ય આચરણો થયાં હોય, તે તરફ નહીં જોતાં, તેમજ મારી જ્ઞાતિનો પણ ભેદ ન ગણતાં, મને આપના સહવાસમાં રાખો. અને આપના અમૃત તુલ્ય ઉપદેશથી મને કૃતાર્થ કરો. હું માત્ર આપની સેવાનોજ ભુખ્યો છું ! આપના વચનામૃતનોજ તરસ્યો છું ! વળી રજનિકાન્ત કે જેને મેં દયાથી છોડી દીધો છે, તેનો ને મારો મેળાપ થાય, અને મળ્યા બાદ પુનઃ વિયોગ ન થાય, એવો મને આશીર્વાદ આપો ? એજ મારી યાચના છે. બાકી રાજ્યની મને ઇચ્છા

નથી ! અધીકારની મને પરવા નથી ! દોલતની દરકાર નથી ! !

પઠાણનો દૃઢ નિશ્ચય જોઈ આશિર્વાદ યુક્ત શબ્દોથી યોગિ બોલ્યો:—પઠાણ ? તારી મહદ્ ઈચ્છાઓ પ્રભુ પાર પાડો ! તારૂં ધારેલું કાર્ય સફળ થાઓ ! તુ પરમપદનો અધીકારી થાઓ ! !

આટલું બોલી પઠાણને તેમજ રાજ્યકુમારીને સાથે લઇ, તે યોગિ, રાણી, રાજ્યકુમાર, તથા દિવાન જે પર્ણકુટીમાં રહેતાં હતાં, તે પોતાની જુની પુરાણી પર્ણકુટી તરફ ચાલ્યો.



પ્રકરણ ૧૯ મું

ભ્રમ–છેદન.

“ ભાન તિમિર તણું ટળી જાય, પ્રભાકર જે ઘડી પુર્ણ પ્રકાશે;”
“ સંગ થતાં ભમરી તણો ચેળને, પાંખ થતાં અહીંને તહીં નાશે.”
“ બાજની બીક ધરે મન અંડ, ફુટે પડદો ભય દુર પળાશે;”
“ સત્ય તણો ત્યમ ચોગ મળે, પળમાં મનનો ભ્રમ છેદન થશે.”

“ વધારે સુખ આપનારી આશાએ જ્યારે દેખાવ દે છે, ત્યારે જો આપણે ધીરજ પકડીએ તો આપણું નસીબ બદલાઇ સારા તરફ વળવા લાગે છે.”

“ બીજાઓને લાભ આપવો ચોગ્યને ચોગ્ય થવા દેવું અચોગ્ય અટકાવવું, એ સર્વ બાબતો તેવેજ પ્રકારે સામો પ્રતિકાર કરે છે. જેવો અવાજ તેવો પડઘો. સંજોગને સ્વ-

રૂપ આપવું, એ માત્ર મનુષ્યની સ્વાર્થિક પરમાર્થિક વૃત્તિ ઉપરજ આધાર રાખે છે.”

“ નિંદ્રા પુર્ણ થતાં મનુષ્ય જેવી રીતે જાગૃત થાય છે તે પ્રમાણે દુર્દૈવનો સમય પુરો થતાંજ ભાગ્યોદય એની મેળે આપો આપજ થાય છે.”

“ ઔષધથી વ્યાધિ, મંત્રથી વિષ, અગ્નિથી પારો, સુર્યના તાપથી દુર્ગંધ, અને જ્ઞાનના પ્રતાપે ભ્રમ ઉડી જાય છે.”

“ જગત્માં લીંબડા સમાન છાયા નથી. બ્રહ્મ સમાન કાયા નથી. અને માતા સમાન માયા નથી.

પિશાચના રૂપમાં વિરતનયા, તથા તેના પિતાએ. જે દિવસે. દર્શન દઇ, તેને ધમકી આપી, તે દિવસથી દુર્મદસિંહનું ચિત્ત ભ્રમીત બની ગયું હતું. નજરમાં આવે તેમ લવારો કર્યા જતો હતો. સેવકો તેને અનેક પ્રકારે આશ્વાસન આપતા હતા. તે હવે જીવવાથી તદ્દન કંટાળી ગયો હતો. મરણને માટે ફાંફાં મારી રહ્યો હતો.

મન્મથરાયના સમજાવવાથી મેં સાધ્વી **શીળ**વતીનો ત્યાગ કર્યો, મારા પુત્ર રજનિકાન્તને નિર્દોષ હોવા છતાં, ઠાર કરાવ્યો, યોગિને ઠાર કરવા માટે પઠાણને આજ્ઞા કરી, દક્ષરાજને પણ તુરંગમાં નાંખ્યો, અંતે નિમકહરામ સેનાધિપતિ પણ મને દગો દઇ, સાધ્વી **શીળ**વતીનું હરણ કરી છુપી રીતે નાશી ગયો. મારા અવસાન કાળમાં મારી પાસે મારા તનનું કોઇ પણ માણસ ન રહ્યું. મારી આ શી દશા ! આમ અનેક પ્રકારના તર્ક વિતર્કોમાં ગોથાં ખાતો રાજા, **અલકરંભા**ને બોલાવવા મોકલેલા, દુતની રાહ જોઈ રહ્યો હતો. એટલામાં **ચાતુરિકા** આવી હાજર થઈ. અને યોગિની તેમજ **અલકરંભા**ની સર્વ વાત રાજાને નિવેદન કરી.

દાસીને મોઢેથી આ વૃત્તાંત સાંભળતાંજ, મહા પરાક્રમી, સાર્વભૌમ રાજા **દુર્મદસિંહ** એક કંગાલ ગરીબડા જેવો બની ગયો. અને પોતાનું કપાળ કુટવા લાગ્યો. આજપર્યંતનાં કરેલાં સર્વ દુષ્કર્મો તેની સામે આવી ખડાં થઇ ગયાં. અને ભયંકર રૂપમાં દેખાવ દઈ, તેને ડરાવવા લાગ્યાં. તેનો ચ્હેરો શ્યામ પડી ગયો. તે એકદમ અચેત બની ગયો. તેની આંખમાંથી બોર બોર જેવડાં આંસુ ટપકવા લાગ્યાં.

રાજાને આવી દુઃખદ સ્થિતીમાં પડતો મુકી આપણે તેના અત્યારના રાજ્ય કારભાર તરફ જરા નજર કરીએ.

દુર્મદસિંહ જેવા એક પરાક્રમી રાજાનો રાજ્યકારભાર અત્યારે તદન કઢંગો થઇ પડયો હતો. તેમાં કંઈ જીવ રહ્યો નહોતો. સૈન્યના સર્વ સીપાઇઓ સેનાધિપતિ સાથે મળી ગયા હતા. સેનાધિપતિના પ્રપંચોની કોઇને ખબર નહોતી. કારભારીઓ સઘળા મરજી માફક વર્ત્તન ચલાવી રહ્યા હતા. સેનાધિપતિની મદદથી મદનપુરીનો રાજા

મકરંદ ચઢાઇ કરવાની તૈયારી કરી રહ્યો હતો. પ્રજામાં સર્વત્ર હાહા કાર વર્તાઇ રહ્યો હતો. સેનાધિપતિ ફુટયો એટલે મકરંદ જરૂર રાજ્યની પાયમાલી કરશે, આ ધાસ્તીથી પ્રજામાં દીલગીરી ફેલાઇ રહી હતી. કેટલાક ઇમાની, તેમજ શુરા સરદારો રાજ્યનો બચાવ કરવાની યુક્તિઓ રચવામાં ગુંથાયેલા હતા. એકંદર રીતે જોતાં રાજ્યની સ્થિતી ડામાડોળ થઇ પડી હતી.

શહેરમાં ચારે બાજુ મકરંદનીજ વાર્તા ચાલી રહી હતી. દુર્મદસિંહ રાજાની સ્થિતી અત્યારે ભયંકર થઇ પડી હતી. રાજ્યમાં સઘળો અંધા ધુંધીનો બજાર ચાલી રહ્યો હતો. આવી અણીની વખતે રાજ્યનું રક્ષણ કરવા કોઈ રહ્યું નહોતું. બાળરાજા રજનિકાન્ત, રાણી શીળવતી, તેમજ દિવાન દક્ષરાજ, અત્યારે પેલી પર્ણકુટીમાં જેમ તેમ પોતાના દિવસો વ્યતિત કરી રહ્યાં હતાં.

રાજ્યકન્યા અલકરંભાને તેમજ પઠાણને સાથે લઇ, પોતાની પર્ણકુટી તરફ જવા નીકળેલો, સચ્ચિદાનંદ યોગિ થોડીવારે છેક પર્ણકુટી નજીક આવી પહોંચ્યો. આ વખતે રાજ્યકુમર રજનિકાન્ત ફળફળાદિ લેવા માટે અરણ્યમાં નીકળી પડયો હતો. પર્ણકુટીમાં માત્ર દિવાન અને રાણી શીળવતી એ બેજ હતાં. રજનિકાન્તને ઘણો વખત થઇ ગયેલો હોવાથી, રાણી દિવાનને તેની શોધમાં મોકલવાનો મન સાથે નિશ્ચય કરી રહી હતી. એટલામાંજ યોગિના કહેવાથી પઠાણ પહેલો તે પર્ણકુટીમાં દાખલ થયો. દાખલ થતાંજ કોઇ એ મનુષ્યને અંદર જોતાંજ તે પાછો બહાર નીકળી ગયો. અને ભયભિત થઇ યોગિરાજ પ્રત્યે બોલ્યો:—મુનિરાજ? તમે પર્ણકુટી ભુલ્યા હો તેમ લાગે છે. આ પર્ણકુટીમાં તો કોઈ રહેતું હોય એમ જણાય છે.

પઠાણને આ પ્રમાણે બોલતો જોઇ, યોગિરાજે અંદર પ્રવેશ કરવાનો નિશ્ચય કર્યો, પરંતુ એટલામાં તો દક્ષરાજ તથા રાણી શીળવતી, પર્ણકુટીમાંથી બહાર નીકળ્યાં, નીકળતાં વારજ રાણીની દ્રષ્ટિ યોગિરાજ તરફ ગઇ. અને આ તેજ યોગિરાજ છે, કે જે મને મારા મહેલમાં મળ્યા હતા. એમ ખાત્રિ થવાથી આનંદમાં આવી ગયેલી રાણી યોગિરાજ પ્રત્યે બોલીઃ—ગુરૂમહારાજ? નમન કરૂંછું? આમ કહી તે યોગિના ચર્ણમાં નમન કરવાની તૈયારીમાં હતી, પરંતુ એટલામાંજ તેને નમન કરતી અટકાવી તે સચ્ચિદાનંદ યોગિ બોલ્યો હે સાધ્વી? વિરમાતા? જનુનિ! મુની લોકોના દારૂણ તપ કરતાં પણ તમારા જેવી સતીઓનો મહિમા અધીક છે. હું તમારો ગુરૂ નથી. મુળથી નથી। અત્યારે પણ નથી! ભવિષ્યમાં પણ થવાને લાયક નથી!! કારણ તમે મારાં જન્મદાતા છો! હું તમારો પુત્ર વીશ્વજીત છું! માતા નમન કરૂં છું! મને આશીર્વાદ આપો! આમ બોલી બાલયોગિ કે જેને આપણે હવે વિશ્વજીતના નામથી ઓળખીશું, તે માતાના ચર્ણમાં નમી પડયો.

વિશ્વજીત આ શબ્દો સાંભળતાંજ શીળવતી, અલકરંભા, દક્ષરાજ અંને પઠાણ એ સર્વ સ્તબ્ધ બની ગયાં. આશ્ચર્યમાં ગરકાવ બની ગયાં. પ્રથમ એકાંત ભુવનમાં યોગિરૂપે વિશ્વજીતનાં દર્શન થતાંજ, રાણી શીળવતી ને જે શંકા ઉત્પન્ન થઈ હતી, તે શંકાનું અત્યારે સમાધાન થઇ ગયું.

લાંબા સમયના પુત્ર વિયોગથી ઝુરતી શીળવતી એકદમ આનંદમાં ગરકાવ બની ગઇ, ચાલતાં ચાલતાં ધુળમાંથી અકસ્માત રત્ન મળવાથી, જન્માંધને અકસ્માત નેત્ર મળવાથી, જેટલો આનંદ થાય

તેટલોજ આનંદ અકસ્માત્ રીતે પુત્રનો મેળાપ થતાંજ શીળવતીને થવા લાગ્યો. તેની મુખમુદ્રા ઉપર આનંદનીજ છાયા છવાઇ રહી, આંખમાંથી આનંદાશ્રુ વ્હેવા લાગ્યાં, થોડીવાર બાદ તે બોલી:—બેટા વિશ્વજીત્? એકાંત ભુવનમાં મને મળી, જ્ઞાનોપદેશ કરી, રાજ્યધાનીમાંથી તું ચાલ્યો ગયો, ત્યાર બાદ મારી જે સ્થિતી થઇ તેનું વર્ણન કરવાની મારામાં શક્તી નથી, પરંતુ ટુંકામાંજ કહું છું.

તારાને મારા એકાંત સમાગમની રાજાને ખબર પડતાંજ, તેમણે મારો ત્યાગ કર્યો, અને મને તેમજ તારા નાના ભાઈ રજનિકાન્તને કારાગૃહમાં નાંખ્યાં, ત્યારબાદ રજનિકાન્તનો વધ કરવા પઠાણને આજ્ઞા કરી. પરંતુ પઠાણને દયા આવવાથી તેણે તેને જીવતો રહેવા દીધો. મને જારિણીનું કાળું કલંક લગાડયું, આ બધું રાજાને ઉંધું ચતું સમજાવનાર સેનાધિપતિ મન્મથરાયજ હતો. કારણ આમ કરવામાં તેનો ગુહ્ય હેતુ સમાયેલો હતો.

થોડા દિવસ બાદ તે અધમ સેનાધિપતિ મારી પાસે બંધીખાનામાં આવ્યો અને મને સમજાવ્યું કે " તમારો રજનિકાન્ત જીવતો છે, મારી સાથે ચાલો, હું તેનો મેળાપ કરાવી આપીશ. " આમ મને ફોસલાવી રાત્રીની વખતે છુપી રીતે તુરંગમાંથી મુક્ત કરી, તે પાપી અરણ્યમાં લઇ આવ્યો. અને મારૂં શિયળ ભંગ કરવાની તૈયારી કરવા લાગ્યો. મેં જ્યારે કોઈ પણ રીતે ન માન્યું, ત્યારે તે મારા ઉપર બળાત્કાર કરવા તૈયાર થયો. મારૂં શિયળ સાચવવા મેં તેના બળાત્કાર ને પણ ન ગણકાર્યો. તેથી તેણે મને મારી નાંખવાની ધમકી આપી. એટલામાં રજનિકાન્તે તેમજ આ દક્ષરાજે આવી, મારો તે દુષ્ટના હાથથી બચાવ કર્યો. તે પાપી

ત્યાંથી સટકી ગયો. તે દિવસનાં અમે ત્રણે સાથેજ આ પર્ણકુટીમાં રહેવા લાગ્યાં.

પોતાની માતુશ્રીના દુ:ખની કહાણી સાંભળી ખિન્ન થયેલો વિશ્વજીત્ બોલ્યો:—માતા ? ધિક્કાર છે આ તારા પાપી પુત્રને ? મારૂં તપ, ધર્મ કર્મ, સર્વ નષ્ટ થયું ! વેદ શાસ્ત્રનું અધ્યન પણ પાણીમાં ડુબી ગયું ! ખરેખર હું એક દુરાત્મા છું ! મારા હાથથી તમારી કંઈ પણ સેવા ન થતાં ઉલટો હું તમને દુ:ખ કર્ત્તાજ થઇ પડયો ! આ મારા અઘોર પાપનું પ્રાયશ્ચિત્ દેહાંત્ શિવાય બીજું નથી. માતાના કરેલા ઉપકારનો બદલો નહીં વાળનારા પુત્રો ભુમિને ભાર રૂપ છે ! તેમનું તપ પણ વ્યર્થ છે ! જ્ઞાન પણ વ્યર્થ છે ! અંતે નર્કનાજ અધિકારી છે ! ધિક્કાર હજો મારા જેવા માતૃ દ્રોહી પુત્રોને ! હવે આ સંસાર મારા મનથી નિ:સાર છે ! જગત્ મિથ્યા છે ! દુનિયા નકામી છે ! ! આટલું બોલી વિશ્વજીત્ પોતાની માતાને નમન કરી, સ્તબ્ધ બની ઉભો રહ્યો. એટલામાં અલકરંભા બોલી ઉઠી:—માતા ? આ તારી પુત્રી અલકરંભાને તેં ઓળખી કે ?

શીળવતી:--આવ બેન ! સારૂં થયું ! તું અહી કયાંથી ? તારૂં આનંદ ભુવન છોડી અહીં શી રીતે આવી ?

અલકરંભા:—માતા ? અથ ઇતિ મારૂ વૃત્તાંત અત્યારે કહેવાનો સમય નથી, તેથી ટુંકામાંજ કહું છું.

" એક દિવસ રાત્રિએ વિશ્વજીત્ યોગિના રૂપમાં મારા એકાંત ભુવનમાં આવ્યો. તેના સદ્ ઉપદેશથી મને જ્ઞાન થયું અને તેથી આનંદભુવન છોડી, તેની સેવા કરવાના, તેમજ

જ્ઞાનોપદેશ શ્રવણ કરવાના નિશ્ચયથી હું તેની સાથે અહીં સુધી આવી. તે મારો ભાઇ વિશ્વજીત્ છે એવી મને અત્યાર સુધી ખબર નહોતી.

વિશ્વજીતઃ—માતા જનનિ? જાઉં છું! હુ તારો પાપી પુત્ર આ જગતને છોડી સદાને માટે જાઉં છું! મારા અપરાધની ક્ષમા કરજે!

વિશ્વજીતના આ નિશ્ચયથી ગભરાયેલી શીળવતી બોલી:-બેટા વિશ્વજીત્? આ શું બોલે છે? કયાં જવા માગે છે? ગઈ ગુજરી વાતને સંભાળી નાહક તારા આત્માને દુ:ખી શા માટે કરે છે?

વિશ્વજીતને વિચારમાં પડેલો જોઈ તેની શુદ્ધિ ઠેકાણે લાવવાના વિચારથી અલકરંભા મશ્કરીના રૂપમાં બોલી;—ગુરૂજી? મને તો જ્ઞાનોપદેશ કરતા હતા! મારૂં ભ્રમિત ચિત્ત ઠેકાણે લાવવાનું કહેતા હતા! અને અત્યારે તો તમેજ મોહમાં ભ્રમિત થઇ બેઠા છો, તો પછી મારૂં ચિત્ત ઠેકાણે શી રીતે લાવશો?

વિશ્વજીત્;—બહેન અલકરંભા? મારૂં તે વખતનું જ્ઞાન અત્યારે નષ્ટ થયું છે, હું તદન જ્ઞાન શુન્ય બની ગયો છું. હવે આ દુનિયા મને શ્મશાંન તુલ્ય લાગે છે! હુ મારા નિશ્ચયથી હવે કદી ફરનાર નથી. આમ બોલી તેણે પોતાની શમશેર કાઢી, અને પુન; બોલ્યો:—

શમશેર વ્હાલી શમશેર? આજ તારૂં પાણી બતાવ? ધારત માતા આ માતૃદ્રોહીનો ભાર ઝીલી શકતી નથી? એકદમ મારૂં માથું ઉડાવી દે? ઓ ગુરૂજી? આ તમારા

શીષ્ય ઉપર અહોનીશ કૃપા રાખજો. મારા હાથથી આપ-
ઘાતનું આજે જે નિંદ્ય કર્મ થાય છે, તે પાપમાંથી મને
મુક્ત કરી પરમપદમાં પહોંચાડવાની મારા ઉપર કૃપા કરજો.

આટલું બોલી તુરતજ વિશ્વજીતે પોતાનું શીર કાપી નાંખવા, પોતાની શમશેર ઉઠાવી એટલામાંજ.

" સબુર ! સબુર ! વિશ્વજીત્ તારો હાથ પાછો ખેંચી લે ! "

આ અવાજ સાંભળતાંજ તે ચમકયો. આસપાસ જોવા લાગ્યો. તરતજ તેણે દીર્ઘચક્ષુ મુનિરાજને પોતાની પાસે ઉભેલા જોયા. તેથી વિશ્વજીત્ ગુરૂના ચર્ણમાં નમી પડયો. તેને ઉઠાડી, સર્વના દેખતાં દીર્ઘચક્ષુ મુની બોલ્યાઃ—વત્સ વિશ્વજીત્? મોહમાં ભ્રમીત બની, સંસારની ક્ષણભંગુર માયામાં લપટાઇ જઈ, આત્મઘાતનું પાપ શીર પર વ્હોરી ન લે ! ઉદ્દ્વેગથી વિવ્હળ બની અઘટિત આચરણ ન કર!

રજનિકાન્તે આવતાંજ દીર્ઘચક્ષુના આ શબ્દો સાંભળ્યા તેથી તે બોલ્યોઃ-માતા ? ધન્યભાગ્ય આપણાં ! આ આપણા ગુરૂજી, અને આ જે અત્યારે આપણને દર્શન દેવા પધાર્યા છે, તે તો વળી ગુરૂ-જીના પણ ગુરૂજી ? આપણે તેમના દર્શનથી કૃતાર્થ થયાં છીએ અને માતા ? આ અલકરંભા બહેન અહીં કયાંથી ? વળી આ નિમકહલાલ પઠાણ કયાંથી ?

અલકરંભા—ભાઈ રજનિકાન્ત ઇશ્વર કૃપાએ અમે પણ અચાનક
અત્રે આવી પહોંચ્યાં.

પઠાણઃ—બાળરાજા ? આ તમારો પઠાણ નમન કરે છે.

વિશ્વજીતનું તેને હજુ ઓળખાણુ પડયું નથી, તેથી તેને હજુ પોતાનો ગુરૂ સમજી બાળ રજનિકાન્ત બોલ્યો:—ઓ ગુરૂ મહારાજ ? આ આપનો શાષ્ય રજનિકાન્ત આપને પ્રણામ કરે છે.

વિશ્વજીત;—ભાઇ રજનિકાન્ત ? તેં મને ન ઓળખ્યો ? હું તો તારો ભાઇ વિશ્વજીત્ છું ! હવે હું તારો ગુરૂ થવા લાયક નથી. આ પાસે ઉભેલા મહાત્મા, અને ગુરૂઓના પણ ગુરૂ મુનિશ્વર દીર્ઘચક્ષુને નમન કર.

પોતાના ભાઇ વિશ્વજીતનું નામ સાંભળી, તેના મેળાપથી જેનો ચહેરો પ્રફુલ્લિત્ બની ગયો છે, એવો બાળરાજા રજનિકાન્ત મોટા ભાઇની આજ્ઞાનુસાર દીર્ઘચક્ષુ મુનીને નમન કરતાં બોલ્યો—કૃપાળુ મુનીશ્વર આ બાળક ઉપર કૃપા કરો !

દીર્ઘચક્ષુ;—ચીરંજીવી રહે બેટા ! તમારા સર્વના સદ્દગુણથી હું અત્યંત પ્રસન્ન થયો છું. માતુશ્રી શીળવતી ? ધન્ય છે તમને ? ધન્ય છે તમારા પતિવ્રતપણાને ! તમારૂં સૌભાગ્ય ચિરકાળ પર્યંત તપો ! અમારા મુનીઓના તપ કરતાં પણ આપના પતિવ્રતનો પ્રભાવ અધિક છે ! તમે માતુશ્રી છો, અમે તમારા બાળક છીએ ! બેટા રજનિકાન્ત ? તને પણ હવે ઉપદેશ કરવાનો બાકી રહ્યો નથી. તારા અનેક જન્મોથી તને આ પ્રમાણે સદ્દગુરૂનો બોધ થયાજ કરે છે, તેજ પ્રમાણે આ જન્મમાં, તારા ભાઇ વિશ્વજીતે પણ તને ઉપ-દેશ દેવામાં કંઇજ કચાશ રાખી નથી. તું હવે મોક્ષનો અધિકારી થઇ ચુકયો છે.

મુનિરાજનું ભાષણ સાંભળી વિશ્વજીત બોલ્યો:-ગુરૂ મહારાજ ? તે તો ઉપદેશ પ્રમાણે વર્તીને પણ ભાગ્યશાળી થઈ ચુકયો છે. માતુશ્રીને શીયળ ભંગ થતાં અટકાવી, તેમજ તેનો પ્રાણ બચાવી, તેનાં રૂણથી તે સદાને માટે મુક્ત થઇ ચુકયો છે. પરંતુ હું તો ઉલટો તેને દુ:ખ કર્ત્તા થઇ પડી નર્કનોજ અધિકારી રહ્યો છું. હવે મારો ઉદ્ધાર કરવો એ આપનાજ હાથમાં છે. ગુરૂ મહારાજ? મને તે પાપમાંથી મુક્ત થવાનો માર્ગ બતાવો ?

દીર્ઘચક્ષુ:—વિશ્વજીત ! તું બિલકુલ દીલગીર થઇશ નહીં. માતૃ સેવા કરી બાળ રજનિકાન્તે સાયુજ્ય મુક્તિ મેળવી લીધી છે, ગુરૂનો બોધ ગૃહણ કરી પોતાનું પુરૂષાર્થ કરી બતાવ્યું છે. પરંતુ તારે માટે પણ પરમાત્માએ તેવો પ્રસંગ અત્યારેજ લાવી મુકયો છે. સેનાધિપતિ મન્મથરાયની મદદથી મદનપુરીનો રાજા મકરંદ, તમારા રાજ્ય ઉપર ચઢી આવ્યો છે. તેણે તારા પિતાશ્રીને બંદીવાન કર્યા છે. ત્યાં જઇ તારૂં પુરૂષાર્થ બતાવી. તારા હાથથી તેમનું બંધન છોડાવી, પિતૃરૂણમાંથી મુક્ત થઇ તું પણ તેની માફક સાયુજ્ય મુક્તિનો અધિકારી થા. રજનિકાન્ત તથા પહાણુને સાથે લઇ હાલને હાલ રાજ્યધાનીમાં જા બાકીનાં સર્વને લઇને હું હમણાંજ ત્યાં આવી પહોંચું છું.

દીર્ઘચક્ષુ મુનિનાં વચનથી પ્રસન્ન થયેલો વિશ્વજીત તુરતજ પહાણુ તથા રજનિકાન્તને લઇ રાજ્યધાની તરફ વિદાય થયો, બાકીનાં સર્વને સાથે લઇ દીર્ઘચક્ષુ પણ ધીમે ધીમે નગ્ર તરફ જવા લાગ્યા.

પ્રકરણ ૨૦ મું.

બંધન મુક્ત.

" દૈત્યના કુળમાં, પુત્ર પ્રહ્લાદ જો,
પાકિયો પૂર્વના પુણ્ય કર્મે "
" આગલી પાછલી તારી સૌ પેઢીઓ,
જે છવાઇ રહેલી અધર્મે "
" ભક્ત વિભિષણે, સત્ય સુલક્ષણે,
કુળ પોતાતણું દિધતારી, "
" એક જો પુત્ર, સુપુત્ર પાકયો ગણો,
પીડ બંધન તણી તો જનારી. "

" સંસાર એ મનુષ્યના ગુણ દોષ જોવાનું એક દર્પણ છે. એ દર્પણને સાફ કરી નિરખનાર, સર્વ સંકટથી મુક્ત થાય છે. એક પળ એવી આવે કે, તે હસાવે, બીજી પળ

રૂદન કરાવે, અને ક્રમે ક્રમે કંઈક નવાજ રૂપની સાથે તે મનને જોડી દે. દુનિયા નાટકરૂપે છે. મનુષ્ય માત્ર તેના પાત્રો છે."

"જે પુત્ર પોતાના માતા પિતાની સેવા, તન, મન અને ધનથી કરી, તેમનો ગુણ ઓશિંગણુ થયો છે, તે પુત્ર આ માનવ જન્મમાં દેવરૂપે વિરાજે છે. મા બાપની સેવા કરવાનો અવસર ભાગ્યશાળીનેજ પ્રાપ્ત થાય છે."

"દાનશીળતા, કોમળ વચન સહન શક્તિ બુદ્ધિ માનત્વ, એ સર્વ સ્વભાવિક ગુણો મનુષ્યોમાં ઘણું કરીને હોય છે જ. વંશ પરંપરાથી ચાલ્યા આવે એવો કાંઇ નિયમ નથી.

સાર્વભૌમ રાજા દુર્મદસિંહનું રાજ્ય નગર ભદ્રશીલા, અત્યારે ભ્રષ્ટ શીલાવત્ થઈ પડયું હતું મકરંદને મળી ગયેલો સેનાધિપતિ મન્મથરાય લશ્કર લઇ ભદ્રશીલા ઉપર ચઢી આવ્યો હતો. બન્નેના સૈન્ય વચ્ચે ઝપાઝપી ચાલી રહી હતી. થોડીવાર ઝપાઝપી થયા બાદ, દુર્મદસિંહના લશ્કરનો હાલનો સેનાધિપતિ પણ શત્રુને મળી ગયો

હતો. મુખ્ય મુખ્ય માણસોને ફૂટેલા જોઇ, બાકીનું સૈન્ય પણ વિખરાઇ ગયું હતું. અને મકરંદ તથા સેનાધિપતિનો વિજય થયો હતો. અત્યાર સુધી દુર્મદસિંહના પડતા બોલો ઝીલી જેણે પોતાના દિવસો તેનું લુણખાઇ વ્યતિત કર્યા હતા, તેજ કર્મ ચંડાળ પાપી, નિમકહરામ સેનાધિપતિએ અત્યારે બિચારા દુર્મદસીંહને પદ ભ્રષ્ટ કર્યો. પોતાના હાથેજ, પોતાના માલીક સાર્વભૌમ રાજાને બંધીવાન કર્યો.

પોતાની આ અવસ્થાથી દીન જેવો બની ગયેલો દુર્મદસિંહ મનમાં વિચાર કરવા લાગ્યો:—

ઓ પરમાત્મા ? હું નીચ! અધમ! મારા ઐશ્વર્યનો મેં પાપીએ હાથે કરી અંત આણ્યો! મારા કુટુંબનો ઉચ્છેદ કર્યો! હાથે કરી બે આબરૂ થયો ? તે સર્વ પ્રતાપ કોના ? આ નિમકહરામ સેનાધિપતિના ?

ઓ કપટની મૂર્તિ! વિષયાંધ મન્મથરાય ? તેં ઉપર રહીને તારા માલીકનું ગળું કપાવ્યું! પેટમાં પેશી જઇ છુરી ભોંકી દીધી મકરદ જેવા હજારો યોદ્ધાઓને એક મગત્રા માફક મસળી નાંખું એવો હું દુર્મદસિંહ, તે તારા કપટથીજ અત્યારે તારા હાથમાં બંધીવાન થઇ પડયો. ઓ લુણહરામા ? તેં તારા સ્વામિનું લુણ ખાઇ હરામ કર્યું. તારી સલાહ પ્રમાણે ચાલતાં મેં કંઇ પણ વિચાર ન કર્યો! હું પણ કેવો કાચા કાનનો! આમાં બીજાને દોષ શું આપું! આ મારા કુકર્મોનુંજ ફળ મને મળ્યું છે? જનનિ? હિંદ દેવી? માતા! હું હવે તને ભારરૂપજ છું! મકરંદ જેવા એક મગત્રાના હાથમાં કેદી બનાવી, ઓ પરમાત્મા ? તે મારૂં અભિમાન ટાળી દીધું છે! તારી લીલા અગમ્ય છે! એક સાર્વભૌમ રાજા અત્યારે તેના

બંદીઆ રાજાના હાથમાં બંધીવાન ! ! રાજાને રંક, અને તૃણને મેરૂ, કરવા તુંજ સમર્થ છે ! આજ સુધીનાં મારાં કૃત્યો ઘણાં અધમ છે. ધર્મને ભુલી જઇ, વિરતનયા જેવી એક પતિવ્રતા પર બળાત્કાર કરવા જતાં તેના નાશને કારણુ રૂપ બન્યો ! મન્મથરાયના સમજાવવાથી વિષયમાં મસ્ત બની, અધર્મને પંથે પળ્યો ! સારાસારનો વિચાર ન કરતાં, એકના એક વ્હાલા પુત્ર રજનિકાન્તનો વધ કરાવ્યો સાધ્વી શીળવતીનો પણ બિન ગુન્હે ત્યાગ કર્યો ! જ્યારે જુઓ ત્યારે પાપ ! જીંદગીમાં એક પણ પુન્ય કર્મ નહીં ! હવે આ સ્થિતીમાં અત્યારે મારી સ્હાય કોણ કરે ? પુત્ર નહીં. સ્ત્રી નહીં, મિત્ર નહીં પુન્ય નહીં, ધર્મ નહીં, કંઇ નહીં ! ! મને ધીરજ કોણ આપે ?

ઓ અનાથના નાથ જગત્ પિતા ! તારા શિવાય મારે અત્યારે કોનો આધાર છે ! મને મુકત કરવા અત્યારે બીજું કોણ આવનાર છે ?

રાજાના આવા નિરાશા યુકત શબ્દો સાંભળી, સેનાધિપતિ બોલ્યો:—મહારાજ ? કાયરની માફક હવે શોક ન કરો. અશ્રુપાત કરવાં એ શુરવીરોનું કામ નથી, મુગે મોઢે જે થાય તે સહન કરો. હવે તમે પરાક્રમી દુર્મદસિંહ યાતો સાર્વભૌમ રાજા નથી, પરંતુ અત્યારે તો એક બંધીવાન છો.

આટલું બોલી રાજાને જલ્દીથી બંધીખાનામાં લઇ જવા સેવકોને ઉતાવળા પગે ચાલવા આજ્ઞા કરી. મન્મથરાય રસ્તામાં રાજાને અનેક કઠોર વચનો કહેવા લાગ્યો, આવી રીતે સેવકો તથા સેનાધિપતિ, રાજાને બંધીવાન બનાવી, તેને સાથે લઇ, બંધીખાના તરફ જતા હતા, એટલામાં દિગ્વજીત, રજનિકાન્ત, તથા પઠાણ રસ્તામાં આવી મળ્યા.

પોતાના પિતાની આવી દુ;ખદ સ્થિતિ જોઈ વિશ્વજીત્ સેનાધિપતી ઉપર ગુસ્સે થઇ બોલ્યો:—ઓ લુચ્ચા સેનાધિપતિ ? કપટી મન્મથરાય ? નિમકહરામ કુતરા ? ઉભો રહે, મારી સમક્ષ લુણ હરામી બની, મારા પુજ્ય પિતાશ્રીને અને તારા અન્નદાતાને આવી રીતે બંધીવાન બનાવી લઈ જતાં તને શરમ નથી આવતી ? પાપી હવે જીવવાની આશા છોડી દેજે !

આટલું બોલી તેણે તુરતજસેનાધિપતિને કેદ કર્યો, અને પોતાના પિતાને બંધનમાંથી મુકત કર્યા. એકદમ ઓચિંતી મદદ આવી મળવાથી રાજા આશ્ચર્ય ચકિત બની ગયો. મન્મથરાય તથા તેના સેવકો પણ દીંગમુઢ જેવા બની ગયા. સેનાધિપતિનો ચ્હેરો ફીકકો પડી ગયેલો જોઈ વિશ્વજીત્ બોલ્યો:—ઓ નરાધમ સેનાધિપતિ ? ઓ કુટીલ કાગડા ? જેનું અન્ન ખાઇ મોટો થયો, તેનેજ અંતે દગો કર્યો ? નિમકહરામી બન્યો. સ્વામિદ્રોહી થયો. ધિક્કાર છે તને, અને તારી બ્રાહ્મણની જ્ઞાતિને ! !

રજનિકાન્ત:—ઓ નીચ સેનાધિપતિ ? એક વખત મેં તારો પ્રાણ બચાવ્યો હતો તે ઉપકાર પણ તું અત્યારે ભુલી ગયો. પાછો તેવાજ અધમ કૃત્યમાં પ્રવૃત થયો. મારા પુજ્ય પિતાશ્રી ! તારા અન્નદાતા ! તેને તેં દગો કર્યો. ધિક્કાર છે ! ફીટકાર છે ! !

પઠાણ:—ઓ નીચ ? બદમાસ ! હરામજાદા ! સ્વામિદ્રોહી ! આવું નિંદ્ય કર્મ કરતાં તને જરાપણ શરમ ન આવી.

રાજા આ ત્રણેને ન ઓળખવાથી શંકાયુકત હ્રદયે બોલ્યો:—મારાં અધમ કૃત્યને માટે થયેલા પશ્ચાતાપથી, મારા ઉપર કૃપા કરી

મારી મદદે આવનાર તમે શાક્ષાત્ પરમાત્મા તો નથી ? સત્ય કહો. ત્રિમૂર્તિ તમે કોણુ છો ?

ઝટપટ મારી શંકાનું સમાધાન કરો. આ દુર્મદસિંહ અધમ છે ! તમારો દાસ છે ! દાસાનુદાસ છે ! આટલું બોલી રાજા તેમને પગે લાગવા ગયો એટલામાં રજનિકાન્ત બોલી ઉઠયો:—હે તાત ! હે પિતા ! સબુર કરો. મને નમન ન કરો. મારો તેવો અધિકાર નથી. તમને મુક્ત કરનાર હું તમારો પુત્ર રજનિકાન્ત છું. તમને પ્રણામ કરૂં છું.

રજનિકાન્તનું બોલવું પુરૂ થતાંજ મોટો પુત્ર વિશ્વજીત્ બોલ્યો:—પિતાજી ? હું તમારો વિશ્વજીત્ આપને નમન કરૂં છું ! યોગિના રૂપમાં એકાંત ભુવનમાં દાખલ થવાના અપરાધની ક્ષમા માગું છું.

પઠાણ:—અન્નદાતા ? હું આપનો પઠાણ ! સદ્ સદ્વિવેક બુદ્ધિની શુદ્ધ આજ્ઞાથી, તમારા કહેવા છતાં, તમારી આજ્ઞાનું ઉલ્લંઘન કરી, રજનિકાન્તનો પ્રાણ બચાવી, તેમને તેમજ ફરમાન મુજબ આ યોગિને આપની સમક્ષ લાવી હાજર કરૂં છું.

આ સર્વની વાત સાંભળી રાજા ઓશીઆળા જેવો બની ગયો અને રજનિકાન્ત પ્રત્યે બોલ્યો:—બેટા રજનિકાન્ત ? હું તારા પાપી પિતા ! તારા જેવા નિરપરાધિ પુત્ર રત્નનો વધ કરવાની આજ્ઞા કરનાર અધમ પિતા ! હવે તને સ્યામ મુખ શી રીતે બતાવી શકું ? સાહસ કરી ! આ નીચ સેનાધિપતિના સમજાવવાથી તને દીધેલાં ભયંકર સંકટો માટે મને ક્ષમા કર.

પિતાના આવા નિરાશા યુક્ત શબ્દો સાંભળી રજનિકાન્ત બોલ્યો:—પિતાશ્રી ? તમે બિલકુલ દિલગીર ન થાઓ. તમે મારા પુજ્ય છો, ગુરૂ છો ! તમારી આજ્ઞા શીર પર ચઢાવવી એ મારો ધર્મ છે! તમારી આજ્ઞાને તાબે થઇ, મેં મારો પુત્ર ધર્મ બજાવ્યો છે ! ગમે તેવી આજ્ઞા કરી, ગમે તેવું દુઃખ દીધું, પરંતુ તમે તો પુજ્ય જ છો.

રજનિકાન્તના બોલી રહ્યા બાદ, રાજા મોટા પુત્ર વિશ્વજીત્ પ્રત્યે બોલ્યો:—બેટા વિશ્વજીત્! તારા ગુણનું કથન કરવા મારી જીવ્હા સમર્થ નથી. મારાં અયોગ્ય આચરણોથી કંટાળી જઇ, રાજ્ય વૈભવ છોડી નાશી ગયા બાદ, આટલા દીવસ સાધુના વેશમાં ગુપ્ત રહી, અણીને વખતે આવી તેં મારો પ્રાણ બચાવ્યો. તું ખરેખર પિતૃ રૂણમાંથી મુક્ત થયો છે. પિતૃ સેવાનો નિર્મળ યશ મેળવવા, ભાગ્યશાળી થયો છે. મેં પાપીએ તારી બિલકુલ દરકાર ન રાખી, તું નાશી ગયો, છતાં તારી તપાસ પણ ન કરાવી, આ મારાં કૃત્યોને માટે હવેજ મને પસ્તાવો થાય છે.

વિશ્વજીત્:—પિતાજી ? મદમાં છકી જવાથી મનુષ્ય માત્રને પોતાના દેહનું ભાન રહેતું નથી. સારાસારનો વિચાર પણ રહેતો નથી. તમે મારી દરકાર ન રાખી, તેથી બિલકુલ તમે દોષિત્ નથી. તમારી પાસેથી કંટાળીને નાશી જવાથી ઉલટો મને સદ્‌ગુરૂની સેવાનો અમુલ્ય લાભ મળ્યો છે, સંત મહાત્માના જ્ઞાનોપદેશથી મારો જન્મારો સફળ થયો છે. આ સર્વ તમારોજ પ્રતાપ છે. ઉલટો મારે તો તમારે ઉપકારજ માનવો જોઇએ. તેમજ અત્યારે મારા ગુરૂજીના કહેવાથી મેં આપનું રક્ષણ

કરી, મારી ફરજ બજાવી, તેથી હું મહા અપરાધિ પિતૃઋણમાંથી મુકત થયો છું.

ત્યાર બાદ રાજા પઠાણ તરફ જોઈને બોલ્યો;—પઠાણ ? ધન્ય છે તારી સ્વામિભક્તિને! સારા સારનો વિચાર કરી, તેં અત્યાર સુધી દરેક કાર્ય કર્યું તેને માટે તને ધન્યવાદ ઘટે છે. તું યવન હોવા છતાં, તારાં આચરણ શુદ્ધ છે. તું સેવકને લાયક નથી, પરંતુ ભદ્રશીલાના સિંહાસન ઉપર બેસવાને લાયક છે અને હું તારો દાસ થવાને લાયક છું.

પઠાણ:—મહારાજ ? અન્નદાતા ? આવા શબ્દો બોલી સેવકને ન શરમાવો હું તો આપનો સદાનો તાબેદાર છું, તમે કહો તેમ કરવા સદા સર્વદા હાજર છું.

થોડીવાર સઘળા શાન્ત થઇ પ્રભુનો ઉપકાર માનવા લાગ્યા. એટલામાં એકાએક રાજાને સાધ્વી **શી**ળવતીનું સ્મરણ થઇ આવ્યું. તેથી તેના શ્વાસમાં કંઇક નિરાશાના સુસ્કારા જણાવા લાગ્યા.

શીળવતી જેવી એક સાધ્વીના સમાગમની લાલસાવાળા, અને કરણી પ્રમાણે અત્યારે ફળ ભોગવતા, બંધીવાન સેનાધિપતિ પ્રત્યે ગુસ્સે થઇ રાજા બોલ્યો:—ઓ ઘાતકી સેનાધિપતિ ? વિષય લંપટ સેનાધિપતિ ? સતિ સાધ્વી, અને તારી માતા તુલ્ય **શી**ળવતીના સમાગમની અધમ લાલસાવાળા, રાજ્યદ્રોહી. સ્વામિદ્રોહી, સેનાધિપતિ ? **શી**ળવતીનું શિયળભંગ કરવાના વિચારથી. મને ઉંધું સમજાવી, મારીપાસે અધમ કૃત્ય કરાવનાર તે તુંજ! પવિત્ર **શી**ળવતીનો ત્યાગ કરાવનાર પણ તુંજ ! સતિ હોવા છતાં જારિણીનો કાળો ડાઘ લગાડનાર પણ તુંજ ! તેને બંધીખાનામાં નાંખી અનેક પ્રકારે દુઃખ

યાતનાઓ અપાવનાર પણ તુંજ ! તેજ પ્રમાણે દુષ્ટ લાલસાથી પુત્રી અલકરંભાનો વિવાહ અટકાવનાર પણ તુંજ ! રાજ્યના કુશળ દિવાન દક્ષરાજને બંધીખાનામાં નંખાવનાર પણ તુંજ ! બાળરાજા રજનિકાન્તનું ખુન કરાવવાનો અધર્મ માર્ગ બતાવનાર તે પણ તુંજ ! સાધ્વી વિરતનયા, તથા તેના વૃદ્ધ પિતાના મરણનો મને કારણરૂપ બનાવનાર પણ તુંજ ! હાય ! તારો નર્કમાં વાસ થજો. તને રૂંવે રૂંવે કીડા પડજો.

હાય ! મહાસતી **શીળ**વતી ! સાધ્વી **શીળ**વતી ! પતિ સેવામાં સદા લીન રહેનાર શીળવતી ! મને ફરી ક્યાં મળશે ! તેના દર્શનનો લાભ મારા જેવા પાતકીને પુનઃ ક્યાં થશે ?

આટલું બોલતાંજ શીળવતીના મોહથી દીન બનેલા દુર્મદસિંહનો ચ્હેરો ફીક્કો પડી ગયો. પ્રિયજનના વિયોગથી દુષ્ટોના સંસર્ગથી, રજનિકાન્ત, વિશ્વજીત **શીળ**વતી, દિવાન, પઠાણ, વિગેરેને કરેલા છળથી, તેમજ રાણીના વિયોગથી કંટાળી ગયેલો રાજા અતિશય પશ્ચાતાપ કરી રહ્યો હતો, એટલામાં દીર્ઘચક્ષુ મુનિ બાકીની સર્વ મંડળી સહિત ત્યાં આવી હાજર થયા.

દીર્ઘચક્ષુની સાથે શીળવતી, તથા અલંકરંભાને, તેમજ દિવાનને જોતાં રાજા હર્ષ ઘેલો બની ગયો.

સાધ્વી **શીળ**વતીએ સ્વામીના ચર્ણમાં નમન કર્યું ત્યાર બાદ શીળવતીને કલ્યાણ કારક આશીર્વાદ દેતો રાજા બોલ્યો:—હે સાધ્વિ શીળવતી ? હું પાપી છું ! અપરાધિ છું ! તારા ઉપર સંકટ ગુજારવામાં મેં કંઈ બાકી મુકી નથી. છતાં તું તારા પતિવ્રતધર્મથી

બિલકુલ ચળીત થઇ નથી. ધન્ય છે તને! આટલું કરવા છતાં સર્વમાં શ્રેષ્ટ પતિ! ભગવાન પણ એજ! જીવન પણ એજ! સ્વર્ગ પણ એજ! આમ ધારી જીવનને વ્યતિત કરનારી તેં ઉભય કુળનો ઉદ્ધાર કર્યો છે.

શીળવતી:—પ્રભુ? પુર્વના પુણ્યથીજ આ સંસ્કાર બન્યો છે. પુર્વનાં રૂણી હોવાથી, પોત પોતાના રૂણથી મુક્ત થયા બાદ, આપણે સઘળાં પુન: ભેગાં થયાં છીએ. અને પુર્વના પુણ્યથીજ આવો અમુલ્ય યશ મેળવવા ભાગ્યશાળી થયાં છીએ. દશ વર્ષ ઉપર પણ તમેજ હતા, અત્યારે પણ તમેજ છો! છતાં તે વખત કરતાં અત્યારની તમારી બુદ્ધિમાં કેટલો ફેર! ફેરનું કારણ માત્ર પુર્વનાં સુકૃત્યનું ફળ! તમારી તેમજ તમારા કુટુંબની નામના જગતમાં સદાને માટે અમર રહેશે; એ પણ સુકૃત્યનુંજ ફળ!

અલકરંભા:—પિતાજી! આપની ઇચ્છાનુસાર અત્યાર સુધી અવિવાહીત રહેલી હોવાથી, મેં હવે જન્મભર તેવીજ સ્થિતીમાં રહેવાનો નિશ્ચય કર્યો છે. મારા મોટાભાઇ વિશ્વજીતે, યોગિના રૂપમાં મારા આનંદભુવનમાં આવી, મને સદ્દબોધ કર્યો ત્યારથીજ મારી વૃત્તિઓ ફેરવાઇ ગઇ છે. "જગત મિથ્યા છે. વૈભવ. વિલાસો, રંગરાગ એ સર્વ નાશવંત છે. તો પછી જાણી જોઇ માયામાં લપટાવું એ કેવળ મુર્ખાઇજ છે. હવે મારે જન્મભર લગ્ન કરવુંજ નહીં એવો મેં નિશ્ચય કર્યો છે. તે મારો ટેક પ્રભુ નિભાવે, એજ માગું છું.


દિવાનઃ—મહારાજ આપની આજ્ઞા શિવાય, બાળરાજા રજનિકાન્તના કહેવાથી, મેં યોગિરાજને મુક્ત કરી, આપનૃપતિની આજ્ઞાનું ઉલ્લઘન કર્યું, તેને માટે હું આપની ક્ષમા માગું છું.

આ સર્વની અમૃતમય વાણીથી પ્રસન્ન થયેલો રાજા પ્રેમયુક્ત દ્રષ્ટિથી સર્વ તરફ જોવા લાગ્યો. મોટા પુત્ર વિશ્વજીતે પોતાના પિતાને દીર્ઘચક્ષુ મુનિનું ઓળખાણ પાડયું. તેથી રાજા સ્તબ્ધ બની ઉભો રહ્યો. રાજાના મનનો વિચાર જાણી જવાથી દીર્ઘચક્ષુ મુનિ બોલ્યા:—રાજા ? વિશ્વજીતના કહેવાથી હજુ તારી શંકા જોઇએતેવી દુર થઇ નથી, તું મને હજુ બરાબર ઓળખી શકયો નથી. પરંતુ ધીરજ ધર. તે ઓળખાણ તને થોડા સમયમાં પડશે, પરંતુ હવે વિલંબ ન કરતાં, અત્યારેજ આ સર્વ પ્રપંચ નાટકના સુત્રધાર આ સેનાધિપતિને એકદમ બંધીખાનામાં મોકલાવી દઇ, બાકીનાં સર્વ રાજ્યધાની તરફ ચાલો. ત્યાં ગયા બાદ, સર્વ ભેદ ખુલ્લો થઇ જશે. સેનાધિપતિનો ઇન્સાફ થશે, અને હું કોણ છું તે પણ તમને સમજાશે. પુર્વના સંચીતથી તારા રાજ્કારભારની સ્થિતિ તદન પલટાઇ ગઇ રજનિકાન્ત વિશ્વજીત, શીળવતી. દક્ષરાજ, અલકરંભા, એ સર્વનો તારે વિયોગ થયો. તે વિયોગ થવાનું કારણ પણ તું ત્યાંજ જાણુશે. તારો મોટો પુત્ર વિશ્વજીત કોણ છે ? અને તેની અધાપિ પર્યંતની શી હકીકત છે તે જાણવાની સર્વની ઉત્કંઠા પણ વિશ્વજીત જાતેજ ત્યાં પુર્ણ કરશે. તે કાર્યને માટે તેને આઠ દિવસની મુદત આપવી જોઇશે. સર્વ માનકારી, માંડળીક, સરદાર અને અમીર ઉમરાવોની સભા ભર્યા બાદ, આ સર્વ ભેદ સભાની વચમાં ખુલ્લો થશે.

દીર્ઘચક્ષુ મુનિનું આ ભાષણ સાંભળી, તે કોઇ દૈવી પુરૂષ છે. એમ સમજી તેમની હકીકત જાણવા રાજા ઉત્કંઠિત બની રહ્યો છે. સર્વત્ર શાન્તિ ફેલાઇ એટલે વિશ્વજીત્ ગુરૂને નમન કરી બોલ્યોઃ— મારા પિતાશ્રીની વ્યસન પરાયણ વૃત્તિઓથી, તેમજ મારી સાધ્વી માતાની દુઃખ યાતનાઓ ન સહન થઇ શકવાથી, મનુષ્યના અસમર્થ પણા બદલ મારૂં હૃદય ખિન્ન થયું. " બીજાં પ્રાણીઓ કરતાં, મનુષ્ય પ્રાણી વધારે જ્ઞાની છે, પોતાના પરાક્રમથી મનુષ્ય પ્રાણી ગમે તેવું કઠિન કામ કરવા પણ સમર્થ છે. જગત્ જેને સુખ માને છે, તે મેળવવા મનુષ્ય પ્રાણીજ શક્તિમાન છે, સર્વ ઉપભોગની વસ્તુઓ પણ મનુષ્ય પ્રાણીને માટેજ છે. ટુંકામાં મનુષ્યાવતારજ આ દુનિયામાં શ્રેષ્ટ છે. પરંતુ પ્રસંગોપાત્ " હું " " હું " એમ કહી હુંપદમાં ફુલાઈ જનારા મનુષ્યોનો સહવાસ થતાંજ મને એમ લાગતું કે આ " હું " શબ્દજ મનુષ્ય માત્રનો શત્રુ છે. કામાદિ છ શત્રુથી, રોગાદિ વ્યાધિઓથી, તેમજ જન્મ મરણાદિથી, પોતાનો બચાવ કરવા શક્તિમાન થવું એજ મનુષ્યનું કર્તવ્ય છે. તેવી શક્તિ જ્યાં સુધી પ્રાપ્ત થઇ નથી, ત્યાં સુધી જન્મ મરણ લાગેલુંજ છે. " એમ સમજી તે શક્તિ મેળવવાના ઇરાદાથી હું સર્વનો ત્યાગ કરી, એક નિર્જન વનમાં ચાલ્યો ગયો. ત્યાં જઈ ફળફુલના આહારથી એક વર્ષ મેં વિતાવ્યું. છતાં મને કોઇ સદ્ગુરૂ મળ્યા નહીં. તેથી નિરાશ થઇ, મેં પ્રાણ ત્યાગ કરવાનો નિશ્ચય કર્યો. વળી કંઇક વિચાર આવતાં તેમ ન કરતાં મને તેવી શક્તિ મેળવવા સમર્થ બનાવે એવા કોઇ પરબ્રહ્મ રૂપ મહાત્માની મુલાકાત માટે હું ઘણું ભટકયો, પરંતુ મારા ઉપર તેવી દયા કરે, એવા કોઈ મહાત્મા મને મળી ન આવ્યા. આથી નિરાશ થઇ પુનઃ મેં એક ઝાડની ડાળી વડે ફાંસો ખાઇ મર-

વાનું ધાર્યું એટલામાં મારી સંત સમાગમની તીવ્ર ઇચ્છા જાણી, તેમજ મને જ્ઞાન મેળવવાની લાલસાવાળો સમજી, ભગવાન્ શાક્ષાત્ દીર્ઘચક્ષુ મુનિરાજ મારી કસોટી કરવા પધાર્યા મારી કસોટીમાં હું ફળીભુત નીવડયો. તેથી આ ગુરૂ મહારાજે મને જ્ઞાનો પદેશ કર્યો બાકીનું સર્વ વૃતાંત તો તમે જાણોજ છો ?

તેનું વૃતાંત પુર્ણ થતાં, બાળરાજા રજનિકાન્તે પણ પોતાનું અથઇતિ વૃતાંત જણાવી સર્વની ઇચ્છા ને તૃપ્ત કરી, બાદ પદ્માણ, દક્ષરાજ તેમજ શીળવતીએ પણ અનુક્રમે પોત પોતાનું વૃતાંત કહી સંભળાવ્યું. બાદ દીર્ઘચક્ષુ મુનિશ્વર સહીત સર્વ રાજ્યધાની તરફ જવા નીકળ્યાં.



પ્રકરણ ૨૧ મું.

રાજેન્દ્ર રજનિકાન્ત.

" છૂપે નહીં શૂર અરીદળ આવતાં; "
" છૂપે દાતાના કહિ ભિક્ષુક ભાળતાં. "
" છૂપાયે જો ના રવિ મંડલ મેઘમાં; "
" છૂપે નીશાનાથ ન તારક તેજમાં, "

" નૃપતિ જ્યારે આળસ, અજ્ઞાન, અને ઉંઘમાં પોતાનું રાજ્ય ચલાવે છે, ત્યારે કળિયુગનો પ્રારંભ થાય છે, સાવધાન થઇને રાજ્ય કરે છે, ત્યારે દ્વાપરયુગ ગણાય છે, પોતાનાં કર્ત્તવ્ય કરવામાં તત્પર રહે છે ત્યારે ત્રેતાયુગ ગણાય છે. અને શાસ્ત્રાનુસાર હરેક કાર્ય નિયમીત રીતે કરે છે, ત્યારે સત્યુગનો આરંભ થાય છે. "

" પ્રજાનું રક્ષણ રાજ્યની સુવ્યવસ્થાને અવલંબીને છે. રાજા, પ્રજા જીવનનું સર્વસ્વ છે. તેમ કાળનું કારણ પણ તેજ છે. "

"ધર્મ એજ પોતાનું કર્તવ્ય છે, એમ માનનાર નાનો પણ ભલો મનુષ્ય કોઇ પણ દરજ્જા ઉપર ન હોવા છતાં, પોતાની હકુમતના જોરથી નહીં, પણ પોતાના સદ્-વર્તનના પ્રભાવથી, સર્વ ઉપર સત્તા ચલાવી શકે છે, સદ્-વર્તનિય સ્વભાવ સિદ્ધ કળા, પ્રાપંચિક સૈનિકોના સામટા સામર્થ્યનો પણ સમયે ઉચ્છેદ કરી શકે છે."

"ન્યાયનું પરિબળ, દયાથી પણ આધિક મહત્તા ભર્યું મનાય છે. ન્યાયને દયા, એકજ સ્થળે સામટાં શોભી શકતાં નથી. પરન્તુ ન્યાયાન્તે, દયાનો વાસો. ન્યાયના પરિબળને અધિક દીપાવી શકે છે."

રાજ્યકુટુંબનો પુનઃ મેળાપ, રજનિકાન્ત, વિશ્વજીત, દિવાન, પઠાણ વિગેરેનું અકથનીય પરાક્રમ, અંગ્મથરાયની લુચ્ચાઇ, અને દીર્ઘચક્ષુ મુનીની રાજ્ય-કુટુંબ ઉપર થયેલી કૃપા, આ સર્વ વાત જાણવાથી પ્રજામાં સર્વત્ર આનંદ ફેલાઇ રહ્યો હતો.

માનકારી, હોદ્દેદાર, સરદાર, તથા અમીર ઉમરાવો પણ રાજ્યનું પુનઃ અભિમાન ધરાવતા જણાતા હતા, માંડળિક, સંસ્થાનિક, અને જાગીરદારો સઘળા દુર્મદસિંહ રાજાની જય બોલાવી રહ્યા હતા. મકરંદ પણ દુશ્મનાવટ ભુલી જઇ, રાજાનો મિત્ર થવા તેમજ તેનાં કુટુંબને મળવા ઉત્સુક બની રહ્યો હતો.

દૈવગતિના ફરવા સાથે, શત્રુ પણ મિત્ર થાય છે, દુર્બુદ્ધિ ફીટી સુબુદ્ધિ થાય છે, અપકાર કરવા જતાં ઉપકાર થાય છે, ઘાત થતી અટકી ઉલટો બચાવ થાય છે. આવીજ રીતે સમયના ફરવાથી દુર્મદસિંહ રાજાનો રાજ્ય કારભાર પણ પુનઃ શાન્તિ ઉપર આવી ગયો હતો.

ઠરાવ પ્રમાણે સઘળી તૈયારીઓ થવા લાગી હતી. માંડળિકો, સરદારો, માનકારીઓ, જાગીરદારો, સંસ્થાનીકો, હોદ્દેદારો, સરંજામીઓ વિગેરે સર્વ ભદ્રશીલા નગ્રમાં ભેગા થવા લાગ્યા હતા, દરબાર ચીકાર ભરાઇ જવા આવ્યો હતો લોકોનું અંતઃકરણ વિશ્વજીતનું વૃતાંત સાંભળવા, એક સરખું ઉત્સાહી થયેલું જણાતું હતું. સૌ પોતપોતાને સોંપેલું કાર્ય ઉત્સાહથી બજાવી રહ્યા હતા. દરબારનો ઠાઠમાઠ ઇંદ્રપુરી સમાન શોભી રહ્યો હતો. દરબારના મકાનની ભીંતો ચિત્ર વિચિત્ર રંગોથી ચીતરવામાં આવી હતી. રાજ્ય કચેરીની આગળનો દરવાજો પણ સુશોભિત બનાવી દીધો હતો. સભાની મધ્યમાં એક સિંહાસન ગોઠવી દેવામાં આવ્યું હતું. તેનું સર્વ કામ રત્નજડિત હતું. બીજા સર્વ અમલદારોને માટે પ્રત્યેકના દરજ્જા પ્રમાણે હારબંધ આસનો ગોઠવી દેવામાં આવ્યાં હતાં. સૌગંધિક પદાર્થોથી આ સભાનો બંગલો મઘમઘાટ થઇ રહ્યો હતો. ચારે બાજુએ સુંદર તોરણો બાંધી દીધાં હતાં. ધ્વજા પતાકાઓ ફરકી રહી હતી. મધુર વાદ્યોનો ચારે ગમથી આવતો નાદ કર્ણને આનંદ ઉપજાવી રહ્યો હતો. ચોપદાર છડી પોકારી રહ્યા હતા. ચોઘડીયાં વાગી રહ્યાં હતાં. આ અપુર્વ ઠાઠમાઠ જોવા લોકોની પણ બેસુમાર મેદની ભરાયેલી હતી.

સર્વ સભાજનોએ પોતપોતાની બેઠક લીધી. ત્યારબાદ મુનિરાજ દીર્ઘચક્ષુ, દિવાન દક્ષરાજ સાથે રાજ્યકુટુંબને લઇ અંદર દાખલ થયા.

મુનિરાજને સિંહાસન ઉપર પધરાવવામાં આવ્યા. તેમની જમણી બાજુએ વિશ્વજીત, રજનિકાન્ત, અલકરંભા તથા પદ્માણુ આટલાં ચાર હારબંધ ઉભાં રહ્યાં. ડાબી બાજુએ અનુક્રમે રાજા દુર્મદસિંહ, રાણી શીળવંતી, દિવાન દક્ષરાજ તથા મકરંદ આ ચાર ઉભાં રહ્યાં.

ત્યાર બાદ સીપાઇઓએ મન્મથરાયને બંધન સહિત ભર સભામાં લાવી હાજર કર્યો. તેના તરફ દ્રષ્ટિ જતાંજ મકરંદનાં નેત્રો લાલચોળ બની ગયાં. તેની મુખમુદ્રા કંઇક મ્લાન જણાવા લાગી, એકાએક તેનો ચ્હેરો આ પ્રમાણે બદલાઇ ગયેલો જોતાંજ મુનિરાજ બોલ્યા:— મકરંદ યાદ રાખજે કે, મનુષ્ય માત્રનું પાપકર્મ છુપું રહેતુંજ નથી. પાપનો ઘડો ફુટતાંજ તેનો ચ્હેરો ફીકકો પડી જાય છે. અત્યારે તારો ચ્હેરો ફીકકો પડી જવાનું કારણ પણ તેજ છે. મન્મથરાયને જોઇ તારૂં મુખ મ્લાન બની ગયું, તેથી મને એમ લાગેછે કે, તારી દુષ્ટ વાસનાઓએ જ તેને દુર્મદસિંહ ઉપર ચઢાઇ કરવાની પ્રેરણા કરી હોવી જોઇએ.

ગુરૂજી મારા ચ્હેરા ઉપરથી મારી પરિક્ષા કરી ગયા છે, એમ સમજી મકરંદ બોલ્યો:— મહારાજ? આપથી કંઇ વાત અજાણી નથી. પરંતુ હું સત્ય કહુંછું કે, માતુશ્રી શીળવતીને ફસાવ્યાં, અને તેમનું શિયળભંગ કરવાની યુક્તિઓ રચી, તે તેની પાપ વાસનાઓ સાથે મારે કોઇ પ્રકારનો સંબંધ ન હોતો. પરંતુ કોઇ રીતે અલકરંભા સાથે લગ્ન કરવું એ નિશ્ચયથીજ મેં સેનાધિપતીને મારા પક્ષમાં લીધો હતો. અને તેમ કરવામાં હું બિલકુલ દોષિત નહોતો, કારણ કે, તે બાબતની મેં દુર્મદસિંહ રાજા પાસે પ્રથમથીજ માગણી કરી હતી. મારી માગણીને તિરસ્કારી કાઢી, જ્યારે રાજાએ મારૂં અપમાન કર્યું,

ત્યારેજ મેં તેનું કોઇ પ્રકારે હરણુ કરવાનો મન સાથે નિશ્ચય કર્યો. આટલું થતાં સુધી મારો સંકલ્પ શુદ્ધજ હતો. પરંતુ મન્મથરાયે મારી સાથે મળી જઈ, મારો તે સંકલ્પ તોડી પાડયો. અને મને રાજા ઉપર ચઢાઈ કરવાનો અવળો માર્ગ બતાવ્યો. આથીજ તે દુષ્ટ સેનાધિપતિ ઉપર મને અત્યારે સ્વભાવિક રીતે ગુસ્સો આવ્યો. પ્રભુ? આ સર્વ બનવા કાળે બની ગયું છે. મારાથી થયેલા ગુન્હાની હું આપની પાસે ક્ષમા માગું છું.

એ સાધ્વી શીળવતી? એ માતુશ્રી? તમારૂં શિયળ ભંગ કરવાના સેનાધિપતિના વિચારને મેં ટેકો આપ્યો હતો, એમ જો તમારી ખાત્રી થતી હોય, તો મારો અપરાધ ભુલી જઇ, એક પુત્રની તરફ સ્નેહની નજરથી જોશો એટલીજ મારી ઇચ્છા છે. આટલું બોલતાંજ તેણે સર્વ સભા સમક્ષ મુનિરાજને તેમજ શીળવતીને નમન કર્યું.

ત્યાર બાદ દીર્ઘચક્ષુ દુર્મદસિંહ પ્રત્યે બોલ્યાઃ—રાજા? પુત્રી અલકરંભાનું લગ્ન તો થવુંજ જોઇએ. નહીં તો તેને અત્યાર સુધી અવિવાહીત રાખી તેને માટે તુંજ દોષિત્ ઠરશે. વિશ્વજીતને યોગિના રૂપમાં ન ઓળખી શકવાથી, તેની સાથેના પરિચયથી તેની વૃત્તિઓ પ્રથમ મલીનપણાને પામી, પરંતુ પાછળથી શુદ્ધ થઇ છે. વિશ્વજીતને ન ઓળખવાથી તેણે જે ગંભીર પ્રતિજ્ઞા કરી છે, તેનાપાયાદાર છે જેથી મકરંદ જેવા એક તરૂણ, સુંદર પરાક્રમી અને પાપભીરૂ રાજા સાથે તેનો સંબંધ જોડી, અત્યારે કન્યાદાન આપવામાં કોઇ પ્રકારનો વાંધો નથી.

મુનિરાજનાં ધારેલા વિચારમાં કોઇને કોઈ પ્રકારનો વાંધો નથી, એવું સર્વની મુખમુદ્રા ઉપરથી જણાયું તેથી અલકરંભા બોલી:— ગુરૂ મહારાજનું વચન શીર ઉપર ચઢાવું છું. ખરૂંજ છે કે, વિશ્વજીતે જ્યારે યોગિ રૂપે મને દર્શન આપ્યાં, ત્યારે મારી વૃત્તિઓ વિકૃત થઇ હતી. પણ પાછળથી તેનીજ કૃપાએ માયાના ફંદથી છુટવાનો નિશ્ચય કરી ચુકી છું. કોઇ સાથે લગ્ન ન કરતાં કુંવારી અવસ્થા ગાળવાની પ્રતિજ્ઞાથી બંધાઇ ચુકી છું.

અલકરંભાની આ શંકાનું સમાધાન કરવા મુનિરાજ બોલ્યા:— બેટા અલકરંભા ? સચ્ચિદાનંદ યોગિ કદાચ તારો મોટોભાઇ વિશ્વજીત્ ન નીકળ્યો હોત તો તારી તે પ્રતિજ્ઞા અમે ખુશીથી પાળત. અને અત્યાર સુધી તારે અવિવાહીત રહેવુંજ ન પડત.

"માયાનો પ્રભાવ વિચિત્ર છે. સંસારને બોજારૂપ જાણી, તેનાથી દુર રહેનાર, કંટાળો ખાનાર ખરેખર ભુલજ કરે છે. મનુષ્ય ધારે તો સંસારમાં આપો આપ સ્વર્ગ ખડું કરી શકે." તારી પ્રતિજ્ઞા, તારો નિશ્ચય અંધારે થયેલો હતો. અણુજાણ્ય પણે તેં કેવળ તેવો નિશ્ચય કરવામાં નાદાનીજ કરી હતી. "બોલેલો બોલ, અને આપેલો કોલ પાળનાર ધન્યવાદને પાત્ર છે." તારા ટેકથી અમો રાજી છીએ. તું તારી પ્રતિજ્ઞાથી ચલિત થઇ નથી. જગત્ તને દોષ રૂપ માની શકશે નહીં. તું મુક્તજ છે. તારી પ્રતિજ્ઞાના બંધનથી મુક્ત કર્યા બાદ હવે મારી તને આજ્ઞા છે કે, તારે સંસાર વ્યવહારનું વિકટ કાર્ય માથે લેવું જોઇએ. જો તારા ગુરૂ ઉપર તારી પૂર્ણ શ્રદ્ધા હોય, તેમજ મારા વચનની તું કીંમત સમજતી હોય, તો તારી પ્રતિજ્ઞા ભંગ થવાનો બિલકુલ ભય ન રાખતાં, મારી આજ્ઞા પ્રમાણે વર્તવા તૈયાર

થા. જીવતે જીવત તમો સર્વે નવો અવતાર પામ્યાં છો, જેથી જુનકાળ ભુલી જાઓ. ઇચ્છાથી નહીં તો અનિચ્છાથી પણ મારા ઉપદેશને ગૃહણ કરી, તારૂં અમારા પ્રત્યેનું કર્ત્તવ્ય અદા કર. આમ કરવાથી કદાપિ તું દુનિયાની દૃષ્ટિએ દોષિત્ ગણાય તો તે દોષ મારા શીર ઉપર છે.

અલકરંભાઃ—ગુરૂજીની આજ્ઞા શીરસાવંધ ગણીલઉંછું. હવે આપની ઇચ્છિા એજ મારી અનુમતિ સમજશો. વગાડનારની ઇચ્છા એજ વિણાની ગતિ. અને પવનનું વલણ, એજ તરફ વહાણનું ચલણ!

અલકરંભાનું આ ભાષણ સાંભળી વિશ્વાજીત્ બોલ્યોઃ—વિર ભગીનિ? એમ હોયતો અમે મકરંદને પસંદ કરીએ છીએ તેને તારો હમેશનો સાથી સમજી તેની સેવા કરી તારી જીંદગી સફળ કરજે. જો મારો ઉપદેશ તને સજ્જડ લાગ્યો હશે, તો પછી જગત્માં રહેવું યા ન રહેવું એ સર્વ તારેતો સમાનજ છે. જગત્માં રહેવા છતાં પણ સ્વામિની સેવા કરવાથી, અને પ્રાણ જતાં પણ તારૂં પતિવ્રત જાળવી રાખવાથી, તું અંતે પરમ પદની જ અધિકારી થશે. "જે સ્ત્રી તનમન ધનથી, પોતાના પતિની સેવામાં નિરંતર હાજર રહે છે, તેની આજ્ઞા મુજબ વર્તન ચલાવે છે. પતિ એજ પ્રભુ! પતિ એજ મોક્ષ? પતિ એજ સ્વર્ગ!। એમ જે પોતાના મનથી માને છે, તે સ્ત્રી સંસારમાં રહેવા છતાં, પણ સંસારો દધિમાં સ્હેલથી તરી જઈ, પરમપદની જ અધિકારી થાય છે." માટે મારૂં કહેવું માન્ય કરી, આ મંગળ કાર્યમાં હવે વિધ્ન નંખીશ નહીં

પોતાના ભાઇના આ શબ્દો સાંભળી, અલકરંભા તેમ કરવા

ખુશી હોય તેવી રીતે, સલજ્જીતપણે નીચું જોઇ, પગના અંગુઠાથી પૃથ્વિપટ ઉપર ભાગ્ય રેખા દોરતી હોય તેમ કંઇક લીંટા કરવા લાગી.

દીર્ઘચક્ષુએ સેનાધિપતિ મન્મથરાયને બંધન મુક્ત કરવા માટે સેવકોને અજ્ઞા કરી, મુનિરાજની આજ્ઞા થતાંજ સેવકોએ તેને મુક્ત કર્યો.

હવે ગુરૂજી મને કોણ જાણે શું કહેશે, એ ડરથી ભયભિત થયેલો સેનાધિપતિ મુનિના બોલતા પહેલાંજ બોલી ઉઠયોઃ—ગુરૂ મહારાજ ? હું મહા પાતકીછું મારી ફજેતી થવામાં હવે કંઈ બાકી રહી નથી. કૃપા કરી ભર સભામાં અત્યારે મારા ઉપર વચન રૂપી બાણનો પ્રહાર ન કરશો. આ જગતમાં મારૂં શ્યામ મુખ બતાવવા, હું હવે લાયક રહ્યો નથી. કનક અને કાન્તાની લોલચથી, જે અઘોર કૃત્યો મેં કર્યા છે તેનો પસ્તાવો મને પુર્ણ રીતે થાય છે. હું નરાધમ ! નારકી જીવ ! આપને શરણે આવ્યો છું. મારો ઉદ્ધાર કરો આમ બોલી તે મુનિના ચર્ણમાં નમી પડયો.

તેનો આ સંતાપ જોઇ મહાત્મા દીર્ઘચક્ષુએ તેને સતિ શીળવતી પાસે અભય માગવા આજ્ઞા કરી તેમના કહેવા પ્રમાણે શીળવતી પાસે જઇ બે હાથ જોડી સેનાધિપતિ બોલ્યોઃ—મહાસતી ? શીળવતી ! માતુશ્રી શીળવતી આ અધમ કર્મ ચંડાળ બ્રાહ્મણ આપની પાસે અભયની યાચના કરે છે. મારાં દુષ્કર્મો સામે નહીં જોતાં મને ક્ષમા કરો. આપતો મોટા મનનાં છો, પતિતને પાવન કરનારાં છો. અધમનો ઉદ્ધાર કરનારાં છો, સર્વને સમાન ગણનારાં છો.

મન્મથરાયને આ પ્રમાણે અભયની યાચના કરતો જોઇ, સતિ શીળવતી વિનયપુર્વક બોલીઃ—સેનાધિપતિ ? તારા જેવા એક

શુરવીર પુરૂષ અત્યારે મારા જેવી એક અબળાની પાસે ક્ષમાની યાચના કરી રહયો છે. તો શરણે આવેલાને અભય 'આપવું' એ મારૂં કર્તવ્ય છે. પરંતુ તારા જેવા નરાધમની સાથે ભાષણ કરવા, કે પુનઃ તને દષ્ટિએ જોવા મારી બિલકુલ ઇચ્છા નથી. મારી સામેથી દુરથા હું તને અભયદાન આપું છું જા?

શીળવતીના આ શબ્દોથી સેનાધિપતિનું કાળજું ચીરાઈ ગયું તેને આ શબ્દો સાંભળવા કરતાં મરવું વ્યાજબી લાગ્યું. લજ્જાયમાન થઈ તે પુનઃ મુનિ દીર્ઘચક્ષુ પ્રત્યે બોલ્યોઃ—પ્રભુ આપ શિવાય અત્યારે મારૂં કોઇ નથી. રાજા દુર્મદસિંહ, રાણી શીળવતી, અલકરંભા, વિશ્વજીત્, રજનિકાન્ત દિવાન પઠાણ, એ સર્વનો હું ગુન્હેગાર છું. તેમજ તમારો પણ અપરાધિ છું. પરંતુ મારા દોષ સામે નહીં જોતાં મારા ઉપર કૃપા કરો. ન્યાયથી તો હું શિક્ષાનેજ પાત્ર છું. પરંતુ આપ જેવા શ્રેષ્ઠ મહાત્માઓએ તો સર્વને સમાન ગણવા જોઈએ. દયા, ધર્મ ઉદારતા અને શાન્તિ, એ ગુણોનું અવલંબન કરવુંજ જોઇએ.

દીર્ઘચક્ષુઃ—મન્મથરાય? દયા, ધર્મ, ઉદારતા અને શાન્તિ આ ગુણો એકલા મહાત્માઓ પાસેજ નથી, પરંતુ મનુષ્ય માત્રનામાં તે ગુણ સરખી રીતે રહેલા છે. બીજાની પાસે જોવા છતાં તારા જેવા માયામાં અંધ બનેલા મનુષ્યો એ ઉમદા ગુણો ગ્રહણ કરતા નથી, એ ઓછી શરમની વાત છે? દયા, ધર્મ તો તારાથી હજાર ગાઉ છેટાં છે? ઉદારતા લાખ, ગાઉ દુર છે! શાન્તિ કરોડો માઇલ વેગળી છે!! જાતનો તું બ્રાહ્મણ છે, સર્વ વર્ણનો ગુરૂ છે, છતાં બ્રા-

હ્મણનો એક પણ ગુણ તારામાં જણાતો નથી. બ્રાહ્મણને શ્રેષ્ઠ કહેવાનું કારણ કંઇ તેમની પાસે જાદુ નથી! સર્વ વર્ણ કરતાં બ્રાહ્મણનું સામર્થ્ય વધારે છે એમ પણ નથી. પરંતુ શ્રેષ્ઠ ગણાતા બ્રાહ્મણોમાં આ ગુણો અવશ્ય હોવા જોઇએ. શ્રેષ્ઠ પણું મફતમાં મળતું નથી! સમજ્યો કે? બ્રાહ્મણ સર્વ વર્ણમાં પુજ્ય ગણાયા તેનું કારણ તેમના શુદ્ધ આચાર વિચાર! તેમનું બ્રહ્મતેજ!! જાતિના સંરક્ષણાર્થે કરવાં જોઇતાં કર્મ અવશ્ય કરવાં જોઇએ તેમજ શાસ્ત્રમાં બતાવેલાં કર્મોથી પણ જરા ડગવું ન જોઇએ આનું નામ બ્રહ્મતેજ!! આચાર વિચાર બરાબર પાળે તેજ ખરો બ્રાહ્મણ. અત્યારે તો આ પઠાણ હોવા છતાં પણ તારા કરતાં તેના આચાર વિચાર શ્રેષ્ઠ છે. તને પઠાણની જ્ઞાતિમાં ગણતાં પણ વાંધો આવે તેમ છે. તારા જેવાને તો ચંડાળ, કસાઇનીજ ઉપમા ઘટે છે.

બીજાનાં કર્મ અકર્મ બતાવવાં કે ભ્રષ્ટા ભ્રષ્ટનો ભેદ ખુલ્લો કરવા યાતો ધર્મના પરસ્પર ઝઘડા કરવા માટે, બ્રાહ્મણનો ઉત્તમ દેહ નથી એ નકકી સમજજે.

આ પ્રમાણે બ્રાહ્મણ ધર્મનો વિચાર કરતાં, બ્રાહ્મણની જ્ઞાતિને કલંક લગાડનાર તારા જેવા અધર્મીને અભયદાન આપવું એ બિલકુલ ઉચિત નથી.

પરંતુ અત્યારે તુ શરણે આવેલોછે. તારા પાપકર્મનો પસ્તાવો તને પુર્ણ રીતે થઈચુકયો છે, તેમજ શરણે આવેલાને મારવો એ નીતિથી વિરૂદ્ધ છે. એમ સમજી હું તને અભયદાન આપુંછું.

પરંતુ તને છુટો મુકવાથી આ સર્વ ભુલી જઇ, પુનઃ સંસારના કંઇક રંક, નિર્દોષી મનુષ્યોને તું ફસાવે, તેથી તને સંસારમાંથી વિરક્ત બની સૈંન્યસ્ત ધારણ કરવાની હું આજ્ઞા કરૂં છું.

મુનિરાજના આશબ્દોથી સર્વ સભામાં અનંદ ફેલાઇ રહ્યો. સઘળે શાન્તિ પ્રસરી રહી. દરેક સભાસદે કુકર્મથી દુર રહેવાનો અત્યારથીજ પોતાના મન સાથે નિશ્ચય કર્યો.

મુનિરાજે કરેલી શિક્ષા તેના ગુન્હાના પ્રમાણમાં થોડી છે એમ સમજી પઠાણ બોલ્યોઃ—ગુરૂ મહારાજ ? આ ભામટાને સંન્યાસ દીક્ષા લેવાની આપે આજ્ઞા કરી, તેથી તેને તેના ગુન્હાની તો કંઇ પણ શિક્ષાજ ન થઇ. ઉલટો શિક્ષાને બદલે તમે તો તેને તરવાનો માર્ગ બતાવ્યો.

પઠાણની આ શંકાનું સમાધાન કરવા દીર્ઘચક્ષુ મુનિ બોલ્યાઃ—પઠાણ ? પુર્વના પુણ્યથીજ સેનાધિપતિ બ્રાહ્મણ જેવા એક ઉચ્ચ કુળમાં જન્મ્યો છે. પરંતુ પુર્વના બાકી રહેલા દુષ્ટ સંસ્કારો એજ તેને આવાં નિંદીત આચરણો કરવા માટે પ્રેરણા કરી છે. અત્યારે તેનાં પાપકર્મોનો તેને પસ્તાવો થઇ ચુકયો છે. તેથી પુર્વના પુણ્યના પતાપે તે હવે સૈંન્યસ્ત ને માટે લાયક પાત્ર થઇ ચુક્યો છે. અંતે તે પણ મોક્ષનોજ અધિકારી છે.

પઠાણનું આ પ્રમાણે સમાધાન થયું એટલે પઠાણ સહિત સર્વ સભા આનંદમય જણાવા લાગી. ત્યારબાદ મુનિરાજની આજ્ઞાનુસાર રાજા દુર્મદસિંહે પુત્રી અલકરંભાનો, રાજા મકરંદ સાથે હસ્ત મેળાપ કરી આપ્યો. મોટા પુત્ર વિશ્વજીતને પુનઃ તેણે ગ્રહણ કરેલો દીક્ષાનો

માર્ગ જાળવી રાખવા, અને તેમાંજ જીંદગી પૂર્ણ કરી સંત મહાત્મા-ઓની સેવા કરી, દેહનું સાર્થક કરવા મુનિરાજે આજ્ઞા કરી. ગુરૂ જીની આજ્ઞા વિશ્વજીતે માન્ય કરી.

ત્યારબાદ રાજા દુર્મદસિંહે તેમજ રાણી શીળવતીએ અરણ્યમાં જઈ તપશ્ચર્યા કરી, પોતાની જીંદગી પુર્ણ કરવાનો નિશ્ચય ગુરૂજીને જણાવ્યો. દીર્ઘચક્ષુએ તેમનું કહેવું માન્ય કરી, તે બાબતમાં પોતાની પુર્ણ ઇચ્છા બતાવી. પઠાણને તેનાં કૃત્યો માટે શાબાશી આપી. તેમજ તેની નેકી તથા સ્વામિભક્તીથી પ્રસન્ન થઇ મન્મથરાયની જગાએ તેને સેનાધિપતિ તરીકે કાયમ કર્યો.

હવે રજનિકાન્ત તરફ નજર કરી દીર્ઘચક્ષુ મુનિ બોલ્યાઃ— બેટા રજનિકાન્ત ? આજે હું તને સાર્વભૌમપદપર બિરાજમાન કરૂં છું. રાજ્યપદ ભોગવવામાં તું કોઈ રીતે દિલગીર થઇશ નહી. જગત્ અને પરબ્રહ્મનું તને પુર્ણ જ્ઞાન થયું છે. તેથી તપસ્વી થવું કે વૈરાગી બનવું, દિગંબર વૃત્તિ ધારણ કરવી યાતો રાજ્યપદારૂઢ થવું એ સર્વ તારે માટે સમાન છે. એ વાત તને તારા ભાઇ વિ-શ્વજીતે યોગિના રૂપમાં પુર્ણ રીતે સમજાવી છે. તેથી તે સંબંધમાં મારે તને પુનઃ કંઈ કહેવાની જરૂર નથી.

આટલું બોલી મુનિશ્વરે સિંહાસન ઉપરથી નીચે ઉતરી સર્વ-સભાજનો સમક્ષ રાજ્ય મુકુટ પહેરાવી, સ્વહસ્તેજ બાળરાજા રજ-નિકાન્તને સિંહાસન ઉપર બિરાજમાન કર્યો.

સર્વ માંડળીકો, તેમજ અમીર ઉમરાવોને, અને બાકીના સર્વ સભાજનોને ગુરૂજીની આ વાત પસંદ પડી. તેથી સર્વે જણે રજ-નિકાન્તને સાર્વભૌમ રાજા તરીકે માન્ય કર્યો. અને તેજ વખતે સ-

સાહસપથી વર્તવા માટે સોગન લીધા. રાજા, રાણી વિશ્વજીત તેમજ અલકરંભાએ રંજનિકાન્તને શુભાશીર્વાદ દીધો. મુનિએ સર્વના સાંભળતાં તેને ટુંકામાં રાજ્યનીતિ સમજાવી.

આ રીતે સર્વ વ્યવસ્થા કરી, મહાત્મા દીર્ઘચક્ષુ નીચે બેસવાની તૈયારીમાં હતા, એટલામાં એકાએક કાનને ફાડી નાંખે તેવો ભયંકર અવાજ સંભળાયો. વિજળીના ચમકારા તેમજ વાવટાળિયાના સપાટા સાથે જાણે એકદમ વરસાદ તુટી પડશે કે શું ? આવો દેખાવ જણાવા લાગ્યો.

આ અણુધાર્યા બનાવથી સભામાં સર્વત્ર ગભરાટ ફેલાઇ રહ્યો. અને સર્વ આજુબાજુ જોવા લાગ્યા. એટલામાં ગગન પ્રદેશમાંથી વિરતનયા પોતાના પિતાસહ પ્રકટ થઇ. અને રંજનિકાન્તને કહેવા લાગી.

રાજ્યપુત્ર ? રાજ્યાભિષેકના આનંદમાં તેમજ આપ્ત જનના મેળાપમાં ગર્ક થઇ જવાથી આ તારી ધર્મ ભગિનીને ભુલી ગયો કે શું ? જેણે તને માતૃ રક્ષણને માટે માર્ગ બતાવ્યો, સેનાધિપતિના હાથથી તારી માતાનું રક્ષણ કરવા જેણે તને ખડગ્ આપ્યું તે તારી બહેનને તુ ભુલી ગયો કે શું ? જેના વૃદ્ધ પિતાએ દિવાન દક્ષરાજને કારાગૃહમાંથી છુપી રીતે મુકત કરી, તારી મદદને માટે તારી પાસે લાવી હાજર કર્યો, તેને તું તદન ભુલી ગયો કે શું ? આ તારી ભગિનીને તેના પિતા સહીત પિશાચયોનિના મહાન્ દુઃખમાં સડતી મુકી સભા વિસર્જન કરવાની તૈયારી કરે છે એજ તારી લાયકી કે ?

તારા પિતા દુર્મદસિંહને તેમજ વિષય લંપટ સેનાધિપતિને તેના દુષ્ટ અને પાપી વિચારોમાં ન ફાવવા દેતાં પોતાના શિયળ માટે જેણે અમુલ્ય દેહનો ત્યાગ કર્યો, અને તે બંનેનું વેર લેવા જે વિરતનયા

તેના પિતા સહિત આ પિશાચ યોનીમાં આવી પડી, તેમજ જેની શોધને માટે યોગિ રૂપે વિશ્વજીતને કારાગૃહનું દુઃખ સહન કરવું પડયું તે વિરતનયાને તું તદન વિસરી જાય છે એજ તારી મોટાઈ કે? એજ તારી વડાઇ કે? મુનિરાજ દિર્ધચક્ષુની કૃપાથી તારા આખા કુંટુંબનો તેમજ તારો ઉદ્ધાર થયો, અને હું તથા મારા પિતાતો આ નીચ યોનિમાંજ સડતાં રહી ગયાં એ શું તને ઉચીત લાગે છે કે? અત્યારેજ એવો કંઇક રસ્તો કર કે જેથી અમારો પણ ઉદ્ધાર થાય.

વિરતનયાનું આ ભાષણ સાંભળી, રજનિકાન્તને તેનું ભુતકાળનું વૃતાંત યાદ આવ્યું વિરતનયાને તેના પિતા સહિત અત્યારે ઓચિંતી પ્રકટ થએલી જોઇ, દુર્મદસિંહ તેમજ મન્મથરાયનું મુખ કાળું ઢબ પડી ગયું. સર્વ સભા સાશંક, તેમજ આશ્ચર્ય ચકિત બની ગઇ.

વિરતનયાનું સર્વ વૃતાંત સાંભળી લીધા બાદ, સભાજનોની શંકાનું સમાધાન કરવા માટે દીર્ધચક્ષુ બોલ્યાઃ—અરણ્યમાં જઇ તપ કરવાથી રાજા દુર્મદસિંહ, તેમજ સૈન્યસ્ત ધારણ કરવાથી સેનાધિપતિ મન્મથરાય પોતાના કરેલા પાપથી મુક્ત થશે.! તેમજ સતિ વિરતયાનો તેના પિતા સહિત આ નીચ યોનિમાંથી થોડાજ સમયમાં ઉદ્ધાર થશે.

મુનિરાજનું આ વૃતાંત સાંભળતાંજ વિરતનયા તથા તેના પિતા સહિત સર્વ સભા જનોએ તેમને નમન કર્યું. અને સર્વેએ. તેમનો શુભાશિર્વાદ મેળવ્યો.

ત્યારબાદ પાન, અત્તર, ગુલાબ લઇ, મંગળકારક શિષ્ટાચાર થતાંજ જય જયના ઘોષ સાથે સભા વિસર્જન થઇ, સર્વ પોત

પોતાના મકાન તરફ રવાના થયાં. રાજ્યપુત્રી અલકનંદાને મકરંદ સાથે મદનપુર વળાવી દીધી. સેનાધિપતિ મન્મથરાયને ઠરાવ પ્રમાણે સૈન્યસ્ત ધારણ કરાવ્યું. દુર્મદસિંહ તથા રાણી શીળવતી બંને અરણ્યમાં તપ કરવા ચાલી નીકળ્યાં. મુનિરાજ દીર્ઘચક્ષુ પૃથ્વિ પર્યટન કરવા નીકળી પડયા.

રાજેન્દ્ર રજનિકાન્ત, દિવાન દક્ષરાજ, તથા સેનાધિપતિની જગાએ કાયમ થયેલો પઠાણ, પ્રજાને સંતોષ ઉપજે એવી રીતે સલાહ શાન્તિથી રાજ્ય ચલાવવા લાગ્યા. દુર્મદસિંહ રાજાના પાપકર્મથી જે ભદ્રશીલા નગ્રની સ્થિતી તદન પલટાઇ ગઇ હતી, તેજ ભદ્રશીલા નગ્ર પુનઃ પોતાની જાહોજલાલી મેળવવા ભાગ્યશાળી થયું. અસ્તુ!!

સમાપ્ત

હવે વૈદ ડૉકટરોની ઝાઝી જરૂર નથી.

દવા, દારૂ, ફેંકી દયો—રામબાણ ઉપાય જડી આવ્યો છે.
અને તે એજ [illegible]—કોઇપણ વખતે કોઇપણ દરદ ઉપર કામ આવતી.

કાસરવાલાની કૃષ્ણ કુપી.

ખરીદ કરો-ખીસ્સામાં, મકાનમાં અને મુસાફરીમાં પાસેજ રાખો.

કૃષ્ણકુપીનું એકજ ટીપું વીંછીની વેદનાને શાન્ત કરેછે.
કૃષ્ણકુપીનાં બે ટીપાં કાનના દર્દને નાબુદ કરેછે.
કૃષ્ણકુપીનાં ત્રણ ટીપાં તાવ મેલેરીયાને તાત્કાળીક મટાડેછે.
કૃષ્ણકુપીનાં પાંચ દશ ટીપાં સંધીવા, નામર્દી, વાળો, અતિસાર,
વાયુ, સુંક, ઉલટી, કોલેરા; વીગેરે મટાડેછે.

પીવાથી પેટનાં દર્દો અને માલીસ કરવાથી બહારનાં દર્દો અવશ્ય મટી જાયછે. **કીંમત** રાા તોલાની ૧ શીશીના રૂ. રાા

કૃષ્ણકુપી સાથે કંઇપણ ઇનામ કે લાંચ ભાડુ આપવામાં આવતુ નથી. છતાં ઇનામ જોઇએ તો અઢી રૂપીઆમાં ૧। તોલાની શીશી અને તે સાથે એક બર્મા ટાઇમપીસ આપવામાં આવશે. ઇનામની લાલચે અર્ધા ઔંસની શીશી લેવા કરતાં વગર ઇનામે એક ઔંસની શીશી ખરીદવી તે સલાહ ભરેલું છે.

નકલી માલથી સાવચેત:—કાસરવાલાની કૃષ્ણકુપી—
કીંમત રૂ. રાા (એક ઔંસયા શીશી) **સોલ એજન્ટસ**
"રોયલ વિકટોરીઆ એજન્સી નડીયાદ" એટલા શબ્દો બરાબર તપાસી જોવા અથવા રોયલ એજન્સી નડીયાદ એમને લખવું.